ऐसे मजेदार मैगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे



https://telegram.me/booksmag

VISIT…

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નો રીટર્ન
સસ્પેન્સ થ્રીલર નવલકથા

લેખક

પ્રવિણ પીઠડિયા

READ MORE BOOKS ON

www.matrubharti.com

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

© COPYRIGHTS

This book is copyrighted content of the concerned author as well as MatruBharti.

MatruBharti has exclusive digital publishing rights of this book.

Any illegal copies in physical or digital format are strictly prohibited.

MatruBharti can challenge such illegal distribution / copies / usage in court.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નો રીટર્ન - સસ્પેન્સ થ્રીલર નવલકથા

સમય અને સંજાગ જો બળવાન હોય તો વ્યક્તિને રંકમાંથી રાજા બનતા વાર નથી લાગતી અને એ જ સમય જ્યારે વિપરીત થઈ જાય ત્યારે ગમે તેવા ચમરબંધીને પણ ધૂળ ચાટતા કરી નાખે છે. માનવી ભલે પોતાની જાતને સર્વશક્તિમાન સમજે પરંતુ કુદરત માટે તે હંમેશા એક તુચ્છ પ્રાણીથી વધારે કાંઈ નથી. કુદરત, ભાગ્ય, સંજાગો સામે ભલભલાને નતમસ્તક થવું જ પડે છે. જીવનમાં એવા ઘણા સંજાગો ઉભા થાય છે કે જેના પર તમે લાખ કોશિશો કરવા છતાં નિયંત્રણ કરી શકતા નથી. આવું જ કંઈક મારી સાથે પણ બન્યું છે. છેલ્લા છ મહિનાથી સાંજે દરેક વખતે હું ભગવાનને પ્રાર્થના કરું છું કે 'હે ઈશ્વર,તું મને સંભાળી લે જે.'

મહિનાની પહેલી તારીખ આવવાની હોય એના આગળના દિવસથી જ મારું મન બેચેન થવા લાગે.ગભરામણ અચાનક વધી જાય એવું લાગે કે હમણાં જ મને ચક્કર આવશે ને હું પડી જઈશ. ઉપરવાળો પણ કદાચ મારી પ્રાર્થના સાંભળતો નહીં હોય એટલે દરેક પહેલી તારીખે મને કંઈ નહીં થાય એવી મારી આશાઓ ઉપર પાણી ફરી વળે છે. અને દર વખતની જેમ એ જ ભયાનક સ્વપ્ન મને છળાવી મુકે છે. એ જ ભયાનક અને ડરામણું સ્વપ્ન મને દરેક મહિનાની પહેલી તારીખે આવે જ.....

મને સમજાતું નથી કે મારે શું કરવું ? ડોક્ટરની દવાઓ પણ લઈ જાઈ. હવે તો રમેશભાઈ કે જે અમારા ફેમીલી ડોક્ટર છે એ પણ થાકી ગયા છે. તેઓ દૃઢપણે એવું માનવા લાગ્યા છેકે આ ફક્ત મારા મનનો વહેમ જ છે. હું એવું વિચારું છું કે પહેલી તારીખે મને સ્વપ્ન આવેશે એટલે જ એ સ્વપ્ન મને દેખાય છે. એવું એમણે મને ઘણી વખત કહ્યું હતું. તેમણે બીજા એક સાયકોલોજીના ડોક્ટર પાસે મને મોકલ્યો પરંતુ એમને ત્યાં પણ બધા રિપોર્ટ નોર્મલ જ આવ્યા. એટલે રમેશભાઈની એ માન્યતા દૃઢ થઈ કે મને મનના વહેમ સિવાય બીજું કશુંજ નથી. હવે હું એમને કઈ રીતે સમજાવું કે મારી હાલત કેટલી દયનીય બની જાય છે. એક દિવસ અગાઉથી જ મારું મન ભટકવા લાગે છે. હાથ પગ ઢીલાપડી જાય છે. અને પરસેવો થવા લાગે, મન અસ્થિર બની જાત જાતના વિચારે ચડી જાય અને લગભઘ આખી આખીરાતો જાગવામાં જ વીતી જાય.

મમ્મી મારી તકલીફો અને તરફડાટ તો સમજે છે. પરંતું એ કરે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પણ શું? મારા માટે એણે વ્રતો રાખવાના ચાલુ કર્યાહતા અને મારી પાસે બેસીને એ સાંત્વના આપવાની કોશીશ કરતી. એ બધું વ્યર્થ હતું. કોઈ પણ ઉપાય કારગત નીવડતો નહીં. અને એ જ દુઃસ્વપ્ન મારી જિંદગીને તહસ નહસ કરી નાંખતું હતું. મેં ભગવાનને ઘણી પ્રાર્થનાઓ કરી કે.. 'હે સર્વ શક્તિમાન ઈશ્વર, હું હારી થાકીને તારા શરણે આવ્યો છું. કોઈક તો ચમત્કાર ઉપાય કરી બતાવ કે જેથી મને આ ભયાનક સ્વપ્નામાંથી મુક્તિ મળે.

***

મારી સમસ્યાની, તકલીફોની શરૂઆત થઈ આજથી બરાબર છ મહિના પહેલા. તે દિવસે પહેલી તારીખ હતી. એ દિવસને હું ક્યારેય ભૂલી નથી શક્યો અને જીવનભર ક્યારેય ભુલાશે પણ નહીં. એ પહેલી તારીખે મારા જીવનની રાહ પલટાવી નાખી હતી. હું જીવુ છું તો સામાન્ય જીંદગી. પરંતુ આ છ મહિના મેં કેમ વિતાવ્યા છે, કેવી ભયાનક માનસિક યાતનાઓ મેં સહન કરી છે એ તો ફક્ત હુંજ જાણું છું.

દરરોજની જેમ એ દિવસેપણ હું મારી બાઈક લઈને કામે જવા નીકળ્યો... હજી ગયા વર્ષે જ કોલેજ પૂરી થઈ હતી ને કોલેજ પૂરી થતા મને તરત જ નોકરી પણ મળી ગઈ હતી. એ ક મોટા ગારમેન્ટના શો રૂમમાં ફ્લોર મેનેજર તરીકેની નોકરી હતી.

આજે પહેલી તારીખ હોવાથી હું દરરોજ કરતાં વધારે ખુશ હતો. કારણ કે આજે પગારનો દિવસ હતો. મારી અપેક્ષા કરતાં મને વધુ સારી નોકરી અને મારા માટે ઘણો જ વધારે કહી શકાય એટલો પગાર મને મળતો હતો. અને મારે કામ શું કરવાનું હતું.... ? ફક્ત મેનેજમેન્ટ. હેન્ડલિંગ. ઘટતો માલ મંગાવવા ઓર્ડર કાઢવાનું તેમજ એ ફ્લોરનું લગભગ બધુંજ મેનેજમેન્ટ મારા હસ્તગત હતું. એક વર્ષમાં તો મારી લાઈફ એકદમ સેટ થઈ ગઈ હતી પરંતુ એ ફીટ લાઈફ આજ પછી બદલાઈ જવાની હતી એ વાતથી તદ્દન બેખબર હું શો રૂમે પહોંચ્યો. સવારે લગભગ અગિયારેક વાગ્યાની આસપાસ શેઠ આવ્યા. તેમણે હિસાબ કરી મારા પગારની રકમ મને આપી. અને બાકીના સ્ટાફના પગારની રકમ મને સોંપીને જતા રહ્યા. મેં તમામ સ્ટાફને પગારની રકમ હિસાબ પ્રમાણે વહેંચી દીધી. શેઠને મારા કામ ઉપર વિશ્વાસ આવીગયો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતો. અને એટલે જ એ ઘણો ખરો વહિવટ મને સોંપી દેતા અને આમ પણ તેઓ ખૂબ જ સમજદાર અને માયાળુ વ્યક્તિત્વના માલિક હતા. મેં ક્યારેય એમના વિશ્વાસને ઠેસ પહોંચે એવું કોઈ કાર્ય કર્યું નહોતું. પૂરી ઈમાનદારી તથા લગનથી હું કામ કરતો જેના ફળ સ્વરૂપે મારા આવ્યા બાદ આ ગારમેન્ટ શોપનો વ્યવસાય પણ ઘણો જ વધી ગયો હતો. ઘણા ગ્રાહકો સાથે તો ઘર જેવા રિલેશન બંધાઈ ગયા હોવાથી તેઓ અમારા સ્ટોરને છોડીને બીજે ક્યાંય જવાનું વિચારતા સુદ્ધાં નહીં.

ખેર.. આખરે તો એ દિવસ પણ દરરોજની જેમ પૂરો થઈ ગયો. રાત્રે ૮ વાગ્યાના સમયે હું બાઈક લઈને ઘરે જવા નીકળ્યો. ભૂખ કકડીને લાગી હતી. એટલે બાઈકની સ્પીડ નોર્મલ કરતાં આજે થોડી વધારે હતી. સ્ટેશન વિસ્તાર પસાર કરી આગળ જતા મોટો ઓવરબ્રીજ આવે છે. એના ઉપર બાઈક ચડાવી. એ મોટો બ્રીજ પૂરો કરી આગળ વધતાં હમણાં જ એક નવો એકાદ કિલોમીટર લાંબો ઓવરબ્રીજ બન્યો છે જેનાથી થોડે દૂર આગળ જમણી બાજુ વળતા મારી સોસાયટી આવે છે. મોટો ઓવરબ્રીજ વટાવી હું એ નવા બનેલા બ્રીજ સુધી પહોંચ્યો. એબ્રીજ ઉપર ટ્રાફિક જામ જેવું વાતાવરણ હતું.

જ્યારે બ્રીજની બાજુમાં જે નીચેથી રસ્તો જતો હતો એ ખાલીખમ હતો.એટલે મેં સાહજીકતાથી બાઈકને નીચેના રસ્તે વાળી...બસ... આ જ મારી મોટામાં મોટી ભૂલ હતી.... ભૂલ કહો તો ભૂલ અને કિસ્મત સમજા તો કિસ્મત. પરંતુ મેં બાઈક નીચેના રસ્તે હંકારી મૂકી. 'ન જાણ્યું જાનકી નાથે કે કાલે શું થવાનું છે?' એવું જ કંઈક મારી સાથે બનવાનું હતું. જા મને ખ્યાલ હોત કે મારી સાથે એક ભયાનક ઘટના બનવાની છે તો મેં ક્યારેય બાઈક નીચેથી ન ચલાવી હોત. પરંતુ જે થવાનું છે એ થઈને જ રહે છે.

તમે લાખ કોશીશ કરો છતાં તમારાથી લખેલા લેખ બદલાઈ શકતા નથી. મને મારું નસીબ જ એ રસ્તે લઈ ગયું હતું. મારી સાથે સારું થવાનું હતું કે ખરાબ એ તો મને પાછળથી ખબર પડવાનીહતી. પરંતુ અત્યારે તો મેં ટ્રાફિકના કારણે બાઈક નીચે વાળી. બ્રીજ આશરે એકાદ કિલોમીટર જેટલો લંબાઈનો હતો એ બ્રીજ ચાર રસ્તાની ઉપર બનાવ્યોહતો. એટલે બ્રીજમાં વચ્ચે અડધા કિલોમીટર જેટલો ગેપ હતો કે જેથી નીચેના વાહનો અવરજવર કરી શકે. બ્રીજ બન્યા પછી જા કે

https://telegram.me/booksmag

ઐસે મજેદાર મેગેજીન પઢને કે લિયે હમારી ટેલીગ્રામ ચેનલ સે જુડે ઇસકે લિએ ટેલીગ્રામ મેં સર્ચ કરે @booksmag ઓર join પર ક્લિક કરે

ટ્રાફિકમાં ઘણો જ ફાયદો થયો હતો. પહેલા એ ચાર રસ્તા ક્રોસિંગ પાર કરતા સહેજે અડધો કલાક જેટલો સમય લાગતો હતો. પરંતુ હવે નીચે એટલો બધો ટ્રાફિક રહેતો નહોતો કારણ કે મોટાભાગના લોકો બ્રીજ ઉપરથી જ રસ્તો ક્રોસ કરતા હતા.

'ઓહ માય ગોડ....' હજુ હું ક્રોસિંગ સુધી પહોંચું એ પહેલા જ મારાથી અચાનક જ ચીસ પડાઈ ગઈ. સામે મને જે દેખાયું એનાથી સ્વાભાવિક રીતે જ મારા મોંમાંથી ચીસ નીકળી પડી. મારી આંખો ફાટી પડી અને હૃદય એક ધબકારો ચૂકી ગયું. એક અસંભવ ઘટના મારી નજર સામે બની હતી જે જાઈને હું ભયભીત થઈ ગયો હતો.

અચાનક રસ્તા વચ્ચે જાણે સુનામીનું પ્રચંડ મોજું આવ્યું હોય એ રીતે પાણીનો આખો પ્રવાહ મારી તરફ ધસમસતો આવી રહ્યો હતો. આ અસંભવ હતું. આવું બને જ કઈ રીતે ? રસ્તાની વચ્ચે જ્યાં પાણીનું ટીપું ન હોય ત્યાં આ પાણીનો ધોધ આવ્યો કઈ રીતે ? મારું મગજ બહેર મારી ગયું. શું તાપી નદી ઉપર બાંધેલો ડેમ તૂટી ગયો હશે અને આ પાણી એનું હશે? એ શક્ય નહોતું. તો પછી આ પાણી અહીં કેમ? મારી પાસે એનો કોઈ જ જવાબ નહોતો અને એમ કહો કે એટલું હું વિચારી શકું એટલા સમય મને ન મળ્યો. અચાનક શરીરની સ્વાભાવિક રીએક્શન સિસ્ટમ પ્રમાણે મારાથી હાથ અને પગ બંનેની બ્રેકો એક સાથે લાગી ગઈ. બાઈકની સ્પીડ વધારે હતી એટલે હું પરિસ્થિતિને સમજું અને કાબુમાં લેવા પ્રયત્ન કરું એ પહેલા તો બાઈક સ્લીપ થઈને ઢસડાવા લાગ્યું.

બાઈકની સાથેસાથે હું પણ ઢસડાયો અને એ પાણીનો પ્રવાહ રીતસરનો મારી ઉપર તૂટી પડ્યો. ભયંકર રીતે એ પાણી મારી ઉપર ઝીકાયું. હતું જેના કારણે હું પાણીના પ્રવાહ સાથે ખેંચાતો તણાતો ગયો. હું એ પાણીમાં ડૂબી રહ્યો હતો. અને જબરજસ્ત ગૂંગણામણને કારણે મારાથી થોડું પાણી પીવાઈ પણ ગયું. અને એમાંથી બહાર નીકળવા માટે હાથપગ પછાડવા લાગ્યો. સેકન્ડના વીસમા ભાગમાં આ ઘટના બની ગઈ. મારી સમજણ શક્તિબહેર મારી ગઈ અને હું તો બસ.... એ પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ રહ્યો હતો. મને કોઈ હવામાં ઉછાળી રહ્યું હોય એ રીતે હું પાણીના વહેણ સાથે ઉછળી રહ્યો હતો. ધીરે ધીરે મારા શ્વાસોશ્વાસ ધીમા પડતા જતા હતા. હાથ પગના ઉછાળા થંભી રહ્યા હતા. અને પાણીમાંથી બહાર નીકળવાના હવાતિયા બંધ થવા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લાગ્યા. મને આંખો સામે મારું મૃત્યુ દેખાવા લાગ્યું અને એમજ અનુભવ થતો હતો કે આમારા જીવનની આખરી પળ છે. હું એ પાણીના વહેણમાં ખોવાવા - ડૂબવા લાગ્યો હતો અને છેવટે એક ગાઢ અંધકારમાં હું સરી પડ્યો. એક નિતાંત અંધકાર મને ઘેરી વળ્યો. મારું જીવન સમાપ્ત થઈગયું. હું કદાચ મરી ચૂક્યો હતો. મારા વિચારો થંભી ગયા હતા. હાથ પગ અને આખું શરીર શિથિલ પડી ગયું. અને પ્રગાઢ અંધકાર ભરી નિંદ્રામાં હું ખોવાઈ ગયો. મારી સાથે શું બન્યું હતું અને મારું શું થયું એ કંઈ જ મને યાદ નહોતું. બસ.. હુંતો મરી ગયો હતો.

***

ચાર યમદૂત મને ઉઠાવી રહ્યા હતા. બે યમદૂતોએ મારા હાથ પકડ્યાહતા. અને બીજા બે એ મારા પગ પકડ્યાહતા. એ લોકો મને ઊંચકીને એક જગ્યાએથી બીજી કોઈક જગ્યાએ લઈ જતા હતા. અને એમની આજુબાજુ બીજા ઘણાં બધા યમદૂતો મારી સામે જાઈને ચાલતા હતા. હું એ યમદૂતોના ચહેરા બરાબર જાઈ નહોતો શકતો. બધું જ અસ્પષ્ટ અને ધૂંધળું હતું. પરંતુ મને એક વાત નહોતી સમજાતી કે આ લોકો મને ઊંચકી શું કામ કરી રહ્યા હતા? હું તો મરી ગયો હતો અને તો પછી મારા આત્માને ઉંચકવાની શી જરૂર પડે ? મેં ઘણી બધી હિન્દી ફિલ્મોમાં જાયું હતું કે માણસ મરી ગયા પછી આત્માને ફક્ત આજ્ઞા કરો એટલે એ યમદૂતો સાથે ચાલવા લાગે છે. તો પછી શું હું મર્યો નથી? અથવા તો કદાચ યમલોકમાં આ નવી સિસ્ટમ દાખલ કરી હોવી જાઈએ. કે સીધી રીતે ન માનતા આત્માને આમ ટીંગાટોળી કરીને લઈ જવામાં આવે.

આવી જ રીતે થોડી વાર ચાલ્યા પછી મને એ યમદૂતોએ એક સખત જગ્યા પર સૂવડાવ્યો. મને નીચે મૂકીને એ લોકો મારી આજુબાજુ વીંટળાઈને ઉભા રહી ગયા. અને પછી મારી સામે જાઈ અંદરો અંદર બબડવા લાગ્યા. એમાંથી એકે ઈશારાથી બીજા પાસે કંઈક મંગાવ્યું. એટલે થોડીક વારમાં એના હાથમાં કોઈક વસ્તુ આવી ગઈ. એ મારી પાસે ઘૂંટણિયાભેર બેસી ગયો. અને એણે જે વસ્તુ મંગાવી હતી એમાંથી તેણે મારા ચહેરા ઉપરપાણી જેવું કંઈક છાંટ્યું. બે ત્રણ વખત એણે ક્રિયા કરી પછી બે હાથથી મારા ખભા પકડીને મને હલબલાવ્યો... જાણે કે મને બેઠો કરવા માંગતા હોય.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એ ભાઈ....

એ ભાઈ.... એ યમદૂતો મારા ગાલ પર થપથપાવીને મને જગાડવાની કોશિશ કરી, પરંતુ હું તો જાગતો જ હતો તો પછી શા માટે આ લોકો મને જગાડી રહ્યા હતા? મને કંઈ સમજણ નહોતી પડતી કે આ બધું શું ચાલી રહ્યું હતું? મારા મગજમાં શૂન્યાવકાશ છવાયેલો હતો. મારી આંખો ખુલ્લી હતી અને હું બધું જાઈ સમજી રહ્યો હતો. પરંતુ મારું શરીર સ્થિર હતું. હું હલનચલન નહોતો કરી શકતો... ઈવન મારી પાસે ઊભેલા યમદૂતોની વાતો, એમનો અવાજ હું સ્પષ્ટ સાંભળી શકતો હતો પરંતુ એ શબ્દો મને સમજાતા નહોતા. એ લોકો મને થપથપાવીને ઉઠાડવાની કોશિશ કરતા હતા. પણ મારા શરીરમાં એટલી શક્તિ નહોતી કે હું જાતે ઉભો થઈ શકું. ધીરે ધીરે ફરી પાછો હું અંધાકરમાં સરી પડ્યો. ખબર નહીં કેટલા સમય પછી મારી આંખો ખૂલી. મેં નજર ઉઠાવીને જાયું તો મારી આસપાસ આઠ દસ વ્યક્તિઓ મને વીંટળાઈને ઉભા હતા.

એમાંથી જે ભાઈએ મારા ચહેરા ઉપર કંઈક છાંટ્યું હતું એ મારા ખીસ્સા ફંફોસી કંઈક શોધવાની કોશીશ કરી રહ્યા હતા. મને આંખો ખોલતો જાઈને એ અટકી ગયા અને મારી સામે ટગર ટગર જાવા લાગ્યા.

'ભાઈ... કેમ છે હવે તને? અમે ક્યારના તને ભાનમાં લાવવાની કોશિશ કરી રહ્યા છીએ. તું ઘડી ઘડી બેહોશ થઈ જાય છે. હવે કેમ છે તને?' એ બુઝુર્ગ જેવા દેખાતા વ્યક્તિ એકી શ્વાસે બોલ્યા. એમની વાત સાંભળી મને ભાન થયું કે હું મર્યો નથી. ફક્ત બેહોશ થઈ ગયો હતો. અને આ લોકો કોઈ યમદૂતો નહોતા પરંતુ જીવતા જાગતા માણસો છે જેઓ મને ભાનમાં લાવવાની કોશિશ કરતા હતા. મેં ચારેબાજુ આંખો ફેરવી. અત્યારે હું કોઈકની દુકાનના ઓટલા ઉપર સૂતો હતો. અને મારી આજુબાજુ ઘણા બધા માણસોનુંટોળું જમા થઈ ગયું હતું. એ લોકો આશ્ચર્ય અને કુતૂહલથી મારી સામે જાઈ રહ્યા હતા. પેલા સજ્જને જે કંઈક મંગાવ્યું હતું એ પાણી જ હતું. અને એ મારા ચહેરા પર છાંટ્યું હતું. હજી પણ મારો ભીનો ચહેરો સાક્ષી પૂરતો હતો. ધીરે ધીમે મને તમામ પરિસ્થિતિ સમજમાં આવવા લાગી. અને તુરંત હું બેઠો થઈ ગયો. હું વિસ્ફારીત નજરે આજુબાજુ બાઘાની જેમ જાઈ રહ્યો. ક્યાં છે એ પાણી જે મારા ઉપર ઝીંકાયું હતું ? સામે રસ્તા કોરા હતા. માણસો અવર જવર કરી રહ્યા હતા. અને એટલે સુધી કે મારા કપડાં પર હાથ ફેરવ્યા તો એ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પાણ સાવ કોરા જ હતા. ભયાનક દુવિધાથી ચારેતરફ હું જાઈ રહ્યો. ક્યાંય પાણીનું નામોનિશાન નહોતું. મારી બાઈક રોડના કિનારે ઉભી હતી, કદાચ આ લોકોએ જ તેને સાઈડમાં લીધી હશે... મેં જે અનુભવ્યું એ સાવ અસંભવ હતું. એ કોઈ સ્વપ્ન નહોતું. મેં મારી સગી આઁખો સામે, પૂરા હોશો હવાસમાં બાઈક ચલાવતા...એ ખોફનાક દૃશ્ય જાયું હતું. ફક્ત જાયું જ નહોતું. એનો પ્રત્યક્ષ અનુભઉવ પણકર્યો હતો. અને એની સાબિતી એ હતી કે મારી બાઈક સ્લિપ થઈ ગઈ અને હું બેભાન થઈ ગયો હતો. ચાલુ ગાડીએ સંપૂર્ણ જાગ્રત અવસ્થામાં આવું સ્વપ્ન આવી જ ન શે. મેં જે અનુભવ્યુ એ સાક્ષાત હતું. શું હતું એ બધું ? મને કંઈ સમજાતું નહોતું કે શું બન્યું હતું મારી સાથે. હું હતપ્રભની સ્થિતિમાં બેઠો હતો.

લગભઘ પંદર વીસ મિનિટ સુધી હું એ જ અવસ્થામાં બેસી રહ્યો. ધીરે ધીરે મને પરિસ્થિતિનો ખ્યાલ આવતા હું હળવેક રહીને ઉભો થયો. મને બિલકુલ પણ વાગ્યું નહોતું. મને ઉભો થતો જાઈ પેલા વડિલે ટોળાને વિખરાઈ જવાનું કહ્યું. એટલે ધીરે ધીરે બધા વિખેરાવા લાગ્યા. આશ્ચર્યની વાત તો એ હતી કે આટલો ભયંકર રીતે હું સ્લીપ થઈ ગયોહોવા છતાં મારા શરીરે એક નાની સરખી ઈજા પણ નહોતી થઈ. હું સંપૂર્ણ પણે સહી સલામત હતો. મારે દવાખાનાની જરૂર પડે એમ નહોતી. બધા વિખેરાઈ ગયા. બાદ હું અને પેલા વડિલ જ વધ્યા હતા. એ વડીલ મારો હાથ પકડીને એ દુકાનની અંદરલઈ ગયા અને મને ખુરશી પર બેસાડી પંખો ચાલુ કર્યો.

'આ દુકાન મારી જ છે. તું શાંતિથી બેસ પછી બધી વાત.' એ વડીલે મારી સામે ખુરશીમાં બેસતા કહ્યું. હું ઘણીવાર સુધી ત્યાં બેસી રહ્યો. પંખાની ઠંડી હવા મારા શરીરમાં પ્રાણ ફૂંકતી હતી. મને હવે સારું લાગતું હતું. મારા ચહેરાના ભાવ વાંચીને વડિલે મારી સાથે વાત ચાલુ કરી.

'દિકરા .. શું થયું હતું ? આમ અચાનક ગાડી કેવી રીતે સ્લીપ થઈ ગઈ ? મારી દુકાન સામે જ તું પડ્યો એ મેં જાચયું હતું. બીજું કોઈ તો હતું નહીં તો પછી તું કેમ કરતા પડ્યો?'

મને પોતાને પણ ખ્યાલ નથી રહ્યો કે શું થયું હતું. પરંતુ જે થયું હતું એ ઘણું ભયાનક થયું. મને એવું લાગ્યું હતું કે હું મરી ગયો હતો.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'હંમમ...' એમુરબ્બીએ ફક્ત હુંકારો ભર્યો. એમના હુંકારમાં મને કંઈક રહસ્ય જેવું લાગ્યું.

'જુઓ અંકલ, તમે મને કહેશો કે હું કેવી રીતે પડ્યો ? તમારી દુકાન તો બિલકુલ સામેજ છે. અને તમને મને હમણાંજ કહ્યું કે તમે મને પડતા જાયો હતો. તો પછી પ્લીઝ મને જણાવો કે તમે શું શું જાયું ? મને પોતાને ખ્યાલ નથી કે મારી સાથે શું બન્યુંહતું. મેં જે જાયું , અનુભવ્યું એ બધું સાવ અસંભવ ... અરે અશક્ય જ હતું. એવું બની જ ન શકે. હું મુંઝાઈ રહ્યો છું. તમને જા કંઈ ખબર હોય તો મને જણાવો પ્લીઝ...'

'જા દિકરા, મેં તને પડતા જોયો હતો. તારી બાઈક જ્યારે સ્લીપ થઈ ત્યારે મારું ધ્યાન રોડ ઉપર જ હતું. મને એવું લાગ્યું કે તે અચાનક ગભરાઈને બ્રેક મારી હતી. એટલે જ તારી બાઈક સ્લીપ થઈ ગયીહતી. તારી એકલાની જ ગાડી રોડ ઉપર હતી. આજુબાજુ માં કેઆગળ પાછળ બીજું કોઈ નહોતું. છતાં તે એકદમ બ્રેક કેમ મારી હતી. તે શું કામ બ્રેક મારી હતી? તને કોઈ ન સમજાય એવો વિચિત્ર ભાસ થયો હતો?'

અંકલની વાત સાંભળી હું ચમક્યો. આ અંકલને કેવી રીતે ખબર પડી કે મને ખરેખર એવો ભાસ થયો હતો. મેં જે પાણીનો પ્રચંડ પ્રવાહ અનુભવ્યો હતો. એવું કશું ખરેખર હતુંજ નહીં. છતાં એનો ભયાનક અનુભવ મને થયો હતો. મારી જિંદગીમાં ક્યારેય ન સમજાય કે ન ભુલાય એવી અનુભૂતિ મને થઈ હતી. અને અત્યારે આ મુરબ્બી પણ મને એવું જ કંઈક પૂછી રહ્યા હતા. તો શું વડિલ આ વિષયમાં કંઈક જાણતા હશે? મારું મગજ સતેજ થઈ ગયું. હવે તો મારે એમને પૂછવું જ રહ્યું અને એના માટે મારે એમને બધી હકીકત કહેવી પડે એમ હતી.

'હું તમને શું કહું ? હું જે વાત તમને કહીશ એ સાંભળીને તમે મારી ઉપર હસશો. અથવા તો મને પાગલ ગણશો પરંતુ ખરેખર હું કોઈ કારણ વગર પડ્યો નહોતો. મને રોડ ઉપર સામેથી ભયંકર ઝડપે પાણી મારી તરફ ધસમસતું આવતું હોય એવું દેખાયું હતું અને હું હજી કંઈક સમજું એ પહેલા તો એ પાણીનો પ્રચંડ પ્રવાહ મારી ઉપર તૂટી પડ્યો હતો. હું એ પાણીમાં ઢસડાયો તણાયો અને પછી બેહોશ થઈ ગયો. મને એવું લાગ્યું કે હું મરી ગયો પરંતુ જ્યારે ભાનમાં આવ્યો ત્યારે તમે બધા મારી આજુબાજુમાં હતા. અને એ પાણીના પૂરનું કોઈ નામોનિશાન

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નહોતું. હવે તમે જ કહો અંકલ કે આ બધું સાચું હોઈ શકે? મને તો કંજ સમજાતું નથી. હજું પણ બધું ગોળ ગોળ ફરતું હોય એવું લાગે છે. તમે મને જે રીતે પૂછ્યું એ જાતાં લાગે છે કે તમે જરૂર કંઈક જાણો છો?

શું ખરેખર આ શક્ય છે? તમે શું જાણો છો? પ્લીઝ મને કહો... હું અધ્ધર શ્વાસે બોલી ગયો. મારે ઘણું બધું જાણવું હતું. સમજવું હતું જા આ અંકલ ખરેખર કંઈક જાણતા હશે તો જરૂર મને કહેશે. એવી આશાએ હું એમની સામે જાઈ રહ્યો.

'હંમમમ.....' અંકલે ફરી પાછો હુંકાર ભર્યો અને કોઈક ઊંડા વિચારમાં પડી ગયા. 'જા દિકરા, હું વધુ તો કંઈ નથી જાણતો પરંતુ મને એવું લાગે છે કે તું જે જગ્યાએ પડ્યો એ જગ્યા બરાબર નથી. આભડછેટવાળી અથવા તો એમ કહું તો ચાલે કે એ જગ્યા જ દુષિત છે. આ જ જગ્યાએ અહીં પાછલા ત્રણ મહિનનાની અંદર કમસે કમ ત્રણ વ્યક્તિઓના એક જ જગ્યાએ અને એક સમયે અને એક જ તારીખે એક્સીડન્ટ થાય એ શક્ય નથી. અને આવું બન્યું છે. કોઈ જ દેખીતા કારણ વગર આ જગ્યા ઉપર તારી પહેલા બીજા બે વ્યક્તિઓના કોઈ જ દેખીતા કારણ વગર એક્સિડન્ટ થયા છે. તું એ બંને કરતાં વધુ ભાગ્યશાળી નીકળ્યો કે તને વધારે વાગ્યું નથી. હું તને બધી વાતો વિસ્તારથી જણાવીશ. પરંતુ અત્યારે તને ઠીક નથી લાગતું એટલે તું અત્યારે ઘરે જા.

અને બની શકે તો કોઈ સારા ડોક્ટરને બતાવજે. જા કે તને કોઈ મૂઢ માર તો વાગ્યો નથી ને ? પછી જ્યારે તું સંપૂર્ણ સ્વસ્થ થઈ જા ત્યારે આવજે હું તને બધી વાત કહીશ.

' એ અંકલની વાત સાચી હતી. હજુ હું માનસિક રીતે વધુ આઘાત સહન કરવા તૈયાર નહોતો એટલે અહીં ફરી વખત આવવાનું નક્કી કરીને હું ઊભો થયો. 'ભલે અંકલ, હું બીજી વખત આવીશ, નમસ્તે.

***

મને કોઈ જ જગ્યાએ વાગ્યું નહોતું. હું ધડાકાભેર, ભયંકર રીતે પડ્યો હતો. મારી ગાડી કમસે કમ દસેક ફૂટ ઘસડાઈ હતી છતાં આશ્ચર્યની બાબત હતી કે મારા શરીરના કોઈપણ ભાગ ઉપર જરાપણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વાગ્યું નહોતું. અરે... મને નાનો અમથો ઉઝરડો પણ થયો નહોતો. સૌથી વધુ હેરાનીની વાત એ હતી કે મારી બાઈક ઢસડાઈ હોવા છતાં એની ઉપર એકપણ સ્ક્રેચ થયો નહોતો. એ મેં બરાબર ચેક કર્યું હતું. પેલા અંકલ સાચું કહેતા હતા. કે એ જગ્યામાં જરૂર કોઈક આભડછેટ અથવા એવું કંઈક હશે અને એનો ભોગ હું બન્યો હતો. પરંતુ હું એ વિચારી વિચારીને થાકી ગયો કે જા કોઈ જગ્યા દુષિત હોય તો પછી મને વાગ્યું કેમ નહીં. ? અને એ અંકલના કહ્યા પ્રમાણે તો એ જ જગ્યા ઉપર મારી પહેલા બીજા બે વ્યક્તિઓ પડ્યા હતા અને એ પણ એક જ તારીખે, એક જ સમયે અને એક જ જગ્યા ઉપર. એમાં ત્રીજા હું વધુ ભાગ્યશાળી નીકળ્યો તો પછી પેલા બંનેનું શું થયું હશે? મારી જિજ્ઞાસા વધતી જતી હતી. અને એ જિજ્ઞાસાને શાંત કરવા માટે આજે એ જ અંકલને મળવું પડે એમ હતું. અત્યારે મારા ઘરે પણ કોઈને આ વાત નથી કરવી કારણ કે એક તો મને કંઈ વાગ્યું નહોતું. અને કપડા હજી સારાં હતા એટલે ઘરે કોઈને ખબર પડવાની નહોતી તો પછી નાહકના આ વાત ઘરે કહીને મમ્મી પપ્પાને શા માટે ચિંતા કરાવવી જાઈએ. વળી એ પાછા ડોક્ટર પાસે જવાનું કહેશે જે મારે જવું નહોતું. એટલે હાલ પૂરતું તો ઘરે નહીં જણાવવાનું મનોમન નક્કી કર્યું અને હું ઘરે પહોંચ્યો.

બીજા દિવસે સાંજના સમયે હું અંકલની દુકાને પહોંચ્યો. પેલા બ્રીજને જાઈને મારા મનમાં ઘણાં બધા વિચારો આવી ગયા. સાચું કહું તો મને થોડ ો ઘણો મનમાં ડર લાગતો હતો કે શા માટે હું આ બધી પળોજણમાં પડું છું. જે થવાનું હતું એ તો થઈ જ ગયું હતું. તો પછી હવે શા માટે મારે એ અંકલને મળવું? એવું પણ બની શકે કે કાલે સાંજે મેં જાયુ તે ફક્ત મારા મનનો વહેમ હોય. અને હું પડ્યો એ ફક્ત માત્ર એક અકસ્માત જ હોય. મારા મનમાં તો કાયમી નીતનવા વિચારો ચાલતા જ હોય છે એટલે ગઈકાલે સાંજે પણ કદાચ એવું જ થયું હોય. કે આ પાણી, દિવાલ, મારા મનનો એક વિચાર જ હોય અને એ વિચાર ચાલતો હોય એ સમયે જ હું બાઈક સાથે સ્લીપ થઈ ગયો હોઉં. આમ મારા વિચાર અને મારું પડવું એ બંને ભેગા થઈ ગયા હોય જેને લીધે મેં એનો પ્રત્ય ક્ષ અનુભવ કર્યો. હોય જે હકિકતમાં હોય જ નહીં. પરંતુ તો પછી એ અંકલે જે વાત કહી એમાં પણ કંઈક તો રહસ્ય હતું જ ને? આવા ઘણા બધા વિચારો કરતો હું એ દુકાને પહોંચવા આવ્યો. ગઈકાલે જ્યાં હું પટકાયો હતો એ જગ્યા ઉપર મેં નજર નાંખી એ જગ્યાને હું ધ્યાનથી જાઈ રહ્યો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતો અને જાત જાતામાં મને એવું લાગવા માંડ્યું કે મારે હવે આ જાણવું જ રહ્યું કે ખરેખર આ જગ્યાનું રહસ્ય શું છે.?

મારા વિચારો ઘડીભર તો ચેન્જ થઈ ગયા હતા. અને આમ પણ મારે કંઈ ગુમાવાનું તો હતુંજ નહીં. મારા મનનું સમાધાન થઈ જાય તો પણ ઘણું. આમ વિચારીને જ મેં એ અંકલની દુકાનનીબહાર ગાડીને સ્ટેન્ડ કરી. મારા જીવનમાં જે ભયંકરમાં ભયંકર, અવિસ્મરણીય અને અલૌકિક બનવાનું હતું અને જેના કારણે મારું સમગ્ર જીવન બદલાઈ જવાનું હતું એની શરૂઆત અહીંથી જ થવાની હતી. એ બાબતથી બેખબર હું બાઈક પરથી નીચે ઉતર્યો. મને અત્યારે બિલકુલ ખ્યાલ નહોતો કે હું સામે ચાલીને મુસીબતમાં મુકાવા જઈ રહ્યો હતો. આજ પછી મારાજ કારણે ઘણાં બધા લોકોની જિંદગીઓ પૂરી થવાની હતી. અને ઘણાં બધાની જીંદગી બચી જવાની હતી. અરે... ખુદ મારી જિંદગી બદલાઈ જવાની હતી. મારા જેવા એક સામાન્ય નોકરીયાત માણસને આગળ જતા અસામાન્ય કહી શકાય એવા હેરત અંગે જ અકસ્માતો અને પરિસ્થિતિઓનો સામનો કરવાનો આવવાનો હતો. મારા ભાગ્યમાં આ બધું ગઈકાલસાંજે જ લખાઈ ચૂક્યું હતું જેની વિગત લેવા આજે હું અહીં પહોંચી ચૂક્યો હતો. લોકો કહે છે ને કાલે શું થવાનું છે એ કોઈ નથી જાણતું. અને ખરેખર માણસએની આવતીકાલ જાણતો હોત તો એ એવા ઘણા બધા કામો ન કરતા અને આ સમગ્ર સૃષ્ટિ જ થંભી જાત.

'નમસ્તે અંકલ. મેં એ અંકલની દુકાને પહોંચીને એમને નમસ્તે કહ્યું. એ કોઈ કસ્ટમર સાથે વ્યસ્ત હતા. મને ઈશારાથી ખુરશી પર બેસવા કહ્યું. મેં ખુરશી ખેંચીને કાઉન્ટર પાસે લીધી અને દુકાનનું નિરીક્ષણ કરવા લાગ્યો. દુકાન ઈલેક્ટ્રીકની હતી. એટલે એને લગતો સામાન દુકાનમાં હતો. અંકલ એ કસ્ટમરને સમજાવી રહ્યા હતા. અને એના ગયા પછી મારી પાસે આવ્યા.

'આવ દિકરા, .. હું તારી જ રાહ જાતો હતો. મને હતું જ કે તું જરૂર આવીશ.'

'કેમ અંકલ ? એવું પણ બની શકે ને કે ગઈકાલની ઘટનાને એક અકસ્માત સમજીને હું ભૂલી જાઉં અને તમને મળવાનું માંડી વાળું' મારું મન કહેતું હતું કે તું જરૂર આવીશ જ.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેમ.... ? એવું તો શું કહેતું હતું તમારું મન?

જો... સાંભળ, તારા પહેલા જે બે અકસ્માત થયા એ વ્યક્તિઓમાંથી એકપણ અહીં બીજી વખત આવવાની હાલતમાં નથી. જ્યારે તું એકદમ સહી સલામત છે એટલે તારું આવવાનું નક્કી જ હતું.'

મારું દિલ એક ધબકારો ચૂકી ગયું. કેમ એવું તે શું બન્યું હતું એમની સાથે....?

'જો દિકરા... હું તને વિગતે વાત કહું. આમ જોવા જાઓ તો મારી સમજમાં પણ કંઈ નથી આવતું પરંતુ મારું મન એવું કહે છે કે જરૂર કંઈક ભયંકર બનવાનું છે અને આ તો માત્ર એની શરૂઆત છે. મારી જિંદગીમાં હું ક્યારેય આટલો બેચેન નથી થયો જેટલી હમણાં હમણાંથી જ રહું છું. એમાંય ગઈકાલથી તો મારી બેચેની એકદમ વધી ગઈ છે. એટલેસુધી કે કોઈ કામમાં મારું મન બિલકુલ ચોંટતું જ નથી. તું નહીં સમજે પરંતુ જેટલી તને મારી વાત સાંભળવાની ઈંતેજારી છે એના કરતાય વધારે હું તને બધું જણાવવા આતુર છું.'

હું જબરજસ્ત આશ્ચર્ય સાથે અંકલની સામે જાઈ રહ્યો. મને આશ્ચર્ય એ વાતનું થયું કે જે ઉત્સુકતા મને કાકાની વાત સાભળવામાં હતી એના કરતાં વધારે ઉત્સુકતાથી કાકા મને એ વાત કહેવાના હતા. જરૂર કોઈ ગંભીર બીના બની હશે જેના કારણે આટલી મોટી ઉંમરના બુઝુર્ગ વ્યક્તિપણ પોતાની જાતને રોકી શકતા નથી. હવે તો મારે એ વાત જાણવી જ રહી. એમના ચહેરાના હાવભાવ અને બેચેની ઉપરથી સ્પષ્ટ જણાઈ આવતું હતું કે એ જબરજસ્ત ગડમથલમાં હતા અને આ તરફ મારી ઉત્સુકતા વધતી જતી હતી.

'અંકલ, .. હું ખુદ તમારીપાસેથી બધુ જાણવા માટે ખૂબ જ ઉત્સુક છું. ગઈકાલે સાંજે મારી સાથે જે બન્યું એ સાવ અસંભવ જ હતું. એ એક અવિશ્વસનીય બનાવ હતો. તમે એમ કહો છો કે એ જગ્યા પર પાછળા બે મહિનામાં દર પહેલી તારીખે સાંજના સમેય મારા પહેલા બે વ્યક્તિના અકસ્માત થઈ ચૂક્યા છે. અને એ બંનેની હાલત ગંભીર છે તો હવે મારે એ જાણવુંજ પડશે કે શું થયું હતું.... એ બંને સાથે ? શું છે આ જગ્યાનું રહસ્ય....? શા માટે મને કંઈ થયું નહીં...? મારી ઈંતેજારી વધતી જાય છે. માટે પ્લીઝ તમે જે જાણતા હો એ મને કહો...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઓકે. હું તને બધું પહેલેથી વિગતવાર કહું છું. પહેલા મને તારું નામ કહે.

અમીત

હું સવજીભાઈ... વિસ્તારથી આખી વાત કહું તો એ દિવસે રાબેતા મુજબ હું દુકાને આવ્યો હતો. પહેલી તારીખ હતી. આખો દિવસ કામ ખૂબ જ હતું એટલે સાંજ કેમ કરતાં પડી ગઈ એ ધ્યાન નહોતું. અચાનક સાંજના લગભગ ૮ વાગ્યાની આસપાસ રોડ ઉપરથી એક ભયંકર ધડાકા જેવો અવાજ મને સંભળાયો. જરૂર કોઈ એક્સિડન્ટ થયો હશે એવું અનુમાન કરીને હું ઝડપથી દુકાનની બહાર નીકળ્યો. મારી સાથે સાથે આજુબાજુની દુકાનો વાળા પણ રોડ તરફ દોડ્યા. રોડનું દૃશ્ય ડરાવનારું હતું. રોડની બરાબર વચ્ચોવચ્ચ એક આદમી ચત્તોપાટ પડ્યોહતો. અને એની ગાડી એનાથી ઘણી દૂર ઢસડાઈને ફંગોળાણી હતી. મે ંતરત જ એ વ્યક્તિ તરફ પગ ઉપાડ્યા. એ જ્યાં પડ્યોહતો એની આજુબાજુ ઘણું બધું લોહી વહી ગયું હતું. અને એ લોહીના ખાબોચિયામાં આળોટતો હતો. અને હજુ લોહી વચ્ચે જ જતું હતું. એ વ્યક્તિની આજુબાજુ ઘણા બધા માણસોનું ટોળું જમા થઈ ચૂક્યું હતું. છતાં બધા હજી એને જાઈ રહ્યા હતા. કોઈ કાંઈ કરતું નહોતું. મેં તાત્કાલિક મોબાઈલ કાઢી ૧૦૮ નંબર લગાવ્યો. સામેથી ફોન ઉપાડ્યો.

એટલે અહીંની ઘટના અને સરનામું એને જણાવી દીધું. હું એ વ્યક્તિની વધુ નજીક ગયો. લગભગ તારી જ ઉમરનો છોકરડો હતો. જરૂર એની બાઈક સ્લીપ થઈ ગઈ હોવી જાઈએ. એવું મેં અનુમાન કર્યું.. કારણ કે દેખીતી રીતે તો રોડ ઉપર એના સિવાય બીજા કોઈનું વાહન નહોતું. એને કોઈ જગ્યાએ વધુ વાગ્યું હતું એટલે એના શરીરમાંથી ઘણું બધું લોહી નીકળીને રોડ ઉપર પથરાઈ ચૂક્યું હતું. હું એની પાસે બેસીને વધુ નિરીક્ષણ કરવા લાગ્યો. એ બેહોશ થઈ ચૂક્યો હતો. કદાચ માથામાં વાગ્યું હશે. એવું વિચારીને મેં એના માથાનો ભાગ તપાસી જાયો તો ત્યાં કંઈક વધુ વાગ્યું હોય એવું મને જણાયું નહીં... ત્યાંજ મારું ધ્યાન એની છાતીના ભાગે ગયું. એ લોહી એની છાતીમાંથી નીકળી રહ્યું હતું. વધુ વિચારવાનો કે જાવાનો મારી પાસે સમય નહોતો એટલે મેં મારા ખિસ્સામાંથી રૂમાલ કાઢી એ ભાગ ઉપર દબાવ્યો કે જ્યાંથી લોહી નીકળતું હતું. મને જાઈને બીજા બે ત્રણ વ્યક્તિઓ મારી મદદે આવ્યા.

https://telegram.me/booksmag

ઐસે મજેદાર મેગેજીન પઢને કે લિયે હમારી ટેલીગ્રામ ચેનલ સે જુડે ઇસકે લિએ ટેલીગ્રામ મેં સર્ચ કરે @booksmag ઓર join પર ક્લિક કરે

અમે એ છોકરાને ઊંચકીને રોડની સાઈડ ઉપર લીધો. અમે એમ્બ્યુલન્સની રાહ જાઈ રહ્યા હતા.

કારણ કે મને આ મામલો ઘણો નાજુક લાગતો હતો. જા આ છોકરાને તાત્કાલિક સારવાર નહીં મળે તો એની જિંદગીને જાખમ હતું. કેમ કે લોહી ઘણી જ ઝડપે વહી રહ્યું હતું.

અને અમને એમ્બ્યુલન્સની સાયરન સંભળાઈ. એક વ્યક્તિએ હાથ ઊંચો કરીને એમ્બ્યુલન્સને સાઈડ પર લેવરાવી. સાહેબ જરા ઝડપથી જુઓને. આ છોકરાનું લોહી ખૂબ જ ઝડપથી નીકળી રહ્યું છે. એમ્બ્યુલન્સમાંથી ઉતરતા ડોક્ટરસાહેબને મેં કહ્યું. ડોક્ટરે તાત્કાલિક સ્ટ્રેચર લેવરાવી એને એના ઉપર સુવરાવ્યો. અને જે જગ્યાએથી લોહી નીકળતું હતું ત્યાં સારવાર ચાલુ કરી.

તમારામાંથી કોઈ આને ઓળખે છે? ડોક્ટરે અમારા બધા તરફ જાતાં પૂછ્યું. આ છોકરો અમારા બધા માટે અજાણ્યો હતો. એટલે ઓળખવાનો તો સવાલ જ નહોતો. ડોક્ટર સમજી ગયા. એટલે એમણે ફરી પૂછ્યું. તમારામાંથી સૌથી પહેલા કોણે આ વ્યક્તિને આ હાલતમાં જાઈ હતી?

મેં સાહેબ... મેં કહ્યું.

તો એક કામ કરો. તમે મારી સાથે હોસ્પિટલ ચાલો.'

ઠીક છે.... હું ફટાફટ દુકાન બંધ કરીને એમ્બ્યુલન્સમાં બેઠો. એમ્બ્યુલન્સનું સાયરન શરૂ થયું અને ફૂલ સ્પીડમાં ગાડી દોડવા લાગી. ડોક્ટરે એ છોકરાના શર્ટના બટન ખોલીને જે જગ્યાએથી લોહી નીકળી રહ્યું હતું એના નિરીક્ષણમાં લાગી ગયા. સાથેસાથે રૂ ના સ્પંચથી લોહી સાફ કરી રહ્યા હતા. પરંતુ લોહી અટકવાનું નામ નહોતુંલેતું.

અચાનક...

ઓહ માય ગોડ... ડોક્ટરના હોઠ ગોળાકાર થઈ ગયા. આશ્ચર્યથી એના ચહેરાનો રંગ બદલાઈ ગયો. અને એક સાથે પાંચ છ રૂના પૂમડા એ જખમ પર દબાવી ઉપરથી ટેપ લગાવી લોહી બંધ કર્યું. એના કપાળે પરસેવાની બુંદો સાફ નજરે ચડતી હતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ફટાફટ ખિસ્સામાંથી મોબાઈલ કાઢી કોઈકનો નંબર લગાવ્યો અને જેવો સામેથી ફોન રીસીવ થયો કે તરત તેમણે કહ્યું.

હલો ... ચાવડા હું રામાનુજ બોલું છું. જા મારી વાત સાંભળ. એક અર્જન્ટ કેસ છે એટલે તું જલદી સ્મીમેર હોસ્પીટલ પહોંચ. હું એક પેશન્ટને લઈને પહોંચવા જ આવ્યો છું. આ એકપોલીસ કેસ જ છે એટલે તારો જ કેસ છે. મને પેશન્ટની હાલત જાતાં લાગે છે કે આને કોઈએ ગોળી મારી છે.....'

'હા.. હા... તું જલદી પહોંચ. બાકીની વાતો આપણે ત્યાં જ કરીશું. અને હું જે એડ્રેસ બતાવું ત્યાં તાબડતોડ તારા કોન્સ્ટેબલોને રવાના કર. બની શકે કે તને આ કેસની કોઈ કડી મળી જાય. આટલું કહીને ડોક્ટરે ફોન કાપી નાંખ્યો.

શું વાત કરો છો સાહેબ? આને ગોળી વાગી છે? જબરજસ્ત આશ્ચર્યથી મારું મોં ખુલ્લું રહી ગયું.

હા બિલકુલ સાચી વાત છે કે આને ગોળી વાગી છે. છોકરાની હાલત ખરેખર ક્રિટિકલ છે. કદાચ બચે તો બચે. એના ખિસ્સા જુઓ. એના વિશે કોઈ માહિતી મળે તો એના ઘરવાળાનો કોન્ટેક્ટ (સંપર્ક) કરી એમને પણ બોલાવી લો. ડોક્ટરે જાતે એના ખિસ્સા તપાસવાનું ચાલુ કર્યું. પેન્ટના પાછળના ખિસ્સામાંથી એનું પર્સ નીકળ્યું.

પર્સમાં થોડા રૂપિયા, ડ્રાઈવિંગ લાઈસન્સ અને બીજા કાગળો હતા. લાઈસન્સમાં નામ લખ્યું હતું. રાજેશ ગીરીશભાઈ મહેતા અને નીચે એડ્રેસ અને લેન્ડલાઈન મોબાઈલ નંબર લખેલો હતો. ડોક્ટરે એ નંબર ઉપર ફોન કરીને એના ઘરવાળાને જાણ કરી સ્મીમેર હોસ્પિટલ બોલાવી લીધા.

તને વિશ્વાસ નહીં આવે અમીત કે ત્યારે મારી હાલત શું હતી ? સવજીકાકાએ એમની વાતને થોડો વિરામ આપતાં મારી સામે જોઈને કહ્યું, જીવનમાં પહેલીવાર મારું નામ એક પોલીસકેસમાં લખાયું હતું. જા કે મને એની ઉપાધિ નહોતી. મને ફક્ત એ છોકરાનું ટેન્શન હતું કે એનું શું થશે? ભગવાનને મેં મનોમન પ્રાર્થના પણ કરી નાંખી હતી કે હે પ્રભુ, તું આ નાનકડા જીવને બચાવી લેજે. એક તરફ હોસ્પિટલમાં એના

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પરિવારજનોનું આક્રંદ અને બીજી બાજુ પોલીસ ઈન્વેસ્ટિગેશન. ઈન્સ. ચાવડાએ મને બરાબર બધું પૂછી લીધું હતું. કેટલા વાગ્યે આ બન્યું ? કેવી રીતે બન્યું હતું. તમે નજરોનજર શું જાયું. તમે શું શું કર્યું. આ બધા પ્રશ્નો વારંવાર ફેરવી ફેરવીને મને પૂછ્યા. જાણે કે હું જ ગુનેગાર ન હોઉં. લગભગ દોઢેક કલાક એ બધું ચાલ્યું. મને જેટલી ખબર હતી એ બધી વિગતો મેં યાદ કરીને લખાવી દીધી. એ પછી રાત્રે બારેક વાગ્યે મને ઘરે આવવા દીધો અને જરૂર પડ્યે હાજર થવાનું મને જણાવ્યું. મારું એડ્રેસ અને ફોન નંબર લખાવીને હું ઘરે જવા નીકળ્યો હતો. હું જ્યારે ઘરે આવવા નીકળ્યો ત્યારે હજુ પણ એ છોકરો રાજેશ ભાનમાં આવ્યો નહોતો. એનું ઓપરેશન કરી ગોળી તો કાઢી લેવામાં આવી હતી પરંતુ એની હાલત હજુ પણ ક્રિટિકલ ગંભીર જ હતી. જા એ ભાનમાં નહીં આવે તો એની કોમામાં સરી પડવાની શક્યતાઓ હતી. એટલે ડોક્ટરો એને ભાનમાં લાવવાની કોશિશમાં લાગ્યા હતા.

'દીકરા... આજે એ વાતને બે મહિના થઈ ગયા છે છતાં એ છોકરો ભાનમાં નથી આવ્યો. પોલીસ ઘણી તપાસ કરી પરંતુ હજુ સુધી એના ઉપર ગોળી ચલાવનારને પકડી શકી નથી. અરે, પોલીસને એનો જરાસુધ્ધાં આણસાર કે એક નાનકડો સુરાગ પણ હાથ લાગ્યો નહોતો. પછીથી તો પોલીસ તપાસમાં પણ ઢીલ મુકાઈ ગઈ હોય એવું લાગે છે.

હવે તો એ ભાનમાં આવે અને પોતે જ કંઈક જણાવે તો વાત આગળ વધે એવું છે. હું ત્રણ ચાર વખત એની ખબર કાઢવા એના ઘરે જઈ આવ્યો. એના પરિવારજનોની હાલત મારાથી જાવાતી નથી. અને મારી આંખો પણ ભીની થઈ જતી હતી. એટલે વધારે હું ત્યાં જતો પણ નથી. એ છોકરો એ પરિવારનો એકનો એક દિકરો છે. એ એની નાની બહેન અને એના માતાપિતા. એ બધાને હજુ પણ વિશ્વાસ નથી આવતો કે એના વહાલસોયા દિકરાને કોઈએ ગોળી મારી હોય. એમની માથે તો જાણે આભ તૂટી પડ્યું છે.' સવજી કાકાની આંખો ભીની થઈ ગઈ. મને સવજી કાકા ખૂબ જ ભલા અને લાગણીશીલ વ્યક્તિ લાગ્યા. જે બીજાના દુઃખને પોતાનું માનતા હતા.

'હવે પછીની વાત તને કરું... સાંભળ... બરાબર એક મહિના પહેલા અને રાજેશ મહેતાવાળી ઘટના બન્યા ના બરાબર એક મહિના બાદની પહેલી તારીખે, એ જ સમયે અને એ જ જગ્યાએ ફરીવાર એક

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઘટના ઘટી. આ વખતે તો મેં મારી નજરોનજર એ ઘટના નિહાળી હતી. કારણ કે મારું સંપૂર્ણ ધ્યાન રસ્તા ઉપર જ હતું. અને હું મનોમન વિચારતો જ હતો કે આજથી બરાબર એક મહિના પહેલા અહીં જ આ જગ્યા ઉપર પેલા છોકરા રાજેશ ઉપર ગોળીબાર થયો હતો અને આજે એ વાતને એક મહિનો પૂરો થયો છતાં ન તો એની હાલતમાં સુધારો થયો કે ન તો એના પર ગોળી ચલાવરનારા પકડાયા હતા. મારા મનમાં હજી એના વિચારો ચાલતા જ હતા. કે એકદમ પૂરપાટ ઝડપે આવી રહેલો એક બાઈક સવાર એની બાઈક ઉપરથી કંન્ટ્રોલ ગુમાવી બેઠો હોય એ રીતે ધડાકાભેર પડ્યો. આ એટલું ઝડપથી બની ગયું કે મને પણ ખ્યાલ ન રહ્યો કે, કેવી રીતે એની બાઈક સ્લિપ થઈ ગઈ. હું બહાર નીકળીને રીતસરનો દોડ્યો. એ પણ તારાજેવડો જ ૨૦-૨૨ વર્ષનો યુવાનવયનો છોકરો હતો. એને વધારે વાગ્યું નહોતું છતાં એ લંગડાતો લંગડાતો ઉભો થયો. એના પગમાં જરૂર કંઈક વધારે વાગ્યું હતું. મેં એની પાસે પહોંચીને એને ટેકો આપી રોડની સાઈડ ઉપર લાવ્યો. મેં એને પૂછ્યું કે કેમ કરતા ગાડી સ્લીપ થઈ ગઈ. તો એનો જવાબેય તારી જેવો જ મળ્યો. કે અચાનક એને કંઈક વિચિત્ર ભાસ થયો અને આંખે અંધારા આવી ગયા હતા. કદાચ ચક્કર આવી ગયા હતા અને એને કારણે કાંઈ સમજે એ પહેલા તો ગાડી સ્લિપ થઈ ગઈ હતી.

જા કે મારા માટે આ વાત ભયાનક આશ્ચર્યની હતી કે મહિનાની અંદર જ બે વ્યક્તિઓ એક જ તારીખે, એક જ જગ્યાએ અને એક જ સમયે અકસ્માતનો ભોગ બને. જરૂર કંઈક તો હતું જ કે જે સમજાતું નહોતું. એનું નામ પ્રકાશ હતું. કદાચ ગોઠણે સારું એવું વાગ્યું હતું. એને છતાં એ રોકાયો નહીં અને થોડીવાર પછી એ જાતે ગાડી ચલાવીને જતો રહ્યો.

અંકલ, આમા તો કંઈ અજુગતું થયું ન કહેવાય ને?' મે કહ્યું. 'કારણ કે તમે જ વિચારો, પહેલા જે રાજેશ પડ્યો હતો એના ઉપર કોઈકે ગોળી ચલાવી હતી તો બનવાજોગ છે કે એના કોઈ દુશ્મને આ હરકત કરી હોય અને બીજા પ્રકાશ, તો તમે કહો છો કે એણે પોતે કબૂલ્યું હતું કે એને આંખે અંધારા આવી ગયા હતા. અને ચક્કર જેવું આવતા એ સ્લિપ થઈ ગયો હતો. રહી સમય, તારીખ અને જગ્યાની વાત. તો આ વિશ્વમાં આવી ઘણી બધી ઘટનાઓ બને છે કે જે આપણી સમજની બહાર હોય,

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જેને આપણા જેવા સામાન્ય માણસો ચમત્કાર કહે છે તો બની શકે ને કે આ ઘટનાઓ પણ કોઈ ચમત્કારીક રીતે જ બની હોય.'

'તારી જેમ મેં પણ આવું જ કંઈક વિચાર્યું હતું. પરંતુ તું પડ્યો એને તું શું કહીશ?છે કોઈ જવાબ આનો તારી પાસે ? એ જ તારીખ, એ જ જગ્યા અને એ જ સમય. આ થોડું વધારે પડતું અવિશ્વસનીય છે કે નહીં. ? અને બીજી એક વાત તને જણાવું કે મને પ્રકાશની વાત અને એના ચહેરાના હાવભાવ માં સ્પષ્ટપણે ફરક દેખાયો હતો. એ મને ડરી ગયો હોય એવું લાગતું હતું. પરંતુ એણે મને કંઈ કહ્યું નહી. અને તારી જેમ રોકાયા વગર જલદીથી આ જગ્યાએથી ભાગ્યો હતો. હું કંઈ એને પૂછું એ પહેલા તો એ જાણે આજગ્યાએથી દૂર જવા માંગતો હોય એમ ચાલ્યો ગયો હતો. મારી પાસે ન તો એનું સરનામું છે કે નથી એનો કોઈ કોન્ટેક નંબર. એ પછી એ ક્યારેય આ તરફ આવ્યો સુદ્ધાં નહીં હોય એવું હું દૃઢપણે માનું છું. હવે તું જ વિચાર કે જા આ ફક્ત એક અકસ્માત જ હોય કે ફક્ત સંજાગવશાત જ બન્યું હોય તો પણ શું આ અજુગતું નથી.?'

સવજીકાકાના પ્રશ્ન નિરર્થક નહોતો. આવી તો ઘણી બધી ચર્ચાઓ અમારી વચ્ચે થઈ. લગભગ કલાકેક સુધી વાતો ચાલી પરંતુ હકીકત એ હતી કે અમારા બંનના મન એ સ્વીકારવા તૈયાર નહોતા કે આ ફક્ત એક સંયોગ જ હોઈ શકે. દિલથી દૃઢપણે અમે સ્વીકારવા લાગ્યા કે આ બનાવો જરૂર કોઈ ભયાનક ભવિષ્યની ઘટનાઓ તરફનો ઈશારો માત્ર હતો. જરૂર એવું કંઈક સારું અથવા ખરાબ થવાનું છે. જેના નિમિત્ત અથવા તો એની એક કડી અમારા બંને સાથે પેલા રાજેશ અને પ્રકાશ પણ હતા. હવે આ સિલસિલો ક્યાં જઈને અટકશે એ જાવાનું રહ્યું. જા આવતા મહિને પહેલી તારીખે ફરી કોઈ બનાવ બને તો જરૂર એવી કોઈ બાબત હશે કે જેની જાણ તમને નથી. શું હોઈ શકે એ ? ભવિષ્યની ગર્તામાં શું છુપાયેલું છે એ તો સમય જ કહેશે. હવે અમારે એક મહિનો રાહ જાવી જ રહી. સવજીકાકાને ત્યાંથી નીકળી હું સીધો ઘરે પહોંચ્યો.

***

તો આ હતી મારી હકીકત. જે મારી સાથે બન્યું હતું એવું અગાઉ બે વ્યક્તિઓ સાથે બની ચૂક્યું હતું. હું એ લોકોને ઓળકતો નહોતો છતાં એમની સાથે જાડાઈ ગયો હતો. રાજેશ હજુ સુધી કોમામાં જ હતો અને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પ્રકાશનો તો કોઈ સંપર્ક કે અત્તોપત્તો જ નહોતો. એ પછીના મહિનાની પહેલી તારીખે કોઈ જ ઘટના એ જગ્યાએ ન બની. સવજીકાકાએ આખો દિવસ ત્યાંજ ધ્યાન રાખ્યું હતું. પરંતું કંઈજ અજુગતું ત્યારે ન બન્યું. જે બન્યું એ બધું મારી સાથે એ દિવસે રાત્રે બન્યું. મેં જે ગત પહેલી તારીખે પ્રત્યક્ષ ખોફ અનુભવ્યો હતો. એ જ ખૌફનાક ઘટના એ દિવસે રાત્રે મારા સ્વપનામાં દેખાઈ. એ જ પાણીની ભયાનક દિવાલ, મારું ઢસડાવું. તણાવું અને ભયંકર રીતે છળી ઉઠવું. હું પરસેવાથી રેબઝેબ થઈને ડરનો માર્યો પથારીમાં બેઠો થઈ ગયો હતો. એ ફક્ત એક સ્વપ્ન જ હતું. એવું મન મનાવીને મેં ફરી સુવાની કોશિશ કરી હતી પરંતુ પછી મને સવાર સુધી ઉંઘ આવી જ નહીં. આરી રાત તરફડતા મેં વિતાવી હતી. એ પછીના બીજા બે મહિના પણ પ્રત્યક્ષ રીતે કોઈ ઘટના વગર પસાર થઈ ગયા હતા.

સવજીકાકા વિચારવા લાગ્યા હતા કે બનવાસંજાગ અકસ્માતો થયા હતા. એક એવા સંજાગો કે જેના જવાબ મળવો મુશ્કેલ હતો. કુદરતની એક રમત કે પછી કારીગતી અથવા તો સંજાગો જે ગણીએ તે એ હોઈ શકે છે. રાજેશને ગોળી મારનારનો હજુ સુધી કોઈ અત્તોપત્તો ઠેકાણું પોલીસ મેળવી શકી નહોતી એટલે એ કેસમાં પણ ઢિલાશ મુકાઈ ગઈ હતી. આ ઘટના સાથે સંકળાયેલા તમામ પાત્રો પોતપોતાની રૂટિન લાઈફમાં સેટ થવા લાગ્યા હતા. હું પણ નોર્મલ થવાની ઘણી કોશિશ કરતો હતો છતાં દર મહિનાની પહેલી તારીખની રાતે મારા માટે દુઃસ્વપ્ન બની રહેતી હતી. એ ભયાનક સ્વપ્નો મારો પીછો છોડતા નહોતા. દર વખતે એ ભયાનક સ્વપ્ન મને છળાવી મૂકતું હતું. એ જ ભયાનક પાણીની દિવાલ, મારું તણાવું, ઢસડાવું અને ભયંકર રીતે છળી ઊઠવું. આ ક્રમ સતત મારી સાથે બનતો જ... હું જબરજસ્ત માનસિક તાણ અનુભતો હતો અને સતત આવતા સ્વપ્નથી હું ત્રસ્ત થઈ ગયો હતો. મારી લાઈફ ધીમે ધીમે અપસેટ થવા લાગી હતી. આ વાત મેં સવજીકાકાને પણ કહી તો એમણે આને ફક્ત મારા મનનો વહેમ ગણી માર વાત સાંભળી - ન સાંભળી કરી નાંખી. મારે શું કરવું એ મારી સમજમાં આવતું નહોતું. થાકી હારીને છેવટે હું પ્રભુશરણે ગયો કે હે ઈશ્વર, હવે તું જ મને આ સ્વપ્નમાંથી છુટકારો અપાવ. મારી ઉપર તારી કૃપાદૃષ્ટિ વરસાવ અને આ યાતનામાંથી મને ઉગારી લે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

***

‘બાબુ બોલું છું! લોકલ ફોનના રિસીવરમાં બાબુએ ઘાંટો પાડીને કહ્યું, હવે આ બધું ક્યાં સુધી ચલાવવાનું છે. મને હવે કંટાળાજનક કામમાં બિલકુલ રસ રહ્યો નથી. સાલુ દરરોજ વહેલી સવારની મોટી રાત્રી સુધી ફિલિંગ જ ભરવાની. ના કોઈ એક્ટિવીટી કે ના કોઈ એક્સન. છેલ્લા છ મહિનાથી એકનું એક કામ કરીને કંટાળી ગયો છું હવે વધારે સમય મારાથી આ કામ નહીં થાય. તમે બીજા માણસની વ્યવસ્થા કરી લો.’

બાબુ એક જ શ્વાસે એકધારું બોલી ગયો. એ આજે ગુસ્સામાં હતો. છ ફૂટનું ઊંચું દેહાતી શરીર, મોટી મોટી મૂછો અને લાલઘૂમ કરડી આંકોને કારણએ બાબુ દેખાવથી જ ભયાનક અને ક્રૂર લાગતો હતો. એ અત્યારે ફોન ઉપર કોઈક સાથે માથાકૂટ કરવાના મૂડમાં હતો.

‘તું તારું કામ કર બાબુ, વધારે ગરમ થવાની જરૂર નથી સમજ્યો. તને તારા કામના બદલામાં પૂરા પૈસા મળે છે પછી તને પેટમાં શેનું શૂળ ઉપડે છે? અરે, કંઈ પણ કર્યા વગર આટલી મોટી રકમ તને આપશે કોણ? આ તો ખબર નહીં બોસને એ મુડદલ છોકરામાં શું કામ આટલો બધો રસ જાગ્યો છે? તું ચૂપચાપ તારું કામ કર. બોસને જા આ વાતની ખબર પડશે તો તરત તને હટાવીને બીજાને તારી જગ્યાએ ગોઠવી દેશે.

અને પછી તું કામ વગરનો નવરોધૂપ આંટા જ મારજે. અત્યારે તો વગર કોઈ એક્શને હરામના પૈસા તને મળી રહ્યા છે. તો એ લઈ લે અને એશ (જલસા) કર.’ ફોનના સામા છેડેથી બાબુને જવાબ મળ્યો. એ જગતાપ ઢીલ્લોનો અવાજ હતો. બાબુનો ગુસ્સો થોડોક શાંત પડ્યો હતો. ‘સાલા, આ બોસને એક વખત તો મળવું જ પડશે. જાઈએ તો ખરા કે આવા મરેલા છોકરામાં એને શું રસ પડ્યો છે ? છ- છ મહિનાથી એની ફિલિંગમાં મને લગાવ્યો છે છતાં હજી ધરાતા નથી.’ બાબુના અવાજમાં અણગમો હતો.

એ બધું તને સમય આવ્યે ખબર પડી જશે. અત્યારે તો તારે માથાકૂટમાં પડ્યા વગર એ છોકરાના ઘરની અને એને મળવા આવતા લોકો વિશે માહિતી ભેગી કર સમજ્યો. કોઈક નવા પ્રોગ્રેસ થાય તો તરત મને ફોન કરજે. હવે ફોન મૂક.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બાબુએ ફોન જારથી પછાડ્યો. અને પછી થૂંક્યો. 'સાલા... બધા જ સરખા છે.' મનોમન બે ત્રણ ગાળો બોલીને બાબુ રાજેશના ઘર તરફ ચાલ્યો. એ વિચારી રહ્યો હતો કે બોસને શા માટે આ છોકરામાં રસ હોઈ શકે? એક તો સાવ સાધારણ ઘર છે, ઘરમાં ઈનમીન અને તીન જેટલા ફક્ત ચાર માણસો જ છે. અને એ પણ સાવ સીધા સાદા, બિલકુલ ઉપદ્રવ વગરના. એમાંથી પણ ભાગ્યે જ કોઈ ઘરની બહાર નીકળે છે. ક્યારેક ક્યારેક ઘરનો પરચૂરણ સામાન લેવા પેલી બાઈ અને એની છોકરી બહાર આવે છે. 'મેં તો સાલું સાંભળ્યું છે કે આ છોકરા પર ફાયરિંગ થયું હતું એમાં બોસનો જ હાથ હતો. પરંતુ શું કામ?' બાબુ મનોમન બબડતો હતો. 'હશે કંઈક લોચો ...'

આપણને શું ? આપણે તો કહે તેટલું કરવાનું. અને જલસા કરવાના. આખી દુનિયા જાય તેલ લેવા...' એ ચાલતો ચાલતો રાજેશના ઘરની બરાબર સામે આવેલા પાનના ગલ્લે પહોંચ્યો. છેલ્લા ઘણાં સમયથી એણે એ ગલ્લાવાળા સાથે ઓળખાણ વધારી હતી અને ત્યાંજ પોતાની બેઠક જમાવી હતી કે જેથી એ રાજેશના ઘર ઉપર નજર રાખી શકે.

***

હું વિહ્વળ થઈ ઊઠ્યો. બસ હવે બહુ થયું. હવે વધારે સમય આ બધું સહેવાય એમ નહોતું. મારી સહનશક્તિ ઘટવા લાગી હતી. ગમે એવું દર્દ થયું હોય તો એ દર્દની દવા લેવાથી તે મટી જાય છે. મોટામાં મોટી તકલીફનું પણ એક નિરાકરણ ચોક્કસ હોય જ છે. જરૂર હોય છે ફક્ત એના નિરાકરણ કે ઉપાય સુધી પહોંચવાની. મારે મારા સ્વપ્નોમાંથી મુક્તી મેળવવી હતી. આખો દિવસ હું એના વિશે વિચાર કરી કરીને થાકી ગયો હતો.

છેવટે મેં મારું મન મક્કમ કર્યું. અને હકિકત પણ એજ છે કે તમે એકવાર મનોમન નક્કી કરીને દૃઢ સંકલ્પ કરો કે મારે મારી તકલીફમાંથી મુક્તી મેળવવી જ છે. તો આ દુનિયાની કોઈ જ તાકાત તમને એમ કરતા અટકાવી શકતી નથી. જરૂર હોય છે ફક્ત દૃઢ ઈચ્છા શક્તિ અને સંકલ્પની. અને મેં એ સંકલ્પ કરી લીધો કે હવે ગમે તે થાય પણ મારે મારા સ્વપ્નોમાંથી મુક્તિ મેળવવી જ છે. ભલે આ સ્વપ્ના એ ફક્ત મારા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મનનો વહેમ જ હોય અને આ નિર્ણયો મેં મારી એક બેવકૂફી સાબિત થાય પરંતુ હું ગમે તે ભોગે, ગમે તે કિંમતે મારા આ સ્વપ્નનો ભેદ ઉકેલીને જ રહીશ. મને પૂર્ણ વિશ્વાસ તો કે આ ભયાવહ સ્વપ્ન એ ફક્ત મારા મનનો કોઈ ફિતુર કે મારું ચિત્તભ્રમ નહોતું. એની પાછળ જરૂર કોઈ કુદરતી ત¥વ હતું જે સ્વપ્નો દ્વારા મને ડરાવી રહ્યું હતું. શું હોઈ શકે એ? એ જગ્યા કે જ્યાં મારું એક્સિડન્ટ થયું હતું શું એ જગ્યા ખરેખર મેલી છે? અને એક મહિના સુધી દર પહેલી તારીખે શા માટે ત્યાં એક્સિડન્ટ થયા? એ પછી કેમ કંઈ થયું નહીં? એ પછી એક્સિડન્ટ ન થયા અને શા માટે મને સ્વપ્નો આવવા લાગ્યા? ઘણા બધા પ્રશ્નો હતા. જેનો જાબ મારે મેળવવો હતો. અને હું એ પ્રશ્નોના જવાબ મેળવીને જ રહેવાનો હતો. એક દૃઢ નિશ્ચય મારા મનમાં આકાર લઈ ચૂક્યો હતો.

મેં શરૂઆતથી જ બધું વિચારવાનું શરૂ કર્યું. ટ્રાફિકના કારણે ઘરે જતી વખતે બાઈક પુલ નીચે ચલાવવી, મને ભયાનક અનુભવ થયો. મારું સ્લિપ થવું, બેહોશ થવું, સવજીકાકાને મળવું, એમણે જ વાત કરી એ રાજેશ અને પ્રકાશ તથા છેલ્લા છ મહિનાથી હું જે સ્વપ્ન જાઉં છું એ તમામ બાબતો મેં એક પછી એક ક્રમબદ્ધ રીતે યાદ કરી જાઈ.

કોઈ ઘટના કે પછી નાનામાં નાની વિગત પણ ભૂલ્યા વગર યાદ કરી. હું અસમંજસમાં મુકાઈ ગયો. હતો કે આ તમામ બાબતો યાદ કરવા છતાં મને કોઈ રસ્તો મળતો નહોતો. હું ગુંચવાઈ ગયો. એક જ વ્યક્તિ મારા મગજમાં ઉભરતી હતી અને એ હતા સવજીકાકા. જે આ ઘટનાઓમાં કોમન (સામાન્ય) હતા. દરેક ઘટના વખતે એમનું હાજર હોવું એ ખૂબ જ અગત્યની બાબત મને જણાતી હતી. આ તમામ ઘટનાઓ સાથે અમે ચાર વ્યક્તિઓ સંકળાયેલા હતા. હું, સવજીકાકા, રાજેશ અને પ્રકાશ. ડોક્ટર રામાનુજ અને ઈન્સ. ચાવડા પણ હતા. છતાં એ લોકો ખાસ નહોતા. અમારા ચારમાંથી જા સવજીકાકા અને મને બાદ કરી નાંખીએ તો બાકીની બે વ્યક્તિ રાજેશ અને પ્રકાશ વિશે મારે તપાસ કરવાની રહેતી હતી.

સૌથી પહેલા તો આ બધા બનાવોની શરૂઆત રાજેશથી જ થઈ હતી. એના પર કોઈકે ફાયરિંગ કર્યું હતું અને એના કારણે એ આજદિન સુધી કોમામાં જ હતો એટલે એ મને કંઈ જણાવી શકે એમ નહોતો. બીજા હતો પ્રકાશ. મેં પ્રકાશને મળવાનું નક્કી કર્યું પરંતુ કેવી રીતે ? એ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઘટના બાદ પ્રકાશનો કોઈ જ પત્તો નહોતો. એ ઘટના બાદ ન તો એ વધુ સમય રોકાયો હતો કે ન તો સવજીકાકા એના વિશે કંઈ જાણતા હતા. પ્રકાશનું કોઈ જ એડ્રેસ નહોતું કે જેના લીધે એના સુધી પહોંચી શકાય. બીજી વખત ક્યારેય એ પેલી જગ્યા ઉપર ફરી વખત દેખાયો નહોતો. તો હવે પછી શું? ફરી પાછો હું એની એ જ સ્થિતિમાં પહોંચી ગયો કે આગળ શું કરવું? મને કોઈ જ રસ્તો દેખાતો નહોતો. કે જ્યાંથી હું મારી તપાસ શરૂ કરી શકું. ક્યાંકથી તો શરૂઆત કરવાની જ હતી. અને શરૂઆત થયા પછી આગળનો માર્ગ આપોઆપ ખુલવા લાગવાનો હતો. મારા મનમાં એક જ વિચાર ચાલતો હતો કે જ્યારે આગળ વધવાના તમામ દ્વાર બંધ હોય ત્યારે એક જગ્યાએ ઉભા રહીને રસ્તો ખુલવાની રાહ જાવા કરતાં પાછા ફરી જાઓ અથવા તો તમારી જાતે જ એ રસ્તા ખોલવાની કોશિશ કરો. મારે કોઈપણ સંજાગોમાં પાછળ તો ફરવું જ નહોતું. અને હવે વધુ રાહ જાવા માટે પણ હું તૈયાર ન હતો. એટલે હવે મેં જાતે જ આગળ વધવાનું નક્કી કરી લીધું. ભલે કોઈ પરિણામ મળે કે ન મળે મારે આગળ વધવું હતું એટલે સૌથી પહેલા મેં રાજેશના ઘરે જવાનું નક્કી કર્યું. કાંઈ પણ જાણકારી ન મળે તો પણ એક વખત એના ઘરે જવાનું મેં નક્કી કર્યું.

***

લગભગ સાંજના સાડા સાત આઠ વાગ્યાની આસપાસ હું રાજેશના ઘરે પહોંચ્યો. સવજીકાકા પાસેથી એનું એડ્રેસ મેં મેળવી લીધું હતું. છતાં મકાન શોધવામાં જલદી થાય એ માટે મેં એની સોસાયટીમાં આવેલા પાનના ગલ્લે રાજેશના ઘર વિશે પૂછ્યું. શિયાળાની સાંજ હતી એટલે અંધારું તો ક્યારનું થઈ ચૂક્યું હતું. મારા મનમાં ગડમથલ ચાલતી હતી કે રાજેશના ઘરે જાઉં કે ન જાઉં ? જઈશ તો હું શું કહીશ? શું પૂછીશ? એ લોકો સાથે કેવી રીતે વાતો કરીશ એ મને સમજાતું નહોતું. વારેવારે પાછા ફરી જવાની ઈચ્છા થઈ રહી હતી. એક અજાણ્યા ઘરમાં કેવી રીતે, શું કહીને દાખલ થવું અને કેવી રીતે વાતચીતની શરૂઆત કરવી એ મને સમજાતું નહોતું. હું મૂંઝવણમાં ત્યાં પાનના ગલ્લે જ થોડીવાર ઊભો રહ્યો અને મારી જાતને માનસિક રીતે તૈયાર કરી રહ્યો હતો.

સામે જ રાજેશનું ઘર દેખાતું હતું. અને મને એવું લાગી રહ્યું હતું કે એ મને એના તરફ ખેંચી રહ્યું છે. એક અજાણી, અદૃશ્ય શક્તિ મારા મનને, મને એના મકાન તરફ ધકેલતી હતી. કોઈ મને એ મકાનમાં

https://telegram.me/booksmag

ઐસે મજેદાર મેગેજીન પઢને કે લિયે હમારી ટેલીગ્રામ ચેનલ સે જુડે ઇસકે લિએ ટેલીગ્રામ મેં સર્ચ કરે @booksmag ઓર join પર ક્લિક કરે

બોલાવી રહ્યું હતું અને એ ઘર તરફ હું આપોઆપ ચાલવા લાગ્યો. દરવાજા પાસે પહોંચીને મેં બેલ વગાડ્યો. અંદર બેલનો અવાજ પથરાયો એટલે થોડીવાર બાદ એક ચાલીસ પિસ્તાલીસ વર્ષની ઉંમરના બહેને દરવાજા ખોલ્યો.

મેં અનુમાન લગાવ્યું કે એ રાજેશના મમ્મી જ હોવા જાઈએ. મેં એમની સામે બે હાથ જાડ્યાં.

'નમસ્તે આંટી. ... આ રાજેશનું જ ઘર છે...?'

'હા... તમે કોણ?'

'હું રાજેશનો મિત્ર છું. અમીત. ઘણાં વખતથી હું બહારગામ હતો. હમણાં થોડાં દિવસ પહેલાં જ સુરત આવ્યો આજે મને રાજેશ વિશે જાણવા મળ્યું કે એને એક્સિડન્ટ થયો છે એટલે તાત્કાલિક એને મળવા દોડી આવ્યો છું. ક્યાં છે એ ? શું હું એને મળી શકું?

'હા, હા.. કેમ નહીં ? અંદર આવ.'

હું ઘરમાં દાખલ થયો એ સાથે મને ખ્યાલ નહોતો કે બે આંખો મારી પીઠને તાકી રહી હતી. એ બાબુ હતો. જ્યારે મેં રાજેશના ઘરનું સરનામું પાનના ગલ્લા ઉપર પૂછ્યું ત્યારે એ સતર્ક થઈ ગયો હતો. મારા ઘરમાં દાખળ થતા જ તે ઊભો થયો અને થોડે દૂર આગળ જઈને પીસીઓમાંથી એક નંબર ડાયલ કર્યો.

રાજેશનું ઘર ચોખ્ખું અને વ્યવસ્થિત હતું. એ રાજેશના મમ્મી જ હતા. મને રાજેશના રૂમમાં લઈ ગયા. રૂમમાં પલંગ ઉપર રાજેશ મને દેખાયો. હું એને જાઈ રહ્યો. લંબગોળ ભાવવાહી ચહેરો, થોડા વાંકડિયા અને અસ્તવ્યસ્ત વાળ લગભગ મારી જેટલી હાઈટ, શરીર એકવડિયું. ઘઉંવર્ણો રંગ અને માંદગીના કારણે ઊંડી ઉતરી ચૂકેલી આંખો.

ચહેરો પીળાશ પડતો થઈ ગયો હતો. એની ખુલ્લી આંખો એકીટશે છત ઉપર તકાયેલી હતી ન કોઈ હલનચલન કે ન તો કોઈ ચહેરા પર ભાવ. એ એકદમ સ્થિર... કોઈ બેજાન પૂતળાની જેમ પથારીમાં સૂતો હતો.

'આજે ઘણા મહિનાથી એ આમ જ છે. કંઈ જ બોલ્યો નથી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ડોક્ટરોએ ઘણી કોશિશ કરી જાઈ પરંતુ પરિણામ શૂન્ય. ડોક્ટરો કહે છે કે એ કોમામાં છે. રાજેશની સાથે અમારી પણ જિંદગી પૂરી થઈ ગઈ હોય એવું લાગે છે. રાજેશના મમ્મીનો અવાજ ગળગળો થઈ ગયો. આંખોના ખૂણામાં પાણી ધસી આવ્યું હતું. સાડીના છેડાથી આંખો લૂછતાં મને કહ્યું, તું બેસ દીકરા.... રાજેશના પપ્પા તો કામ પરથી મોડા આવશે. હું ચા બનાવી લાઉં.'

'અરે , નહીં આંટી.... તકલીફ કરવાની કોઈ જરૂર નથી.' મેં રાજેશના પલંગ નજીક ખુરશી પર બેસતાં કહ્યું, આમ પણ હું ચા પીતો નથી. રાજેશ અને હું ઘણા સારા મિત્રો છીએ. જ્યારે મને એના એક્સિડન્ટની ખબર પડી અને જાણવા મળ્યું કે એ કોમામાં છે. ત્યારે મને વિશ્વાસ જ ન થયો. તરત જ તમારા ઘરે આવ્યો છું. હું અનાયાસે જ બધું બોલતો જતો હતો. મને ખુદને અચરજ થતું હતું કે ખોટું બોલી રહ્યો હતો છતાં મારો અવાજ સહેજપણ ધ્રુજતો નહોતો.

'અરે દિકરા, તું પહેલી જ વખત અમારા ઘરે આવ્ય છે એટલે ચા તો પીવી જ પડશે. આમ પણ હવે અમે અમારી પરિસ્થિતિ, અમારા ભાગ્યથી સમાધાન કરી લીધું છે. એકનો એક લાડકવાયો દીકરો છે અને એને ભગવાને આવડી મોટી તકલીફ આપી દીધી. હવે તો એ જ અમારા રાજેશને સાજા નરવો કરી દે. ખબર નહીં મારા દીકરા રાજેશે એવું તો બીજાનું શું બગાડ્યું હશે કે કોઈકે એને ગોળી મારી દીધી. સાવ સીધો સાદો અને ભોળો છે મારો રાજેશ. આજ સુધી એની કોઈ જ ફરિયાદ નથી આવી. તો પછી એની સાથે જ આવું કેમ થયું? પોલીસ પણ એને પકડી નથી શકી. અરે... એક નાનો સરખો સંદેશો પણ નથી મળ્યો કે કોણે આ કર્યું? ફરી પાછી એમની આંખો ભરાઈ આવી એટલે ઝડપથી એ રસોડા તરફ ચાલ્યા ગયા. એમનો વલોપાત જાઈને હું પણ ભાવુક થઈ ગયો. એ ગયા એટલે મેં રાજેશ તરફ નજર કરી એના સપાટ, સ્થિર ચહેરાને હું નીરખી રહ્યો. મેં એના ખુલ્લા હાથમાં મારો હાથ મૂક્યો. 'જા દોસ્ત ... હું નથી જાણતો કે હું અહીં શા માટે આવ્યો છું. પરંતુ હું તારી તકલીફો સારી રીતે સમજી શકું છું. તું કોમામાં સરીને જે તકલીફો વેઠી રહ્યો એ જ તકલીફો હું જીવતા જાગતા વેઠી રહ્યો છું. ફરક ફક્ત એટલો જ છે કે હું અત્યારે તારી સામે બેઠો છું અને આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધી રહ્યો છું આ પહેલા આપણે ક્યારેય મળ્યા નથી. છતાં હું તારી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મમ્મી પાસે જૂઠું બોલ્યો છું. એટલે તું મને માફ કરજે. મને એવું લાગે છે કે જરૂર તારો અને મારો કોઈક તો સંબંધ છે જ. નથી જાણતો કે એ શું હોઈ શકે? 'જે હોય તે મિત્ર, હું આ બધી બાબતોની તપાસ તો જરૂર કરીશ જ. હું અહીં એવી આશાએ આવ્યો હતો કે મને અહીંથી કોઈ રસ્તો, કોઈ સુરાગ મળે કે જેથી મારા મનનું સમાધાન થાય. મને સતાવતા ભયંકર સ્વપ્નાઓનું કોઈ નિરાકરણ મળે પરંતુ તારી હાલત સામે મારી તકલીફો તો સાવ નગણ્ય છે. તારા મમ્મીનો વલોપાત મેં જાયો, સમજ્યો છે. એ બોલ્યા તો ઘણું ઓછું છતાં એમના શબ્દો કરતાં એમનું દર્દ ઘણું વધારે છે. તારા ઘરના બીજા સદસ્યોને તો હું મળ્યો નથી. છતાં અનુમાન લગાવી શકું છું કે એમની સ્થિતિ પણ આવી જ હશે. મને ખબર નહોતી કે અચાનક હું ગળાગળો થઈ ગયો હતો. આ બધો સંવાદ મેં મનોમન રાજેશ સાથે કર્યો હતો અને મારા હાથ હજી પણ એના હાથમાં જ હતો.

રાજેશના મમ્મી ચા બનાવીને આવ્યા ત્યાં સુધી હું એમજ બેસી રહ્યો. રાજેશની ભાવવાહી કોરી આંખોમાં તાકીને.

'લે દીકરા... ચા ...' એમણે મારા તરફ કપ લંબાવ્યો. 'પૂજા હમણાં જ આવતી હશે. એ ટ્યુશને ગઈ છે. એ છોકરી પણ બિચારી બહુ જ હિજરાય છે. એને રાજેશ પ્રત્યે બહુ જ લાગણી છે. જ્યારથી રાજેશની આ પરિસ્થિતિ થઈ છે ત્યારથી એ બિચારી પણ અડધી થઈગઈ છે. તું અને રાજેશ સાથે ભણતા હતા?

'ના રાજેશ મારા એક મિત્રનો મિત્ર છે. એ બહાને અમે ઘણીવાર મળ્યા હતા.

અમારી દોસ્તી એવી રીતે થયેલી.' મેં ચાનો કપ ખાલી કર્યો. 'હવે હું જઈશ.' ઊભા થતાં મે કહ્યું.

'થોડીવાર બેસ તો આના પપ્પા આવી જશે. એમને મળીને જજે.' 'નહીં... અત્યારે મારે મોડું થશે. હું ફરીવાર ચોક્કસ આવીશ. મારા લાયક કોઈ કામકાજ હોય તો મને જરૂર કહેશો. મારું નામ અમિત છે. અને આ મારો ફોન નંબર છે.' મેં મારું કાર્ડ એમને આપતા કહ્યું.

'ઠીક છે.' મારું કાર્ડ લેતા એમણે કહ્યું. અને પછી મને છેક બારણા સુધી વળાવવા આવ્યા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

***

એને હમણાં હાથ લગાડતો નહીં. આ પહેલાં પણ આપણે એના ઘરે આવતા તમામ વ્યક્તિઓને પકડીને એની પૂછપરછ કરી ચૂક્યા છીએ. એ બધા એના સગલાંઓ નીકળ્યા હતા અને બની શકે છે કે આ છોકરો પણ એનો કોઈ સગો જ હોય. એની પાસેથી ખાસ કંઈ જાણવા ન મળે તો આપણી મહેનત પાણીમાં જાય. એટલે જા આ છોકરો ત્રણ ચાર વાર ફરીથી આવે અને તને એની ઉપર શંકા જાય તો જ એને ઉઠાવજે.

પછી જાઈ લઈશું. પરંતુ હમણાં તું તારા હાથને ખામોશ રાખજે.' જગતાપે બાબુને ફોનમાં કહ્યું.

'ભલે' બાબુએ રિસીવર મૂક્યું. લગભગ પંદર વીસ મિનિટ બાદ એ અમીતને રાજેશના ઘરેથી નીકળતા જાઈ રહ્યો.

***

મોટી ભાવવાહી આંખો, ફૂલ જેવા કોમળ હોઠ, હોઠના ધનુષ જેવા વળાંક પર સુંદરતાને ચાર ચાંદ લગાવતો નાનો અમથો કુદરતી તલ. લાંબુ તીણું અણીયાળું નાક, ગુલાબની પાંખડીઓના રસમાંથી બનાવ્યા હોય એવી આછી ગુલાબી ઝાંયવાળા ગોરા ગોરા થોડા ભરાવદાર ઊભરતા ગાલ, દાડમના દાણા જેવા વ્યવસ્થિત એક લાઈનમાં ગોઠવીને મૂક્યા હોય એવા સફેદ - ધવલ દાંત. હસતી વખતે ગાલમાં પડતું નાનું એવું ખંજન કોઈના પણ દિલ ઉપર ખંજર ચલાવવા પૂરતું હતું. લગભગ પાંચ ફૂટ સાત ઈંચની ઊંચાઈ, ચાલમાં ખુમારી સાથે નજાકત ભળતી હતી. એકદમ ટટ્ટાર, સુંદર જાણે કોઈ ફિલ્મની હિરોઈન હોય એવું રૂપ હતું પૂજાનું. થોડું ભરાવદાર શરીર, આછા સ્કાય બ્લ્યૂ કલરનો સ્લિવલેસ ડ્રેસમાં ખૂબ જ શોભતું હતું. ઉન્નત ભરાવદાર સીને પર દુપટ્ટા સંવારતી એ સ્કૂટી ચલાવી એના ઘરે પહોંચવા આવી હતી. લાંબા, નાજૂક ગોરા હાથોમાં ડ્રેસને મેચિંગ થાય એવા કલરનો બ્રેસલેટ અને કાનમાં નાના નાના હિરાજડિત એરીંગ્સ પહેર્યા હતા. સાક્ષાત સુંદરતાની દેવી જ જાઈ લો. અત્યારે એની આંખોમાં અજીબ ઉદાસી પથરાયેલી હતી. જે એની સુંદરતામાં ભોળપણ અને સાદગીનો રંગ ભરી રહી હતી. ભગવાને ખૂબ જ નવરાશમાં પૂજાને બનાવી હતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'સાલી ફટકો છે ફટકો, એક વખત તો આ રૂપના પૂતળાને ભીંસમાં લેવો જ પડશે.

નહીંતર મને ચેન નહીં પડે. ઉપરવાળાએ પણ શું ચીજ બનાવી છે. ગમે ત્યારે મોકો જાઈને તરાપ મારવી જ પડશે. પછી ભલેને જગતાપ મને ગોળીએ દઈ દે.' બાબુ પૂજાને જાઈને મનોમન બબડ્યો. પૂજાને જાઈને એને કંઈનું કંઈ થઈ જતું અને એ પોતાની જાતને સંભાળી નહોતો શકતો. બીડીઓ ફૂંકી ફૂંકીને પીળા પડી ગયેલા દાંત બતાવીને એ મનોમન કુટીલ રીતે હસ્યો. પૂજા અત્યારે એના ઘરના આંગણામાં સ્કૂટી પાર્ક કરી રહી હતી.

'મમ્મી, ભાઈને કેમ છે?' લગભગ દરરોજનો આ ક્રમ હતો. જ્યારે પણ પૂજા બહારથી આવીને ઘરમાં પગ મૂકે એટલે આ પ્રશ્ન એ મમ્મીને પૂછતી જ.

ઠીક છે. એમ ને એમ જ છે. હા. પરંતુ આજે તેનો કોઈ અમીત નામનો મિત્ર એને મળવા આવ્યો હતો.'

'અમીત.' પૂજાએ થોડીવાર વિચાર્યું. નામ તો ક્યારેય સાંભળ્યું નથી. અજાણ્યું છે.

ભાઈના લગભગ બધા જ મિત્રોને હું ઓળખું છું. એમાં અમીત તો કોઈ છેજ નહીં. શું કહેતો હતો ?' પૂજાએ બેગ નીચે મુકી સોફા પર બેસતા પૂછ્યું.

'કંઈ ખાસ નહીં.... એ ઘણા સમયથી બહારગામ ગયો હતો એટલે એને રાજેશ વિશે ખબર નહોતી. એ છોકરો દેખાવમાં તો ઘણો જ સંસ્કારી લાગ્યો. એનું કાર્ડ આપીને ગયો છે.'

'જાવા દે તો.'

વિઝિટીંગ કાર્ડ હાથમાં પકડી પૂજા એને જાઈ રહી. અમીત એમ. નીચે સરનામું, લેન્ડલાઈન ને મોબાઈલ બંને નંબર લખ્યા હતા. 'કોણ હશે અમીત ? ભાઈની સાથે તો ક્યારેય આ નામવાળા છોકરાને જાયો નથી. હશે કોઈ દૂરનો મિત્ર.' એમ વિચારીને પૂજા હાથ મોં ધોવા અંદર ચાલી ગઈ.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'પૂજા....ઓ પૂજા.... જલદી આવ.' યશોદાબહેનથી રાડ પડાઈ ગઈ. એ રાજેશની રૂમમાં ઊભા હતા. અને એમની નજર રાજેશના ચહેરા પર સ્થિર થઈ હતી.

પૂજા બાથરૂમમાં મમ્મીની રાડ સાંભળીને દોડતી રાજેશના રૂમમાં પહોંચી. અંદરનું દૃશ્ય જાઈને એ હેબતાઈ ગઈ. મમ્મી પલંગ પાસે એકદમ સ્થિર ઊભી હતી. અને રાજેશની સામે જાઈ રહી હતી. રાજેશ પહેલાની જેમ જ સ્થિર હતો પરંતુ એની આંખોમાંથી આંસુઓની ધારા વહેતી હતી. બે ઘડી તો પૂજા પણ કંઈ બોલી ન શકી.

'મમ્મી....'

'તારા પપ્પાને જલદી ફોન કર અને કહે કે ડોક્ટરને પણ સાથે લેતા આવે.'

યશોદાબહેનની આંખોમાંથી પણ હર્ષના માર્યા શ્રાવણ ભાદરવો વહેવો શરૂ થઈ ગયો હતો. એને હજી વિશ્વાસ નહોતો આવતો કે રાજેશ કોમામાંથી બહાર આવી ગયો હતો. પૂજા દોડીને પપ્પાના મોબાઈલ ઉપર ફોન કરીને બધી વાત કરી અને જલદીથી ડોક્ટર સાહેબને લઈને ઘરે આવવા કહ્યું. એ પાછી એની મમ્મી પાસે આવી. એ પણ રડું રડું થવા લાગી હતી.

'ભાઈ... ઓ ભાઈ.... તું મને સાંભળે છે?' પૂજા એનું રડવાનું રોકી ન શકી અને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. 'મમ્મી , ભાઈને સારું થઈ ગયું છે ને ?' પૂજાએ એની મમ્મી સાથે જાતા પૂછ્યું. પૂજા જેવી જ હાલત યશોદાબહેનની હતી. એ રાજેશના પલંગ પર બેસી ગયા હતા. અને એના કપાળે અને વાળમાં હાથ ફેરવતાં ફેરવતાં રડી રહ્યા હતા. રાજેશની આંખો હજી પણ સ્થિર જ હતી. પહેલાની જેમ, પરંતુ એમાંથી અશ્રુઓની ધારા એકધારી વહી રહી હતી.

ખૂબ જ ઝડપથી ગીરીશભાઈ ડોક્ટરને લઈને ઘરે પહોંચી ગયા.

ગીરીશભાઈના ઘરમાં ખુશીનો માહોલ હતો... ધમાચકડી મચી ગઈ હતી. આજુબાજુના ઘરવાળાઓ પાડોશી હોવાના નાતે ભેગા થઈ ચૂક્યા હતા. પાંચ છ પાડોશીઓ હજી બહારજ ઉભા હતા. જેમાં બાબુ હળવેક રહીને સામેલ થઈ ચૂક્યો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પપ્પાને આવતા જોઈ પૂજા દોડીને એમને વળગી પડી. 'પપ્પા, જુઓ ભાઈને સારું થઈ ગયું છે.' ગીરીશભાઈએ પૂજાને પડખામાં લીધી અને રાજેશની રૂમ તરફ ચાલ્યા. યશોદાબહેને ડોક્ટર માટે જગ્યા કરી આપી. ડોક્ટરે સૌ પ્રથમ તો રાજેશના ધબકારા ચેક કર્યા જે પહેલા કરતાં વધુ ઝડપી હતા. એની આંખો ચેક કરી, હાથની નાડી હાથમાં લઈ એના ધબકારા ગણ્યા. થોડીવાર સુધી બધું બરાબર ચેક કરીને એ ગીરીશભાઈ તરફ ફર્યા. સારા સમાચાર છે કે રાજેશે ઘણા મહિના પછી પહેલી વખત કોઈ પોઝીટીવ રિસ્પોન્સ આપ્યો છે. આના ઉપરથી અનુમાન કરી શકાય કે એની હાલત સુધારા ઉપર આવી છે. છતાં પાકી માહિતી તો ત્યારે જ મળશે જ્યારે આપણે એના બે ત્રણ રિપોર્ટ કરાવાના છે. એ કરાવી લઈએ. એનું રીઝલ્ટ જાઈને જ કંઈ નિર્ણય લઈ શકાય.' ડોક્ટરે મોબાઈલ પર વાત કરી રિપોર્ટ કરવાવાળા ને ઘરે જ બોલાવી લીધો.

'તમે ચાલો મારી સાથે....' ડોક્ટર ગીરીશભાઈને લઈને બહાર આવ્યા.'જુઓ ગીરીશભાઈ, મારો અનુભવ કહે છે કે આ એક સારી નિશાની છે. રાજેશે ઘણા સમય પછી કંઈક તો રિસ્પોન્સ આપ્યો. પરંતુ હજુ એને બિલકુલ સારું થઈ ગયું છે અને એ કોમામાંથી બહાર આવી ગયો છે એવું ચોક્કસ પણે ન કહી શકાય. હજુ એનું શરીર કોઈ પ્રતિક્રિયા આપતું નથી. એટલે એ કદાચ માનસિક કોમામાંથી તો બહાર આવ્યો છે. પરંતુ શારીરિક રીતે એ કોઈ ક્રિયા કરવા અસમર્થ છે. એટલે સુધી કે એ પોતાની આંખની કિકીઓ પણ હલાવી શકતો નથી. મારા અનુભવ પ્રમાણે કહું તો એ સાંભળે છે પરંતુ એનું શારીરિક રીએક્શન કંઈ જ નથી. તમે સમજા છો ને મારી વાત ને...?'

'હા... હું સમજી રહ્યો છું.'

'હમણાં થોડી ધીરજ રાખો અને ઘરના બધાને પણ ધીરજ બંધાવો. બે ત્રણ દિવસમાં રિપોર્ટ આવી જાય પછી સાચી અને ચોક્કસ સ્થિતિનો ખ્યાલ આવશે. ત્યાં સુધી ઘરના બધાને સમજાવીને શાંત પાડો કે ઝાઝી હો - હા ન કરે. હમણાં જરૂર વગર બીજાને આ વાત જણાવવાની પણ જરૂર નથી. બની શકે છે કે જેમ રાજેશની એક ઈન્દ્રિય કામ કરતી થઈ છે તેમ આપમેળે જ એની બધી ઈન્દ્રિય કામ કરતી થઈ જાય. કોમાની હાલતમાંથી દર્દી સાજા પણ ખૂબજ ઝડપથી થઈ જાય છે. ઘણા દાખલાઓ એવા પણ છે કે વર્ષ સુધી કોમામાં રહ્યા બાદ અચાકન

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કંઈક એવું બને કે જેના કારણે દર્દી ફરથી સાજા થઈ જાય છે. અને નોર્મલ જીંદગી જીવવા લાગે છએ. માટે થોડી ધીરજ રાખજા.

'ઠીક છે. હું બધાને સમજાવી દઉં છું.'

'અને હા... હમણા બીજા કોઈને આ વિશે કોઈ જ જાણ ન કરતા, મારો મતલબ સમજા છો ને તમે ... ?'

'હા... આના વિશે તમે કોઈ અભિપ્રાય આપો પછી જ બીજાને જણાવીશ.' ડોક્ટર ઈન્સ. ચાવડા વિશે કહેતા હતા.

***

રાતના લગભગ બે વાગવા આવ્યા હતા. ગીરીશભાઈના ઘરમાં હજી બધા જાગતા હતા. ગીરીશભાઈ, યશોદાબહેન, પૂજા ઉપરાંત બાજુવાળા પાડોશી દિનેશભાઈ અને જગદીશભાઈ બધાના વચ્ચે રાજેશની જ ચર્ચા થતી હતી. બધા આને ભગવાનનો ચમત્કાર ગણતા હતા અને પ્રાર્થના કરતા હતા કે રાજેશને જલદી સારું થઈ જાય. 'મને તો લાગે છે કે આ પેલા છોકરા અમીતના આવવા પછી જ થયું છે.

એ રાજેશનો હાથ પોતાના હાથમાં લઈને બેઠો હતો. અને ભાવપૂર્વક એના ચહેરા સામે જાતો કંઈક મનમાં ને મનમાં બબડતો હતો. જા તમે આને ચમત્કાર ગણતા હો તો આ ચમત્કાર તેના આવવા પછી જ થયો છે. નહીંતર આટલા સમયમાં ક્યારેય નહીં ને આજે જ કેમ આવું બન્યું ? યશોદાબહેને પૂરી શ્રદ્ધા સાથે કહેતા હતા. તમે કાલે સવારે જ એ છોકરાને ફોન કરજા અને એને અહીં બોલાવજા.'

'તમારી વાત સાચી પણ હોઈ શકે પરંતુ એવું પણ બની શકે છે ને કે કાગનું બેસવું અને ડાળનું તૂટવું. રાજેશને સારું થવાનું હશે અને એ છોકરાને આજે જ તમારા ઘરે આવવાનું બન્યું હોય...' જગદીશભાઈએ કહ્યું.

'હા... એવું બની શકે છે. પરંતુ થોડા સમયમાં અમે એટલી બધી યાતનાઓ જાઈ અને વેઠી છે કે હવે નાની નાની બાબતો ઉપર પણ મને શ્રદ્ધા થવા લાગી છે. અને આ તો ઘણી મોટી વાત છે કે આજે છ મહિના પછી કોઈ છોકરો અમારા ઘરે આવ્યો અને એના ગયાના તુરંત બાદ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રાજેશને સારું થવા લાગ્યું. મને તો એમ જ લાગે છે કે એ છોકોર અમીત અમારા ઘરે ભગવાન બનીને આવ્યો અને એના સ્પર્શ માત્રથી મારા રાજેશને સારું થવા લાગ્યું. માટે તમે કાલે ચોક્કસ એને આપણા ઘરે બોલાવજા. એ એનું કાર્ડ આપીને ગયો છે.' યશોદાબહેને કહ્યું.

'ભલે ત્યારે.... હું કાલે એને ફોન કરીશ. .. બસ.'

બવે બધા આરામ કરો. રાત ઘણી થઈ ગઈ છે.' બધા વિખેરાયા. આ બાજુ બાબુએ સઘળી હકીકત જગતાપને કહી હતી. જગતાપે બાબુને કાલે શું થાય છે એ જાણવાનું કહ્યું અને બાબુનો ફોન મૂકી જગતાપે બોસને ફોન ઘુમાવ્યો.

***

'બેવકૂફ, આ બધી તારી જ ભૂલનું પરિણામ છે કે હજી સુધી એ છોકરો જીવે છે.' બોસે જગતાપને ફોનમાં જ બરાબરનો ખખડાવાનો ચાલુ કરી દીધો. 'હવે એક કામ કર. તું કલાક પછી ઓફિસે આવી જા.'

સામે છેડેથી ફોન મુકાઈ ગયો. જગતાપને આવું સંભળાવવાવાળું આજ સુધી કોઈ નહોતું મળ્યું... એનું કારણ એ હતું કે જગતાપ પોતે જ ખૂબ જ ખૂંખાર માણસ હતો. અત્યાર સુધીમાં એના નામે ઘણાં બધા ગંભીર ગુનાઓ બોલતા હતા. ધમકી, અપહરણ, મારા મારી તો એના માટે સાવ સામાન્ય કામ હતું. પાંચ છ જેટલા મર્ડર પણ એની ક્રાઈમ ફાઈલમાં બોલતા હતા. છતાં એ આઝાદ ઘૂમતો. બાબુ જેવા તો કેટલાય માણસો એના હાથ નીચે કામ કરતા હતા.. જગતાપની પોતાની એક આગવી ગેંગ સક્રિય હતી. જે જગતાપના ઈશારે ગમે તે ઘડીએ ગમે તેવું કામ પતાવી નાંખતી હતી.

જગતાપના ક્લાયન્ટોમાં મોટા મોટા રાજકારણીઓથી લઈને બિલ્ડરો સુદ્ધાં જગતાપની સેવાઓ લેતા.. અને આ બધું કાંઈ એમ જ નહોતું થયું. એનું એક મોટું કારણ એ હતું કે જગતાપનું કામ એકદમ ચોખ્ખું હતું. એ જે કહે, જે વાતનું કમિટમેન્ટ કરે એ કામ એ અને એની ગેંગ પૂરી કરીને જ રહેતી. આજ સુધીમાં કોઈ કામ અધૂરું રહ્યું હોય કે પછી પૂરું ન થયું હોય એવું બન્યું નહોતું. અને એટલે જ જગતાપ પોતાની તાકાત પર મુસ્તાક હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જગતાપ એના તમામ ક્લાયન્ટોને બોસ કહીને જ બોલાવતો. રાજેશનું કામ તો ખુદ જગતાપે જ પાર પાડ્યું હતું. પરંતુ નસીબનો બળિયો રાજેશ બચી ગયો અને જગતાપ ચૂકી ગયો હતો. જગતાપે એની જિંદગીમાં માત્ર અને માત્ર રાજેશના કેસમાં જ ગફલત કરી હતી... એ રાજેશને એક સાથે બે ત્રણ ગોળીઓ મારી શક્યો હોત પરંતુ પોતાના નિશાના ઉપર મુસ્તાક જગતાપે એવું ન કર્યું અને એ જ એની જિંદગીની ગંભીર ભૂલ બની રહેવાની હતી. કુદરતે આ વખતે કંઈક અલગ જ પ્લાન ઘડ્યો હતો તેના માટે.... અને બીજી તરફ એને આ કામ સોંપવાવાળો માણસ જગતાપ જેવા ગુંડાઓને પળવારમાં મસળી નાખે એવો પાવરફૂલ અને અબજાપતિ વ્યક્તિ હતો. એ કોણ હતો... એ તો જગતાપને પણ ખબર નહોતી કારણ કે એની તમામ સૂચનાઓ ફોન દ્વારા અથવા તો એના માણસો દ્વારા જ જગતાપને મળતી હતી. ગતાપ અત્યારે દિલ્હીમાં જ હતો. એના તમામ સામ્રાજ્યનું સંચાલન તે અહીંથી જ કરતો હતો. એનું કારણ એ હતું કે દિલ્હી તેનો ગઢ હતો. રાજેશનો હવાલો જગતાપ પાસે આવ્યો ત્યારે સંજાગોવશાત જગતાપ સુરતમાં એક મોટી જમીનના હવાલાનું કામ પતાવવા આવ્યો હતો. પોતે ઘણા સમયથી જાતે કોઈ કામ કર્યું નહોતું એટલે હાથ સાફ કરવા એણે માણસોને બદલે જાતે જ ગન ઉપર હાથ અજમાવવાનું નક્કી કર્યું હતું.

પરંતુ આ ભૂલ એને ખૂબ જ ભારે પડવાની હતી એ વાત એ નહોતો જાણતો. એનું નિશાન તો ઠીક લાગ્યું હતું. છતાં રાજેશ બચી ગયો. અત્યારે આ સમયે પણ એને ખ્યાલ નહોતો કે એક સામાન્ય છોકરા રાજેશને કારણે એનું આખું સામ્રાજ્ય હલબલી ઉઠવાનું હતું. એક સાવ મામૂલી વ્યક્તિના કારણે જગતાપનું આખું સામ્રાજ્ય તહસ નહસ થઈ જવાનું હતું.

***

મારી મૂંઝવણ વધતી જતી હતી. કારણ કે રાજેશના ઘરેથી પણ મને કંઈ જાણવા મળ્યું નહોતું. રાજેશની સ્થિતી એવી હતી કે એ મને કંઈ જણાવી શકે એમ નહોતો. અને એના ઘરમાં બીજું કોઈ આ વિશે જાણતું નહોતું. હવે મારે શું કરવું અને ક્યાં જવું એ મૂંઝવણમાં હું મુકાયો. બીજા કોઈપણ કામમાંમન લાગતું નહોતું. રહી રહીને એકજ વિચાર મનમાં આવતો હતો કે આ સમસ્યાનું કોઈ નિરાકરણ મળશે કે નહીં શું આખી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જિંદગી મારે આ સ્વપ્નોનો ભાર લઈને જીવવું પડશે ?

હું શું કરું, કઈ દિશામાં જાઉં, મને સમજાતું નહોતું. મારા દિમાગમાં ભયંકર ગડમથલ સતત ચાલ્યા કરતી હતી. મારે આના વિશે વિચારવું નહોતું છતાં એ વિચારો સતત મારો પીછો છોડતા નહોતા. હું અસમંજભરી સ્થિતિમાં બેઠો હતો.

કે મારા મોબાઈલની રીંગ વાગી... કોઈ અજાણ્યો નંબર સ્ક્રીન ઉપર ચમકી રહ્યો હતો. મેં ફોન ઉપાડ્યો. 'તમે અમીત બોલો છો...?' 'હા.' 'હું ગીરીશભાઈ. રાજેશના પપ્પા બોલું છું. કાલે તમે અમારા ઘરે આવ્યા હતા ત્યારે હું તમને નહોતો મળી શક્યો. અત્યારે જા તમને સમય હોય તો મારા ઘરે આવશો? હું તમને મળવા માગું છું. મારે તમને કંઈક કહેવું છે...'

'અરે કેમ નહીં, હું હમણાં જ થોડીવારમાં આવું છું. કોઈ ખાસ બાબત છે?' મેં પૂછ્યું. 'ખાસ છે... પરંતુ ફોન પર જણાવાય તેમ નથી. તમે અહીં આવો તો વધુ સારું....'

'ઓ.કે. અંકલ, હું આવું છું.' મેં ફોન મૂક્યો. બાઈકને કીક મારી અને સીધો જ એમના ઘરે પહોંચ્યો. બાઈક ઘર પાસે પાર્ક કરી. એમના ઘરનો દરવાજા અધખુલ્લો હતો એટલે બેલ માર્યો. થોડીવાર પછી કોઈએ દરવાજા ખોલ્યો. હું એની સામે આભો બનીને જાઈ રહ્યો. શું રૂપ હતું એનું ! જાણે સાક્ષાત કોઈ દેવીને હું જાઈ રહ્યો હતો. એ બહુ જ સુંદર હતી. એમ સમજા ને કે હું ભુલી ગયો હતો કે હું કોના ઘરે અનેશા માટે આવ્યો છું.? મારા પગ ત્યાં જ દરવાજા વચ્ચે થંભી ગયા. એકીટશે પલક ઝબકાવ્યા વગર હું એ ખૂબસૂરત ચહેરાને જાઈ રહ્યો. સુંદરતા કરતા પણ વિશેષ આકર્ષણ હતું. એ ચહેરામાં જે મને સંમોહિત કરી રહ્યું હતું.

મને એવું લાગી રહ્યું હતં કે જા વધારે સમય હું એ ચહેરા સામે જાઈશ તો મને જરૂર સમાધિ લાગી જશે. મેં મારા મન ઉપર કાબૂ મેળવવાની કોશિશ કરી અને એક ઝાટકા સાથે એ ચહેરા પરથી નજર હટાવી લીધી.

'તમે અમીત છો?'

હજારો ઘંટડીઓનો અવાજ રણકી ઊઠ્યો. એ ખૂબ સૂરત પરી

https://telegram.me/booksmag

ઐસે મજેદાર મેગેજીન પઢને કે લિયે હમારી ટેલીગ્રામ ચેનલ સે જુડે ઇસકે લિએ ટેલીગ્રામ મેં સર્ચ કરે @booksmag ઓર join પર ક્લિક કરે

મને પૂછી રહી હતી. ઘડીભર તો મને શું કહેવું એ સમજ ન પડી. 'હેં... હા... મારું નામ અમીત છે. હમણાં થોડીવાર પહેલા રાજેશના પપ્પાએ મને ફોન કર્યો હતો. એ મને કંઈક જણાવવા માગતાં હતા.' હું થોથવાઈ રહ્યો હતો અને મારા અવાજમાં ધ્રુજારી સ્પષ્ટ વર્તાતી હતી. સામાન્ય સંજાગોમાં મારી સાથે ક્યારેય આવું બન્યું નથી કે કોઈને પણ જવાબ આપવામાં હું થોથવાયો હોવ. પરંતુ આજે વાત કંઈક અલગ હતી.

'હા... પપ્પાએ જ તમને ફોન કર્યો હતો. અંદર આવો અમે બધા તમારી જ રાહ જાઈ રહ્યા છીએ. મારું નામ પૂજા છે. હું રાજેશની બહેન છું.' એણે બારણા પરથી ખસી મને રસ્તો આપ્યો. મને બીક હતી કે કદાચ એ મારા ચહેરાના ભાવ વાંચી લેશે તો એ મારા વિશે શું વિચારશે? એટલે ઝડપથી હું ઘરમાં દાખલ થયો. હું રાજેશના રૂમ તરફ ચાલ્યો. 'આવો ભાઈ...' રાજેશના પપ્પા ગીરીશભાઈએ મને આવકાર્યો અને બેસવા ખુરશી આપી. એમના ચહેરામાં મને રાજેશની ઝલક દેખાતી હતી. 'તમે મને શું વાત કરવા માંગતા હતા?'

'અમારે તને શું કહેવું અને કેવી રીતે તારો આભાર માનવો એ જ સમજાતું નથી. પરંતુ....'

ગીરીશભાઈએ રાજેશ સાથે શું બન્યું હતું એ તમામ વાતો મને કહી સંભળાવી. મને વિશ્વાસ નહોતો આવતો કે આ સાચું હોઈ શકે. આ કેવી રીતે બની શકે? અને આ લોકો તો રાજેશ થોડો ઘણો ભાનમાં આવ્યો એનો શ્રેય મને આપી રહ્યા હતા. જેનો ખરેખર હકદાર હું નહોતો.

'જુઓ અંકલ, .. હું તમારી ભાવનાઓ સમજું છું. પરંતુ હું નથી માનતો કે મારા કારણે રાજેશે કોઈ રિસ્પોન્સ આપ્યો હશે. એ તો બનવાજાગ હું અહીં આવ્યો અને રાજેશે કોઈ પ્રતિક્રિયા કરી એનો મતલબ એવો બિલકુલ ન થાય કે આ મારે કારણે થયું હોય.' તારી વાત કદાચ સાચી હોઈ શકે પરંતુ દિકરા આજે છ છ મહિના વીતી ગયા પછી રાજેશની તબિયતમાં સુધારો દેખાયો છે.

અને એ પણ તારા આવ્યા પછી જ.... 'રાજેશના મમ્મીનું તો ચોક્કસ એવું જ માનવું છે કે આ ચમત્કાર તારા કારણે જ થયો છે. અને હું એની વાત નકારી શકું એમ નથી. કારણ કે એ જે કહે છે એ વાત એના દિલથી નીકળે છે અને એમાં સચ્ચાઈ હોય જ છે.' મારું ધ્યાન રાજેશ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તરફ ગયું. એ અત્યારે કાલની જેમ ખામોશ જ હતો. ન કોઈ હલનચલન, ન કોઈ પ્રતિભાવ. આ લોકો જે કહી રહ્યા હતા એની ઉપર મને વિશઅવાસ નહોતો થતો. મારા કારણે રાજેશે કોઈ રિસ્પોન્સ આપ્યો હોય એ તો શક્ય જ નથી કારણ કે હું કાલે પહેલીવાર જ રાજેશને મળ્યો હતો. મારી એની સાથે કોઈ ઓળખાણ નહોતી કે જિંદગીમાં આ પહેલા અમે ક્યારેય મળ્યા નહોતા. તો પછી આવું બની જ કેમ શકે? એ વાતની મને જ ખબર હતી કે રાજેશ અને હું મિત્ર નહોતા.

પરંતુ રાજેશના ઘરના સભ્યો ક્યાં જાણતા હતા. એટલે કદાચ આ ભોળા લોકો મારા વિશે આવું વિચારતા હશે. એ પછી અમારી વચ્ચે ઘણી બધી વાતો થઈ. હું ક્યાં રહું છું ? શું કરું છું ? રાજેશ અને હું કેટલા સમયથી મિત્રો છીએ ? વગેરે.... મને એમના વિશે પણ ઘણું બધું જાણવા મળ્યું. ગીરીશભાઈ બેન્કમાં ક્લાર્ક હતા. જ્યારે રાજેશે કોલેજ પૂરી કરી લીધી હતી. અને એ નોકરીની શોધમાં હતો. પૂજા હજી એસવાયબીકોમનો અભ્યાસ કરતી હતી.

પૂજાનું નામ આવતાં જ મારું હૃદય એક ધબકારો ચૂકી ગયું. હું ઘરના દરવાજામાં જે રીતે એની સામે એકધારું અપલક નજરે જોઈ રહ્યો હતો એ વાત યાદ આવતાં જ મને મારી મૂર્ખાઈ પર શરમ આવતી હતી. એટલે હજુ સુધી બીજી વખત એની સામે જોવાની હિંમત મેં કરી ન હતી. અમારા વાર્તાલાપ દરમિયાન પણ એ એકદમ ખામોશ ઊભી હતી. એ અમારી વાતો ધ્યાનપૂર્વક સાંભળી રહી હતી. 'ડોક્ટર સાહેબનું કહેવું છે કે રાજેશની તબિયત ઝડપથી સુધારા ઉપર આવી જશે. આ છ મહિના અમે કેમ વિતાવ્યા છે એ તો અમારું મન જાણે છે. એકના એક દિકરાને આ હાલતમાં જોઈને દિલ હિજરાય છે. છતાં ઉપર ઉપરથી સંયમતા જાળવી રાખવી પડે છે. એક માનું હૃદય છલકાઈ ઊઠ્યું. યશોદાબહેનની આંખોમાંથી આંસુ ઊભરાઈ આવ્યા. આખી રૂમનું વાતાવરણ ગમગીન બની ગયું. પૂજા પણ રડું રડું થઈ ગઈ હતી.

'જા દીકરા, ... તું આવ્યો છે તો જમીને જ જજે.... ગીરીશભાઈએ વાતાવરણને હળવું કરવાના આશયથી વાત ફેરવી. 'નહીં અંકલ, ફરી કોઈકવાર ... હવે હું જઈશ, અને મારા લાયક કોઈ કામ હોય તો બેધડક મને યાદ કરજો. હું તરત હાજર થઈ જઈશ. હું જવા માટે ઊભો થયો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

***

કર્નાટપ્લેસ દિલ્હી. છ માળના 'ઓપ્શન' હાઉસના બિલ્ડીંગની બહાર પાર્કિંગ પ્લેસમાં જગતાપે એની હોન્ડાસીટી ઊભી રાખી. એ નીચે ઊતર્યો. આજે એ મનોમન નક્કી કરીને જ આવ્યો હતો કે ગમે તે થાય, બોસને રૂબરૂ મળવું જ છે. કાચના ગેટ તરફ એ આગળ વધ્યો. 'ઓપ્શન' હાઉસના ચોથા માળે બોસની ઓફિસ હતી. લિફ્ટમાં ઉપર જતી વખતે જગતાપ વિચારે ચડ્યો કે એવું તે શું હતું એ છોકરામાં કે જેના કારણે આટલ મોટા માણસે એને મારવાની જરૂર પડી અને એની સોપારી મને આપી. આમ જાવા જાઓ તો આવી બધી બાબતો સાથે એને કોઈ લેવાદેવા નહોતી છતાં આ વખતે એને જિજ્ઞાસા થતી હતી કે એક સાવ ગરીબડા છોકરા પાછળ બોસ કેમ પડ્યા હતા? એવું તો શું બગાડ્યું હશે એણે બોસનું કે બોસે એને મોતની સજા કરી હતી.

જરૂર કોઈ રહસ્ય હશે નહિતર આવડો મોટો અબજાપતિ માણસ સાવ સામાન્ય એવા રાંક છોકરાની સોપારી શું કામ આપે ? જગતાપના મનમાં ખતરનાક વિચારો આવવા લાગ્યા હતા. એ વિચારતો હતો કે જા એ રહસ્ય જાણી જાઉં તો મને ઘણો જ ફાયદો થાશે. અત્યારે જે રકમ મળી હતી એના કરતા તો ઘણી જ વધારે રકમ એ બોસ પાસેથી કઢાવી શકે એમ હતો. મનોમન કંઈક નક્કી કરીને એ બોસની ઓફિસમાં દાખલ થયો. દર વખતની જેમ આજે પણ ઓફિસમાં પેલા જ બે વ્યક્તિઓ હતા. જે બોસનો મેસેજ દર વખતે જગતાપ સુધી પહોંચાડતા હતા.

'મારે બોસને મળવું છે.' જગતાપે પેલા માણસોને કહ્યું. 'થોડીવાર રાહ જુઓ. બોસ ખુદ તમને મળવા માંગે છે. બેસો.' પેલા બેમાંથી એક બોલ્યો. જગતાપ મનોમન ખુશ થયો કે શું વાત છે. આજે તો મારા મનની તમામ ઈચ્છાઓ પૂરી થતી લાગે છે. હું જે નક્કી કરીને આવ્યો છું એમ જ થાય છે. અને બોસ આ વખતે ખુદ સામેથી મને મળવા માંગે છે. જગતાપ સોફા ઉપર બેઠો. ઓફિસ ખરેખર ખૂબજ ભવ્ય અને વિશાળ હતી. તમામ ફર્નિચર કાચનું અને ઈમ્પોર્ટેડ હતું.

સોફા, ખુરશી અરે નાનામાં નાની પેન પણ ઈમ્પોર્ટેડ હતી. જગતાપ બોસની કેપેસિટી (પદવી - યોગ્યતા) જાઈ રહ્યો. અબજાપતિ નહીં. બોસ કદાચ ખર્વોપતિ હશે જ. થોડીવાર પછી ઈન્ટરકોમ ઉપર રીંગ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વાગી. એટલે એ બેમાંથી એકે ફોન ઉપાડ્યો. સામા છેડેથી જે કહેવાયું તે સાંભળી તેણે ઓ. કે. કહીને ફોન મૂક્યો. 'તમે અંદર જઈ શકો છો.' જગતાપે ઉભા થઈને કાચની કેબીન તરફ પગ ઉપાડ્યા. કાચ અપારદર્શી હોવાથી અંદરનું કંઈક જ એ જાઈ શકતો નહોતો. એણે દરવાજાને ધક્કો માર્યો અને અંદર દાખલ થયો.

'આવ જગતાપ, બેસ.'

એક રૂઆબદાર અવાજ ગૂંજી ઊઠ્યો. જગતાપ રિવોલ્વિંગ ચેર ઉપર બેઠો. આશ્ચર્યની વાત તો એ હતી કે એના સિવાય આખી ઓફિસમાં બીજું કોઈ નહોતું છતાં અવાજ સંભળાઈ રહ્યો હતો. જગતાપ જ્યાં સુધી એ છોકરો કોમામાં છે ત્યાં સુધી મને કોઈ જ તકલીફ નથી. પરંતુ જ્યારે એ ઠીક થઈ જશે ત્યારે આપણા બંને માટે તકલીફો ઉભી થશે. હું અત્યારે તને એકદમ શાંતિથી બધું સમજાવી રહ્યો છું. એટલે હું જે કહું એ સાંભળ. અને એને અમલમાં મૂક. ખરેખર તો તારી ભૂલને કારણે જ એ છોકરો હજી સુધી આ દુનિયામાં શ્વાસ લઈ રહ્યો છે. એ છોકરા પર ગોળી તે ચલાવી હતી છતાં એણે તને જાયો નહોતો અને મને પણ ક્યારેય જાયો નથી. પરંતુ એની પાસે એક એવું રહસ્ય છે કે જા એ જાહેર થઈ જાય તો હું ખતરામાં મુકાઈ જાઉં અને જા મને ખતરો થયો તો પછી એમાંથી તું પણ કેમ બાકાત રહેવાનો ? મારી પહેલા તું મરીશ કારણ કે એ છોકરા ઉપર ફાયરિંગ તો તેં કર્યું હતું. તું કહેતો હતો ને કે એ છોકોર ભાનમાં આવ્યો છે.'

'હા આવ્યો છે. પરંતુ પૂરેપુરો નહીં.'

'પૂરેપુરો કે અધૂરો, હવે એક વાત કાન ખોલીને સાંભળી લે. મારે એ છોકરો બે દિવસમાં મરેલો જાઈએ. ફક્ત બે જ દિવસ. તારે શું કરવું એ તારી મેટર છે. જા બે દિવસની અંદર મને રિઝલ્ટ નહીં મળે તો હું આ કામ બીજા પાસે કરાવીશ અને તને તો ખ્યાલ જ હશે કે આપણા ધંધામાં અધુરું કામ બીજા પાસે જવાથી શું થાય છે.'

જગતાપ બહુ જ સારી રીતે સમજતો હતો કે કામ અધૂરું મુકવાનો મતલબ પોતાની ઈમેજને ધક્કો પહોંચાડવા બરાબર હતું. અને અત્યારે બોસ એને આવી જ કંઈક ધમકી આપી રહ્યા હતા. જગતાપ ઉકળી ઉઠ્યો. કારણ કે આજ સુધી કોઈએ એને ધમકી આપવાની કોશિશ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સુદ્ધાં કરી નો'તી.

'બોસ.... તમે મને ધમકી બિલકુલ આપતા નહીં. કારણ કે ધમકીઓ સાંભળવાની મને ટેવ નથી. મેં આજ સુધી કોઈ કામ અધૂરું છોડ્યું નથી કે આ કામ છોડી દઉં. મારું નિશાન ચોક્કસ હતું અને ગોળી એની છાતીમાં જ વાગી હતી. એ તો એના નસીબ બળવાન હતા એટલે બચી ગયો. અને છતાં આજે એ અડધો તો મરેલો જ છેને. જા એની ફરતે પેલા હરામી ઈન્સ. ચાવડાનો પહેરો ન હોત તો એ છોકરાને આજ સુધીમાં હું કેટલીય મોત મારી ચૂક્યો હતો. મારા માણસ બાબુએ ઘણી વખત ઈન્સ. ચાવડાના માણસોને એના ઘરની આસપાસ આંટાફેરા કરતા જાયા છે. એટલે જ હું ખામોશ બેઠો છું. પરંતુ આજ પછી એ છોકરો વધુ નહીં જીવે. આજકાલમાં જ એનો ખેલ ખતમ સમજા.' જગતાપે ઊભા થઈને ગુસ્સામાં ખુરશીને જારદાર ધક્ક મારતાં કહ્યું.

'તમને એમના મોતના ખબર જલદી મળી જશે અને એ પછી હું તમને રૂબરૂ મળવા માંગું છું. .. આમ સંતાઈને કમ નહીં થાય.'

***

બાબુ, હવે તું હરકતમાં આવી જા. બે દિવસ, ફક્ત બેજ દિવસની મહોલત આપું છું તને. તારે કેવી રીતે અને કેમ કામ કરવું એ તારી મેટર છે. મને એ છોકરાનું કામ તમામ જાઈએ. પૈસા ડબલ નહીં ત્રણ ગણા આપીશ. છુપાઈને ન થાય તો ખુલ્લેઆમ કામ પતાવી નાંખ. તું પકડાઈશ તો રકમ તારા પરિવારજનોને મળ જશે. બસ તારું મોઢું બંધ રાખજે. અને પેલા ચાવડાના માણસોથી સાવધાની રાખીને કામ પતાવજે.' જગતાપે બાબુના મોબાઈલ ઉપર કહ્યું. જગતાપે 'ઓપ્શન' હાઉસની બહાર નીકળતા જ બાબુને મોબાઈલ ઉપર સૂચના આપી દીધી. જગતાપ ધૂંઆ પૂંઆ થતો હતો કારણ કે આજ પહેલા તેને આવી ધમકીભરી વાત ક્યારેય સાંભળી નહોતી. બોસના શબ્દોમાં રહેલી ગર્ભિત ધમકીથી એના રૂંવે રૂંવે આગ લાગી હતી. 'સાલુ આજ સુધી આ જગતાપ સામે કોઈએ ઊંચા અવાજે પણ વાત કરવાની કોશિશ સુદ્ધાં કરી નથી અને આ બોસ પોતાના પૈસાની તાકાતના જારે મને દબાવવાની કોશિશ કરે છે. એક વખત પેલા છોકરાનો હિસાબ પતાવી નાંખું. પછી જાઉં છું કે કોણ કોને ભારે પડે છે.' જગતાપ મનોમન ધૂંધવાતા પોતાની ગાડીમાં બેઠો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

***

વરાછા પોલીસ સ્ટેશનમાં જબરજસ્ત હલચલ મચી ગઈ હતી. ઈન્સ. ચાવડાની મહેનત રંગ લાવી હતી. છેલ્લા છ મહિનાથી એ બાબુના મોબાઈલ ફોનને ટ્રેસ કરી રહ્યા હતા. આજ સુધી એનું કોઈ જ પરિણામ મળતું નહોતું. કારણ કે બાબુ જ્યારે પણ ફોન કરતો ત્યારે અલગ અલગ પીસીઓનો ઉપયોગ કરતો અને દરેક વખતે અલગ અલગ નંબર ઉપર વાતો કરતો હતો. પરંતુ આજે બાબુના મોબાઈલ ફોન ઉપર કોલ આવ્યો હતો. અને એ ફોન ઉપર જે વાતો થઈ એ સાંભળીને ચાવડા ચોંકી ઊઠ્યો હતો. ફોન ઉપર જે પણ માણસે વાત કરી હતી એના ઉપરથી સ્પષ્ટ ખ્યાલ આવતો હતો કે એ રાજેશને લગતી જ વાત હતી અને એક બે દિવસમાં બાબુ એના ઉપર હુમલો કરવાનો હતો.

ચોક્કસપણે બાબુ રાજેશને પતાવી નાખવાનો હતો. ચાવડાને તો લોટરી લાગી ગઈ હતી આટલા સ્પષ્ટ શબ્દોમાં રાજેશને મારી નાખવાના કાવતરાનો પર્દાફાશ થઈ રહ્યો હતો અને એમાં એની પોતાની ચતુરાઈ કામે લાગી હતી. ચાવડાની પોતાની એક ખાસિયત એ હતી કે એ પોતે એકદમ ઈમાનદાર અને મહેનતકશ ઓફિસર હતો. એ જે પણ કેસ હાથમાં લેતો એનો નિવેડો જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એ એનો કેડો મુકતો ન હતો. પછી ભલેને એના માટે ઘણો લાંબો સમય કેમ ન લાગી જાય. રાજેશના કેસમાં એને પહેલેથી જ શક હતો. કે જરૂર આ કેસમાં કોઈ મોટો ગોટાળો થવાનો હતો અને એનું સૌથી મોટું કારણ એ હતું કે રાજેશ ઉપરજે ફાયરિંગ થયું હતું એ ગોળી વિદેશી રાયફલમાંથી છોડવામાં આવી હતી. આવી રાયફળ કોઈ ઐરા ગેરા પાસે હોય જ નહીં. આ મુદ્દાને ધ્યાનમાં રાખીને જ ચાવડાએ રાજેશ ઉપર વોચ ગોઠવી દીધી હતી.

અત્યારે ચાવડા ધનાધન બધાને સૂચનાઓ આપી રહ્યો હતો. સ્પષ્ટ શબ્દોમાં ફોન ઉપર સંભળાયેલી વાતો પરથી એક મજબૂત સબૂત ચાવડાના હાથ લાગ્યું હતું. આ સબૂત ઉપરથી એ બાબુને ગમે ત્યારે ગિરફતાર કરી શકે એમ હતો. અને આમ પણ બાબુના ભૂતકાળ એના માટે કાળ બની જાય એમ હતો. ચાવડા ઈચ્છે તો એ બાબુને અત્યારે જ ગિરફતાર કરી જેલભેગો કરી શકે એમ હતો. આ એનું પહેલું કામ હતું. અને બીજું કામ એ કરવાનું હતું કે બાબુને જે વ્યક્તિએ ફોન કર્યો હતો એને શોધવાનો હતો. ચાવડાએ બંને કામ ઝડપથી હાથ ઉપર લીધા. આ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઓપરેશન સાથે જાડાયેલા તમામને સ્પષ્ટ સૂચનાઓ આપી દેવામાં આવી હતી કે કામ એવી રીતે પાર પાડવાનું હતું. કોઈને જરા અમથી પણ જાણ ન થાય. કોઈ જ પ્રકારની ઝાઝી હો હા વગર એકદમ વ્યવસ્થિત રીતે કામ પાર પાડવાનો એક્શન પ્લાન ઘડાઈ ચૂક્યો હતો.

***

કોન્સ્ટેબલ ઝાલા ઘણા સમયથી બાબુ ઉપર વોચ રાખી રહ્યો હતો. એને એમ હતું કે બાબુને ખ્યાલ જ નથી કે પોતે એક પોલીસવાળો છે અન એની ઉપર વોચ રાખી રહ્યો છે. જ્યારે સામે બાબુને પણ એમજ હતું કે પોતે રાજેશની પાછળ છે એ ઝાલા જાણતો નથી. આમ બંને ભ્રમમાં હતા કે તેઓ એકબીજાને ઉલ્લુ બનાવી રહ્યા છે. અને એકબીજાની હરકતો ઉપર નજર રાખી રહ્યા હતા. આજે ઘણા દિવસો બાદ ઝાલા પર ઓર્ડર આવ્યો હતો કે બાબુને પકડવાનો છે. એના માટે પોલીસ સ્ટેશનથી ચાવડા સાહેબ અને બીજા ત્રણ કોન્સ્ટેબલો સાદા ડ્રેસમાં આવવાના હતા. જરા પણ હો હા કર્યા વગર એકદમ શાંતિથી. કોઈને પણ ખબર ન પડે એવી રીતે આ ઓપરેશન પાર પાડવાનું હતું. ઝાલાએ જ્યારે ઈન્સ. ચાવડાની જીપને દૂર પાર્ક થતી જાઈ એટલે એણે એ તરફ પગ ઉપાડ્યા. બાબુની નજર ઝાલા ઉપર પડી. અને એને દાળમાં કંઈક કાળું હોય એવું લાગતા એ પાનના ગલ્લેથી ઉભો થઈને થોડે દૂર વળાંકમાં એક ઘરના દાદરની આડશમાં ઊભો રહ્યો કે જ્યાંથી એ ઝાલા ૪૨ શું કરે છે એ જાઈ શકે. ઈન્સ.

ચાવડાને એ બહુ જ સારી રીતે ઓળખતો હતો. અને અત્યારે તેને અહીં આવેલો જાઈને એ સતર્ક થઈ ગયો હતો. બાબુના મગજમાં ભયની ઘંટી વાગવા લાગી હતી. એ અત્યારે એવી જગ્યાએ ઊભો હતો કે જ્યાંથી એ તો પેલા લોકોને જાઈ શકે પરંતુ એ લોકોની નજર એના ઉપર ન પડે. ઝાલા જીપ પાસે પહોંચ્યા ત્યારે ચાવડા જીપની નીચે ઊતરીને એની સાથે કોઈ મસલતમાં પરોવાયો. બાકીના ત્રણ કોન્સ્ટેબલો પણ સાદા ડ્રેસમાં જીપમાંથી નીચે ઊતર્યા. બાબુ વિચારી રહ્યો હતો કે જરૂર કંઈક બન્યું હશે. એટલે જ ચાવડા સાદા ડ્રેસમાં આવ્યો છે. ઝાલા વારેવાર પાછળ ફરીને બાબુ જે ગલ્લા ઉપર બેસતો હતો એ ગલ્લા ઉપર નજર કરી રહ્યો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અચાનક બાબુની નજર તેજ થઈ કે ક્યાંક આ લોકો મારા માટે તો નથી આવ્યા ને ? ઝાલા તો મને જાણતો પણ નથી તો કૂછી શું બીજું કોઈ કામ હશે ? થોડીવાર પછી ચાવડાએ સતર્કતાથી બધા કોન્સ્ટેબલોને જુદી જુદી દિશામાં થોડા થોડા અંતરના ગાળામાં ગોઠવી દીધા. અને પોતે રાજેશના ઘર તરફ પગ ઉપાડ્યા. રાજેશના ઘરની સામેજ બાબુની દરરોજની બેઠક હતી એ વાત ચાવડા સારી રીતે જાણતો હતો. એટલે સીધો જ ત્યા ંજવાને બદલે જરા દૂરથી તેણે એ જગ્યા પર નજર કરી. બાબુ ત્યાં આજે નહોતો. ચાવડાએ આજુબાજુમાં નજર ઘુમાવી અનેએક મકાનના વળાંક પર બાબુને સંતાઈને ઉભેલો જાઈ ગયો. બાબુ અને ચાવડાની નજર આપસમાં ટકરાઈ. અચાનક મળેલી નજરને કારણે થોડીવાર સુધી બાબુ અને ચાવડા એકબીજાની સામ ેજાઈ રહ્યા અને અચાનક બાબુને આખી પરિસ્થિતિનો ખ્યાલ આવતા એ સ્પ્રિંગની જેમ ઊછળ્યો. ચાવડા કંઈ સમજે એ પહેલા તો બાબુ ચાવડાથી વિરુદ્ધ દિશામાં સોસાયટીની બહાર જતા મેઈન રોડ તરફ ભાગ્યો. બાજુ સમજી ગયો હતો કે આ તમામ બંદોબસ્ત એના માટે જ કરવામાં આવ્યો હતો અને અનેચાવડા એનેજ પકડવા માટે આવ્યો હતો.

બાબુ પાસે વિચારવાનો સમય નહોતો, ભાગવામાં જ ફાયદો હતો. અનેએ ભાગ્યો. પરંતુ ચાવડાએ તમામ અણધારી પરિસ્થિતિને ખ્યાલમાં રાખીને જ પોતાની જાળ બિછાવી હતી. ચાવડાએ તમામ ગણતરી કરીને પોતાના કોન્સ્ટેબલોને એક એક પોઈન્ટ પર એવી રીતે ગોઠવી રાખ્યા હતા કે બાબુ ગમે એ તરફથી છટકવાની કોશિશ કરે તો ગમે ૪૩ ત્યાંથી એને પકડી શકાય. એ એટલા ઝડપથી ભાગ્યો કે હવે એ ચાવડાના હાથમાં તો આવે એમ જ નહોતો. છતાં ચાવડાએ બાબુની પાછળ દોડ મૂકી. હવે બાબુને પકડવા માટેનો એક જ ચાન્સ હતો બાબુ ઝાલા જ્યાં ઉભો હતો એ તરફ ભાગ્યો હતો. એટલે જા ઝાલા એને ગમે તેમ કરીને અટકાવે તો જ બાબુ પકડાય. નહિંતર જા એના હાથમાંથી છટક્યો હો હાલ પૂરતું તો બાબુ ભાગવામાં સફળ થવાનો હતો. પરંતુ બાબુનું નસીબ આજે એની સાથે નહોતું. એની એક જ ભૂલ એને ભારે પડી કે ઝાલા જે તરફ ઊભો હતો ત્યાં બરાબર એની સામે જ એ દોડ્યો હતો. એ નહોતો જાણતો કે ચાવડાએ શેરીના મુખ્ય મથક પર જ ઝાલાને ગોઠવ્યો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બાબુ તો બસ જલદીથી ચાવડાની પહોંચથી દૂર નીકળી જવા માંગતો હતો. એટલે જ એ લગભગ આંખો બંધ કરીને મુઠ્ઠીઓ વાળીને દોડી રહ્યો હતો. ગલીના નાકે ઊભેલા ઝાલાએ બાબુને પોતાની તરફ દોડતો આવતો જાયો એટલે એ સતર્ક બની ગયો. તરત જ પોતાની પોઝીશન બદલીને એક ઈલેક્ટ્રિક થાંભલાની આડશે થોડો દબાઈને ઊભો રહી ગયો કે જેથી બાબુ એને જાઈને પોતાની દિશા બદલી ન નાંખે. જેવો બરાબર એકદમ નજીકથી બાબુ પસાર થયો કે તરત જ ઝાલાએ પોતાનો ડાબો પગ વીજળીવેગે બહાર કાઢ્યો અને બાબુના પગમાં ભેરવી દીધો. આવા અણધાર્યા હુમલાની બાબુને ગણતરી નહોતી એટલે એ કંઈ સમજે એ પહેલા તો એણે બે ત્રણ ગુંલાટ ખાઈને રસ્તા પર ઊંધા માથે પટકાયો. ઝાલાએ સમય ન ગુમાવતા ઝડપથી એની પાછળ પહોંચી બાબુને કોલરથી પકડીને એનું મોઢું પોતાના તરફ ફેરવી એક જારદાર ફેંટ એના ચહેરા પર લગાવી દીધી. પ્રહાર એટલો જબરજસ્ત હતો કે બાબુના મોંઢામાંથી એક સાથે બે ત્રણ દાંત તૂટીને લોહીના કોગળા સાથે રોડ ઉપર ઢગલો થઈ ગયા. બાબુ બેહોશ થઈને ત્યાંજ ઢળી પડ્યો.

ઝાલાએ બીજી ફેંટ મારવા ઉગામેલો હાથ બાબુને બેહોશ થતા જાઈને હવામાં જ અધ્ધર રોકી લીધો. અને એનો કોલર છોડી દીધો અને ત્યાંજ ઝાલાથી ભૂલ થઈ ગઈ. કારણ કે એ બેહોશ થવું એ બાબુની ચાલાકી હતી. બાબુને ઝાલાની ફેંટથી તમ્મર જરૂર આવી ગયા હતા પરંતુ હજી એ હોશમાં જ હતો. એણે ફક્ત બેહોશ થવાનું નાટક જ કર્યું હતું. અને જેવો ઝાલાએ એનો કોલર છોડ્યો કે વીજળીવેગે એ ઊભો થયો. અને ઝાલા કંઈક સમજે એ ૪૪ પહેલા તો ઝાલાને ધક્કો મારીને એ ફરી પાછો રોડ તરફ ભાગ્યો. એ ભાગ્યો તો ખરો પરંતુ મોત એનો કાળ બનીને રોડ ઉપર ઈંતેજાર કરી રહ્યું હતું. બાબુ પોતાના મોત તરફ ભયાનક ગતિથી દોડી રહ્યો હતો. જેવો એ રોડ ઉપર આવ્યો કે સામેથી પૂરઝડપે આવતી ટ્રકની અડફેટમાં એ આવી ગયો. 'ધડામ...' એક જબરજસ્ત ધડાકા સાથે એ ટ્રકની આગળના ભાગે બરાબર વચ્ચે ભટકાયો. અને એનું શરીર હવામાં ફંગોળાયું ... ત્યાં ને ત્યાં જ એના રામ રમી ગયા. ... ટ્રકવાળાએ જારદાર બ્રેક મારી હતી પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું. એની તમામ કોશિશ વ્યર્થ ગઈ.

બાબુ ચત્તોપાટ રોડ ઉપર પડ્યો હતો. એની ખોપડી ફાટી ગઈ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતી અને એમાંથી બધો માવો નીકળીને રોડ ઉપર વિખેરાઈ ગયો હતો. બાબુના તમામ ખરાબ કર્મોની સજા એને એકસાથે મળી ગઈ હતી. ચાવડા અને ઝાલા દોડીને એ જગ્યાએ પહોંચ્યા ત્યારે તેઓ એમ્બ્યુલન્સને ફોન કરવા સિવાય બીજું કંઈ કરી શકે એમ નહોતા. ચાવડાએ ખિસ્સામાંથી મોબાઈલ કાઢ્યો અને ફોન લગાવ્યો.

***

ગીરીશભાઈ અત્યારે પોલીસ સ્ટેશનમાં ઈન્સ. ચાવડા સામે બેઠા હતા. ચાવડાએ તેમને બોલાવ્યા હતા. બાબુની તમામ મેટર પતતા ત્રણેક દિવસ લાગી ગયા. બાબુની બોડીનું પી.એમ. કરીને લાશ તેના પરિવારજનોને સોંપી દેવામાં આવી હતી. બાબુના કપડાની તલાશીમાં કે એના મોબાઈલ ફોનની ડિટેઈલમાંથી કોઈ વિશેષ વિગત ચાવડાને મળી નહોતી. જે છેલ્લો ફોન બાબુ ઉપર આવ્યો હતો એ ફોન પણ અત્યારે બંધ આવતો હતો. છતાં મોબાઈલ કંપનીમાંથી ફોન ટ્રેસ કરતા જે વિગતો મળી એ ઘણી ચોંકવાનારી હતી. એ કોલ દિલ્હીના કર્નાટપ્લેસની નજીકના કોઈ ટાવરનું લોકેશન બતાવતી હતી.

આ વિગતો દિલ્હી પોલીસ ખાતામાં મોકલી આપવામાં આવી હતી અને એની વિગતોની રાહ જોવાઈ રહી હતી. ૪૫ ઈન્સ. ચાવડાએ ગીરીશભાઈને આ બધી વિગતો જણાવવા માટે જ બોલાવ્યા હતા. ચાવડાની વાત સાંભળી ગીરીશભાઈની સ્થિતિ તો કાપો તો લોહી ન નીકળે એવી થઈ ગઈ હતી. એમને જબરજસ્ત આંચકો લાગ્યો હતો. કે કોઈ એમના છોકરા રાજેશ પાછળ છ મહિનાથી પડ્યું હતું અને જા ચાવડા ન હોત તો અત્યાર સુધીમાં એ વ્યક્તિ રાજેશને મારી ચૂકી હોત.

‘ઈન્સ્પેક્ટર સાહેબ.. તમારો ખૂબ ખૂબ આભાર.’

ગીરીશભાઈ ગળગળા અવાજે ચાવડાને કહી રહ્યા હતા.

‘ક્યા શબ્દોમાં તમારો આભાર હું માનું.... પરંતુ સાહેબ તમે મારા રાજેશને બચાવી લીધો. મારા માટે તો એ જ ઘણું છે. મને તો સમજાતું નથી કે શા માટે લોકો અમારી પાછળ પડ્યા છે.’

‘સમજાતું તો મને પણ નથી કે શા માટે આટલા લાંબા સમય સુધી રાહ જાયા બાદ એકાએક એવું તે શું બન્યું કે એ લોકો અચાનક હરકતમાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આવી ગયા અને રાજેશને મારી નાંખવા માટેનું પગલું ભર્યું.'

ચાવડાએ કંક અસમંજમાં માથું ધુણાવ્યું. ગીરીશભાઈએ પાછલા દિવસોમાં જે બન્યું હતું એની તમામ વિગતો ચાવડાને જણાવી.

'હંમમ.. એનો મતલબ કે અત્યાર સુધી રાજેશ તરફથી એ લોકોને એવો કોઈ ખતરો નહોતો. પરંતુ જેવા રાજેશના ભાનમાં આવવાની વાત એ લોકોને જાણવા મળી એટલે એ લોકો ગભરાઈ ગયા અને રાજેશ પર હુમલો કરવા માટેની યોજના બનાવી નાખી.' ચાવડાએ અનુમાન લગાવ્યું. તમારે આ વાત પોલીસને કહેવી જાઈતી હતી. આ તો ઠીક છે કે અમારી સતર્કતાને કારણે અને નસીબજાગે રાજેશ બચી ગયો. નહીંતર તમારે રોવાનો વારો આવ્યો હોત અને ઉપરથી નામ પોલીસનું જ બદનામ થાત.' ચાવડાના અવાજમાં થોડો ગુસ્સો ભળ્યો હતો.

'હવે પછી આવી કોઈપણ હરકત થાય તો મને તરત જ જાણ કરજા. અમે પણ આ કેસની જડ સુધી પહોંચવાની તમામ કોશિશો કરી રહ્યા છીએ. આ મામલો થોડો વધુ પેચીદો બનતો જાય છે. જરૂર એવી કોઈ ગંભીર બાબત રાજેશ જાણે છે કે જેના કારણે એના જીવને જાખમ છે. જરૂર કોઈ રહસ્ય તો છે જ કે જે બહાર ન આવે એના માટે રાજેશ પર બીજી વખત હુમલો થવાનો હતો એવું તો ૪૬ શું બન્યું હશે ?'

ચાવડા વિચારમાં પડ્યો. એનું તેજ દિમાગ વિચારે ચડ્યું. અને આંખો ઝીણી થઈ ગઈ.

'એવું તો શું છે કે જેનો એક છેડો છેક દિલ્હી સુધી લંબાયેલો છે.' પછીના બે દિવસમાં ચાવડાએ પોતાની તપાસની ગતિ ખૂબ જ ઝડપી બનાવી દીધી હતી. દિલ્હી પોલીસ તરફથી પેલા મોબાઈલની ડિટેઈલ પણ આવી ગઈ હતી. એ ફોન કોઈ સુરેશ પંજવાણીના નામે હતો. અન એ વ્યક્તિને ખુદને પણ કોઈ ખબર નહોતી કે એના નામ પર કોઈ મોબાઈલ પણ છે. એ ફોન કર્નાટપ્લેસની એક ફૂટપાથ પર કચરાના ડબ્બામાંથી તૂટેલી હાલતમાં મળી આવ્યો હતો. સીમકાર્ડ એમાં હતું જ નહીં. કદાચ એ બીજી કોઈ જગ્યાએ ફેંકાયું હતું. લાખ કોશિશ અને જબરજસ્ત જદ્દોજહેત બાદ પણ ચાવડાને કોઈ જ પરિણામ મળ્યું નહોતું. એને નિરાશા જ હાથ લાગતી હતી. અને એ જ્યાં હતા ત્યાંજ આવીને અટકી ગયા હતા. હવે રાજેશ સંપૂર્ણ ભાનમાં આવે અને કંઈ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જણાવે તો જ તપાસ આગળ વધે એમ હતું.

***

પૂજાને જાયા બાદ હું રાજેશના ઘર તરફ વધારે ખેંચાયો હતો. રાજેશના ઘરે જવાના હવે મારી પાસે બે કારણો હતા. એક મારું સપનું અને બીજી પૂજા. ભલે મેં પૂજાને ફક્ત એક જ વાર જાઈ હતી છથાં એ મારા દિલો દિમાગ પર કબજા કરી ચૂકી હતી. મારા મનમાં એને જાવાની લાલચે જન્મ લઈ લીધો હતો. એના વિચારો મારો પીછો છોડતા નહોતા. છતાં મેં એવી કોઈ હરકત નહોતી કરી કે જેના કારણે પૂજા મને એના ઘરવાળાઓ સામે મારી ઈજ્જત ઓછી થાય. રાજેશ સાથે હાલમાં જ શું બન્યું હતું એ વિગતોથી હું સાવ અજાણ જ હતો.

હું તો રાજેશ કોઈ બીજી પ્રતિક્રિયા કરે એની રાહ જાઈ રહ્યો હતો. મને એવું લાગી રહ્યું હતું કે જરૂર કંઈક એવી કોઈ કડી છે જે મને અને રાજેશને આપસમાં જાડી રહી છે. કુદરતની ૪૭ આ કરામત મારી સમજમાં નહોતી આવતી. સાવ અણધાર્યું જ આ બધું બની રહ્યું હતું. દરરોજ એ બ્રીજ ઉપરથઈ મારે પસાર થવું જ પડતું એટલે એ ઘટના મને કાયમી તાજી થઈ જતી કે જેના કારણે હું પડ્યો હતો. સાવ અસંભવ ગણી શકાય એવી એ આકસ્મિક ઘટનાએ મારા જીવનમાં ઉથલપાથલ મચાવી રાખી હતી. હું ભગવાનમાં અતૂટ શ્રદ્ધા ધરાવવાવાળો વ્યક્તિ છું એટલે દરરોજ ભગવાનને પ્રાર્થના કરતો હે દિનાનાથ, હું રાજેશના ઘરે ગયો હતો એ પછી રાજેશે જે પ્રતિક્રિયા કરી હતી એ પણ મારા માટે તો અવિશ્વસનીય જ હતી. એ પછી મેં બે ત્રણ વાર ગીરીશભાઈને ફોન કરીને રાજેશની ખબર પૂછી હતી પરંતુ એમના જણાવ્યા પ્રમાણે રાજેશની હાલત પહેલા હતી ફરી પાછી એવી જ થઈ ગઈ હતી. પહેલાની માફક એ જડ બની ગયો હતો.

ક્યારેક એવું મન થતું કે એના ઘરે એક વખત જઈ આવું એ બહાને પૂજાને પણ મળી શકાય પરંતુ પછી ગમે તે કારણ હોય મારા પગ એ ઘર તરફ નહોતા ઊઠતા. ત્યાં રૂબરૂ જવાનું હું માંડી વાળતો. મારા મનમાં - મારા દિલમાં આ બંને ભાઈ બહેને ધમસાણ મચાવી મૂક્યું હતું. કોઈ અદમ્ય અને અદૃશ્ય શક્તિ મને વારંવાર એમના વિચારોના ચકરાવે ચડાવી મૂકતી હતી. મારી આ વિચારમગ્ન સ્થિતિના કારણે મારા ઘરમાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પણ બધા અકળાઈ ઊઠ્યા હતા. મમ્મીએ તો ઘણીવખત પૂછી પણ લીધું હતું કે, 'કેમ તું હમણાંથી બહુ વિચારોમાં ખોવાયેલો રહે છે? તને કોઈ ટેન્શન હોય તો મને કહે.'

પરંતુ હું આ વાત કોઈને કહી શકું એમ નહોતો. નાહકના એમને પણ ઉપાધિમાં શું કામ મૂકવા જાઈએ. એવું વિચારીને મેં કોઈને આ વાત જણાવી નહોતી. સાંજના લગભગ ચારેક વાગ્યાની આસપાસ મારા ફોનની રીંગ વાગી. હું કામમાં હતો. કોઈ અજાણ્યા નંબર પરથી ફોન આવી રહ્યો હતો. મેં ફોન ઉપાડ્યો.

'હલો. ...'

'અમીત બોલો છો....?'

આ અવાજ મેં આ પહેલાં ફક્ત એક જ વાર સાંભળ્યો હતો. છતાં ખાતરીપૂર્વક હજારો અવાજની વચ્ચે આ અવાજ ઓળખી શકું છું. મારા આશ્ચર્યનો પાર નહોતો રહ્યો. કારણ કે સામા છેડે પૂજા હતી. 'હા...હું અમીત જ છું.'

હું પૂજા બોલું છું. રાજેશની બહેન. મારે તમારું કામ હતું. શું તમે મને મળી શકશો?'

'હા... કેમ નહીં... ચોક્કસ મળી શકીશ. તમે કહો તો હમણા તમારા ઘરે આવી જાઉં.... શું કંઈ અર્જન્ટ છે?'

'અરે નહીં.... અર્જન્ટ કંઈ નથી. અને ઘરે પણ મળી શકાય એમ નથી. મારે જે વાત કહેવી છે એ મારા ઘરે કહી શકાય એમ નથી. આપણે એ સિવાય બીજે ક્યાંક મળીએ તો... જા તમને ફાવે તો પીપલોદ રોડ પર કોફીકોર્નર પર મળીએ... ? પૂજાએ કહ્યું. ક્યાં મળવું એ પણ એણે નક્કી કરી રાખ્યું હતું. કદાચ એ જાણતી હશે કે હું ના નહીં પાડું. અને ખરેખર મારા ના પાડવાનો તો કોઈ પ્રશ્ન જ નહોતો. સામે ચાલીને મને પૂજાનું સાંનિધ્ય પામવાનો મોકો મળતો હતો.

'હા... ઠીક છે... ત્યાં ફાવશે... શું કોઈ અગત્યની બાબત છે?'

મારું હૃદય જાર જારથી ધબકવા લાગ્યું હતું.

'મારે તમને કંઈક કહેવું છે, એ ફોનમાં જણાવાશે નહીં... પ્લીઝ

https://telegram.me/booksmag

ઐસે મજેદાર મેગેજીન પઢને કે લિયે હમારી ટેલીગ્રામ ચેનલ સે જુડે ઇસકે લિએ ટેલીગ્રામ મેં સર્ચ કરે @booksmag ઓર join પર ક્લિક કરે

જા તમને તકલીફ ન પડતી હોય તો આજે સાંજે છ વાગ્યે આપણે કોફીકોર્નર પર મળીએ? પૂજાના અવાજ ઉપરથી લાગતું હતું કે એ ઉતાવળમાં હતી અને થોડી ગભરાહટ પણ વર્તાતી હતી. પૂજાને મળવા તો હુંગમે ત્યાં જવા તૈયાર હતો.

'ઠીક છે... હું રાઈટ છ વાગ્યે ત્યાં પહોંચી જઈશ.'

'ઓ. કે. થેન્ક્યુ.'

કહીને પૂજાએ ફોન ડિસ્કનેક્ટ કરી નાંખ્યો. હું ક્યાંય સુધી ફોનને એમજ હાથમાં પકડીને ઊભો રહ્યો. મને વિશ્વાસ નહોતો આવતો કે જેને મળવા માટે હું વિલ્વળ હતો એણે સામેથી ફોન કરીને મને બોલાવ્યો હતો. શું હશે એ વાત કે જેના કારણે પૂજાએ એના ઘરને બદલે મને એકલાને કોફી કોર્નર પર બોલાવ્યો હતો. એવું તો શું બન્યું હશે કે એ એના ઘરે કોઈને જણાવી ન શકે અને મને જણાવવા માંગતી હતી.

અમે તો ફક્ત એક જ વાર મળ્યા હતા અને અમારી વચ્ચે કોઈ વાતચીત પણ નથી થઈ તો પછી શા માટે એ મારા પર આટલો વિશ્વાસ કરીને મને મળવા બોલાવે છે.? મને તો અત્યારે જ ઊડીને કોફીકોર્નર પર પહોંચી જવાનું મન થતું હતું. મેં જલદી જલદી મારા તમામ કાપ પતાવી નાંખ્યા અને દુકાનેથી વહેલો નીકળી કોફીકોર્નરે પહોંચ્યો. હજી તો સાડા પાંચજ થયા હતા. મારે અડધો કલાક પૂજાની રાહ જાવાની હતી. એ પણ મને વધુ લાગતી હતી. મારી ઘણી બધી મિત્રો હતી છતાં હું કોઈના પ્રત્યે આટલું આકર્ષાયો નહોતો. એવું નહોતું કે એ છોકરીઓ સુંદર અને રૂપાળી નહોતી.છતાં મારા દિલમાં કોઈ જગ્યા બનાવી શક્યું નહોતું. જ્યારે અહીં તો પૂજાને મેં ફક્ત એક જ વાર જાઈ હતી અને બસ, હું એને જાતો જ રહી ગયો હતો.

એ પ્રેમ છે કે ફક્ત આકર્ષણ એ હું સમજી શકતો નથી છતાં સાંનિધ્યને હું એના દિલની ગહેરાઈથી ઝંખી રહ્યો હતો. એ હમણાં જ આવતી હશે. મને સમજાતું નહોતું કે ણારે એની સાથે કેવી રીતે વાત કરવી. હું સહજ થવાની કોશિશ કરી રહ્યો હતો છતાં મારું દિલ મારા કાબૂમાં નહોતું. મેં ઘડિયાળમાં નજર નાખી. વધુ પંદર મિનિટ પસાર થઈ ચૂકી હતી. અત્યારે કોફીકોર્નર પર થોડીઘણી ભીડ હતી. લગભગ બધા જ મારી ઊંમરના કોલેજીયન છોકરાઓ છોકરીઓ હતા. આમ પણ આ જગ્યા

https://telegram.me/booksmag

ઐસે મજેદાર મેગેજીન પઢને કે લિયે હમારી ટેલીગ્રામ ચેનલ સે જુડે ઇસકે લિએ ટેલીગ્રામ મેં સર્ચ કરે @booksmag ઓર join પર ક્લિક કરે

કોલેજીયનો અને નવા પ્રેમી યુગલોમાં હોટ ફેવરીટ હતી. હું અત્યારે બેધ્યાનપણે આજુબાજુ જાઈ રહ્યો હતો. કે.. સામેથી પૂજા એની સ્કૂટી પર આવતી દેખાઈ.

'હાય...' પૂજાએ બરાબર મારા પગ પાસે સ્કૂટીને બ્રેક મારી મારી સામે હાથ લંબાવ્યો.'

'હાય...'

મેં એના કોમળ મુલાયમ હાથમાં મારો હાથ મૂક્યો. એણે આજે લાઈટ પિંક કલરનો ડ્રેસ પહેર્યો હતો. પિંક કલરમાં એ ખૂબ જ સુંદર દેખાતી હતી. 'મોડું તો નથી થયું ને...?'

પૂજાએ ગાડી પાર્ક કરતા કહ્યું. 'અરે નહીં... હું જ થોડો વહેલો આવી ગયો હતો.' મેં નોટીસ કર્યું કે જેવી પૂજા આવી એ સાથે જ આજુબાજુ ઊભા હતા એ બધાના ધ્યાન એની તરફ ખેંચાયા હતા. અને કેમ ન હોય પૂજા હતી જ એટલી ખૂબસૂરત કે એના તરફ ધ્યાન ખેંચાયા વગર રહે જ નહીં. 'અંદર બેસીએ.. ?' એણે પૂછ્યું. એટલે અમે કોફીકોર્નરમાં અંદર ગયા. અંદર વધારે ભીડ નહોતી. એટલે અમે રોડ તરફના કોર્નરના ટેબલ પર ગોઠવાયા. મારી જેમ જ પૂજા પણ મૂંઝવણ અનુભવી રહી હતી કે વાતની શરૂઆત ક્યાંથી કરવી. જુઓ હું નથી જાણતી કે મારે તમને આ વાત કહેવી જાઈએ કે નહીં પરંતુ મને લાગે છે કે તમે જરૂર મને મદદ કરશો.'

'તમારી વાતો ઉપરથી લાગે છે કે જરૂર કોઈ ગંભીર બાબત લાગે છે. તમે બેફિકરથી મને કહેજા. હું ચોક્કસ તમારી મદદ કરીશ. તમે એવું સહેજ પણ મનમાં ન લાવતા કે એક અજનબીને કેવી રીતે વાત કરવી.'

મેં પૂજા તરફ જાઈને કહ્યું. 'પરંતુ એ પહેલાં આપણે કંઈક મંગાવીએ... બોલો શું લેશો તમે ?' 'એક સિમ્પલ કોફી...' અહીં સેલ્ફસર્વિસની સિસ્ટમ હતી એટલે હું ઊભો થઈને બે કોફી લઈ આવ્યો. એક કપ પૂજા સામે મૂક્યો. 'હા તો હવે જણાવો શી મૂંઝવણ છે તમારા મનમાં....?' 'તમને અહીં બોલાવીને આ વાત કહેવાનું ખાસ કારણ એ છે કે આ બધાની શરૂઆત તમે અમારા ઘરે આવ્યા ત્યારબાદ જ થઈ છે.

તમે એમ ન સમજતા કે હું તમારા ઉપર કોઈ ઈલ્જામ લગાવી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રહી છું. પરંતુ આ હકીકત છે.' પૂજાએ કોફીનો ઘૂંટ ગળે ઉતારતા કહ્યુ.ં પછી તેણે મને બાબુની તમામ ઘટના કઈ રીતે બની હતી એ વાત કહી. હું કંઈક આશ્ચર્ય અને અવિશ્વાસભરી નજરે પૂજા તરફ જાઈ રહ્યો. એણે જે કહ્યું એ ખરેખર ભયાનક હતું. કોઈ રાજેશ ઉપર ઘણા લાંબા સમયથી વોચ રાખી રહ્યું હતું. અને એના પર હુમલો પણ કરવાની તૈયારીમાં હતા... એ તો સારું થયું કે પેલા ઈન્સ. ચાવડાની સાવચેતી અને સમયસૂચકતાથી એ લોકોનો પ્લાન નિષ્ફળ ગયો, નહિતર કદાચ રાજેશ અત્યારે જીવીત ના હોત. પરંતુ શું કામ? કોઈ રાજેશને મારવા માગતું હતું ? એવું તો શું જાણે છે રાજેશ કે એને ખામોશ કરવા માટે બીજીવાર તેના પર હુમલો થવાનો હતો? હું જેમ જેમ વિચારતો જતો હતો તેમ તેમ આ કોયડો વધુને વધુ ગુંચવાતો જતો હતો.

'બીજું કંઈ જાણાવવા જેવું...? મેં પૂજાને પૂછ્યું. 'હા.... પરંતુ એ પહેલા તમે મને કહો કે શું તમે ખરેખર રાજેશના મિત્ર છો?' પૂજાએ મારી આંખોમાં આંખો પરોવીને સીધો જ સવાલ પૂછ્યો. જાણે એ મારી આંખોના હાવભાવ ઉપરથી નક્કી કરી લેવા માંગતી હોય કે હું જૂઠું તો નથી બોલતોને.. હું એની નજર વધારે વાર ન જીરવી શક્યો. પૂજાના સવાલ પરથી મને એક વાત તો નક્કી થઈ ગઈ હતી કે એ જાણે છે કે હું એના ભાઈનો મિત્ર નથી જ. મારી પાસે હવે આ સત્ય ૫૧ સ્વીકારવા સિવાય બીજા કોઈ રસ્તો નહોતો. મારે બધી જ વાત પૂજાને કરવા સિવાય છૂટકો નહોતો અને આમ પણ હું સાચું કહી દઉં તો મારા દિલનો ભાર થોડો હળવો થઈ જાય. 'તમારું અનુમાન સાચું છે. હું રાજેશને પહેલેથી ઓળખતો નથી. એ દિવસે રાત્રે પહેલીવાર હું તમારા ઘરે આવ્યો હતો. પરંતુ એ સમયે હું કોઈ જ ખોટા ઈરાદાથી તમારી સમક્ષ જૂઠું નહોતો બોલ્યો. હું પોતે જ એટલી ભયંકર મૂંઝવણ અનુભવું છું કે મારી પાસે જૂઠું બોલવા સિવાય બીજા કોઈ રસ્તો નહોતો. હું મારી સમસ્યાનું નિરાકરણ શોધવા તમારા ઘરે આવ્યો હતો. અને અનાયાસ જ મારાથી જૂઠું બોલાઈ ગયું હતું.

'મને તો એ જ દિવસે ખબર પડી ગઈ હતી કે તમે રાજેશના મિત્ર નહોતા.' 'તો પછી તમે એ સમયે જ મને કેમ ન પૂછ્યું?' 'એ હું નથી જાણતી. કદાચ હું જાણવા માગતી હતી કે તમે શા માટે અમારે ત્યાં આવ્યા હતા. સૌથી મોટી વાત તો એ છે કે તમારા ગયા પછી ભાઈએ જે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રિએક્શન આપ્યું એટલે હું ચૂપ રહી હતી. હું તમારા વિશે ઈન્સ.

ચાવડાને પણ જણાવવા માંગતી હતી છતાં મેં અને ઘરના મારા કોઈએ તમારું નામ એમની સામે લીધું નથી. શું કામ નથી લીધું એ પણ મારી સમજમાં નથી આવતું. અનેસૌથી મોટી વાત તો એ છે કે મને ખબર છે કે તમે ભાઈના મિત્ર નથી તો પણ અત્યારે હું તમારી પાસે બેઠી છું. અને મારા ઘરની તમામ વિગત તમને જણાવી રહી છું. તમે મારા માટે એક અજનબી છો છતાં મેં તમને અહીં મળવા બોલાવ્યા હતા. પણ એક અવિશ્વસનીય બાબત છે અને આવું હું શા માટે કરી રહી છું એ પ્રશ્ન મને પોતાને ક્યારનો સતાવી રહ્યો છે.'

'હા... બધું જ અવિશ્વસનીય બની રહ્યું છે. મારી લાઈફમાં. તમે જાણવા માંગો છો ને કે હું શું કામ આવ્યો હતો તમારે ત્યાં... તો સાંભળો....' અને મેં પૂજાને જે જે મારી સાથે બન્યું હતું એ તમામ ઘટનાઓ વિગતવાર જણાવી દીધી. હવે આશ્ચર્યચકિત થવાનો વારો પૂજાનો હતો. એ મારી સામે આંખો ફાડીને જાઈ રહી હતી. 'આ બધો સિલસીલો પેલા બ્રીજ પાસે રાજેશને ગોળી વાગ્યા પછી જ ચાલુ થયો છે. અને મારા પડવાથી ખતમ થઈ ગયો, હવે મારી પાસે મારી સમસ્યાના નિરાકરણ માટે એક જ પર રસ્તો બચ્યો હતો અને એ રાજેશ હતો. હવે તમે જ કહો શું મેં કંઈ ખોટું કર્યું છે?'

'આ સાવ અસંભવ છે, આવું બને જ નહીં. ... હે ભગવાન...' પૂજાના મોંમાંથી શબ્દો નીકળી પડ્યા. 'આ સાવ સત્ય વાત છે. આપણે બંને એકબીજાની સામે બેઠા છીએ એટલી સત્ય વાત છે... જા તમને મારા પર વિશ્વાસ હોય તો પ્લીઝ... મને જણાવો કે તમે આ સિવાય બીજું શું મને કહેવા માંગતા હતા. બની શકે કે એમાંથી આપણને કોઈક રસ્તો મળે.'

'મને તમારા ઉપર વિશ્વાસ છે અને એટલે જ હું અહીં તમારી સામે છું.. જા મને વિશ્વાસ ન હોત તો હું શા માટે તમને અહીં બોલાવું?' પૂજા થોડીવાર અટકી. એ શબ્દો ગોઠવી રહી હતી કે મને શું અને કઈ રીતે કહેવું. 'સાંભળો.. પહેલેથી વાત કરું છું. જેથી કરીને તમે આખી વાતનો મર્મ સમજી શકો. હું અને રાજેશ ભાઈ બહેન કરતાં મિત્રો વધુ છીએ. અમારી વચ્ચે એકથી બે વર્ષનું અંતર છે. હું મારી તમામ વાતો ભાઈ સાથે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શેર કરું અને ભાઈ એની. નાનપણથી જ અમને ભાઈ બહેનને એકબીજા ઉપર અપાર સ્નેહ છે. મને ભાઈ વગર ઘડીભર પણ ન ચાલે. જાએ ઘરમાં ન હોય તો લાગે કે ઘરમાં કોઈ જ નથી. અમ ેધમાલ મસ્તી પણ એટલી જ કરીઓ ભાઈ ભણવામાં પહેલેથી જ હોંશિયાર. એની સામે મારું ભણતર થોડુંકાચું એટલે એ મને ખૂબ જ હેલ્પ કરે. ભણવાની સાથે એને ફરવાનો પણ ગાંડપણની હદ કહેવાય એટલો જબરજસ્ત શોખ. એને ઈતિહાસમાં ખૂબ જ રસ એટલે એની ફરવાની ફેવરિટ જગ્યાઓમાં જૂના સ્મૃતિચિન્હો, રાજા મહારાજાના મહેલો, એમની એન્ટીક વસ્તુઓ, ખંડહરો, મ્યુઝીયમ અને એવું તો ઘણું બધું હોય જ. વર્ષમાં એક કે બે વાર એ એની રીતે આવી બધી જગ્યાઓએ નીકળી જ પડે. ક્યારેક કોલેજના મિત્રો સાથે તો ક્યારેક અમે બધા ઘરના સભ્યો સાથે હોઈએ. એની નિરીક્ષણ શક્તિ જારદાર એટલે તમામ વસ્તુઓનું બારિકાઈથી નિરીક્ષણ કરે. અને એ વસ્તુને લગતી તમામ વિગતો ભેગી કરી એની ડાયરીમાં ટપકાવે. અમે સાથે હોઈએ તો એ તમામ જગ્યાઓ વિશે વિસ્તારથી અમને કોઈ ગાઈડની અદાથી માહિતી આપે એટલું સચોટ એનું જ્ઞાન. ક્યારેક તો અમે અચંબામાં પડી જઈએ કે ભાઈ પ.ુ આ બધું ક્યાંથી જાણી આવતો હશે. છતાં અમને ખૂબ જ મજા આવતી. ભાઈએ જાણે જાયેલી તમામ જગ્યાઓની નાનામાં નાની વિગતો પણ એની ડાયરીમાં લખતો. એ સ્થળનું મહત્વ કોણે અને કેવી રીતે બનાવી હતી એની આખી જન્મપત્રી એ વિધિસરના મુદ્દા તરીકે લખતો અને જ્યારે એ ફરીને ઘરે પરત આવે એટલે એ તમામ મુદ્દાઓની વિસ્તૃત રીતે જાણકારી, સમજ મને તો જરૂર આપે જ. હું ઘણીવાર એને મજાકમાં કહેતી કે તું ઈતિહાસનો પ્રોફેસર બની જા. અને મારા આશ્ચર્ય વચ્ચે એણે આ વાત સ્વીકારી પણ લીધી હતી. ઈતિહાસના વિષય સાથે એણે પીએચડી કરવાનું પણ નક્કી કરી લીધું હતું.' એકધારું બોલવાથી પૂજાનું ગળું સુકાય ગયું એટલે એ થોડીવાર માટે અટકી અને ટેબલ ઉપર મુકેલા ગ્લાસમાંથી થોડું પાણી પીધું. હું એના સુરાહીદાર ગળામાંથી પાણીને ઘૂંટડે ઘૂંટડે અંદર ઊતરતું જોઈ રહ્યો.

'રાજેશ કોઈ પણ જગ્યાની મુલાકાત લીધી હોય તો ઘરે આવીને સૌથી પહેલા મને એની ડાયરી વાંચવા આપે. એની લખવાની રીત થોડી વિચિત્ર અને બધા કરતાં અલગ. એ કોઈ પત્રકારની જેમ વિગતો સળંગ ભાષામાં લખવાને બદલે કામના મેઈન મુદ્દા જ એની ડાયરીમાં ટપકાવે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કોઈપણ વસ્તુનું વાર્તાની જેમ વર્ણન લખવાને બદલે ત્રૂટક ત્રૂટક મુદ્દા લખે. અને પછી એ મુદ્દા ઉપરથી એ સ્થળની તમામ વિગતો મને સમજાવે. ઈતિહાસ વિશેનું એનું જ્ઞાન ખરેખર અદભૂત હતું. એ જે રીતે મને કહેતો, મને તો એવું જ લાગતું કે એ સ્થળ ઉપર હું જાતે જ ફરી રહી છું. અને એનો ઈતિહાસ મારી સામે ફરીથી જીવંત થઈ ગયો હોય. તમે નહીં માનો પરંતુ મને એવું ફિલ થતું કે જાણે હું કોઈ મહાન ઈતિહાસકાર પ્રોફેસરનું લેક્ચર સાંભળી રહી હોઉં. મારો ભાઈ ખરેખર જિનિયસ છે.' પૂજા અટકી ગઈ. એ લાગણીશીલ બની ગઈ હતી. અને એની કાજળશી ઘેરી આંખોમાં વિષાદના વાદળો ઘેરાઈ ગયા હતા. મને લાગ્યું કે એ હમણાં જ રોઈ પડશે. હું એની ભાઈ પ્રત્યેની એની લાગણીને સમજી શક્યો હતો. એ ખરેખર ભાઈને ખૂબજ ચાહતી હતી. મે એને સાંત્વના આપતા હળવેક રહીને એના હાથ પર મારો હાથ મૂક્યો. એણે સજળ નજર મારી સામે જાયું.

પ્લીઝ....પૂજા... તમે તમારી જાતને સંભાળો. તમારી રાજેશ પ્રત્યેની લાગણીને પ૪ હું સમજી શકું છું. અને હું જાણું છું કે તમને અત્યારે ખૂબજ તકલીફ થઈ રહી છે. પરંતુ આમ હિંમત હારી ન જવાય. આ દુઃખદ સમય પણ વીતી જશે. અને સૌ સારા વાના થઈ રહેશે. દરેક અંધકારની પાછળ રોશની હોય છે. અને આ દુઃખનો અંધકાર હટતા જ એ રોશની આપણને જરૂર દેખાશે. ભગવાન ઉપર ભરોસો રાખો, બધું પહેલાની જેમ જ ઠીક થઈ જશે. આ મારો વિશ્વાસ છે.

'સોરી.... પૂજાએ પોતાનો હાથ પાછો ખેંચી પર્સમાંથી રૂમાલ કાઢી આંસુ લુછતાં કહ્યું. હું મારી જાતને કંન્ટ્રોલ ન કરી શકી. તમને થશે કે આ કેવી છોકરી છે કે જે પોતાની જાતને સંભાળી ન શકી. અને જાહેરમાં રોઈ પડી.'

અરે નહીં... તમે એવું ન વિચારો. એક રીતે તો સારી વાત છે કે આંસુ વહી ગયા પછી મન હળવું થઈ જાય છે. અને રહી મારી વાત તો તમે એવું માની શકો છો કે અત્યારે આ તમામ વાતો તમે એક સારા મિત્રને કહી રહ્યા છો.

ઓહ... થેન્ક્યુ. મારી વાત સાંભળી એના ચહેરા પર એક હળવી મુસ્કાન આવી ગઈ. એ મને ખૂબજ ગમ્યું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'એક એક કોફી થઈ જાય ?' મેં વાતાવરણને હળવું કરવાના આશયથી પૂજાને પૂછ્યું.

'શ્યોર... પરંતુ આ વખતે તમે બેસો. કોફી હું લઈ આવું છું.' એણે ઉભા થતાં મને કહ્યું.

'એઝ યુ વીશ...' મેં સંમતિ આપી. ખરેખર મને અત્યારે પૂજા પ્રત્યે માન થતું હતું. કેટલી સમજદાર અને પ્રેમાળ છોકરી છે એ. આટલી બધી સુંદર હોવા છતાં એના મનમાં કે પછી એની વાતોમાં ઘમંડનો છાંટો પણ ન વર્તાયો. હું મારા ભાગ્યને ધન્યવાદ આપી રહ્યો હતો કે એણે મને પૂજાનો ભેટો કરાવ્યો હતો. મારો એક્સિડન્ટ થયો. અને એ પછી ભયાનક સ્વપ્નો ચાલુ થયા. એ મારું દુર્ભાગ્ય હતું. જે પૂજાના મળવાથી સદભાગ્યમાં પલટાઈ ગયું હોય એવું મને લાગ્યું. જા મારો એક્સિડન્ટ જ ન થયો હોત તો હું ક્યારેય પૂજાને મળ્યો જ ન હોત. લોકો કહે છેકે જે થાય છે એ સારા માટે જ થાય છે. એવો જ કંઈક અનુભવ મને થઈરહ્યો હતો.

પૂજા કોફી લઈને આવી ત્યાં સુધીમાં તો મેં ઘણું બધું વિચારી નાખ્યું. ઘડિયાળનો કાંટો સાત વગાડી રહ્યો હતો. અને બહાર ધીરે ધીરે સાંજનો અંધકાર છવાતો જતો હતો. સ્ટ્રીટલાઈટો ક્યારની ચાલુ થઈ ચૂકી હતી. શિયાળાની સાંજ હતી એટલે ધીમે ધીમે ઠંડી પણ વધતી જતી હતી. મને ઘડિયાળમાં જાતા પૂજા જાઈ ગઈ હતી એટલે તરત મને કહ્યું. 'જુઓ, તમારે મોડું થતું હોય તો આપણે જઈએ.'

'બિલકુલ નહીં. હું તો એમ વિચારતો હતો કે કદાચ તમને મોડું થતું હશે.' હું પૂજાનું સાનિધ્ય ગુમાવવા નહોતો માંગતો. પૂજાના સાનિધ્યના કારણે આજની મારી સાંજ સુધરી ગઈ હતી. અને એટલે જ જલદી ઘરે જવા માંગતો નહોતો. હું તો એવું ઈચ્છતો હતો કે પૂજા મારી સામે બેસીને વાતો કરતી રહે અને હું અપલક દૃષ્ટિએ તેને નિહાળતો રહું.
...

'ના... મારે પણ મોડું નથી થતું. હું ઘરે મમ્મીને કહીને આવી છું કે મારે આવતા મોડું થશે...' પૂજાએ કોફી મગ ટેબલ પર મુકતા કહ્યું. અને એ ફરી મારી સામે ગોઠવાઈ.

'હવે મુખ્ય વાત તમને કહું... ભાઈ જ્યારે છેલ્લીવાર ટુર

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પતાવીને ઘરે આવ્યો ત્યારે એ ઘણો ચીંતીત હતો. તેના ચહેરાનો રંગ ઊડી ગયો હતો. મને એ દિવસ બરાબર યાદ છે કારણ કે તે દિવસે સાંજે હંમેશની જેમ તેણે તેની ડાયરી મને વાંચવા ન આપી. મને આશ્ચર્ય તો જરૂર થયું. પરંતુ મને લાગ્યું કે એ થાકી ગયો હશે એટલે ડાયરી આપવાં ભૂલી ગયો હશે... એ રાત તો વીતી ગઈ અને એ છેક બીજા દિવસે બપોરે મારી પાસે આવ્યો. તેના હાથમાં તેની ડાયરી હતી. અને ચહેરા પર ખામોશી. એ મારી સામેની ખુરશીમાં બેઠો. મારી તરફ ડાયરી લંબાવીને બોલ્યો... 'હવેથી આ ડાયરી કાયમ માટેથી તું જ સાચવીને રાખજે. .. બસ આટલું કહીને એ ચાલતો થયો. હું આશ્ચર્યથી તેને જતો જાઈ રહી. ક્યારેય નહીં ને આજે એ ઘણી રુક્ષતાથી મારી સાથે વર્ત્યો હતો. કદાચ એ મજાક કરતો હશે એવું મેં અનુમાન કરી જાયું પરંતુ તેના ચહેરાના હાવભાવ એવા નહોતા. જરૂર એ કોઈ મોટી ઉપાધિમાં હતો, એટલેજ એ મારી સાથે નજર મેળવ્યા વિના જલદી જલદી ચાલ્યો ગયો. મને વિચાર તો આવ્યો કે હું તેને ઊભો રાખું અને પૂછું કે આ બધું શું છે..? પરંતુ પછી વિચાર્યું કે પહેલા જાઈ તો લઉં કે તેણે પદ ડાયરીમાં શું લખ્યું છે? એ ખબર પડે પછી તેની પાસે જઈને તમામ ખુલાસાઓ માંગીશ... પરંતુ અમારી કિસ્મત જ ખરાબ હશે કે મેં હજુ ડાયરી ખોલવા હાથ લંબાવ્યો કે મમ્મીએ રસોડામાંથી મને બુમ પાડી. એ ડાયરીને કાળજીપૂર્વક ડ્રોવરના ખાનામાં મુકી હું રસોડામાં મમ્મી પાસે ગઈ... પછી આખો દિવસ ઘરમાં કામજ એટલું રહ્યું કે મને એ ડાયરી વાંચવાનો ટાઈમ જ ન મળ્યો. સાંજે એટલી થાકી ગઈ કે પથારીમાં પડતાની સાથે જ ઊંઘ આવી ગઈ. મારા દિમાગમાંથી ભાઈની એ ડાયરી સાવ જ નીકળી ગઈ હતી. રાત્રે ભાઈ પણ મોડો આવ્યો હતો. સવારે હું જાગી ત્યારે મને એ જાઈને ઘણી નવાઈ લાગી કે ક્યારેય નહીં ને આજે એ વહેલો તૈયાર થઈ ગયો હતો. અને ઉતાવળમાં એ ઘરની બહાર નીકળી એની બાઈક ચાલુ કરતો હતો. મેં મમ્મીને આ વિશે પૂછ્યું તો મમ્મીએ જણાવ્યું કે આજે એના કોઈ મિત્રને સાથે લઈને કોલેજ જવાનો હતો એટલે એ વહેલો જતો હતો. હું પણ તૈયાર થઈને કોલેજ પહોંચી. બપોરે જ્યારે કોલેજથી છૂટ્યા બાદ ઘરે આવી ને જાણવા મળ્યું કે ભાઈ હજુ સુધી ઘરે આવ્યો નહોતો. અમને ત્યારે શું ખબર કે વિધાતાએ અમારી સાથે ક્રૂર રમત આદરી છે. લગભગ સાંજના સમયે કોઈ ડોક્ટર રામાનુજનો ફોન આવ્યો. મમ્મીએ ફોન ઉપાડ્યો અન સામેથી વાત સાંભળીને એના ચહેરાનો રંગ ઊડી ગયો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતો. અમે હાંફળા ફાંફળા થતા બધા હોસ્પિટલ પહોંચ્યા. અને ત્યાં જઈને હકીકત જાણીને અમારા બધા ઉપર તો રીતસરનું આભ જ ફાટી પડ્યું. પપ્પાએ તો ઘણી ધીરજથી કામ લીધું પરંતુ મારી અને મમ્મીની હાલત રોઈ રોઈને બગડી ગઈ હતી. સાવ અણધાર્યું જ બન્યું હતું. અમારા જીવનમાં જેનો દુઃખદ પડછાયો આજ દિન સુધી અમારા માથેથી દૂર થયો નથી.

આજે પણ એ દિવસને યાદ કરતાં અમે અમારા ભાગ્યને કોસી રહ્યા છીએ. એ દિવસ અને આજની ઘડી, ઉપર ઉપરથી તો અમારા ઘરમાં ઘણી શાંતિ છે. પરંતુ અંદર અંદર અમે બધા જ ખૂબ જ વલોવાઈ રહ્યા છીએ. આ બધી ઉપાધિમાં મને ક્યારેય ભાઈની પેલી ડાયરી યાદ નહોતી આવી. પરંતુ જ્યારે પેલા બાબુ નામના ગુંડાનું મોત થયું અને અમને જાણવા મળ્યું કે છેલ્લા ઘણા સમયથી અમારા ઘર ઉપર નજર રાખી રહ્યો હતો ત્યારે મને અચાનક એ ડાયરી યાદ આવ. એ ડાયરી યાદ આવવાનું કારણ એ હતું કે જ્યારે ભાઈ ઉપર ફાયરિંગ થયું એના ૫૭ આગળના દિવસે સાંજે જ ભાઈએ ડાયરી મને આપતાં કહ્યું હતું કે આ ડાયરી કાયમ માટે તું જ રાખજે.' તો કદાચ એવું બની શકે કે એ ડાયરીમાં જ આ બાબતનું કોઈ રહસ્ય છુપાયેલું હોય. એ ડાયરીમાંથી કંઈક જાણવા મળશે એવા આશયથી મેં ડાયરી ડ્રોઅરમાંથી કાઢી આખી ડાયરી વાંચી હતી છતાં બીજીવાર એ વાંચી. ડાયરીની લગભગ તમામ વિગતો હું જાણતી હતી. કારણ કે ભાઈએ એના વિશે મને વિસ્તારથી બધું સમજાવ્યું હતું. પરંતુ એ ડાયરીના છેલ્લા પાને જે વિગતો લખી હતી એ વાંચતા જ હું ચોંકી ઊઠી. એ લખાણ ભાઈની છેલ્લી ટૂર વિશે જ હતું પરંતુ એ ઘણું જ સંક્ષિપ્તમાં હતું. મને ખબર હતી કે ભાઈ ભલે ટૂંકસારના રૂપે એણે જાયેલી વિગતો લખતો હોય પરંતુ તો પણ એનું વર્ણન ઓછામાં ઓછું ત્રણેક પાના ભરાય એ રીતનું જ હોય. જ્યારે આ તો માત્ર અડધા કરતા પણ ઓછા પાનામાં એ લખ્યું હતું. એ વિગતો પણ કેવી હતી ? તદ્દન નાના નના પોઈન્ટમાં અને એ પણ ન સમજાય એવી. મને એ બધું રહસ્યમય લાગ્યું. મને ખ્યાલ જ ન આવ્યો કે એ લખાણનો મતલબ શું થાતો હશે. એક વાત તો ચોક્કસ હતી કે આ તમામ વર્ણન એની છેલ્લી ટૂર વિશે જ હતું. પરંતુ એની બધી વિગતો અટપટી અને અસ્પષ્ટ હતી. પૂજા જે કહી રહી હતી એના લીધે મારી જિજ્ઞાસા પણ વધતી જતી હતી. હું જાણવા તલપાપડ બની ગયો હતો કે એવું તો શું રહસ્યમય અને ન

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સમજાય એવું રાજેશે એની ડાયરીમાં લખ્યું હતું.

'મને એ જાણવા મળશે કે એમાં શું લખેલું છે ?'

'તમને એ જણાવવા માટે જ તો અહીં બોલાવ્યા છે. એ ડાયરી પણ મારી પાસે જ છે. પરંતુ હજી મારી વાત અધૂરી છે....' પૂજાએ કહ્યું, 'પહેલા પૂરી વાત સાંભળી લો. પછી એ ડાયરી તમને હું આપીશ. એ ડાયરી વાંચીને મને એ ન સમજાયું કે ભાઈએ એની આખી ટૂરનું વર્ણન માત્ર અડધા પાનામાં જ શા માટે સમાવી લીધું. અને એની વિગતોપણ એટલી અસ્પષ્ટ અને ન સમજાય એવી હતી...આપણને જા એ શબ્દોનો સાચો અર્થ જાણવા મળી જાય તો ઘણી બધી સમસ્યાઓ ઉકલી જાય. એના ઉપરથી કદાચ એ પણ ખ્યાલ આવી શકે કે ભાઈ ક્યા ષડયંત્રમાં ફસાયો હતો. જેના કારણે એના ઉપર ગોળીબાર થયો હશે. મને તો અત્યારે મારી મુર્ખામી ઉપર ખૂબ જ પસ્તાવો પ૮ થાય છે કે શા માટે તે દિવસે સાંજે જ મેં એ ડાયરી ન વાંચી. અરે, એટલિસ્ટ ત્યારે જ મેં ભાઈના ચહેરા ઉપરની ચિંતાને ગંભીર ગણી એને ઊભો રાખીને બધું પૂછી લીધું હોત તો કમસે કમ આવા દિવસો તો જાવાના ન આવત ને.' પૂજાના અવાજમાં એક અપરાધભાવ હતો. જાણે કે એ પોતાની જાતને આ બધી બાબતો માટે દોષી ગણી રહી હતી. એની આંખોમાં વિષાદના વાદળો છવાતા જતા હતા. અને રહી રહીને થોડી થોડીવારે એની પલકો ઉપર આંસુના બુંદો ચમકી ઊઠતા હતા. એ પોતાની જાતને સંભાળવાની ઘણી મથામણ કરી રહી હતી છતાં એના અંદરથી ઊઠતા દર્દનો પડઘો ચહેરા સુધી આવી જ જતો હતો.

'એક વાત પૂછું..... ?'

'પૂછો....'

'રાજેશ ક્યાં ગયો હતો અને એની સાથે કોણ હતું ?'

'એ જ સૌથી મોટી કમનસીબી છે કે આ વખતે એ એકલો ગયો હતો છેલ્લી ઘડીએ એના મિત્રોએ જવાનું કેન્સલ કર્યું એટલે ભાઈ એકલો જ નીકળી પડ્યો. આમ તો એ બે ત્રણ વાર આ પહેલા પણ એકલો ગયો હતો એટલે અમને કંઈ અજુગતું લાગતું નહીં.

'એ ક્યાં ગયો હતો? મતલબ કે કઈ જગ્યાએ ?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'સિક્કીમ.'

'સિક્કીમ. ??' મને આશ્ચર્ય થયું. 'કમાલ છે.' મારા મોંમાથી અચાનક ઉદગારો સરી પડ્યા. મને આશ્ચર્ય એ વાતનું થયું કે મોટાભાગે જે લોકોને પુરાતન ઈતિહાસમાં રસ હોય એ તો ઈતિહાસમાં પ્રસિદ્ધ હોય એવા સ્થળોએ જ જાય છે. તો પછી રાજેશે સિક્કીમ શું કામ પસંદ કર્યું ? નો ડાઉટ કે સિક્કિમનો પણ એક ભવ્ય ભૂતકાળ છે અને એ હરવા ફરવા માટેની સારી જગ્યા છે. પરંતુ રાજેશ સિક્કિમ ગયો હતો એ સાંભળીને મને થોડું અજુગતું લાગતું હતું. ખબર નહીં કેમ, પરંતુ આ વાત મને ખટકી. કંઈક અજુગતું સાંભળ્યું હોય એવી લાગણી મને ઘેરી વળી. વારેવાર એક જ શબ્દ મારા મનમાં પડઘાવા લાગ્યો.

'સિક્કિમ.'

શું વિચારમાં ખોવાઈ ગયા ? મને ગહેરા વિચારોમાં ડુબેલો જાઈને પૂજાએ પૂછ્યું.

'રાજેશ સિક્કિમ ગયો હતો એ મારા મનમાં બરાબર બેસતું નથી. એ ત્યાં શું કામ ગયો હતો? મતલબ કે કોઈ ખાસ કારણ હતું?'

'એ તો મને પણ નથી ખબર. અમે ક્યારેય એની બાબતમાં દખલ નહોતા કરતા.'

'હંમ્મ.... મને એ ડાયરી જાવા મળશે?'

'હા.... કેમ નહીં....' પૂજાએ પર્સમાંથી ડાયરી કાઢી મારા તરફ લંબાવી. ડાયરી લઈને મેં પાના ફેરવવાનું ચાલું કર્યું.

***

બોસનો ફોન આવી રહ્યો હતો. છેલ્લા ત્રણ ચાર દિવસથી સતત બોસનો ફોન એકધારા આવી રહ્યા હતા. છતાં જગતાપ એ રિસીવ નહોતો કરતો. જગતાપ સારી રીતે જાણતો હતો કે બોસ શા માટે ફોન કરી રહ્યા છે. બાબુના મોતના સમાચાર એની સુધી પહોંચી ગયા હતા. અને જગતાપને અંદાજ આવી ગયો હતો કે જરૂર એ ખૂબ જ ગુસ્સામાં હશે. પરંતુ જગતાપ ખુદ અત્યારે લાચાર હતો. એને સમજાણ નહોતી પડતી કે કેવી રીતે આ કેસમાં પોલીસ ઈન્વોલ્વ થઈ હતી. એણે તો એવી જ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ગણતરી મૂકી હતી કે બાબુ આ કામ ચપટી વગાડતાં કરી નાખશે અને બાબુ તાત્કાલિક એક્શનમાં આવ્યો પણ ખરો. પરંતુ એ રાજેશને ખતમ કરે એ પહેલા તો એનો જ ખાત્મો બોલી ગયો હતો. બહુ જ ખરાબ રીતે બાબુ મોતને ભેટ્યો હતો. આ વાત હવે પોલીસખાતામાં ઉપરી સુધી પહોંચી ચૂકી હતી. જગતાપ જાણતો હતો કે પોલીસ ખાતું હવે આ કેસની પાછળ હાથ ધોઈને પડી જશે અને ઈન્સ. ચાવડાની સૌથી વધુ બીક હતી. ચાવડા ક્યારેય કોઈ કામ અધૂરું છોડતો નહીં. જગતાપને બીક લાગવા માંડી હતી. કે ક્યાંક એ ચાવડા એની સુધી ન પહોંચી જાય. જગતાપે થોડા દિવસો માટે પોતાની ટોટલ એક્ટિવીટી અટકાવી દીધી કારણ કે એ જાણતો હતો કે જા એકવાર એ પોલીસની અડફેટે ચડી ગયો એટલે એનું એનકાઉન્ટર થઈ જવાનું અથવા તો પછી આખી જિંદગી જેલના સળિયા ૬૦ પાછળ ધકેલાઈ જાય એ પાકું. એક સાવ તુચ્છ અને સામાન્ય છોકરાને કારણે આજે એ પહેલીવાર મુશ્કેલીમાં મુકાયો હતો. અને આ એના માટે અસહ્ય હતું. એણે એવા લોકોની સોપારી ફોડી હતી કે જેને હાથ લગાવતા સુદ્ધાંનો વિચાર કોઈ કરતું નહોતું. જગતાપ પોતાની તાકાત ઉપર મુસ્તાક હતો. એ એવું જ માનતો હતો કે એજ સર્વશક્તિમાન છે. અને એટલે જ અત્યારે એ જબરજસ્ત ગુસ્સામાં ધુંઆ પુંઆ થઈ રહ્યો હતો. એક સામાન્ય છોકરાને કારણે એણે બાબુ જેવા ખુંખાર માણસને ગુમાવ્યો હતો. અને એ કરતા પણ સૌથી મોટી વાત તો એ હતી કે અત્યારે પોતાને અંડરગ્રાઉન્ડ થઈ જવું પડ્યું હતું.

જગતાપનો ગુસ્સો કેમેય કરીને શાંત નહોતો થતો. અને ઉપરથી બોસનો પોન કોલ ઉપર ફોન કોલ આવી રહ્યા હતા. મનોમન એણે બોસને ઘણીબધી ગાળો ચોપડાવી અને ફોન ઉપાડ્યો. ફોન ઉઠાવતા જ બોસ વરસી પડ્યો.

'એક વાત કાન ખોલીને સાંભળી લે જગતાપ કે હું જે કામ પાછળ રૂપિયા ખર્ચી શકું છું તો એ રૂપિયા મને વસુલ કરતા પણ આવડે છે. તારી એક નાનકડી ભૂલ અત્યારે આપણને બધાને ભારે પડી રહી છે. જા પેલા હરામી ચાવડા આ કેસમાં સી.બી.આઈની મદદ માંગશે તો આપણા બધાની હાલત ખરાબ થઈ જશે. એ તું બરાબર સમજી લે અને મારો ફોન નહીં ઉપાડીને તું બીજી એક ભયંકર ભૂલ કરી રહ્યો છે એપણ સમજી લે.. મને જવાબ જાઈએ. સમજ્યો ? તું અત્યારે જ જ્યાં હોય

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ત્યાંથી બહાર નીકળીને મારી ઓફિસે આવી જા. હું આ સમયે જ તને રૂબરૂ મળવા માંગું છું.' અને જગતાપ સામે કંઈ બોલે એ પહેલા તો બોસે ફોન કાપી નાંખ્યો. હવે, જગતાપને ઓફિસે પહોંચવા સિવાય છૂટકો જ નહોતો.

અડધા કલાક બાદ જગતાપ બોસની ઓફિસમાં હતો. અને એજ કાચની કેબિન... ઓફિસમાં એ બોસની સામે બેઠો હતો. અત્યાર સુધી માત્ર ફોન ઉપર જ વાત થઈ હતી એ બોસ અત્યારે એની સામે પ્રત્યક્ષ હતો. જગતાપે બોસ વિશે જે મનમાં કલ્પના કરી હતી એનાથી તો ક્યાંય વધારે વૈભવશાળી અને ખતરનાક વ્યક્તિત્વનો માલિક હતો. એ પૂરા છફૂટની હાઈટ, પહોળા અને મજબૂત ખભા, એથ્લેટ્સને પણ શરમાવે એવું ૬૧ કસાયેલું શરીર, મિલિટરી કટ વાળ અને આંખોમાં જાઈને જ થથરી જવાય એવી ક્રૂરતા એ મિલિટરી બિઝનેસમેન કમ ઓફિસર વધુ લાગતો હતો. એની પર્સનાલિટી સામે જગતાપ પોતે લઘુતાગ્રંથિ અનુભવવા લાગ્યો હતો.

'જગતાપ,' બોસનો અવાજ આખી કેબિનમાં ગુંજી ઊઠ્યો. 'હું તને બરાબર ઓળખું છું. તારા જન્મથી માંડીને આજ સુધીની તારી તમામ જિંદગીનો હિસાબ છે મારી પાસે. આજે હું તારી સામે આવ્યો એનું કારણ એક જ છે કે હવે મને એવું લાગે છે કે તારો અમારી સાથે કાયમી રીતે જાડાઈ જવાનો સમય પાકી ગયો છે. તારામાં એક પ્લસ પોઈન્ટ એ છે કે તું તારા કામમાં ઈમાનદાર છે. તે આજ સુધી જે કામ કર્યા એમાં તે સફળતા જ મેળવી છે. મેં તને આ છોકરાનું કામ પણ એટલે જ સોંપ્યું હતું. મને એમ હતું કે આ મામૂલી કામ તું ચપટી વગાડતાં કરી નાખીશ પરંતુ એવું ન થયું. તું તારા કામમાં ગફલત કરી ગયો.'

'પરંતુ એમાં મારી કોઈ ભૂલ નથી. મેં બરાબર નિશાન ઉપર ગોળી છોડી હતી. અને હું નિશાન ચૂક્યો પણ નહોતો, હવે એ છોકરાનું નસીબ જ બળવાન સાબિત થયું એમાં હું શું કરું ?' જગતાપને પોતાને પણ ખબર હતી કે આ ફક્ત એનો લૂલો બચાવ જ હતો.

જગતાપ આ આખું સામ્રાજ્ય મેં કંઈ રમતા રમતા નથી ઊભું કર્યું. એટલે તું મને સમજાવવાની કોશિશ નહીં કર. તારી ભૂલ એમાં હતી જ એ તું પણ જાણે છે. તું એ છોકરાને બે ત્રણ ગોળી એક સાથે મારી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શક્યો હોત. પરંતુ તેં એમ ન કર્યું. એ તારી પહેલી ભૂલ, બીજી ભૂલ તે એ કરી કે એ છોકરાને તે છ છ મહિના સુધી જીવતો રહેવા દીધો. અને ત્રીજી અને સૌથી મોટી ભૂલ પેલા તારા માણસ બાબુએ કરી. એ તો કંઈ ઉકાળી ન શક્યો પરંતુ મરતા એ મરી ગયો અને પોલીસને આપણી પાછળ છોડતો ગયો. હવે મારી વાત ધ્યાનથી સાંભળ. તને હું વધુ એક ચાન્સ આપવા માગું છું. અને એના બદલામાં તે કલ્પના પણ ન કરી હોય એટલી રકમ તને આપીશ. એના માટે મારી શરત એટલી જ કે હવેથી તારું દિમાગ બિલકુલ ચલાવવાનું નથી. જેટલું હું કહું એટલું જ કરવાનું. મારે માત્ર અને માત્ર તારી તાકાત જાઈએ છે બાકીનું હું ફોડી લઈશ. બોલ ૬૨ છે મંજૂર...?'

'જા દલ્લો મોટો મળતો હોય તો આ જગતાપ બધુંજ કરવા તૈયાર છે. હુકમ કરો શું કરવાનું છે?' જગતાપના કાન મોટી રકમની વાત સાંભળી સરવા થયા.

'એ બધું હું તને પછી સમજાવીશ. એ પહેલાં તું દસ એવા વ્યક્તિઓને એકઠા કર કે જેની ઉપર આંખ બંધ કરીને વિશ્વાસ કરી શકાય.'

'બોસ તમે કહો તો એવા માણસોની આખી ફોજ તૈયાર કરી દઉં.'

'તો પછી અત્યારથી જ મંડી પડ. એવા માણસો જાઈએ કે જે એક જ ઈશારો કરતાં ગમે તેને સાફ કરી નાખે. અને સાથે સાથે થોડી મહેનત પણ કરી શકે. સમજી ગયો ને મારી વાત ?'

સમજી ગયો. પરંતુ સામે મારી પણ એક વાત તમારે માનવી પડશે.'

'બોલ.'

'હું પોલીસના હાથમાં પડવા માંગતો નથી. તમારે કંઈક એવું કરવું પડશે કે પોલીસખાતું આ તપાસમાંથી હાથ ખેંચી લે... અને બીજું કે તમે મને ચોખવટ કરો કે મને કેટલી રકમ મળશે?'

'આ કામ પૂરું થશે એટલે તારી પાસે એટલી બધી રકમ હશે કે તું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અને તારા સાથીઓ સાત જન્મો સુધી એશ કરશો તો પણ રૂપિયા નહીં ખૂટે. રહી પોલીસ ખાતાની વાત. તો એનું ટેન્શન તું અત્યારથી જ તારા દિમાગમાંથી કાઢી નાંખ. મારે ઉપર સુધી બધી વાત થઈ ગઈ છે. એટલે થોડા સમયમાં જ એ કેસનું ફીડલું વળી ગયું સમજ.'

'તો પછી ઠીક છે. હું અત્યારથી જ કામમાં લાગી જાઉં છું. પરંતુ પેલા છોકરાનું શું ?

'એ બધું હું ફોડી લઈશ. તું જા અને કામે વળગ. આઠ દિવસ આપું છું. તને તૈયારી કરવા માટે.

જગતાપ ઉભો થયો અને નીચે ઉતરીને પાર્કિંગમાં આવ્યો તેનું મગજ ઝડપથી વિચારી રહ્યું હતું એને એટલો તો અંદાજ આવી જ ગયો હતો કે બોસે જે પ્રમાણે વાત કરી એ કામ સામાન્ય તો નહીં જ હોય. એ પહેલીવાર બોસને મળ્યો હતો. જગતાપને સમજમાં આવી ગયું કે બોસને અત્યારે એની જરૂર છે એટલે સામે ચાલીને જ એને આ દ૬ કામમાં સામેલ કર્યો હતો. જગતાપે પોતે જ પોતાની જાતને શાબાશી આપી અને પોતાની મૂર્ખામીને બિરદાવી કારણ કે જા એણે એ વખતે રાજેશ ઉપર એકને બદલે બે ત્રણ ફાયરિંગ કર્યા હોત તો રાજેશના ક્યારના રામ રમી ગયા હોત અને આ વાત ત્યાંજ પૂરી થઈ જાત. પરંતુ રાજેશ જીવતો બચી ગયો હતો. ભલેને એ કોમામાં હોય તો પણ અત્યારે એની બેહોશીના કારણે જ એને એક મોટું કામ કરવાનું હતું. હવે એણે પોતાની ગેંગમાંથી દસ એવા માણસો શોધવાના હતા કે જે ચૂપચાપ મોં બંધ રાખીને એના તમામ હુકમોનું પાલન કરે એ જરૂર પડ્યે કોઈનું પણ ઢીમ ઢાળી દે.

***

ઘડિયાળનો નાનો કાંટો બે ઉપર આવીને અટકી ગયો. ચારેકોર રાતની નીરવ શાંતિ પથરાયેલી હતી. બધા પોતપોતાના ઘરમાં ઢબુરાઈને સૂઈ ગયા હતા. અમારી સોસાયટીનો ચોકીદાર પોતાની હાજરીની જાણ કરતો વારેવારે એના હાથમાંનો ડંડો પછાડી રહ્યો હતો. મારી આંખોમાં નીંદર નહોતી. હું વિચારોના ધમસાણમાં ગૂંચવાઈ રહ્યો હતો. ઊંઘવાની ઘણી કોશિશો કરી પરંતુ બધું વ્યર્થ.... એકના એક વિચારો મનમાં ઉદભવી રહ્યા હતા કે શા માટે ભગવાને મને આ બધી ઘટનાઓમાં સામેલ કર્યો હતો. જે ઘટનાઓ બની રહી હતી એની સાથે મારે કોઈ જ લેવાદેવા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નહોતી છતાં અત્યારે હું જે પરિસ્થિતિમાં હતો એનાથી હું ભાગી શકું એમ નહોતો. મને અત્યાર સુધીમાં જે ઘટનાઓ ઘટી ચૂકી હતી એ તમામ એક પછી એક કોઈ ફિલ્મની જેમ દેખાઈ રહી હતી. બધું જ કોઈ જબરજસ્ત ભેદભરમ જેવું લાગતું હતું. જાણેકે હું કોઈ રહસ્યમય નવલકથા વાંચી રહ્યો હતો. છેલ્લે છેલ્લે પૂજાએ મને જે કહ્યું હતું એના કારણે તો આ રહસ્ય વધું ઘેરું બની ગયું હતું. આ બધી વાતો યાદ કરીને મારો જીવ ગભરાવા લાગ્યો હતો. અને મેં જબરજસ્તીથી આંખો મીંચીને સુવાની કોશિશ કરી. પરંતુ એમ કંઈ આંખો બંધ કરવાથી મનની ગતિ થોડી શાંત પડવાની હતી ? હું જેમ જેમ આ બધા વિચારોને મારાથી દૂર ભગાવવાની કોશિશ કરતો હતો એમ એમ એ બમણા વેગથી ૬૪ મારા મન ઉપર છવાઈ રહ્યા હતા. એક વખત તો મન મક્કમ કરીને નિર્ણય લઈ લીધો કે હવે આજ પછી મારે આ ઘટનાઓ વિશે બિલકુલ વિચારવું જ નથી. અને કાલ સવારથી જ બધું ભૂલી જઈને નવેસરથી જિંદગી શરૂ કરવી છે. પરંતુ હું આ કરી શકીશ. સૌથી વધુ ખેંચાણ તો પૂજાનું હતું. જે મારા તમામ નિર્ણયોને એના તરફ ખેંચી રહી હતી. પૂજાના ગભરાયેલા ખૂબસૂરત ચહેરો મારા જહેનમાંથી હટતો નહોતો. અને મને એવું લાગી રહ્યું હતું કે એ મને કહી રહી હોય કે પ્લીઝ અમીત... હેલ્પ મી... અને સડક દઈને હું પથારીમાં બેઠો થઈ ગયો.

આજુબાજુની જબરજસ્ત નીરવ શાંતિ મને ખાવા ધસી રહી હતી. ઘરના બધાજ સભ્યો સૂતા હતા. છતાં એવું લાગવા લાગ્યું કે જાણે મારા સિવાય પણ ઘરમાં ઘણા બધાં લોકો જાગી રહ્યા છે. રાતના સૂનકારમાં ઘણા બધા અવાજા પડઘાઈ રહ્યા હોય એવો ભાસ થતો હતો. મારા ચહેરા ઉપર પસીનાની બૂંદો ચમકવા લાગી. અને એક અજાણ્યો ડર મને વીંટળાઈ વળ્યો. જેના કારણે મારું હૃદય જારજારથી ધબકી રહ્યું હતું. આ સ્થિતિ મારા માટે અસહ્ય હતી. અને આપોઆપ મારાથી હાથ જાડાઈ ગયા અને મનોમન હું મારા ઈષ્ટદેવને યાદ કરવા લાગ્યો કે હે પ્રભુ, તું મને ઉગારી લેજે. હું તારા શરણે આવ્યો છું. તું જ મને કોઈક રસ્તો દેખાડ કે જેથી હું આ ભયંકર યાતનામાંથી બહાર નીકળી શકું. તું તો સર્વશક્તિશાળી છે અને બધું જ જાણે છે કે શું થઈ રહ્યું છે. અને આગળ શું થવાનું છે.... તો હે મારા આરાધ્યદેવ, તું જ કોઈ માર્ગ બતાવ કે હું શું કરું ?' મારી બંધ આંખોમા ઝળઝળિયા આવી ગયા. અને તન મનથી હું અત્યારે મારા ઈષ્ટદેવના આરાધ્યમાં ડૂબી ગયો હતો. ઘણીવાર સુધી હું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એમજ ભાવ વિભોર સ્થિતિમાં એમ જ બેસી રહ્યો. ધીરે ધીરે મારા મનમાં શાંતિ છવાવા લાગી. અને હું એક શૂન્યાવકાશમાં સરી પડ્યો. હું ક્યારે પથારીમાં લાંબો થઈને સૂઈ ગયો એ જ ખ્યાલ ન રહ્યો. હું ગાઢ નિંદ્રામાં સરી પડ્યો અને ઘસઘસાટ ઊંઘી ગયો.

અને... અચાનક મને એક સ્વપ્ન દેખાવા લાગ્યું. એ જ સ્વપ્ન કે જે મને દર મહિનાની પહેલી તારીખે અચૂક આવતું જ... એ જ ભયંકર પાણીની ઊંચી દિવાલ ધસમસતી મારી તરફ આવવા લાગી અને હું ગભરાઈ ગયો... પરંતુ આ શું ? એ પાણીમાં મને દપ રાજેશ અને પૂજા દેખાઈ રહ્યા હતા. એમના ચહેરા ભયાનક પીડાને કારણે પીળા પડી ગયા હતા. અને મને એવું લાગ્યું કે જાણે મને કરગરીને હાથ જોડીને કહી રહ્યા હતા કે 'પ્લીઝ .. અમીત... અમારી મદદ કરો. અમને બચાવી લો....' અને જાત જાતામાં તો મારી નજરોની સામે જ એ લોકો એ પાણીમાં અલોપ થઈ ગયા અને ધીરે ધીરે એ પાણીની દિવાલ સ્થિર થઈને એક મોટા સરોવરમાં ફેરવાઈ ગઈ. હું એ સરોવરના કિનારે ઊભો હતો... એ સરોવરનું પાણી શાંત થઈ ગયું હતું. મેં ત્યાં સરોવરના કિનારે ઊભા ઊભા આજુબાજુ દૃષ્ટિ ઘુમાવી અને જે મને દેખાયું એ જાઈને મારા રૂંવાડા થથરી ગયા. એ સરોવરની આજુબાજુની તમામ જગ્યા વેરાન વગડામાં ફેરવાઈ ગઈ હતી. પશુ પંખી તો શું ત્યાં નાના અમથા દેખાતા એ વિસ્તારોમાં હું ઊભો હતો. જાણે કોઈએ શ્રાપ દઈને આખો વિસ્તાર ઊજાડી નાખ્યો હોય એવું એ દૃશ્ય હતું. અચાનક એ વિસ્તારમાં ચારેબાજુથી 'મારો- કાપો.' અને 'બચાવો' ના અને શસ્ત્રના આપસમાં ટકરાવાના અવાજો આવવા લાગ્યા. .. જાણે કે કોઈ ભયંકર યુદ્ધ ખેલાઈ રહ્યું હોય... એ અવાજા ધીરે ધીરે એટલા તીવ્ર થતા જતા હતા કે મને એવું લાગવા માંડ્યું કે હમણાં જ મારા કાનના પડદા ફાટી પડશે. અને મારું હૃદય બેસી જશે. અચાનક ફરી પાછું બધું બદલાવા લાગ્યું અને એ વગડાની વચ્ચે પૂજા અને રાજેશ ક્યાંયથી પ્રગટ થયા... એ બંને મારી પાસે આવ્યા અને મારો એક એક હાથ પકડીને ચૂપચાપ મને ક્યાંય લઈ જવા લાગ્યા. હું સ્થિતપ્રજ્ઞની સ્થિતિમાં સંમતિ સાથે ખેંચાતો ગયો અને ધીરે ધીરે અમે ત્રણેય હવામાં ઓગળી ગયા.

અને ટનનનન.... ના અવાજ સાથે મારી આંખો ખૂલી ગઈ. મમ્મીએ સવારના છ વાગ્યાનું એલાર્મ મૂક્યું હતું જે વાગી રહ્યું હતું. મેં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સવાર સવારમાં ભયાનક સ્વપ્ન જાયું હતું. અને એ પૂરેપૂરું મને યાદ હતું. એ સ્વપ્નાએ મારો નિર્ણય બદલી નાંખ્યો હતો. મારા મનમાં મક્કમતાથી એક વિચાર આકાર લઈ રહ્યો હતો કે હવે ગમે તે થાય, ભયંકરમાં ભયંકર તકલીફ આવે, ભલે આંધી તોફાનનો સામનો કરવો પડે પરંતુ હવે હું આ રહસ્યનો તાગ મેળવીને જ જંપીશ. પૂજા અને રાજેશનો સાથ હું ક્યારેય નહીં છોડું. આ સ્વપ્ન દ્વારા ભગવાને મને રાહ બતાવી હતી અને જ્યારે મારા ઈષ્ટદેવ મારી દદ સાથે હોય તો પછી મારે કોઈનાથી પણ ગભરાવાની જરૂર નહોતી. હું એક અનોખા આત્મવિશ્વાસ સાથે પથારીમાંથી ઊઠ્યો.

હું ઘણો વહેલો ઊઠ્યો હતો. હાથમાં બ્રશ લઈને ગઈકાલે પૂજા સાથે ગાળેલી સાંજને યાદ કરી રહ્યો. લગભગ નવ વાગ્યે અમે છૂટા પડ્યા હતા. એ ત્રણ કલાક મારી જિંદગીનો સૌથી ખૂબસુરત સમય હતો. પહેલીવાર જાઈને જ જેની ચાહતમાં હું પડી ગયો હતો એ હસીન ખૂબસુરત છોકરી પૂજા સાથેનું એ મારું આકસ્મિક મિલન મારા મનને તરબતર કરી ગયું હતું. એની એક એક અદાને હું મનમાં મમળાવી રહ્યો હતો. અને અત્યારે તો સ્થિતિ એવી થઈ ચૂકી હતી કે એનું સ્મરણ માત્ર મને કોઈ સ્વપ્ન સૃષ્ટિમાં પહોંચાડી દેતું હતું

એણે રાજેશની ડાયરી મને આપી હતી. આમ તો જ્યારે એણે સિક્કિમનું નામ લીધું ત્યારે જ મને અપાર આશ્ચર્ય થયું હતું. પરંતુ એ વખતે મેં વધુ કંઈ કહ્યું નહોતું. મોટેભાગે લોકો સિક્કિમ ફરવા ઓછા જતા જ્યારે રાજેશ તો પૂરું એક અઠવાડિયું ત્યાં રોકાયો હતો. એ ક્યાં ક્યાં ગયો હતો અને ક્યા સ્થળોની મુલાકાત લીધી હતી એની પૂરી માહિતી એણે ડાયરીમાં લખી નહોતી. વધુ તો હું ત્યારે ગુંચવાયો જ્યારે મેં રાજેશની ડાયરી વાંચી. એની સિક્કિમ ટૂરનું વર્ણન અડધા કરતા પણ ઓછા પાનમાં લખ્યું હતું. અને એ લખાણ પણ એટલું અસ્પષ્ટ અને ન સમજાય એવું હતું. કે એ વાંચીને એમ જ લાગે કે જાણે બધું કોડવર્ડની ભાષામાં લખેલું છે. મને તો એમાંથી કંઈ જ ના સમજાયું. પૂજા જેવી જ હાલત મારી થઈ. એ પણ સમજી નહોતી શકી કે એના ભાઈએ શું લખ્યું છે.

જા એ લખાણનો મતલબ સમજાય તો ઘણા બધા પ્રશ્નોના જવાબ મળે એમ હતું. પરંતુ સમજાય તો ને... અમે ઘણી મહેનત કરી, ઘણા બધા અર્થો વિચારી જાયા. પરંતુ એનું પરિણામ શૂન્ય હતું. એક બે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શબ્દોનું અર્થ ઘટન અમે અમારી રીતે કર્યું પરંતુ એના વિશે અમે ચોક્કસ તો નહોતા જ... આખરે રાત્રે મોડું થવા લાગ્યું એટલે અમે ઊભા થયા હતા. એ ડાયરીમાના લખાણની એક કોપી કરીને મેં મારી પાસે રાખી હતી કે જેથી હું એના વિશે વિચારી શકું.

***

૧૮, ૭૯૮ રવિ- સમાચાર- વિશ્વ- ઉપૂસી - પાંગુસ- નો રીટર્ન- કેન્સર સિંગલ - દાર્જીગંગ - શ્રી નિકેતન- થેંબો- તિબેટન શોધ- હિસ્ટરી ઓફ સિક્કિમ- ૭૮ - ખુરશીદલાચુંગ - નો રીટર્ન - અમોમુખી - ઝાયબન - મંદિર - મુદ્રા - મૃત્યુ - ખતરો - રીટર્ન -

ફરી ફરીને વારેવારે હું આ શબ્દો વાંચી રહ્યો હતો. છેલ્લા બે દિવસની અંદર હજારવાર મેં આ શબ્દો વાંચ્યા હતા. હવ ેતો એ મને યાદ રહી ગયા હતા. એટલે પેલી કાગળની ચબરખી પણ કાઢવાની જરૂર નહોતી પડી કે જેમાં આ શબ્દો મેં લખ્યા હતા. આ એ જ શબ્દો છે કે જે રાજેશની ડાયરીના આખરી પાના ઉપર લખેલા હતા. અને આ જ એની છેલ્લી સફરનો આખો વૃતાંત હતો. .. મને રાજેશ ઉપર ગુસ્સો એ વાતનો આવતો હતો કે એણેપોતાની બધી સફરનું વર્ણન આ રીતે જ લખ્યું હતું બધું જ ઢંગધડા વગરનું. કોઈને પહેલીવાર કાંઈ ન સમજાય એવું. હા.. એક વાત મેં પૂજાની વાતો પરથી તારવી લીધી હતી કે એ બધું સિસ્ટેમેટિક લખતો, મતલબ કે એક ટોપિક પછી બીજા ટોપિક એવી રીતે. બધા જ મુદ્દાને એક પછી એક સાથે જાડો તો આખી સફરનું વર્ણન થઈ જાય એ રીતે. પૂજાએ મને કહ્યું હતું કે, જ્યારે રાજેશ ટૂર પર જઈને પાછો ફરતો ત્યારે એ પૂજાને દરેક ટોપિક વિશે વિગતવાર વર્ણન કરીને સંભળાવતો હતો. પરંતુ અત્યારે તો અને આ શબ્દોના અર્થ સમજાવનાર કોઈ જ નહોતું હું અને પૂજા સાવ હેલ્પલેસ એની ડાયરીની સામે જાઈને મૂંઝવણ અનુભવત બેસી રહ્યા હતા. અને અત્યારે પણ મારી હાલત એવી જ હતી. એક એક શબ્દોના ઘણાબધા અર્થો કાઢીને હું એ સમજવાની કોશિશ કરી રહ્યો હતો છતાં એમાંથી કંઈ જ મને આઈડિયા મળતો નહોતો.

પહેલા શબ્દ '૧૮'નો મતલબ તો પૂજાએ જ મને કહ્યો હતો કે '૧૮' એટલે રાજેશની આ અઢારમી સફર. આની પહેલા એ સત્તર વખત અલગ અલગ જગ્યાએ સફર પર જઈ ચૂક્યો હતો. એણે એની દરેક

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સફરને નંબર આપી રાખ્યા હતા. દરેક સફરની શરૂઆતમાં એણે સૌથી પહેલા ડાબી સાઈડ બીજા બધા મુદ્દાની શરૂઆત કરતા પહેલા આ નંબર લખી રાખ્યા હતા. અને એ ઉપરથી અમારા માટે અનુમાન લગાવવું સરળ થઈ ગયું હતું.

પૂજાની બીજી પણ એક વાત ધ્યાનમાં રાખવા જેવી હતી કેરાજેશ ક્યારેય આડું અવળું લખતો નહીં. એના દરેક પોઈન્ટ એકબીજા સાથે સંકળાયેલા રહેતા. મતલબ કે ક્રમવાર એકપછી એક ઘટના જાણકારી પ્રમાણે એ નોંધ ટપકાવતો, મતલબ કે એ સફરમાં જેમ જેમ આગળ વધતો જાય એમ એમ એની નોંધ ક્રમબદ્ધ રીતે ડાયરીમાં લખતો કે જેથી એક સંગતતા જળવાઈ રહે.

'૭૯૮ રવિ' એ એનો બીજા શબ્દ હતો. જા આ શબ્દનો મતલબ ખ્યાલ આવી જાય તો એના પછીના શબ્દનો ઉકેલ મળવો સરળ થઈ જાય. મેં આ વિશે ઘણું વિચાર્યું કે '૭૯૮ રવિ' એટલે શું હોઈ શકે ? પહેલા ત્રણ શબ્દો આંકડામાં હતા એટલે એ કોઈ નંબર અથવા તો કોઈ સંજ્ઞા હોઈ શકે. એ પછી રવીનો મતલબ તો સૂર્ય થાય અથવા તો કોઈ વ્યક્તિનું નામ હોઈ શકે. એ બધાના બીજા પણ વિકલ્પો વિચારી જાયા. '૭૯૮ રવિ' ભેગા શબ્દનો પણ વિચાર કરી જાયો. બની શકે કે '૭૯૮ નંબરના મકાનમાં કોઈ રવિ નામનો વ્યક્તિ રહેતો હોય. પરંતુ એનો પણ મેળ નહોતો બેસતો. રાજેશે સફર નં. ૧૮ની શરૂઆત જ '૭૯૮ રવિ'થી કરી હતી અને એનો મતલબ તો એ થાયકે આ '૭૯૮ રવિ' શબ્દ જ સૌથી મહત્વનો હતો. શરૂઆતના શબ્દની જા કોઈ કડી મળી જાય તો પછી બાકીના તમામ શબ્દોના મણકા એની સાથે જ જાડાયેલા હતા અને એસમજવા સરળ બની જાય. હું ફરીવાર આખો ફકરો સાથે વાંચી ગયો. છેવટે કંટાળ્યો, વિચારી વિચારીને દિમાગનું દહીં થઈ ગયું હતું અને હવે તો એ પણ વિચારવા તૈયાર નહોતું. એકના એક શબ્દો હથોડાની જેમ મગજમાં ઠોકાયા હતા. જેના કારણે મારું મગજ બહેર મા રવા લાગ્યું હતું. ખરું ગણો તો અત્યારે આ સમયે મારી દુનિયા જ આ શબ્દોની આસપાસ ઘુમરાઈ રહી હતી. મને બીજું કંઈ સૂઝતું જ નહોતું. દુકાનમાં કામ કરતાં કરતાં ઘણીવાર આ જ શબ્દો મારા મોંમાતી આપોઆપ સરી પડતા હતા. દુકાનના કામમાં હું બેધ્યાન બનતો જતો હતો. આજે શનિવાર હતો અને આવતીકાલે રવિવારની રજા આવતી હોવા છતાં હું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વહેલો રજા લઈને ઘરે જવા નીકળી ગયો.

***

કેમ, દિકરા, આજે વહેલો જાગી ગયો ?' ગઈકાલની જેમ આજે પણ હું વહેલો ઊઠ્યો હતો. એટલે મમ્મીને આશ્ચર્ય થવું સ્વાભાવિક જ હતું.'કાલે સવારેય તું પાંચ વાગ્યામાં જાગી ગયો હતો. બરાબર ઊંઘ નથી આવતી કે શું ?' દરરોજ મમ્મી મને જગાડી જગાડીને થાકી જાય ત્યારે હું ઊઠતો .. અને બે દિવસથી હું વહેલા જાગ્યો એટલે બધાને નવાઈ લાગી હતી. હવે હું મમ્મીને કેમ કરીને સમજાવું કે મને તો રાત્રે પણ બરાબર ઊંઘ નથી આવતી. એટલે જ સવારે વહેલા ઉઠાઈ જવાય છે, છતાં મેં મારો બચાવ કર્યો. ...

અરે.. સાત તો વાગ્યા છે. આને વહેલું થોડું કહેવાય ? મેં પથારીમાંથી બહાર નીકળતાં કહ્યું.

'કેમ... આજે રજા નથી.?'

'રજા...? શેની રજા....? મને કંઈ યાદન આવ્યું કે આજે રજા શું કામ હોઈ શકે?' અને પછી અચાનક મને ખ્યાલ આવ્યો એટલે હસી પડ્યો.

'હું તો ભૂલી જ ગયો હતો કે આજે રવિવાર છે.'

'હા... હમણા બે ત્રણ દિવસથી તું સાવ બદલાઈ ગયો હોય એવું મને લાગે છે.' મને હસતો જોઈને મમ્મીએ પણ હસીને મને કહ્યું હું મારા રૂમની બહાર નીકળ્યો. પેપરવાળો પેપર નાખી ગયો હતો એટલે હું નિરાંતે પેપર હાથમાં લઈને વાંચવા બેઠો. અને આમ પણ આજે રવિવારની રજા હતી એટલે મને થોડી વધુ નિરાંત થઈ.

'અમીત...' મમ્મીએ રસોડામાંથી સાદ પાડ્યો. આજે રવિવાર છે તો સાંજે તું મને મંદિરે લઈ જઈશ.? મમ્મીએ મને પૂછ્યું.

'હા.. લઈ જઈશ.આમ પણ આજે રવિવાર છે એટલે તારા બધા કામનું લિસ્ટ બનાવીને તૈયાર જ હશે એટલે તું મને પૂછીશ નહીં તો પણ હું તૈયાર જ છું. મને ખબર હતી કે આખા અઠવાડિયા દરમિયાન જે કામો એનાથી ના થયા હોય એ રવિવારે મારે કરવાના આવતા. ક્યારેક ક્યારેક તો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રવિવારે મને બહુ જ કંટાળો આવતો.

'હે ભગવાન,... આ રવિવાર... હું મનોમન વિચારતો ગુજરાત સમાચાર હાથમાં લઈને વાંચવા લાગ્યો અને પછી... પછી.. મને અચાનક ઝાટકો લાગ્યો.

'હેં... આજે રવિવાર...' મતલબ કે રવિવાર... રવિ... અને ગુજરાત સમાચાર.... એટલે કે... એટલે કે... વાહ વાહ... હું ઝૂમી ઊઠ્યો. મારા રૂંવે રૂંવે આનંદ વ્યાપી ગયો. અને મને નાચવાનું મન થવા લાગ્યું. અચાનક સાવ ઓચિંતા જ વાત એવી બની ગઈ કે હું મારી ખુશીને કંટ્રોલ નહોતો કરી શકતો. આનંદના અતિરેકમાં હું ફોન તરફ દોડ્યો. મારી ઈચ્છા પૂજાને ફોન કરીને આ વાત જણાવવાની હતી એટલે ફોનનું રિસીવર હાથમાં ઉપાડી મેં પૂજાનો નંબર ડાયલ કર્યો અને પછી કંઈક વિચારીને મેં ફોન કટ કરી નાંખ્યો. વહેલી સવારમાં એને ફોન કરવાનું મને ઉચિત ન લાગ્યું. હું ફટાફટ તૈયાર થવા બાથરૂમમાં ઘૂસી ગયો.

જેકપોટ લાગ્યો હતો મને.... નહાતા નહાતા પણ મારા પગ થિરકી રહ્યા હતા. અને ખુશીનો માર્યો હું નાચી રહ્યો હતો. તૈયાર થઈને હું ઘરની બહાર નીકળ્યો ત્યારે હજુ નવ જ વાગ્યા હતા. એવું લાગતું હતું કે આજે સમય ખૂબજ ધીમો થઈ ગયો હતો. કેમેય કરીને મેં દસ વગાડ્યા. અને પછી પૂજાને ફોન કર્યો.

'હેલો...' પૂજાએ ફોન ઉપાડી કહ્યું. એનો સુરીલો અવાજ મને વધુ સુરીલો લાગ્યો.

'અમીત...'એના સેલમાં મારો નંબર સેવ કરેલો હતો એટલે એ તરત મને ઓળખી ગઈ.

પૂજા... એક ખુશખબર છે'

'શું ... ?'

આજે શું વાર છે....?'

'આજે ... રવિવાર.. છે. કેમ...? કંઈ નવીન છે આજે...'

'પહેલા મારી વાત સાંભળ... તારા ઘરે ન્યૂઝ પેપર કયું આવે છે... ? મને મજા આવતી હતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'એક પણ નહીં. કારણ કે અમે મંગાવતા જ નથી. પરંતુ તમે કેમ પૂછો છો? કોઈ ખાસ વાત છે? આમ પહેલી ન પૂછો. અને પ્લીઝ મને કહો કે શું વાત છે કે તમારા અવાજમાં આટલી ખુશી છલકાય છે. ...'

'અમારા ઘરે સમાચાર આવે છે. ગુજરાત સમાચાર.' મેં પૂજાની વાત સાંભળી ન સાંભળી કરતા કહ્યું.

'હા તો... આજે એમાં કોઈ ખાસ સમાચારા આવ્યા છે? પ્લીઝ અમીત... મને સમજાય એવી વાત કરો. તમારી વાતમાં હું કંઈ સમજતી નથી.'

અરે પૂજાજી.. કંઈક તો સમજા... થોડુંક વિચારો.. આજે વાર છે રવિ. અને મારા ઘરે ન્યૂઝ પેપર આવે છે ગુજરાત સમાચાર. તો હવે તમે રાજેશની ડાયરીના શબ્દો યાદ કરો એમાં આ જ બે શબ્દો લખેલા છે. 'રવિ' સમાચાર' હવે મારા બીજા એક પ્રશ્નનો જવાબ આપો કે રાજેશ એની છેલ્લી સફર પહેલેથી જ પ્લાન કરી હતી કે પછી એનો પ્રોગ્રામ અચાનક જ ગોઠવાયો હતો....?

'પહેલેથી એ ક્યારેય પ્લાન બનાવતો નહી. અને આ વખતે તો એણે બે ત્રણ દિવસની અંદર જ બધું ગોઠવ્યું હતું. એની આ ઉતાવળને કારણે જ એના મિત્રો એની સાથે જઈ શક્યા નહોતા.'

'બસ તો પછી તાળો મળી ગયો. રાજેશ રવિવારના ગુજરાત સમાચારમાં કંઈક એવું વાચ્યું હશે જેના કારણે એણે સિક્કિમ જવાનો પ્રોગ્રામ ઘડી નાખ્યો અને સિક્કિમ ગયો પણ ખરો. મારું અનુમાન તો એમ કહે છે કે ત્યાં જરૂર એવું કંઈક હશે કે જેના કારણે એના મિત્રોએ પ્રોગ્રામ કેન્સલ કર્યો છતાં એ એકલો ત્યાં ગયો.'

'અને પેલા '૭૯૮' એ આંકડાનું શું ?'

એનું અનુમાન પણ મેં લગાવ્યું છે. તું એક કામ કર, ત્યાં તારી આજુબાજુમાં કેલેન્ડર હોય તો હમણાંજ બધું કન્ફર્મ થઈ જસે. જરા ચેક કર કેલેન્ડરમાં તારીખ ૭-૯- ૦૮ને રવિવાર આવે છે કે નહીં ? મારો ઉત્સાહ વધતો જતો હતો. જે સમસ્યાને કારણે મારી રાતોની નીંદર હરામ થઈ ગઈ હતી. એ સમસ્યાનો ઉકેલ હાથવેંતમાંજ હતો જા મારું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અનુમાન સાચું હોય તો એ દિવસે તારીખ ૭-૯-૦૮ અને રવિવાર જ હોવો જાઈએ.

એક મિનિટ.. એક મિનિટ.... હું હમણાં જ જાઈને કહું છું.... પ્લીઝ હોલ્ડ અને પૂજાના અવાજમાં પણ ખુશી ભળી ચૂકી હતી. એણે ફોન સાઈડમાં મૂક્યો અને દિવાલ પર લટકતા કેલેન્ડર તરફ દોટ મૂકી. યુ આરરાઈટ અમીત.' તા. ૭-૯-૦૮ને રવિવાર ૭૨ જ હતો. 'ઓહ માય ગોડ અમીત...' યુ આર રિયલી અ જિનીયસ પરસન.' પૂજા ખુશીની મારી ઊછળી રહી હતી. એને તો વિશ્વાસ જ નહોતો આવતો એનો મતલબ આપણે ભઈની ડાયરીના આગળના એ બે શબ્દોનો ઉકેલ મેળવી લીધો છે એમ જ ને...'

'હા... બિલકુલ એમજ ...'

'હું તમને મળવા માગું છું.. બોલો ક્યાં મળીએ? પૂજા ખરેખર વિશ્વાસ નહોતી કરી શકી કે આટલી જલદી એ શબ્દોનો અર્થ મળી ગયો હતો. આ તરફ એવી જ હાલત મારી હતી. આજે સવારે અચાનક જ એ શબ્દોનો ઉકેલ મળી ગયો હતો. કલાક બાદ અમે કોફીકોર્નર પર હતા. પૂજા મારી પહેલા પહોંચી ગઈ હતી. કારણ કે જ્યારે હું પહોંચ્યો ત્યારે એ એની સ્કૂટીને સ્ટેન્ડ કરી એના ઉપર પગ પર પગ ચઢાવીને બેઠી હતી. મને જાઈને એ હસી પડી. એનો ચહેરો ચાડી ખાતો હતો કે એ બહુ જ ખુશ હતી. રવિવારનો દિવસ અને એમાંય સવારનો ટાઈમ હોવાથી અત્યારે ભીડ બિલકુલ નહોતી. હું ગાડી પાર્ક કરી પૂજાની સામે જાઈ રહ્યો. સાવ સાચું કહું તો હું પૂજાને જાઈને બધું જ ભૂલી જતો અને બસ એને જાયે જ રાખતો. આજે પૂજાએ સ્નો વ્હાઈટ કલરનો ડ્રેસ પહેર્યો હતો. વ્હાઈટ કલર એના રૂપને ખૂબ જ સૌમ્ય અને સુંદરતા બક્ષતો હતો. કુદરતની એ બેનમૂન કારીગરીને હું અપલક નજરે નિહાળી રહ્યો હતો. મને આ જ એક ડર લાગતો કે હું એના રૂપમાં ખોવાઈ જતો પછી બીજી કોઈ વસ્તુનું મને ધ્યાન રહેતું નહીં. એના ચહેરામાં એક અજબ શું ખેંચાણ હતું. જેને હું જાયા જ કરતો. એ હસતી ત્યારે એના જમણા ગાલમાં ખંજન પડતું. એ ખંજન અને એના મોતી જેવા સુંદર સફેદ એક પંક્તિમાં ગોઠવાયેલા દાંત એના હાસ્યને એકદમ મોહક બનાવતા હતા. આમ તો એની એક નાની અમથી મુસ્કાન પણ સામેવાળાને સંમોહિત કરવા પૂરતી હતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એઈ... આમ ટગર ટગર મારી સામે શું જુઓ છો? પૂજાએ હસીને મને ટપાર્યો. હું અપલક નજરે એને જાઈ રહ્યો હતો એટલે એ શરમાઈ ગઈ. 'લાગે છે કે આ પહેલા ક્યારેય કોઈ છોકરી જાઈ જ નથી.

'ઓહ... આઈ એમ સોરી..' હું છોભીલો પડી ગયો. હવે મારે એને કેમ સમજાવવું ૭૩ કે છોકરીઓ તો ઘણી જાઈ.. પરંતુ આવી બેનમૂન કુદરતની કારીગરીને પહેલીવાર જાઈ રહ્યો છું. મેં એના ચહેરા ઉપરથી નજર હટાવી લીધી. 'અંદર બેસીએ....?' શ્યોર પરંતુ આ પહેલા ....' પૂજાએ મારી સામે હાથ લંબાવ્યા. મેં કંઈક અસમંજસમાં એની સામે જાયું. હું સમજી ન શક્યો કે એ શું કરવા માંગે છે. મેં મારો હાથ એના લંબાયેલા મુલાયમ કોમળ હાથમાં મૂક્યો. એની હથેળીની નરમાશ હું મારા હાથમાં અનુભવી રહ્યો. 'થેન્ક યુ...'

'થેન્ક્ યુ શા માટે ?' મને ન સમજાયું.

'તમે મારી ખૂબ જ હેલ્પ કરો છો એના માટે હું તમને જેટલી વખત થેન્ક યુ કહું એ ઓછું પડશે. તમે હજી સુધી અમને સરખી રીતે ઓળખતા પણ નથી છતાં તમે મારી ઘણી મદદ કરી રહ્યા છો. અમારા કારણે તમને ઘણી તકલીફ પડતી હશે છતાં તમે અમારા માટે ઘણું કરો છો. મને યાદ છે કે જ્યારે મેં તમને પહેલીવાર ફોન કરીને અહીં મળવા બોલાવ્યા હતા ત્યારે હું નહોતી જાણતી કે શા માટે હું એક અજનબી વ્યક્તિને મળવા જઈ રહી છું. છતાં આપણે મળ્યા. અને મારા દિલથી એવી લાગણી થઈ કે હું તમારી સાથે મારી લાગણીઓ શેર કરું અને એમ જ મેં કર્યું. અત્યારે મને મારા એ ફેંસલા પર જરા પણ અફસોસ નથી થાતો, અરે, ઊલટાની મારી ખુશી બેવડાઈ ગઈ છે કે મને તમારા જેવા એક ખૂબ જ સારા વ્યક્તિની ઓળખાણ થઈ. વન્સ અગેઈન અમીત... થેન્ક યુ સો મચ. શું આપણે સારા મિત્રો બની શકીએ ?' પૂજાની નજરો મારી નજરો સાથે ટકરાઈ. એની આંખોમાં એક સચ્ચાઈ મને દેખાઈ.

જુઓ.... હું તો ક્યારનો તમને મારા મિત્ર માની ચૂક્યો છું અને મિત્રતામાં નો પ્લીઝ... નો સોરી એન્ડ નો થેન્ક યુ... સાચી મિત્રતાને આ શબ્દોના સહારાની જરૂર હોતી જ નથી. મિત્રતા તો ભાવનાઓ અને એકબીજા પ્રત્યેના આદર અને ઋણાનુબંધનો સંબંધ છે. સારા મિત્રો મળવા એ પણ ભાગ્યની વાત છે. આમ પણ તમે જેવું અનુભવ્યું એવું જ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મારા આત્માએ મને કહ્યું હતું. હું કોઈ જ ઓળખાણ વગર મારી સમસ્યાના ઉકેલ માટે તમારા ઘરે આવ્યો હતો, ત્યાં આવીને તમારા દુઃખ અને તકલીફો જાયા ત્યારે મને સમજાયું કે તમારી તકલીફ સામે મારી સમસ્યા તો સાવ તુચ્છ હતી. હું તો તમને ધન્યવાદ આપું છું કે આવી વિકટ અને વિષમ પરિસ્થિતિમાં પણ તમે સ્વસ્થતા જાળવી સમસ્યાનો સામનો કરી રહ્યા છો.'

મેં કહ્યુ. હવે ચાલો... આપણે અંદર બેસીએ...'

અમે અંદર ગયા. અંદર વાતાવરણ ખુશનુમા હતું. હજી સવારની ભીનાશ અનુભવાતી હતી. અને મારા નસીબજાગે એ ભીનાશમાં તાજગી સમી પૂજા અત્યારે મારી સાથે હતી. અમે એ જ કોર્નર પર ગોઠવાયા જ્યાં અમે પહેલીવાર મળ્યા ત્યારે બેઠા હતા. કોફી કોર્નરની એક ખાસિયત હતી કે તમે અહીં તમારી મરજી મુજબ ગમે તેટલા લાંબા સમય સુધી બેસો તો કોઈ તકલીફ નહોતી અને એના કારણે જ અહીં કાયમ સારી એવી ભીડ રહેતી. આજે રવિવાર હતો. એટલે કાયમ જેટલી ભીડ તો નહોતી છતાં ઘણાં જુવાન છોકરા છોકરીઓ અમારી આસપાસ બેઠા હતા.

એમ સમજા ને કે કોફી કોર્નરનું વાતાવરણ કાયમી રોમેન્ટીક જ રહેતું. ઘણાં ખૂબસૂરત ચહેરા અને લાગણીશીલ દિલોના મિલન અહીં જ થતા હતા.

'પૂજાજી.. તો આજે શું પીશો ?'

'એઝ યુઝઅલ... સિમ્પલી કોફી.'

'ના, આજે કંઈક સ્પેશ્યલ થઈ જાય...'

'કેમ ? કોઈ ખાસ વાત છે આજે ...?'

'ખાસ વતા છે. બે અજનબી વ્યક્તિઓ આજે સારા મિત્રો બનવા જઈ રહ્યા છે. એની ખુશીમાં કંઈક તો ખાસ જાઈએ જ ને... બોલો શું ચાલશે...?'

'હું... કોલ્ડ કોફી વીથ આઈસક્રીમ.'

'ઓ.કે. મેમ.. આઈ એમ એટ યોર સર્વિસ.... હું હમણાંજ લઈને આવ્યો.' ઊભો થઈને હું કોફી કાઉન્ટર તરફ ચાલ્યો. આજે મારો મૂડ ખૂબ

https://telegram.me/booksmag

ઐસે મજેદાર મેગેજીન પઢ઼ને કે લિયે હમારી ટેલીગ્રામ ચેનલ સે જુડે ઇસકે લિએ ટેલીગ્રામ મેં સર્ચ કરે @booksmag ઓર join પર ક્લિક કરે

જ સારો હતો. એનું એકકારણ તો એ હતું કે મને રાજેશની ડાયરીમાં લખેલી પહેલી નોંધનો ઉકેલ સાવ અચાનક જ મળી ગયો હતો અને બીજું કારણ પૂજા હતી. એ મારી સાથે હોય ત્યારે મને ખૂબજ ગમતું. હું મનોમન એને પસંદ કરવા લાગ્યો હતો.એ નખશીખ સુંદરતાની જીવતી જાગતી મૂર્તિ હતી. અને છતાં એકદમ સાફ અને લાગણીશીલ દિલની હતી. ૭૫ અને એની સુંદરતાનું જરાપણ અભિમાન નહોતું કે નહોતો એના વ્યવહારમાં જરાપણ ગરૂર, એ જ વાત એને વધુ સુંદરતા બક્ષતી હતી. એના દિલની લાગણીઓ એના ચહેરાની સુંદરતા વધારતી હતી.

આ તરફ પૂજા પણ અમીત વિશે એવું જ વિચારી રહી હતી. પૂજા અમીતને જાઈ રહી હતી. અમીતની નીલી નીલી આંખો કંઈક અજીબ સંવેદન ઊભું કરતી હતી. અને એના દિલોદિમાગ ઉપર સપ્રમાણ એકવડિયો પણ મજબૂત બાંધો. થોડા પહોળા ખભા, ખભાના પ્રમાણમાં થોડી પાતળી કહી શકાય એવી કમર,ચહેરા ઉપર કાયમ રહેતી આછી મુસ્કુરાહટ અને થોડા નાના પણ વ્યવસ્થિત રીતે ઓળેલા વાળમાં એ સોહામણો લાગતો હતો. ગમે તે છોકરાની કલ્પના કરતા હોઈએ એવી જ પ્રતિકૃતિ હતી અમીતની. પૂજાને જાણ હતી કે અમીતે જ્યારે પહેલીવાર એને જાઈ હતી ત્યારે કોઈ બાધાની જેમ એ એને જાતો જ રહી ગયો હતો. એસારી રીતે જાણતી હતી કે ત્યારે અમીત એની સુંદરતામાં ખોવાઈ ગયો હતો છતાં એ પછી એણે પોતાની જાતને સંભાળી લીધી હતી. અને એ કાયમ એક સંસ્કારી છારા વ્યક્તિની જેમ જ એની સાથે વર્ત્યો હતો. ક્યારેય એના વાણી કે વર્તનમાં ઉછાંછળાપણું પૂજાને વર્તાયું નહોતું. એ જ ખાસિયત પૂજાના દિલને સ્પર્શી ગઈ હતી. એના પોતાના ગૃપમાં ઘણાંબધા મિત્રો હતા. આજે પહેલીવાર એના દિલની નજીક કોઈ દસ્તક દઈ રહ્યું હતું. અમીત જેવા સારા મિત્રને મેળવીને એ ખુશ હતી.

'કોફી... શું વિચારમાં ખોવાઈ ગયા ? અમીતે કોફીના મગ ટેબલ પર મૂકતાં કહ્યું. એણે નોટિસ કર્યું હતું કે પૂજા એકધારું એની સામે જાઈને કંઈક વિચારતી હતી.

ઓહ... કંઈ નહીં. પૂજાએ પોતાના ભાવોને છૂપાવવા કોશઈશ કરી.

'તો આપણે મુખ્ય વાત ઉપર આવીએ....? મેં પૂજાની સામે બેઠક

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લીધી અને કોફીનો ઘૂંટ ગળા નીચે ઉતાર્યો. પૂજાના જવાબની રાહ જાયા વગર મેં વાત આગળ ચલાવી. 'મને એવું લાગે છે કે કુદરત આપણી ફેવરમાં જ છે. હજી ગઈકાલ સુધી મુશ્કેલ લાગતી બાબતોને કેટલી સહેલાઈથી આપણને જવાબ મળ ગયો. એક પહેલી જેવું લાગતું હતું એ ચપટી વગાડતાં સરળ થઈ ગયું. હું એ બાબત વિશે જ સવારનો ૭૬ વિચારુ છું અને મારું અનુમાન એમ કહે છે કે તારીખ ૭-૯-૦૮ ના દિવસે, રવિવારે, ગુજરાત સમાચારમાં જરૂર એવું કંઈક હશે જેના કારણે રાજેશ સિક્કિમ જવા પ્રેરાયો હશે. આપણે એ જાણવું બહું મહત્વનું છે કે તે દિવસના ગુજરાત સમાચાર પેપરમાં એવું તે શું હતું ? જા આપણને એ જાણવા મળી જાય તો પછી બાકીના મુદ્દાની જાણકારી મેળવવી સરળ થઈ પડશે માટે સૌથી પહેલા તો આપણે રવિવારનું સમાચાર પેપર શોધીએ.'

'તમારા ઘરે તો ગુજરાત સમાચાર આવે છે ને ? પૂજાએ મને કહ્યું.

'આવે તો છે, પરંતુ કદાચ એ પસ્તીમાં અપાઈ ગયા હશે. આમ પણ જા હું સવાર સવારમાં જૂના પેપર ફંફોળવા બેસત. તો મારી મમ્મી એટલા બધા સવાલો કરત કે એના જવાબો આપવામાં જ બપોર પડી જાત. આપણે એક કામ કરીએ. નર્મદ લાઈબ્રેરીમાં જઈએ. આજે રવિવારે લાઈબ્રેરી ખુલ્લી જ હશે. અને ભીડ પણ નહિવત જ હશે.

લગભગ અડધા કલાક પછી અમે લાઈબ્રેરીમાં હતા. ત્યાં ચપરાસીને કહ્યું એટલે એ નવેમ્બર ૦૮ના મહિનાનો આખો બંચ અમાર સામે મૂકી ગયો. નવેમ્બર ૦૮ની સાત તારીખનું પેપર શોધીને એ ખોલ્યું. પહેલા પાનાથી છેલ્લા પાના સુધીની ઈંચેઈંચ જગ્યા વાંચી નાંખી. નાનામાં નાની વિગત અરે જાહેરખબર સુધ્ધાં ખોળી નાખી. બે વખત ત્રણ વખત વાંચવા છતાં અમને સિક્કિમ કે એના બીજા કોઈ આર્ટિકલ વિશે જાણવા ન મળ્યું. મને નિરાશા થતી હતી કે આમાં તો કાંઈ હાથ ન આવ્યું. તો શું રાજેશે બીજા કશાક વિશે નોંધ કરી હશે. ? જા આમ જ હોય તો પછી અમે ફરી પાછા હતા ત્યાં ને ત્યં આવીને ઊભા રહી ગયા. મેં પૂજાની સામે જાયું, એ હજી પાના ફેરવી રહી હતી. અને જાણે અચાનક એને કંઈક સૂઝ્યું હોય એમ એણે પેપર બંધ કર્યું એ પછીના એટલે કે સોમવારના પેપરનું પહેલું પાનું ખોલવા લાગી.

'અમીત... ને ખ્યાલ છે ને કે રવિવારના પેપર સાથે એક્સ્ટ્રા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'રવિપૂર્તિ' પણ આવે છે.' એ મને ક્યારેક તમે તો ક્યારેક તુંકારે બોલાવી લેતી હતી. મેં જવાબ ન આપ્યો અને તે શું કરે છે એના ઉપર ધ્યાન આપ્યું. મારા આશ્ચર્ય વચ્ચે એના હાથમાં રવિવારની પૂર્તિ હતી. એ પૂર્તિ સોમવારના પેપરમાં અટવાઈ ગઈ હતી. જે પૂજાએ શોધી કાઢી હતી. પૂર્તિને એણે ટેબલ પર ફેલાવી અને આંખો ઝીણી કરીને એ વાંચવા લાગી. હું એની તરફ ખસ્યો અને એના ચહેરા ઉપરથી વાંચવાની કોશિશ કરવા લાગ્યો. એ ધ્યાનથી દરેક વિગત એકેએક લેખ તપાસી રહી હતી. અચાનક એ એક જગ્યાએ અટકી. મારી નજર પણ એ જ્યાં અટકી હતી ત્યાં સ્થિર થઈ. એ 'વિશ્વ' નામનું આર્ટિકલ હતું. આર્ટિકલના હેડિંગમાં જ અમને અમારી શોધનો અંત થયો હોય એવું લાગ્યું. અમારે જે જાણવું હતું એ તમામ લખ્યું હતું એમાં.

મેં એ આર્ટિકલ ધ્યાનથી વાંચવાનું શરૂ કર્યું. જેમ જેમ હું આર્ટિકલને વાંચતો ગયો. એમ એમ આશ્ચર્ય અને હેરતથી મારું મોં ખુલ્લું ને ખુલ્લું જ રહી ગયું. એવી જ કંઈક પૂજાની હાલત હતી. એ લેખમાં જે વિગતો લખેલી હતી. એ હેરત પમાડે તેવી અને અવિશ્વસનીય હતી. કોઈપણ વ્યક્તિ એ વાંચે તો એને આશ્ચર્ય થયા વિના ન રહે અને એ વિશ્વાસ ન કરી શકે કે આવું પણ આ દુનિયામાં બનતું હશે. એવી જ હાલત મારી અને પૂજા, અમારા બંનેની હતી. અમે માની નહોતા શકતા કે જે વાત આ લેખમાં લખેલી છે એ હકીકત છે કે પછી કોઈ કલ્પના. આવું કેમ બનતું હશે? અમને ધીરે ધીરે ખ્યાલ આવ્યો કે શા માટે રાજેશ સિક્કિમ જવાનો પ્રોગ્રામ બનાવ્યો હતો. આ લેખ વાંચીને કોઈ પણ ઈતિહાસપ્રેમીને એ જગ્યાનું આકર્ષણ, ખેંચાણ થયા વગર ન રહે... અરે. સામાન્ય વ્યક્તિને પણ જરૂર એમાં રસ પડે જ. છથાં એ ખૂબ ભયાનક હતું. સામાન્ય વ્યક્તિ તો ત્યાં જવાની હિંમત કરે જ નહીં. પરંતુ આ રાજશ હતો, એ એકલો સિક્કિમ ગયો હતો અને એની એણે બહુ ભારે કિંમત ચૂકવવી પડી હતી. એ એક લેખમાંથી અને ઘણા બધા મુદ્દાઓના જવાબ મળી ગયા હતા જે રાજેશે એની ડાયરીમાં લખ્યા હતા. 'કેન્સલ સિંગલ' સુધીના ઉકેલો એ લેખમાં જ હતા.

'વિશ્વ' મતલબ અમે જે લેખ વાંચી રહ્યા હતા એ લેખનું ટાઈટલ 'વિશ્વ' હતું. જ્યારે 'ઉપૂસિ'નો મતલબ 'ઉત્તર પૂર્વ સિક્કિમ' એવો થતો હતો. 'પાંગુસ' એ સિક્કિમમાં જ આવેલા એક સરોવરનું નામ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતું અને આ લેખ એની ઉપર જ લખાયેલો હતો. 'પાંગુસ' જ આખા લેખનું ભેદભરમવાળું સ્થળ હતું. અને એના ખેંચાણથી જ ૭૮ રાજેશ ત્યાં ગયો હતો. 'નો રિટર્ન'નો મતલબ તો 'નો રિટર્ન' જ થતો હતો. આજ સુધીમાં ઘણા બધા માણસોએ એ 'પાંગુસ' સરોવર સુધી જવાની હિંમત કરી હતી. અને એ તમામ લોકો ત્યાંથી પરત ફર્યા નહોતા. મતલબ કે એ બધા જ 'નો રિટર્ન' હતા. ગયા તે ગયા. રીટર્ન કોઈ આવ્યું નહોતું. અને જે લોકો ત્યાંથી બેસીને પાછા આવ્યા હતા એમની હાલત અત્યંત કપરી થઈ હતી. જ્યારે 'કેન્સલ સિંગલ'નો મતલબ એવો થતો હતો કે રાજેશના મિત્રોનું રાજેશ સાથે જવાનું કેન્સલ થયું હતું. એટલે જ એ એકલો 'સીંગલ' ત્યાં જવા રવાના થયો હતો.

આ આખો લેખ મારી સમજની બહાર હતો. હું જ વાંચી રહ્યો હતો એ ખરેખર અચરજ પમાડે એવું અને હેરત માંડે તેવું હતું. મને તો એ પણ સમજમાં નહોતું આવતું કે આ લેખમાં સાફ સાફ શબ્દોમાં લખેલું છે કે એ જગ્યાએથી પાછું કોઈ આવ્યું નહોતું. તો શા માટે રાજેશ જેવો હોનહાર છોકરો ત્યાં ગયો હતો.... અને એ પણ પાછો એકલો. મેં ફરીવાર એ લેખ વાંચ્યો. નાનામાં નાની વિગત વાંચી. એ લેખનો સાર કંઈક આ પ્રમાણે હતો....

'સમસ્ત વિશ્વમાં એવા ઘણાં બધા સ્થળો એવા છે જે વિસ્મયકારક અને અદભૂત છે, અપાર રહસ્યોથી ભરેલા છે. એવુંજ એક સ્થળ આપણા ભારતમાં ઉત્તર પૂર્વ સિક્કિમ રાજ્યમાં આવેલું છે. એ સ્થળે અનેક લોકોનો ભોગ લીધો છે. એ 'પાંગુસ' નામનું રહસ્યમય સરોવર છે. એ સરોવર પાસે જનાર વ્યક્તિ ભાગ્યેજ જીવતો રહે છે. અથવા તો સદાયના માટે ગાયબ થઈ જાય છે. અરે.. એક બે વ્યક્તિ નહીં. આખેઆખો સમુદાય આ રીતે ગાયબ થઈ ગયા હોય એવા પણ કિસ્સા બન્યા છે. અને એટલે જ આ સરોવરને 'અ લેક ઓફ નો રિટર્ન' કહે છે. હજુ સુધી આ ભયાવહ સરોવર વિશેની પાકી માહિતી મળી શકી નથી. ઘણા બધા લોકોએ આ વિશે જાણવાના પ્રયત્નો કર્યા છે પરંતુ તેમાં એ કદી સફળ થયા નથી. કે નથી એના વિશે વધુ પાકી જાણકારી મેળવી શક્યા.

આ સરોવર અને તેની આસપાસની જગ્યા ભયાનક અને અત્યંત ડરામણી છે. સરોવરની આસપાસનો વિસ્તાર એકદમ વેરાન વગડા જેવો બિહામણો છે. ત્યાં પશુપંખી ૭૯ તો શું જીવજંતુની જાત પણ જાવા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મળતી નથી. સરોવરની આસપાસ લગભગ ઘણા લાંબા વિસ્તાર સુધી કોઈ ગામ કે કસબો કબીલો છે જ નહીં. પણ દૂર દૂર જે કબીલાઓ છે ત્યાંના લોકો પણ આ સ્થળનું નામ પડતાં જ ફફડી ઉઠે છે. ત્યાં જવાની કે એ તરફ જાવાની પણ હિંમત ભાગ્યે જ કોઈ કરે. એ વેરાન વગડા જેવા પ્રદેશમાંથી ત્યાંના ગામવાસીઓને ચિત્ર વિચિત્ર અવાજ સંભળાય છે. કોઈપણ વ્યક્તિ આની તપાસ કરવા જઈ શકતી નથી. અને જાય તો એ પોતે ભારે મુસીબતમાં મુકાઈ જાય છે અને કોઈ તો એ વિસ્તારની ભેદી ચુંગાલમાં ફસાઈને સદાયને માટે ગુમ થઈ જાય છે. લોકવાયકા પ્રમાણે બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાનીઓની અને અંગ્રેજાની સૈન્યની આખેઆખી બટાલીયનો આ વિસ્તારમાં પહોંચતા જ ગૂમ થઈ ગઈ હતી. હજી હમણાંજ તો એ લોકો શસ્ત્ર સરંજામ સાથે કુચ કરી રહ્યા હતા અને ઘડીભરમાં તો તમામે તમામ હવામાં અદૃશ્ય થઈ ગયા હતા. ન મળે સૈનિકો કે ટેન્કો, કે બખ્તરબંદ ગાડીઓની નામોનિશાની. અંગ્રેજા અને જાપાનીઓએ પોતાના લશ્કર વિશે જાણકારી મેળવવા સઘન તપાસ કરાવી પરંતુ એમને ક્યાંય કોઈ સગડ મળ્યા નહીં. એમને શોધવા જનારા પણ કેટલાક ગાયબ થઈ ગયા. એ વિસ્તારની હેલિકોપ્ટર દ્વારા તસવીર લેવાના પણ ઘણા પ્રયાસો થયા પરંતુ ક્યારેય એની તસવીર આવી જ નહીં. પિક્ચર ફ્રેમમાં ખાલી વ્હાઈટ બેકગ્રાઉન્ડ જ આવતું. આવી તો ઘણી બધી વાયકાઓ અને હકીકતો છે એ સરોવર વિશે. આને લીધે ત્યાંના આસપાસના કબીલાવાળા એ જગ્યાને શેતાનનું મુખ કહે છે કે જ્યાંથી કોઈ પાછું ફરતું જ નથી. ત્યાં ગયેલી વ્યક્તિ કે સમુદાયને એ જગ્યા ગળી જાય છે. અરે... કેટલાક તો એવું અનુમાન પણ કરે છે કે એ જગ્યામાં પરગ્રહવાસીઓ રહે છે અને ત્યાં જાય એને ગાયબ કરી દે છે....

આજના આધુનિક સમયમાં પણ એ પાંગૂસ સરોવર એટલું જ રહસ્યમય છે.'

હું એક જબરજસ્ત રહસ્યમય, સસ્પેન્સ, અને ભયાનક સ્ટોરી વાંચી રહ્યો હોઉં એવું મને લાગ્યું. મારું મસ્તિષ્ક આ માનવા તૈયાર નહોતું કે આવી પણ જગ્યા આજે હયાત છે. મેં પૂજા સામે દૃષ્ટિ કરી. મારી જેમ જ એ પણ આશ્ચર્યના મહાસાગરમાં ગરકાવ થઈ ચૂકી હતી. એના ચહેરા પર દુઃખમિશ્રિત અવિશ્વાસના ભાવો રમતા હતા. દુઃખ એ ૮૦ વાતનું હતું કે રાજેશ આવી ખૌફનાક જગ્યાએ ગયો હતો અને અવિશ્વાસ એ

https://telegram.me/booksmag

ઐસે મજેદાર મેગેજીન પઢને કે લિયે હમારી ટેલીગ્રામ ચેનલ સે જુડે ઇસકે લિએ ટેલીગ્રામ મેં સર્ચ કરે @booksmag ઓર join પર ક્લિક કરે

હતો કે આવી ભેદ ભરમવાળી જગ્યા પણ હોઈ શકે. થોડીવાર સુધી તો અમને બંનેને કંઈ બોલવાનું ન સૂઝ્યું. અને એકબીજા સામે જાઈ રહ્યું. 'તને કંઈ ખ્યાલ આવે છે પૂજા....?' મેં પૂજાને આઘાતમાંથી બહાર લાવવા માટે કહ્યું. 'જા આ લેખમાં જે લખ્યું છે એ સાચું માનીએ તો તને ખબર પડે છે કે આ કેટલી ગંભીર બાબત છે.? રાજેશ હાથે કરીને મોતના મુખમાં ગયો હતો. છતાં એક વાત વિચારવા જેવી છે કે રાજેશ ત્યાંથી તો સહીસલામત પાછો આવ્યો હતો અને અહીં સુરતમાં એના ઉપર ફાયરિંગ થયું હતું. શા માટે....?'

'એ જ પ્રશ્ન મને મૂંઝવી રહ્યો છે.'

'એ લેખમાં લખ્યું છે કે પાંગુસ સરોવર સુધી ગયેલો વ્યક્તિ પાછો આવતો નથી. અને રાજેશ આ લેખ વાંચીને જ સિક્કિમ ગયો હતો. મતલબ કે મતલબ કે ...'હું આખી વાત સમજવાની કોશિશ કરી રહ્યો હતો. એ પાંગુસ સરોવર એક કુદરતી સ્થળ છે. જ્યારે રાજેશ ઉપર ફાયરિંગ કોઈ વ્યક્તિએ કર્યું હતું અને એ પણ અહીં સુરતમાં.

પૂજા... તો પછી આનો મતલબ એવો નીકળે કે રાજેશ એ સરોવર સુધી પહોંચ્યો જ નહીં હોય. નો ડાઉટ એ આ લેખ વાંચીને પાંગુસ સરોવર જવા જ અહીંથી રવાના થયો હતો છતાં મને એવું લાગે છે કે એ સરોવર સુધી પહોંચે એ પહેલા જ એવી કોઈ ઘટના ઘટી હોવી જાઈએ કે જેના કારણે એ પાછો ફર્યો હતો અને પછી અહીં એ જ ઘટનાને કારણે એના પર ફાયરિંગ થયું હતું.'

'હંમમ.. ઓ.. કે... મને લાગે છે કે હવે આપણે જવું જાઈએ.' અચાનક પૂજાએ ઊભા થતા કહ્યું. 'આ પેપરનું કટિંગ અથવા તો એની ઝેરોક્ષ આપણે અહીંથી લેવી રહી.' એના અવાજમાં ધ્રુજારી અને ચહેરા પર ગભરામણ સ્પષ્ટ વર્તાતી હતી. એ કંઈક વિચારી રહી હતી અથવા તો ભયંકર અસમંજસમાં હતી.

'એ તો હું મેળવી લઈશ, પરંતુ આમ અચાનક તને શું થયું ?'

'અમીત... પ્લીઝ મારે ઘરે જવું છે. મને આ બધું ખૂબ જ ભયાનક લાગે છે. અમારી સાથે જે ઘટના બની એ સામાન્ય તો નથી જ અને એના ઉપરથી આ લેખમાં જે લખ્યું છે એ મારું મન તો સ્વીકારે છે કે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આ બધું સત્ય જ હોવું જાઈએ. જા આ સત્ય છે તો પછી તું જ વિચાર કે અમે કેવા ભયંકર વમળમાં ફસાયા છીએ. અમારું જીવન એક સામાન્ય કુટુંબ જેવું હોય એનાથી વિશેષ કંઈ નથી. આ બધી બાબતો મારા માટે એક ભયાનક સ્વપ્ન સમાન છે. રાજેશ એક એવી જગ્યાએ ગયો હતો કે જ્યાંથી આ જ સુધી કોઈ પાછું આવ્યું નથી.. એ પાછો તો આવ્યો પરંતુ એની સાથે મુશીબતોને અમારા ઘરનું સરનામું આપીને આવ્યો. એક પછી એક ઘટનાઓ એવી બની છે કે ઉપાધિઓ અમારો પીછો છોડતી નથી. હું મુંઝાઈ રહી છું અમીત... કે અમારું શું થશે? શું અમે આમાંથી ક્યારેય બહાર નીકળી શકીશું? હું અત્યારે ઘરે જવા માગું છું. પ્લીઝ.. તું મને નહીં રોકતો. આપણે પછી ક્યારેક મળીશું...'

'ઠીક છે.. હું અત્યારે તને નહીં રોકું. તું શાંતિથી બધું વિચારી જા. અને પછી મને ફોન કરજે. બિલકુલ ગભરાયા વગર હિંમતથી આનો સામનો કરવો પડશે. આગળ તો સમય જ આપણને કહેશે કે આપણે શું કરવું. તું એટલો વિશ્વાસ રાખજે કે આમાં તું એકલી નથી. હું પણ હંમેશા તારી સાથે જ છું.

થેન્ક્યુ અમીત...'પૂજાએ પર્સમાંથી ગાડીની ચાવીકાઢી અને બહારની તરફ પગ ઉપાડ્યા. હું તેને જતી જાઈ રહ્યો. એ સાચે જ ગભરાઈ ગઈ હતી. પછી હું એ પેપરની ઝેરોક્ષ મેળવવાની પળોજાણમાં પડી ગયો.

***

બીજા દિવસે છેક સાંજે છ વાગ્યે પૂજાનો ફોન આવ્યો, ત્યાં સુધી મેં પણ એને ડિસ્ટર્બ નહોતી કરી. પૂજાએ ને કહ્યું કે આ તમામ વાતો એણે એના ઘરે કહી હતી. કારણ કે હવે આ સંજાગોમાં એના મમ્મી પપ્પા ને આ વાત કહેવી પડે એમ જ હતી. ગીરીશભાઈ અને યશોદાબહેને જ્યારે આ આખી વાત સાંભળી ત્યારે તેઓ પણ ચોંકી ઊઠ્યા હતા. અને ચિંતીત થઈ ગયા હતા. એ લોકોએ બહુ જ વિચારીને આ આખી વાત ઈન્સ. ચાવડાને કહેવાનું નક્કી કર્યું. એટલે જ પૂજાએ મને ફોન કર્યો હતો. પૂજાની ૮૨ વાત સાંભળીને હું તરત ઊભો થઈ પેલી ઝેરોક્ષ કોપી મારી બેગમાં મૂકી અને બહાર નીકળીને બાઈકને કીક મારી.

વીસ મિનિટની અંદર હું ઈન્સ. ચાવડા સામે પોલીસ સ્ટેશનમાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બેઠો હતો. પૂજા એ તેના મમ્મી પપ્પા મારી પહેલા પહોંચી ચૂક્યા હતા. અને એમણે તમામ વિગતો ચાવડાને જણાવી દીધી હતી. ચાવડાએ મારી પાસે એ પૂર્તિ માંગી એટલે મેં બેગમાંથી પેલી ઝેરોક્ષ કાઢીને એના ટેબલ પર મૂકી. ચાવડા એ ધ્યાનથી વાંચી ગયા. મેં પૂજા સામે જોયું. એ ગઈકાલ કરતાં આજે વધુ ફ્રેશ લાગતી હતી. એણે મારી સામે શાંત રહેવાનો ઈશારો કર્યો. એટલે હું કંઈ બોલ્યા વગર બેસી રહ્યો. ચાવડાએ એ વાંચીને પાછું ટેબલ પર મૂક્યું. એના હાવભાવ પરથી કળવું મુશ્કેલ હતું કે એ શું વિચારતા હતા.

'હંમમ.. સ્ટોરી તો ઈન્ટરેસ્ટિંગ છે. .. કોઈ સપ્સેન્સ થ્રિલર ફિલ્મ જેવું. એવું લાગ્યું કે જાણે હું કોઈ હોલીવુડ મુવી જાઈ રહ્યો હતો. આ દુનિયામાં ઘણી બધી અજીબોગરીબ જગ્યાઓ છે કે જેના વિશે આપણે જાણતા નથી. આ લેખમાં પણ એવું જ કંઈક છે જે રાજેશે વાચ્યું. વાંચીને એ ખાલી બેસી ન રહ્યો.... પરંતુ એ ત્યાં ગયો. અને એ જગ્યાએ પાછો પણ આવી ગયો. જ્યારે આમાં લખ્યું છે કે એ જગ્યાએ ગયેલું કોઈ પાછું નથી આવ્યું. એટલે એવું માની શકાય કે શક્ય છે કે આ લેખ ખોટો હોય અથવા રાજેશ એ જગ્યાએ પહોંચ્યો જ ન હોય. રાજેશ રીટર્ન આવ્યો અને એના બીજા જ દિવસે એના પર કોઈએ ગોળી ચલાવી.. ગુડ... વેરી ઈન્ટરેસ્ટીંગ... સરસ છે આ બધું. અમારા બધા સામે એ નજર ફેરવતા બોલ્યા... જુઓ ગીરીશભાઈ... અમારું કામ છે લોકોને મદદ કરવાનું. જે અમે કરી રહ્યા છીએ. રાજેશના કેસમાં પણ અમે ઘણી મહેનત કરી છે. અને એટલેજ એક સમયે એનો જીવ બચાવ્યો હતો. મને તમારા પ્રત્યે ઘણી લાગણી છે. એટલે હું જે કહું તે ધ્યાનથી સાંભળો.' ચાવડાના ચહેરા પર મૂંઝવણના ભાવ ઊપસી આવ્યા હતા. મને એવું લાગ્યું કે એ જરૂર કોઈ ગંભીર વાત કહેવા માંગે છે. અને મારું અનુમાન સાચું નીકળ્યું.

મેં તમને એટલા માટે અહીં બોલાવ્યા છે કે હું માનું છું એના કરતાં ઘણો વધારે ગંભીર છે આ કેસ. આ કેસ દિવસે ને દિવસે વધુ ગુંચવાઈ રહ્યો છે. આજે સવારે જ મને ૮૩ ઉપરથી ઓર્ડર મળ્યો કે મારે આ કેસને સંકેલી લેવો. અને તમામ વિગતો રફેદફે કરી નાખવી. હું આ ઓર્ડર હજુ સાંભળું છું ત્યાં જ તમારો ફોન આવ્યો અને આ બાબત સામે આવી. અહીં ઉપરથી કોઈક એવું ઈચ્છે છેકે આ કેસ બંધ થઈ જય અને એટલે જ મારા ઉપર દબાણ આવ્યું છે. હવે જા હું આ હુકમ નહીં માનું તો મારું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ટ્રાન્સફર નક્કી છે અને જે નવો ઈન્સ. આવશે એ એમનો માનીતો જ હશે અને એ ચોક્કસ આ કેસને બંધ કરી દેશે એની મને પૂરેપૂરી ખાતરી છે.' 'પરંતુ સર...' મેં વચ્ચે બોલવા પ્રયત્ન કર્યો પરંતુ ચાવડાએ હાથ ઊંચો કરીને મને રોક્યો.

'પહેલા મારી વાત પૂરી સાંભળી લો... મેં જે હમણાં કહ્યું એવું ન થાય એ માટે મારે આ કેસને અહીં જ બંધ કરવો પડશે, અને કાયદેસર રીતે આ કેસ બંધ થઈ જાય એમાં જ બધાને ફાયદો છે. કારણ કે મને એવું લાગે છે કે આની પાછળ કોઈ મોટા આદમીનો હાથ છે. એ લોકો ગમે તે કરી શકવા સમર્થ છે. ભવિષ્યમાં એ લોકો મતાર પરિવાર માટે પણ ખતરો બની શકે. મારું એવું માનવું છે કે ઓફિશિયલી રીતે આ કેસને અહીં જ બંધ કરી દેવો હિતાવહ છે. અને ખાનગી રાહે આપણે આની તપાસ ચાલુ રાખીએ.' ચાવડાએ એની વાત પૂરી કરી અમારી તરફ નજર નાંખી. મને ચાવડાની વાતમાં વિશ્વાસ નહોતો પડ્યો. જા એ પોલીસ ઈન્સ. થઈને કંઈ કરી ન શકે તો પછી ખાનગી રાહે તો શું થઈ શકે ? મને ચાવડાની વાતમાં વિશઅવાસ નહોતો થતો. અમે બધા મૂંઝાઈ ગયા હતા. ચાવડાની વાત સાંભળીને એટલો તો મને ખ્યાલ આવી ગયો કે આ ખૂબ જ ગંભીર બાબત હતી. આની પાછળ કોઈ મોટા ગજાના આદમીનો હાથ હતો. એ કોણ હોઈ શકે ? ચાવડા આમ તો ઈમાનદાર આદમી હતો છતાં અત્યારે એનાથી વિરુદ્ધ રીતે વર્તી રહ્યો હતો.

'સર... અમારો તો તમારા ઉપર જ આધાર છે. અને હવે જા તમે જ આ કેસ બંધ કરી દેશો તો અમે ક્યારેય નહીં જાણી શકીએ કે રાજેશની આવી હાલત કોણે કરી ?' ગીરીશભાઈ.

તમે હમણાં જે કહ્યું એ શું ખરેખર સાચું છે કે પછી ...? મારાથી અનાયાસે જ ૮૪ બોલી જવાયું.

જુઓ યંગમેન... મેં તમને જે કહ્યું તે બિલકુલ સાચું છે. મારી વાત ઉપરથી ગમે તે વ્યક્તિને શંકા જાય કે આ કેસને ભીનું સંકેલવા માટે મે રિશ્વત લીધી છે. પરંતુ જા એવું હોત તો મારે તમને આ વાત જણાવવાની જરૂર જ નહોતી. તમારા કરતા પણ મને વધુ રસ છે આ કેસને ઉકેલવામાં. આટલો ગૂંચવણવાલો કેસ મારી જિંદગીમાં પહેલો જ છે. આ કેસને હું કોઈપણ સંજાગોમાં છોડીશ નહીં. કારણ કે હવે તો આ મારા સ્વમાનનો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પ્રશ્ન થઈ ગયો છે. મને ઉપરથી ધમકીના સ્વરૂપે ઓર્ડર આપવામાં આવ્યો છે. અને હું ક્યારેય કોઈની ધમકીથી ડર્યો નથી. હું ગમે તે ભોગે એ લોકોને ખુલ્લાં કરીને જ જંપીશ.' મારી વાત સાંભળીને જરા પણ ગુસ્સે થયા વગર ઈન્સ. ચાવડાએ મને કહ્યું.

એ પછી અમારા વચ્ચે લગભગ એક કલાક ચર્ચા ચાલી. છેવટે ચાવડાએ પોતે ડાયરેક્ટ ઈન્વોલ્વ ન થતાં જગદીશ કરીને એક ડિટેક્ટિવને આ કેસ સોંપવાની ભલામણ કરી કે જે પોતાની રીતે તપાસ કરીને ચાવડાને રિપોર્ટ કરશે. સાથે સાથે એક ન્યૂઝ ચેનલવાળાને પણ કોન્ટેક્ટ કરવાનું નક્કી કર્યું. કે જેથી સીધો જ પબ્લીક સામે આ કેસ ઓપન થાય.

***

પૂજા અકળાઈ રહી હતી. એનું મન નહોતું માનતું. વારે વારે એને એવી લાગણી થતી હતી કે હજી કંઈક બાકી રહી જાય છે. ચાવડાની વાતમાં એ સંમત થઈ હતી અને એની વાત પણ બરાબર જ હતી. થતાં એના દિલમાં કંઈક ડંખી રહ્યું હતું. કોઈક એવી વાત હતી જે એને શાંતિથી ઝંપવા નહોતી દેતી. એ શું હતું...? એ તો ખુદ પૂજા પણ નહોતી જાણતી. ભયંકર મૂંઝવણ અનુભવતી એ પોતાની રૂમમાં આમથી તેમ આંટા મારી રહી હતી. એની રૂમમાં લગાવેલા આદમ કદના આઈનાની સામે જાતી એ પોતાની જાત સાથે જ વાત કરી રહી હતી. અચાનક એને લાગ્યું કે સામે અરીસામાં ઊભેલી એની પ્રતિકૃતિ એને કંઈક કહી રહી હોય કે... 'પૂજા આ તો હજુ શરૂઆત ૮૫ છે... તારા જીવનમાં હજુ તો ઘણું બધું બનવાનું, ન જાયેલું અને સમજાય એવું બનવાનું બાકી છે. હવે પછી જે થશે એ અત્યાર સુધીમાં જે બન્યું એના કરતાં પણ વધુ ભયાવહ અને ખૌફનાક હશે. પૂજાનો પડછાયો પૂજાને જ ડરાવી રહ્યો હતો, અને આવનારા ભયાનક સમયની આગાહી કરી રહ્યો હતો. પૂજા ભયંકર ડરથી છળી ઊઠી. અને રીતસરની કમરાની બહાર દોટ મૂકી. એ એના પડછાયાથી ભાગવા માંગતી હતી. અને સામે અરીસામાં એનું પ્રતિબિંબરૂપી ભવિષ્ય ખડખડાટ હસી રહ્યું હતું.

આ તરફ મારી સાથે પણ કંઈક એવું જ નાટક ભજવાઈ રહ્યું હતું. મેં મનોમન પાકો નિર્ધાર કરી લીધો હતો કે મારે હવે શું કરવું છે. મારો નિર્ણય વધુ મજબૂત ત્યારે બન્યો કે જ્યારે રાત્રે પહેલી તારીખ હોવા છતાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મને એ ભયાવહ અને ડરામણું સ્વપ્નું ન આવ્યું. જે સ્વપ્નથી મારી જિંદગી દોખજ બની ગઈ હતી. એ સ્વપ્ન મને ન આવ્યું હું શાંતિથી સૂતો રહ્યો હતો. એક અજબ નિરાંતની એ ઊંઘ હતી. હું રાત્રે છળીને ઊભો નહોતો થયો કારણ કે એ ભયાનક સ્વપ્નને બદલે સ્વપ્નમાં મને ભગવાન શિવના દર્શન થયા. શાંત, સૌમ્ય અને શીતળ સ્વરૂપની ભગવાન શિવની સોનાની મૂર્તિ મને આશીર્વાદ આપી રહી હતી.. મારા મનમાં એક સ્તબ્ધતા, એક શીતળતા છવાઈ ગઈ. જાણે કે મારી તમામ ચિંતાઓ, પરેશાનીઓ અને ઉપાધિઓ મારાથી દૂર ભાગી ગઈ હોય એવું મેં અનુભવ્યું. મારા રોમેરોમમાં આનંદ આનંદ છવાતો ચાલ્યો. અને એક સ્વર્ગીય નિંદ્રામાં હું સરી પડ્યો.

સવારે હું ખૂબ જ પ્રસન્ન મુદ્રામાં જાગ્યો. મારા મનમાં એક અડગ નિર્ણય લેવાઈ ચૂક્યો હતો. મને આગળની મારી રાહ સ્પષ્ટ દેખાતી હતી. પથારીમાં બેઠા બેઠા જ મનોમન ભોળાનાથને મેં વંદન કર્યા અને પછી ડિટેક્ટિવ આગળ જે કરવાનું હતું એ કામમાં લાગી ગયો.

સૌથી પહેલું કામ પૂજાને ફોન કરવાનું કર્યું અને ફોન કરીને હું શું કરવા માગું છું એ બધું વિગતવાર જણાવી દીધું. એ ફોન ઉપર હતી એટલે એની પ્રતિક્રિયા હું નિહાળી ન શક્યો છતાં એટલો તો ખ્યાલ આવી જ ગયો કે એ મારી વાત સાંભળીને સ્તબ્ધ થઈ ગઈ હતી. સૌથી પહેલા તો મારે જગદીશને મળવું હતું. અને એ માટે પૂજા પણ મારી ૮૬ સાથે આવવા તૈયાર થઈ. અમે બંને જગદીશની ઓફિસે પહોંચ્યા. જગદીશ એક વ્યવસ્થિત કહી શકાય એવી ઊંચાઈ ધરાવતો થોડો ગૌરવર્ણનો આદમી હતો એનું શરીર કસાયેલું હતું. સાદા પેન્ટ શર્ટમાં એ એક ડિટેક્ટિવ કરતાં કોઈ ઓફિસનો કર્મચારી વધુ લાગતો હતો. એણે અમને આવકાર્યા. એના વ્યક્તિત્વ ઉપરથી પહેલી નજરે મારા મનમાં એના પ્રત્યે કોઈ સારો પ્રતિભાવ નહોતો બંધાયો. મને એવું લાગ્યું કે શા માટે ઈન્સ. ચાવડાએ આ માણસને કેસ સોંપ્યો હશે..? એની આંખોમાં એક ડિટેક્ટિવની આંખોમાં હોય એવી ચાલાકી કે ચતુરાઈ નહોતી. અમે એની સામે બેઠા. ચાવડાએ બધી જ માહિતી જગદીશને પહોંચાડી દીધી હતી એટલે અમારે એને કાંઈ કહેવા જેવું નહોતું. આખો કેસ જગદીશે બારીકાઈપૂર્વક વાંચ્યા બાદ એવા નિષ્કર્ષ પર આવ્યો હતો કે હવે આ કેસની ખૂટતી કડીઓ મેળવવા સિક્કિમ જવું અનિવાર્ય બની જતું હતું. કારણ કે આગળની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

માહિતી મેળવવી હોય તો રાજેશે સિક્કિમમાં જઈને શું કર્યું અને શું શું જાયું અને એવી તો કઈ વાત એ જાણી ગયો કે જેના કારણે એની જિંદગી જાખમમાં મુકાઈ એ જાણવું જરૂરી હતું.

જગદીશ મારી ધારણા કરતાં વધુ ચપળ અને હોંશિયાર સાબિત થયો. લગભગ ત્રીસ બત્રીસ વર્ષનો હતો એ.. એની સેક્રેટરી ટીના તો એના કરતાં પણ વધુ ચપળ લાગી મને. કારણ કે હજી તો વાત કરતા હતા ત્યાં તો એણે ટ્રાવેલ એજન્ટને ફોન પણ કરી દીધો હતો. ગઈકાલે રાત્રે મારા મનમાં જે નિર્ણય આકાર લઈ ચૂક્યો હતો એવું જ કંઈક જગદીશ અત્યારે કહી રહ્યો હતો. મેં ગઈકાલે જ સિક્કિમ જવાનું નક્કી કરી લીધું હતું. મારે સિક્કિમ જવું જ હતું. અને અત્યારે જગદીશ પણ સિક્કિમ જવાની જ વાત કરતો હતો. મેં એની સાથે જવાની ઈચ્છા વ્યક્ત કરી કે હું પણ ત્યાં સાથે આવવા માગું છું. ત્યારે પૂજા અને જગદીશ બંને મારી સામે આશ્ચર્યથી જાવા લાગ્યા... પૂજાને માનવામાં નહોતું આવતું કે હું આવું કંઈક કરીશ. જ્યારે જગદીશ તો સાવ નામુકર ગયો હતો... કારણ કે આ એક ખતરનાક કામ હતું જેમાં ગમે ત્યારે ગમે તે થઈ શકે.. એ મને સાથે લઈ જઈને એવું કોઈ જાખમ ઉઠાવવા માંગતો નહોતો. આખરે રકઝકના અંતે તેણે સંમતિ આપી દીધી. એક કરતા બે ભલા. આમ પણ જા એ ના કહેત તો હું મારી રીતે ૮૭ પણ સિક્કિમ જવાનો હતો...

'હું પણ આવીશ.... ! અચાનક મારી બાજુમાં બેઠેલી પૂજાએ ધડાકો કર્યો. હવે આશ્ચર્ય ચકિત થવાનો વારો અમારો હતો.

'એ બિલકુલ શક્ય જ નથી પૂજા...' મેં પૂરી દૃઢતાથી કહ્યું. 'સૌથી પહેલા તો તારા મમ્મી પપ્પા તને નહીં આવવા દે. અને કદાચ એ લોકો તારી જીદ આગળ ઝૂકીને હા પાડશે તો પણ આ કામમાં હું તને ઈન્વોલ્વ નહીં જ કરું. તું સારી રીતે જાણે છે કે તારું આવવું ખતરનાક સાબિત થઈ શકે છે.'

'અમીત.. તારી જેમ મારો નિર્ણય પણ અડગ જ છે. જા તમે મને સાથે નહી લઈ જાઓ તો હું મારી રીતે આવીશ. પરંતુ હું આવીશ તો ખરી. તમે લોકો ત્યાં મુશ્કેલી વેઠો અને હું અહીં બેસી રહું એ મારાથી સહન થાય એવી વાત નથી. આ પ્રોબ્લેમ અમારા કારણે જ ઊભો થયો છે એટલે મારી ફરજ બને છે કે હું કમસેકમ તમને લોકોને સાથ તો આપી જ શકું.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પૂજાએ મક્કમતાથી કહ્યું.

'અરે પણ તું સમજતી કેમ નથી? ત્યાં ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરવાનો થાય ત્યારે જા તું સાથે હોય તો અમારા માટે મુશ્કેલી સર્જાઈ શકે. તું જા સાથે હોય તો અમને સતત તારી ચિંતા રહ્યા કરે અને અહીં ઘરે તારા મમ્મી પપ્પા તારી ચિંતામાં અડધા થઈ જાશે.'

'અમીત.. હું કમજાર નથી. તમને લોકોને મારી જરા પણ ચિંતા નહીં રહે એની હું ગેરંટી આપું છું. રહી મમ્મી પપ્પાની વાત, તો એ મને ક્યારેય ના નહીં કહે. કારણ કે એમને મારા પર વિશ્વાસ છે કે હું કોઈ જ કોટો નિર્ણય ક્યારેય નહીં લઉં. હવે તમારે જ નિર્ણ કરવાનો છે કે આગળનું આયોજન કેવી રીતે કરવું?' પૂજાએ પૂરી મક્કમતાથી વાત કહી. એ માનશે નહીં એવું એના ચહેરા પરથી સ્પષ્ટ વર્તાઈ રહ્યું હતું. હું આવી સ્ત્રી હઠનો પહેલીવાર સામનો કરી રહ્યો હતો. જ્યારે સામે જગદીશ મંદ મંદ મુસ્કુરાતો હતો. મને પૂજાની આ હઠ બિલકુલ ગમી નહોતી. હું નહોતો ઈચ્છતો કે એ અમારી સાથે આવે. પરંતુ પૂજા માનવા તૈયાર નહોતી. હું ઉભો થઈને બહાર નીકળી આવ્યો અને દરવાજા બહાર દાદર પાસે ઊભો રહ્યો. મારી પાછળ પાછળ પૂજા પણ બહાર ૮૮ આવી... મારી એકદમ નજીક આવીને એ ઉભી રહી. એના ગરમ ગરમ શ્વાસોશ્વાસ મારી પીઠને અથડાઈ રહ્યા હતા. એ થોડીવાર એમ જ ઊભી રહી. મારાથી રહેવાયું નહીં એટલે હું પાછળ ફર્યો. એ મારી સામે જાઈ રહી. એની આંખોમાં મારા પ્રત્યેની લાગણી મને સ્પષ્ટ દેખાઈ આવી. મેં મારા બંને હાથોથી એના મુલાયમ હાથ પકડ્યા અને એની નજરો સાથે નજર મિલાવી.

'પ્લીઝ પૂજા... તું જીદ ન કર. જા તને કંઈ થઈ જશે તો હું મારી જાતને ક્યારેય માફ નહીં કરી શકું. તું જાણે છે ને કે આ બાબત આપણે ધારીએ છીએ એટલી સરળ નથી. એમાં તને જા કંઈ થયું તો તારા મમ્મી પપ્પાને હું શું કહીશ?' હું લાગણીશીલ બની ગયો.

'તો શું તને કંઈ થઈ જશે તો હું મારી જાતને માફ કરી શકીશ? તમારો શું સંબંધ છે અમારી સાથે ? છતાં તમે અમારા માટે તમારી જાતને દાવમાં મૂકી રહ્યા છો તો મારી પણ કંઈક ફરજ બને કે નહીં...? હું સમજું છું કે ત્યાં મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. પરંતુ આપણે ક્યાં કોઈ યુદ્ધના મેદાનમાં જઈએ છીએ કે આપણે મારામારી કે એવું કંઈક કરવું પડે. ત્યાં શું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

થવાનું છે એની આપણને ખબર જ નથી તો પછી એવી પરિસ્થિતિઓથી ડરવું શું કામ ?

અને એવું પણ બની શકે કે ને કે કદાચ મારા આવવાથી ફાયદો થાય એવા ઘણાં કામો સરળતાથી થઈ જાય કે જે તમે એક પુરુષ તરીકે ન કરી શકો અને હું એક સ્ત્રી થઈને કરી શકું. અને એક વાત કહું તને...' અચાનક એની આંખોમાં ઝાકળના બિંદુ બાઝવા લાગ્યા. 'હું હંમેશા તમને મદદરૂપ થઈશ. મારો બોજા તમને નહીં લાગવા દઉં.... હું એક સ્ત્રી ભલે રહી પરંતુ મારામાં એટલી હિંમત તો છે જ કે ગમે તેવી વિકટ પરિસ્થિતિનો સામનો કરી શકું. હું હંમેશ તમને સપોર્ટ કરીશ. એટલો પણ વિશઅવાસ નથી મારા ઉપર...?'

એ મને વિવશ કરી રહી હતી. કદાચ એ એક સ્ત્રીની સંવેદનાનો જાદુ મારા ઉપર ચલાવી રહી હતી. પૂજાએ મને એવી રીતે પૂછ્યું કે હું એને ના ન કહી શક્યો. દિલથી તો હું પણ એવું ઈચ્છતો હતો કે એ હંમેશા મારી સાથે જ રહે... મારો અનુરાગ એના ૮૯ પ્રત્યે વધતો જતો હતો. એ મારાથી દૂર હોય તો પણ સતત હું એના જ વિચારોમાં ખોવાયેલો રહેતો હતો. છતાં અત્યારે એ સાથે ન આવે એમાં જ અમારા બધાની ભલાઈ હતી. મારા લાખ મનાવવા છતાં એ ન માની, આખરે મને કમને હું માન્યો હતો....

આખરે અમે એક અજાણી ભૂમિ પર જવા તૈયાર થવા લાગ્યા. અમારા સંજાગો કે નસીબ જે ગણો એ, અમને એક એવી ભૂમિ ઉપર લઈ જવાના હતા કે જેના વિશે અમે કલ્પના પણ કરી નહોતી. કાબેલિયત અન મૂર્ખામીમાં ઝાઝો ફરક હોતો નથી. માનવી પોતાની કાબેલિયત ઉપર હંમેશા મુસ્તાક હોય છે. પરંતુ એ જ કાબેલિયત ક્યારેક મૂર્ખામીમાં પરિણમે ત્યારે એ એવો ભોંય પર પછડાય છેકે પછી ઊભો થવાના હોશ પણ રહેતા નથી. માનવીની આ એક ખાસિયત છે કે હંમેશા એવું જ વિચારીને ચાલે છે કે એ બધું જ જાણે છે અને બધું જ કરી શકે છે. અને એટલે જ ક્યારેક કુદરત એને એવી થપાટ મારે છે કે પળવારમાં એનો અહમ ચકનાચૂર થઈ જાય છે. અને એ કુદરતના શરણે જવા મજબૂર બની જાય છે... અમે જે સફર પર નીકળવાના હતા એ સફર અમારા જીવનમાં ક્યારેય ના ભૂલાય એવી અવિસ્મરણીય ઘટના બનવાની હતી. અમે તો અમારા આત્મવિશ્વાસ ઉપર મુસ્તાક હતા કે અમે જ્યારે સિક્કિમ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પહોંચી શું ત્યારે આ કેસનો ઉકેલ મળી જશે અને અમે એ બધાને બેનકાબ કરી નાખીશું. જે આની પાછળ છે.. અમને આ સમસ્યાનો ઉકેલ હાથવેંતમાં જ લાગતો હતો. પરંતુ અત્યારે અમને નહોતી ખબર કે અમે સામે ચાલીને મોતના મુખમાં જઈ રહ્યા હતા. અમારું મૃત્યુ અમારા આગમન માટે લાલ જાજમ બિછાવીને તૈયાર હતું અને અમે એ જાજમ પર ચાલવાની તડામાર તૈયારીઓ કરી રહ્યા હતા. આ તૈયારીઓ હતી અમારા કિસ્મત અને અમારા મૃત્યુ વચ્ચેની... જેની કિસ્મત બળવાન હશે અને જેને કુદરત મદદ કરશે એની જીત થવાની હતી જ્યારે બાકીના બધાને મૃત્યુ એની સાથે લઈ જવાનું હતું...

એક સાવ સામાન્ય ઘટનાથી શરૂ થયેલી મારા જીવનની સફર કેવા કેવા વળાંકો લેવાની છે અન એ ેક્યાં જઈને ખતમ થશે. એ તો હું પણ નહોતો જાણતો... મેં ક્યારેય મુશ્કેલીઓનો સામનો નહોતો કર્યો. મને આજ સુધી બધું સહેલાઈથી જ મળતું આવ્યું ૯૦ હતું. અને મારા જીવનથી મને સંતોષ હતા. મુશ્કેલીઓ અને તકલીફો મેં જાઈ નહોતી છતાં હું એનો સામન કરવા સક્ષમ હતો. મેં મારા જીવનને એક પાણીના પ્રવાહની જેમ વિતાવ્યું હતું એટલે એ પ્રવાહના રસ્તામાં આવતા ઊબડ ખાબડ રસ્તાઓ અને નાના મોટા વળાંકોનો સામનો કરવા માટે હંમેશા તૈયાર હતો. ઉપરવાળાની મારા ઉપર આ બાબતે મહેરબાની હતી. હું જરા પણ અટકીને ઊભો રહી જાઉં. ત્યાંથી આગળ વધવામાં મારા ઈષ્ટદેવ મને જરૂર મદદ કરતા જ...

***

‘છ - છ મહિનાથી તું શું જખ મારે છે ? તને ખબર છે ને કે તારી આ દવા બનાવવાની કંપનીમાં પંચોતેર ટકાથી પણ વધુનું રોકાણ અમારા બેનું જ છે. હવે જા અમે હાથ પાછા ખેંચી લઈશું તો તારી હાલત શું થશે એ તું જ વિચારી જા. ફરી પાછો પહેલાની જેમ કોઈ ગલીના નાકે પહેલવાનગીરી કરતો નજરે ચડીશ. આને તું અમારી ધમકી ન સમજતો. આવું થતાં જરાપણ વાર નહીં લાગે. અને તું રોડ પર હોઈશ સમજ્યો..? આમાથી બચવાનો એક જ રસ્તો છે કે તું તાત્કાલિક આ સમસ્યાનો ઉકેલ શોધી કાઢ. નહીંતર તું ગયો સમજ..’ જગતાપ જેને બોસ કહીને સંબોધતો હતો એ ખૂંખાર સુરિન્દર અત્યારે મિયાની મીંદડી બનીને આ સાંભળી રહ્યો હતો. એ અત્યારે ખામોશ હતો અને સાવ ચૂપચાપ સામેની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ખુરશીમાં બેસેલા પોતાના આકાઓની વાત સાંભળી રહ્યો હતો. બેમાંથી એક ખૂબજ મોટો મિનિસ્ટર કક્ષાનો રાજકારણી હતો અને બીજા અબજાપતિ બિલ્ડર હતો... સુરિન્દરનું લોહી એ બંનેની વાતો સાંભળીને ઉકળી રહ્યું હતું. છતાં એ ચૂપ હતો.... કારણ કે એ જે કહી રહ્યા હતા એ સત્ય હતું. સુરીન્દરની પોતાની દવા બનાવવાની ફાર્માસ્યુટીકલ કંપનીમાં મોટાભાગની રકમ આ બંનેની જ હતી. એમ સમજો કે એ કંપની સુરીન્દરની નહીં પરંતુ આ બંનેની જ હતી તો પણ ચાલે... પાંચ છ વર્ષ પહેલા સુધી તો સુરીન્દર એક સામાન્ય મવાલીછાપ માણસ હતો. જેની મુલાકાત અચાનક આ લોકો સાથે થતા એનું નસીબ બદલાઈ ગયું હતું. સુરીન્દરે ૯૧ પોતે સ્કોલરશીપ મેળવીને સાયન્સમાં ગ્રેજ્યુએશન કર્યું હતું. પરંતુ એ પછી એને નોકરી મળી નહોતી. જે નોકરીઓ મળતી હતી એવી સામાન્ય નોકરીઓ એને કરવી નહોતી. એની આંખોમાં સ્વપ્નાઓ બહુ મોટા માણસ થવાના હતા. બેકારીના કારણે ધીરે ધીરે એ રખડુ વ્યક્તિ બની ગયો હતો. અને પછી મવાલીગીરી કરવા લાગ્યો હતો. સાવ અચાનક જ એક કામના સંદર્ભમાં સુરીન્દરની મુલાકાત આ બંનેની સાથે થઈ હતી અને પછી જાત જાતામાં પાંચ છ વર્ષની અંદર જ એ ક્યાંય પહોંચી ગયો હતો. પોતાની આ ફાર્માસ્યુટિકલ કંપની ચાલુ કરવા એણે ગમે તેવા કામ કરવામાં પણ પાછીપાની કરી નહોતી. અત્યારે એ સમસમીને બેઠો હતો એનું કારણ પણ આ જ હતું...

'તમને લોકોને શું લાગે છે....? કે હું હાથ ઉપર હાથ રાખીને બેસી રહ્યો છું ? આ કામ પાછળ મેં મારા ત્રણ માણસો ગુમાવ્યા છે. એ માણસો મારા વફાદાર અને વિશ્વાસુ હતા. મેં એમને ત્યાં સિક્કિમ મોકલ્યા હતા. પરંતુ હજુ સુધી એ પાછા નથી આવ્યા કે નથી એમનો કઈ પત્તો. અરે... એક વાર તો હું ખુદ ત્યાં મારા બીજા માણસોને લઈને જઈ આવ્યો એ શું તમે નથી જાણતા ? એ વખતે ત્યાં પેલા છોકરાની નવી ઉપાધિ ગળે વળગી હતી. એ પણ તમે સારી રીતે જાણો છો.'

'તો હવે કેમ હાથ જાડીને બેસી રહ્યો છે?'

એવું નથી... બે ત્રણ દિવસની અંદર જ હું ફરી પાછો ત્યાં જવાનો છું. આ વખતે ગયા વખત કરતા પણ સારો અને પૂરતો બંદોબસ્ત કરીને જ જઈશ. મેં માણસો પણ તૈયાર કરી રાખ્યા છે. હવે તો આ બાબતનો ઉકેલ આવશે પછી જ હું દિલ્હીમાં પગ મૂકીશ... તમને લોકોને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જેટલી ઉતાવળ છે એના કરતાં વધુ ઉતાવળ મને પોતાને છે. આમાં મારો પણ સ્વાર્થ છે જ ને. આમ છતાં જા તમને લોકોને મારી વાત ઉપર ભરોસો ન હયો તો તમે તમારા માણસોને પણ મારી સાથે મોકલી શકો છો. મને કોઈ જ પ્રોબ્લેમ નથી. સુરીન્દર ઉકળી ઉઠતા બોલ્યો. એ ધૂંધવાઈ ગયો હતો, સુરીન્દરની વાતથી એસી. ઓફિસમાં પણ ગરમાવો ફેલાઈ ગયો. ઓફિસનું વાતાવરણ એકદમ ખામોશ થઈ ગયું. એ ત્રણેય પોતપોતાના વિચારોમાં ખોવાઈ ગયા. ત્રણેય ધૂંધવાઈ તો રહ્યા હતા છતાં ખામોશ હતા. કારણ કે એ ત્રણેયને એકબીજાની જબરજસ્ત જરૂરિયાત હતી. ત્રણમાંથી એક પણ વ્યક્તિ જા નારાજ થઈને આમાંથી નીકળી જાય તો હાથમાં આવેલી એક સોનેરી તક છટકી જવાનું જાખમ હતું.

'અમને તારા પર જરાપણ અવિશ્વાસ નથી, પરંતુ તું સારી રીતે જાણે છે કે આપણને અનાયાસે જ સામેથી જે તક મળી છે એને આમ વેડફી નાંખીશું તો આપણા જેવું કોઈ મૂર્ખ બીજું નહીં હોય. એટલે જ હવે તારે જે પણ કરવું પડે એ કર. પાકું આયોજન કર અને નીકળ. આ બાબતનો નિકાલ તાત્કાલિક થવો જાઈએ બસ.. એના માટે તારે તારા રસ્તામાંથી કોઈને પણ હટાવવા પડે તો હટાવ, બાકી બધું અમે સંભાળી લઈશું. જેમ પેલા છોકરાનો કેસ બંધ કરાવ્યો એમ આપણા વિરુદ્ધ થશે એ તમામ કેસો, તમામ મેટર અમે બંધ કરાવી દેશું.'

એ મીટીંગ ત્યાંજ પૂરી થઈ. બહાર આવીને સુરીન્દરે જગતાપને ફોન કર્યો અને આગળ શું કરવાનું છે એ તેને સમજાવ્યું.... જગતાપ તૈયાર જ હતો.

***

આલ્લાદક અને ખુશનુમા સવાર હતી. સૂર્યનારાયણે પોતાની આવવાની છડી પોકારી દીધીહતી. હું વહેલો જાગી ગયો હતો. સામાન તો રાત્રે જ પેક થઈ ગયો હતો એટલે એ ચિંતા નહોતી. મેં મારા ઘરે મમ્મી પપ્પાને બધી વાત જણાવી દીધી હતી. મને પોતાને ખબર નહોતી કે મારે રીટર્ન આવતા કેટલો સમય લાગશે. એટલે બધી વાત કહેવી જરૂરી હતી. મારા ઘરે ખાસ કોઈ પ્રોબ્લેમ થયો નહોતો. થોડી ઘણી આનાકાની બાદ મને મંજૂરી મળી ગઈ હતી. ખરી તકલીફ તો પૂજાના ઘરે થઈ હતી. સારો ટેબ્લો ઊભો થયો હતો એના ઘરે... ગીરીશભાઈ અને યશોદાબહેન

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કોઈપણ સંજાગોમાં પૂજાને જવા દેવા રાજી નહોતા થતા. હજી તો રાજેશ ભાનમાં નહોતો આવ્યો ત્યાં પૂજા એ જ જગ્યાએ જવાની જીદ લઈને બેઠી હતી. કોઈ પણ મા બાપ પોતાની વહાલસોયી દીકરીને જાતે કરીને મોતના મુખમાં મોકલવા તૈયાર થાય જ નહીં. પૂજાના મમ્મી પપ્પા પણ માન્યા નહોતા. એ સમયે જ હું એમના ઘરે જ હતો. ગીરીશભાઈ મને પૂજાને સમજાવવાનું ૯૩ કહેતા હતા. મેં તો ગઈકાલે જ પૂજાને ખૂબ સમજાવી હતી. પરંતુ એ એકની બે નહોતી થઈ. એ ખરેખર ખૂબ જ જીદ્દી છોકરી હતી. આજે પણ મેં કોશિશ કરી જાઈ પણ એ નહોતી માની. યશોદાબહેનને તો આ વાત સાંભળનીને ક્યારનોય શ્રાવણ ભાદરવો વરસવો શરૂ થઈ ચૂક્યો હતો. એની મમ્મીના આંસુ પણ પૂજાને પીગળાવી ન શક્યા. લગભગ બે કલાક સુધી સમજાવવાનું, રોવાનું અને દલીલોનો માહોલ ચાલ્યો. લગભગ છેક સાંજે એ લોકો માન્યા અને એપણ એ શરતે કે જરાપણ જાખમ જણાય તો ત્યાંથી જ રીટર્ન થવું. એક સમયે તો ગીરીશભાઈ પોતે જ પૂજાને બદલે આવવા તૈયાર થયા હતા પરંતુ એમની તબિયત બરાબર ન હોવાની દલીલ સામે એમને ઝૂકવું પડયું. ઈન્સ. ચાવડાનો વિશ્વાસુ માણસ જગદીશ પણ સાથે હતો. એ એમના માટે રાહતની વાત સાબિત થઈ અને પૂજા માટે વરદાન. એમની બીજી પણ એક શરત હતી કે પૂજા એકલી નહીં આવે એની સાથે એને સાથ આપવા માટે બીજી કોઈ લેડીઝને લઈ જવાની કે જેથી પૂજાને કોઈ અગવડતા ન પડે. અને એને સથવારો મળી રહે. મેં જગદીશને ફોન કરીને વાત કરી તો એણે ટીનાને સાથે લઈ લેવાનું નક્કી કર્યું. આમ સફરમાટે અમે ચાર વ્યક્તિઓ તૈયાર હતા. હું, પૂજા, જગદીશ અને ટીના.

***

સુરતથી રાઈટ સાત વાગ્યે હાવરા એક્સપ્રેસ રવાના થઈ. અમે અમારા કોચમાં ગોઠવાઈ ગયા હતા, પૂજાના કારણે સ્ટેશન ઉપર ઘણાં ભાવુક દૃશ્યો સર્જાયા હતા. સાચું કહું તો પૂજાને રડતી જાવી એ પણ એક લ્હાવો હતો. એની આંખોમાંથી મોતી જેવી બુંદો એના ગુલાબી ગાલ પર સરકી રહી હતી. રડી રડીને એના નાક અને કાનની બૂટ લાલઘૂમ થઈ ગઈ હતી. નો ડાઉટ કે એ એના માતાપિતાથી દૂર જતી હતી એનું દુઃખ એને હતું.

છતાં મને અત્યારે દુઃખ નહોતું થતું. સાચું કહું તો હું સાવ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નફ્ફટની જેમ વર્તતો હતો. એને રડતી જાઈ મને આનંદ થતો હતો. પૂજાનું એ રૂપ મારા દિલની ગહેરાઈમાં ૯૪ છવાઈ ગયું હતું. મને ઘણું મન થયું કે હું એની પાસે જઈને એને સાંત્વના આપું પરંતુ એક અજાણ્યા સંકોચે મને રોકી રાખ્યો હતો. અમારા કોચમાં ચારેયની બેઠક સામસામે હતી. પૂજા અને ટીના અમારી સામેની બર્થમાં હતા. પૂજા અને ટીના થોડા સમયમાં તો પાકા મિત્રો બની ગયા હતા અને વાતોએ વળગ્યા હતા. અમે ચૂપચાપ એ બંનેની વાતો સાંભળી રહ્યા હતા. સ્ત્રીઓમાં આ એક કુદરતી ખાસિયત હોય છે કે એને બીજા સાથે ભળતા ઝાઝો સમય નથી લાગતો જ્યારે સ્ત્રીઓની સરખામણીમાં પુરુષો આટલી જલદીથી કોઈની સાથે હળી ભળી શકતા નથી.

અમારું પહેલું ડેસ્ટીનેશન કોલકત્તા હતું. કોલકતાથી દાર્જીલિંગ અને ત્યાંથી ગંગટોક જવાનું હતું. રાજેશે એની ડાયરીમાં દાર્જીલિંગ લખેલું હતું એનો મતલબ આવો જ કંઈક દાર્જીલીંગ અને ગંગટોક થતો હતો. એ પહેલા દાર્જીલીંગ પહોંચ્યો હશે અને ત્યાંથી ગંગટોક ગયો હશે. ગંગટોક એ સિક્કિમનું પાટનગર છે એટલે સ્વાભાવિક રીતે જ એ મોટું શહેર હશે. આ પહેલા હું ક્યારેય આ બધી જગ્યાએ ગયો નહોતો એટલે મને ખ્યાલ નહોતો કે ત્યાં શું હશે? અમે કોલકતાથી દાર્જીલીંગ બાય ટ્રેન અને ત્યાંથી ગંગટોક બાય રોડ ટ્રાન્સપોર્ટ દ્વારા એટલે કે પ્રાઈવેટ વાહનમાં બાયરોડ જવાના હતા. રાજેશે જે નોંધ એની ડાયરીમાં કરી હતી એની જ્યા સુધી પૂરેપૂરી સમજ અમને ન પડે ત્યાં સુધી આ બધું ભેદભરમ જેવું જ હતું. અમે અત્યાર સુધીમાં એમાં લખેલા ઘણાં મુદ્દાની સમજ મેળવી લીધી હતી એટલે હવે અમને વિશ્વાસ બંધાયો હતો કે ગંગટોક પહોંચીને અમે બીજા મુદ્દાનો પણ ઉકેલ મેળવી શકીશું.. અને રાજેશ ક્યાં ક્યાં ગયો હતો અને શું શું જાયું હતું એ અમને જાણવા મળી જશે. આ વિશ્વાસના કારણે જ અમે સિક્કિમ જવાનું સાહસ ખેડ્યું હતું. આ એક સાહસ જ હતું. મારા માટે કારણ કે આ પહેલા હું ક્યારેય આવી પરિસ્થિતિમાં મુકાયો નહોતો. એક તરફ આનંદ અને રોમાંચ થતો હતો અને બીજી બાજુ ડર પણ લાગતો હતો. આ બધું એક એક સ્વપ્ન જેવું હતું. મેં કલ્પના નહોતી કરી કે મારી જિંદગીમાં આવા વળાંકો પણ આવશે. ખૂબ જ ઝડપથી અને ટુંકાગાળામાં મારી જીંદગીની દિશા બદલાઈ ગઈ હતી અને હજી આગળ જતા કેવા કેવા અનુભવો થશે. અને કેવી પરિસ્થિતિનો સામનો કરવો પડશે. એ હું નહોતો ૯૫ જાણતો. જા જાણતો હોત તો કદાચ હું આ સફરે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નીકળ્યો હોત કે નહીં એ પણ ને ખ્યાલ નહોતો. મેં લગભગ આ વિશે વિચારવાનું જ બંધ કરી દીધું હતું કે આગળ શું થશે. મને ખાતરી હતી કે જે થાશે તે સારું જ થાશે. હું ઘેરથી ભગવાનને પ્રાર્થના કરીને નીકળ્યો હતો. મને મારા ઈષ્ટદેવ, મારા આરાધ્ય દેવ ઉપર પૂરેપૂરો ભરોસો હતો. કે એ ક્યારેય અમારું અહિત નહી થવા દે. મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિમાંથી નીકળવાનો અમને મારગ જરૂર સુઝાડશે જ. હું મારું કર્મ કર્યે જતો હતો સાથે ઉપરવાળાનો ભરોસો હતો....

કોલકતા સુધીની ટ્રેનની અમારી સફર ખૂબ જ સારી રહી. આમ પણ જ્યારે તમારું પ્રીતિપાત્ર સાથે હોય ત્યારે જિંદગીની દરેક સફર સોહામણી બની રહે છે. પૂજા સાવ અચાનક અન અનાયાસે જ મારી જિંદગીમાં આવી હતી અને કોઈ આંધી તૂફાનની જેમ મારા દિલ ઉપર છવાઈ ગઈ હતી. હું પહેલી નજરે એના પ્રેમમાં પડી ગયો હતો એવું કહું તો ખોટું નહોતું. એ પ્રેમ છે કે આકર્ષણ એ મને હજુ સુધી ખબર નથી છતાં હું એની સુંદર, કાજળ જેવી ઘેરી આંખોમાં મારું પ્રતિબિંબ નિહાળી રહ્યો હતો. મારી લાગણીઓને શબ્દો નથી મળતા વ્યક્ત થવા માટે. પૂજા કાયમ ડ્રેસ જ પહેરતી પરંતુ આજે એણે જાડું ખદ્દડ જીન્સ અને ઉપર વ્હાઈટ કલરનું ટોપ પહેર્યું હતું. જીન્સ ટોપમાં એ એકદમ અલગ જ લાગતી હતી. આ કપડામાં એ અલ્લડ, મસ્તીખોર કોલેજિયન કન્યા જેવી દેખાતી હતી. વ્હાઈટ ટોપ ને બ્લ્યુ કલરના જિન્સમાં ખોસેલું હતું. અને એની ઉપરથી મોટા પહોળા બેલ્ટવાળો પટ્ટો પહેર્યો હતો. એનુ ટિશર્ટ ચુસ્ત રીતે એના શરીર સાથે ચીપકી ગયું હતું. એટલે એના સીનાનો ઊભાર વધુ ઉન્નત લાગતો હતો. સુરાહીદાર ગળામાં મા અંબાનું લોકેટ ચેનમાં લટકતું હતું જે એના ઉન્નત સિના સુધી આવીને અટકી જતું હતું. પૂજાનો દેહ એકદમ સપ્રમાણ અને કામણગારો હતો. એ હંમેશા થોડા ખુલતા ડ્રેસ પહેરતી પરંતુ આજે સ્કીન ટાઈટ કપડામાં એ વધુ ખૂબસુરત લાગતી હતી. હું ધ્યાનથી એને નિહાળી રહ્યો હતો. અને આ વાત એનાથી છુપી નહોતી. એ ટીના સાથે વાતો કરતા કરતા ક્યારેક મારી સામે નિહાળી લેતી હતી. એની નજરોથી હું ઓઝપાઈને બારી બહાર પસાર થતા દૃશ્યોને નિહાળવા લાગતો... હું નહોતો જાણતો કે હું જેવું અનુભવતો હતો કે વિચારતો હતો એવું જ એ મારા વિશે અનુભવતી હતી કે નહીં. ..? ૯૬ મને એક વાતનો તો ખ્યાલ હતો કે સામાન્યતઃ પુરુષો જેટલી જલદી સ્ત્રી તરફ આકર્ષાય છે એટલી ઝડપથી સ્ત્રીઓ ક્યારેય

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પુરુષો તરફ આકર્ષાતી નથી હોતી. સ્ત્રીઓ માટે સૌથી મહત્વની બાબત હતી સામેવાળા ઉપર વિશ્વાસ, ભરોસો... એમને જા સામેના પાત્રમાં વિશ્વાસ જાગે તો જ એ એના તરફ આકર્ષાય છે અને પછી જ પ્રેમમાં પડે છે. મારા માટે એ જાણવું ખૂબ જ જરૂરી હતું કે એ મારા વિશે શું અભિપ્રાય ધરાવે છે. અત્યારે તો મારે મારી લાગણીઓ ઉપર કાબૂ રાખવો ખૂબ જ જરૂરી હતો કારણકે પૂજા એના ભાઈના કારણે જ અમારી સાથે એકલી આવી હતી. એ રાજેશના કારણે ખૂબ અપસેટ પણ રહેતી હતી. હવે જા આવા સમયે હું કોઈ ખોટી વાત કરું કે મારી લાગણીઓ ઉપર કાબૂ ન રાખું તો એણે મારા વિશે જે એક સારા મિત્રની ધારણા બાંધી છે એ ચકનાચૂર થઈ જાય. હું આવું કંઈ થાય એ સ્વપ્નેય વિચારી નહોતો શકતો.

અમે બીજા દિવસે કોલકતા સ્ટેશને ઉતર્યા કોલકતાથી દાર્જીલીંગની ટિકીટ અમે સુરતથી જ કન્ફર્મ કરીને નીકળ્યા હતા. એટલે એ ઉપાધિ નહોતી. દાર્જીલીંગની ટ્રેનને હજી વાર હતી એટલે ત્યાં સ્ટેશન પર જ અમે વેઈટિંગ રૂમમાં ફ્રેશ થયા. અમારે હજી લગભગ કલાકેક અહીં જ કોલકત્તામાં રોકાવાનું હતું. કલાક માટે અમે સ્ટેશનની બહાર તો જઈ શકવાના નહોતા એટલે અમે બીજા પ્લેટફોર્મ પર પહોંચ્યા કે જ્યાંથી દાર્જીલીંગ જવા માટેની ટ્રેન ઉપડવાની હતી... ત્યાં સામાન રાખીને અમે બેઠા. પૂજા અને ટીના થોડે દૂર દેખાતા પુસ્તક સ્ટોલ તરફ ગયા. જ્યારે હું અને જગદીશ આસપાસનું નિરીક્ષણ કરી રહ્યા હતા. ફરતા ફરતા મારી નજર જગદીશ પર આવીને અટકી... એ એકપણ એંગલથી મને ડિટેક્ટીવ જેવો નહોતો લાગતો. ઈન્સ. ચાવડાએ અમને કહ્યું હતું એટલે મારે માનવું પડતું હતું કે એ ડિટેક્ટીવ છે. એના ચહેરાના હાવભાવ, એની બોડી લેંગ્વેજ કે પછી એની વાતો ઉપરથી પણ એ એક જાસૂસ જેનો નહોતો લાગતો. એમ પણ બની શકે કે એ જ એની ખાસીયત હોય જેથી લોકો એને જાસૂસ હોવા વિશે વિચારી જ ન શકે. એ ભોટ હતો કે ચાલાક એ હજુ સુધી હું સમજી નહોતો શક્યો. કોલકતાત આવ્યું ત્યાં સુધીમાં એ ઘણું જ ઓછું બોલ્યો હતો. હા, એણે પેલી રાજેશની ડાયરી ફરી ફરીને બે ત્રણ વાર વાંચી નાખી હતી. એ ડાયરી પૂજા પોતાની સાથે જ લઈને આવી હતી. અમારા ચારેય વચ્ચે ટ્રેનમાં રાજેશે લખેલી નોંધો ઉપર ચર્ચા થઈ હતી. બે ત્રણ વાક્યોને બાદ કરતા બાકીના શબ્દોનો અર્થ અમે બધાએ અલગ અલગ રીતે વિચારી જાયા હતા. આમાં એક વાત ચોખ્ખી ઉડીને આંખે વળગતી હતી કે ડાયરીના લખાણમાં ક્યાંય એવું ફલિત

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નહોતું થતું કે રાજેશ ઉપર કોઈ ખતરો હોય કે પછી એની પાછળ કોઈ પડ્યું હોય. હા.. છેલ્લા શબ્દો, 'મંદિર, મુદ્રા, મૃત્યુ, ખતરો' એ જરૂર અમને વિચારતા કરી મૂક્યા હતા. રાજેશે જા થોડું ઘણું પણ વધારે લખ્યું હોત તો આ સમસ્યા ઉદભવી જ ન હોત. હું હજી વિચારી જરહ્યો હતો કે અચાનક મારા દિમાગમાં ઝટકો લાગ્યો. હું આંખો ઝીણી કરીને અમે જ્યાં બેઠા હતા એના બરાબર સામેના પ્લેટફોર્મ ઉપર જોઈ રહ્યો. જગદીશે હમણાં થોડીવાર પહેલાં જ ત્યાંથી નજર હટાવી હતી. મને એવો ભાસ થયો કે જગદીશે સામેના પ્લેટફોર્મ પર ઉભેલા પેલા નેપાળી જેવા દેખાતા માણસને કંઈક આંખોથી ઈશારો કર્યો હતો. હું કદાચ શ્યોર નહોતો એના વિશે. કદાચ એ મારો ભ્રમ હોઈ શકે.

પરંતુ હું અહીં સામાન પાસે બેઠો હતો. જ્યારે જગદીશ મારાથી માત્ર આઠ દસ કદમ દૂર જ ઊભો હતો. અને મારી નજર તો સતત એના ચહેરા ઉપર મંડાયેલી હતી એટલે મેં જે જાયું એ એક ભ્રમ હોવાની શક્યતા નહિવત હતી. જગદીશે જરૂર એ નેપાળી સામે કોઈ ઈશારો કર્યો જ હતો. મારું દિમાગ થનકી રહ્યું હતું અને મારી છઠ્ઠી ઈન્દ્રિય મને કહી રહી હતી કે જરૂર કંઈક ગરબડ છે. હું હજી આ બધું વિચારી રહ્યો હતો કે જગદીશે મારી પીઠ પાછળ આવેલા ચાના સ્ટોલ તરફ પગ ઉપાડ્યા, એ સાથે જ પેલા નેપાળીએ પણ ચાલવાનું શરૂ કર્યું. એ બંને સાથે પ્રતિક્રિયા કરી હતી. જગદીશ ઊલટો ચાલીને ચાના સ્ટોલ ઊપર ઊભો રહ્યો. જ્યારે પેલો નેપાળી એ જ પ્લેટફોર્મના દાદર તરફ જઈરહ્યો હતો. એ નેપાળીએ આછા બ્લેક કલરનો થોડો મેલો લાગતો લાંબો ઓવરકોટથી થોડો નાની સાઈઝનો શર્ટ પહેર્યો હતો. અને નીચે રાજકપૂર સ્ટાઈલનું પગની પાનીથી થોડી ઉપર સુધીનું શર્ટના જ કલરનું પેન્ટ ચડાવેલું હતું. એણે પહેરેલા લાંબા શરટમાં જ કમર ઉપર એણે મોટી સાઈઝનો ચામડાનો પટ્ટો પહેરેલો હતો. એ કપડા ઉપરથી નેપાળી લાગતો હતો છતાં એનો ચેરો નેપાળી ઈન્ડિયન મિક્સ હતો. ત્યારે મારું સમગ્ર ધ્યાન એના ઉપર જ હતું. ૯૮ હું જાવા માંગતો હતો કે એ શં કરે છે. અને ક્યાં જાય છે. અને આશ્ચર્યથી મારી આંખો પહોળી થઈ ગઈ. અચાનક ચાલતા ચાલતા એ અટક્યો અને એણે ડોક ઘુમાવી મારી સામે જાયું... અમારા બંનેની નજરો ટકરાઈ. ફક્ત બે જ સેકન્ડ પૂરતી જ અમારી નજર આપસમાં મળી અને તરત ફરી પાછો દાદર તરફ ચાલવા લાગ્યો. મારા માટે આ સાવ આણધાર્યું હતું. હું સમજ્યો નહી કે ઘડીક વારમાં શું થયું ? એ નેપાળીએ એવી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કાતીલ અદાથી મારી સામે જાયું હતું કે જાણે એ મને ઓળખતો હોય અને એને પૂરેપૂરો ખ્યાલ હોય કે હું તેને જ જાઈ રહ્યો છું. એ હવે ધીરે ધીરે ચાલતો પ્લેટફોર્મ પર બનાવેલા સબ વેના અંડરગ્રાઉન્ડ દાદર ઉતરીને મારી નજરોથી ઓઝલ થઈ ગયો... મને એના ચાલવાની રીત પણ કંઈક અલગ લાગી. જાણે કે એ જાણ જાઈને અલગ રીતે ચાલવાની કોશિશ કરતો હોય એવું મને લાગ્યું. આ ઘટના એટલી ઝડપથી બની ગઈ કે હું ગુંચવાઈ ગયો. શું ખરેખ જગદીશે પેલા નેપાળીને ઈશારો કર્યો હતો કે એ ફક્ત મારા મનનો વહેમ હતો. પેલા નેપાળીએ મારી સામે જાયું એ પણ બનવાસંજાગ જાયું હોય એવું બને. નેપાળી મારા મનમાં હલચલ પેદા કરી ગયો હતો. અને જગદીશ પ્રત્યે મારો સંદેશ વધારતો ગયો હતો. હું હજી આના વિશે વિચારી રહ્યો હતો કે પૂજા અને ટીના મારી પાસે આવતા દેખાયા. જગદીશ હોત હજુ સુધી ચાના સ્ટોલ પાસે જ ઊભો હતો. મને એક વખત તો એવી ઈચ્છા થઈ આવી કે જગદીશને સીધો જ પૂછી લઉં કે તેં શા માટે પેલા નેપાળીને ઈશારો કર્યો હતો ? પરંતુ એમાં ભારોભાર જાખમ હતું. એટલે એ વિચાર મેં માંડી વાલ્યો. મેં વિચારી લીધું કે જ્યાં સુધઈ મારા આ વહેમનો ઉપાય ન મળે ત્યાં સુધી મારે ખૂબજ સાવધાની વર્તવી પડશે. ખાસ કરીને પૂજાની... હું ક્યારેય એને તકલીફમાં જાવા નહોતો માંગતો.

એ લોકો મારી તરફ આવતા આવતા જગદીશ તરફ ફંટાયા. કારણ કે એ ચાના સ્ટોલ પાસે ઊભો હતો. અને ખરેખર અમને બધાને અત્યારે ચાની બહુ જ જરૂર હતી. લગભગ કલાક પછી અમારી દાર્જીલીંગની ટ્રેન કોલકતા પ્લેટફોર્મ પરથી રવાના થઈ. અમે ભારતના એક અતિ સુંદર અને રમણીય તેમજ રોમેન્ટિક હિલસ્ટેશન તરફ ગતિ કરી રહ્યા હતા.

‘શું વાત છે.... બહુ વિચારમાં ખોવાઈ ગયા છો ?’ મને ગંભીર મુદ્રામાં વિચારશીલ અવસ્થામાં બેઠેલો જાઈને પૂજાએ પૂછ્યું. મારા દિમાગમાંથઈ હજી પેલી નેપાળીવાળઈ વાત ખસી નહોતી.

‘હેં... અરે હા..’ અચાનક થયેલા સવાલે મને સતર્ક કર્યો. મારા મનમાં ચાલતા વિચારોને હું જગદીશને સાંભળતા તો પૂજાને કહી જ નહોતો શકવાનો એટલે મેં વિષય બદલી નાંખતા કહ્યું, ‘હું વિચારતો હતો કે હવે આગળ શું? આપણે દાર્જીલીંગથી ગંગટોક તો પહોંચી જઈશું પરંતુ એ પછી શું ? રાજેશે એની ડાયરીમાં ‘દાર્જીલીંગ’ પછી ‘શ્રીનિકેતન’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લખેલું છે તો એનો મતલબ શું હોઈ શકે....? આપણે એવો અંદાજ તો લગાવ્યો કે એ કદાચ કોઈ સ્થળનું નામ હોય અથવા યાદગાર સ્મારક કે પછી કોઈ ધર્મશાળા અથવા તો હોટલનું નામ હોઈ શકે છે પરંતુ એ આપણે શોધી શું કરી રીતે... એ વિચાર્યું છે? આવડા મોટા શહેરમાં 'શ્રીનિકેતન' શોધવું તો મુશ્કેલ છેજ. અને આપણને તો એ પણ નથી ખબર કે 'શ્રીનિકેતન' એટલે શું ? કોઈ પ્રદેશનું નામ છે કે પછી બીજું કંઈક?

'મારા અંદાજ પ્રમાણે તો એ કોઈ ઐતિહાસિક સ્મારક યા ઈમારતનું નામ હોવું જાઈએ. કારણ કે રાજેશને ઈતિહાસમાં ઘણો રસ હતો.' જગદીશે કહ્યું. એ ટ્રેનમાં બરાબર મારી બાજુની બર્થ પર જ બેઠો હતો.

'મારું તો માનવું છે કે 'શ્રીનિકેતન' જરૂર કોઈ આશ્રમ અથવા તો બૌદ્ધ મઠ હશે. 'શ્રી નિકેતન' નામ પરથી જ એવું કંઈક લાગે છે. ત્યાં કદાચ આપણને રહેવાની અને જમવાની બંને સગવડતા મળી જાય... ટીના હસીને બોલી. બોલ્યા બાદ ફરી પાછી એ હસી. એ સાવ નાની બાલકી જેવી હતી. એકદમ ભોળી અને સાફ દિલની. મને તો એ અસલ નાની ઢીંગલી જેવી જ લાગતી. એ સુંદર પણ ઘણી હતી. એણે પોતાની લીસી ચમકીલી વ્હાઈટ સ્કિનને મેચ થાય એવી કેપ્રી અને ઉપર યલો કલરનો ટોપ પહેર્યો હતો. ટીના હાઈટમાં પૂજાથી થોડી નીચી હતી. ટીનાને ખાવામાં વધુ રસ હતો. અહીં સુધી ટ્રેનમાં એ સતત કંઈ ને કંઈ ખાતી જ આવી હતી. ખાવું અને હસવું એ જ એનું કામ હતું. એ હરહંમેશ હસતી જ રહેતી. કંઈ પણ બોલે તો હસીને જ બોલે. અને ન ૧૦૦ બોલતી હોય ત્યારેય એને જાઈને એમ જ લાગે કે હમણાંજ એ હસી પડશે મને એ ખૂબજ મીઠડી લાગી. એના કારણે મારું ટેન્શન ઘણું હળવું થઈ ગયું હતું. જા પૂજા એકલી આવી હતો તો અમે બે પુરુષો વચ્ચે થોડી ગૂંગળામણ જરૂર અનુભવત. પરંતુ ટીના સાથે આવી હતી એના કારણ એ સાવ ફ્રી રહેતી એનો મને આનંદ હતો. એ બંને વચ્ચે ફ્રેન્ડશીપ તો ત્યારની થઈ ગઈ હતી જેનો ફાયદો થયો હતો. ટીનાના ખુશમિજાજીપણાના કારણે પૂજાના ચહેરા પર ચિંતાને બદલે હાસ્ય આવી જતી હતી. એ હાસ્ય કે જે પૂજાના ચહેરા પર હું કાયમ જાવા માગતો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

***

ગંગટોક પહોંચતા સુધીમાં તો અમારી હાલત સાવ ખસ્તા થઈ ચૂકી હતી. કોલકત્તાથી દાર્જીલીંગ સુધીની અમારી સફર ખૂબજ સુંદર રહી. અમે ટ્રેનમાં ખૂબ જ મજા કરી. દાર્જીલીંગ પહોંત્યા ત્યારે અમે એકદમ તરોતાજા થઈને ઊતર્યા હતા. અહીંની આબોહવામાં એ જાદુ હતો. જે શરીરમાં એક અનોખી સ્ફૂર્તિનો સંચાર કરી રહ્યો હતો. દાર્જીલીંગ ખરેખર ખૂબસૂરત જગ્યા છે. અહીંની ચા પૂરા વિશ્વમાં એક્સપર્ટ થાય છે. અમે પૂરા રસ્તે ઠેરઠેર ચાના બગીચા જાતા આવ્યા હતા. અહીંના લોકોનું જીવન સાદું અને સરળ હતું. મારે દાર્જીલીંગમાં રોકાવું હતું. હરવું હતું ફરવું હતું. પરંતુ હું જાણતો હતો કે એ શક્ય નહોતું. અમે જ કામે નીકળ્યા હતા એમાં અટકવાનો નિયમ નહોતો. જલદીથી જલદી અમારે ગંગટોક પહોંચવું જરૂરી હતું. હજુ શિયાળો પૂરો થયો હતો અને વસંતઋતુના આગમનની તૈયારીઓ થઈ રહી હતી છતાં અહીં ઠંડી ખૂબ જ હતી કારણ કે દાર્જીલીંગ એક હિલસ્ટેશન હતું. સમુદ્રની સપાટીથી હજારો મીટર ઊંચી જગ્યાએ ઠંડી પડવી તો સ્વાભાવિક જ હતી. અમે ઠંડીના કપડા સાથે લાવ્યા જ હતા. પરંતુ એ અત્યારે ઓછાં પડી રહ્યા હતા. કાતિલ ઠંડા પવનો અને થોડી થોડી વાર ેથથી બુંદાબુંદીથી વાતાવરણમાં પ્રસરેલી ઠંડક સીધી જ અમારા સ્વેટરોને વીંધીને શરીરને ધ્રુજાવી નાખતી હતી. ૧૦૧ દાર્જીલીંગથી ગંગટોક જવા માટે અમે પ્રાઈવેટ જીપ કરી હતી. જીપમાં બેસતી વખતે જ અમને ખ્યાલ આવી ગયો હતો કે આગળની અમારી મુસાફરી કેટલી તકલીફદાયક સાબિત થવાની છે. ઉબડ ખાબડ ખતરનાક વળાંકો ધરાવતા રસ્તા અને પૂરપાટ ઝડપે ચાલતી ગાડીમાં અમે બધા રીતસરના ઊછળી રહ્યા હતા... જીપનો ડ્રાઈવર અમારી કોઈ વાત એના કાને ધરતો નહોતો એને તો બસ જલદીથી ગંગટોક પહોંચવું હતું. પહાડોને કોતરી બનાવેલા સર્પાકાર રસ્તાઓમાં એ એવી રીતે ડ્રાઈવ કરી રહ્યો હતો કે અને એમ જ થતું કે હમણાં અમારી જીપ ફંગોળાઈને ઊંડી ખીણની કોતરોમાં ગરકાવ થઈ જશે. ડ્રાઈવર માટે આ રોજનું કામ હતું. જ્યારે અમારા માટે તો આ પહેલો જ અનુભવ હતો. પૂજા અને ટીના તો રીતસરની સીચો પાડી ઊઠતા હતા. જીપની બહાર દેખાતું કુદરતી સાંદર્ય ખરેખર બેનમૂન હતું પરંતુ એ જાવાની ઈચ્છાને મનમાં જ દબાવીને અમે જીપના સળિયાને પકડીને આગળ દેખાતા રોડને જ જાઈ રહ્યા હતા. અમારે રાત થતા પહેલાં ગંગટોક પહોંચવું જરૂરી હતું. કારણ કે જા એ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પહેલા અમે ગંગટોક નહીં પહોંચીએ તો પછી અંધારું થતાં જ અમારે ફરજિયાતપણે ગમે ત્યાં રોકાણ કરવું જ પડે. કારણ કે એ પછી રાત્રે ડ્રાઈવ કરવું શક્ય જ નહોતું. જા રાત્રે રસ્તામાં જ રોકાણ કરવું પડે તો આ રસ્તે અમનો કોઈ હોટલ કે લોજ મળવી ખૂબજ મુશ્કેલ હતી. એમ સમજાને કે લગભગ અશક્ય જ હતી. એટલે છેવટે અમે બધું ડ્રાઈવરના ભરોસે છોડી અમારી જાતને સંભાળતા બેસી રહ્યા. બપોર પડતા સુધીમાં તો અમે અડધી મજલ પાર કરી ગયા હતા. અહીંના વાતાવરણમાં હજી પણ ઠંડક વર્તાતી હતી. સૂરજ માથા ઉપર હોવા છતાં ઠંડીથી બચવા અમારે સ્વેટર પહેરી રાખવા પડ્યા હતા. ક્યારેક સૂરજ નીકળે અને ક્યારે વાદળોની આડશે સંતાઈ જાય એ નક્કી જ નહોતું. ઝીણો ઝીણો વરસાદ તો એકધારો ચાલુજ હતો જેના કારણેરસ્તાઓ ભીના થઈને લપસણા બની ગયા હતા. નીચે પહાડોની ખીણમાં વાદળો એકબીજા સાથે સંતાકૂકડી રમી રહ્યા હતા. એ દૃશ્ય એવું લાગતું હતું કે જાણે અમે વાદળો વીંધીને આકાશ માર્ગે સ્વર્ગમાં જઈ રહ્યા હોઈએ. આ આલ્લાદક વાતાવરણણાં મને તો મજા આવી રહી હતી. જીપમાં ભલે ગમે તેટલી અગવડતા પડતી હતી છતાં મનમાં એક જાતનિ નિરાંત હતી એ અહીંના ૧૦૨ કુદરતી વાતાવરણનો પ્રતાપ હતો. પાછળ છૂટતા જતા લીલાછમ વૃક્ષો, પક્ષીઓનો કલબલાટ, જીપન ધર્રાટી એક અલગ જ સૃષ્ટિમાં અમે આવી પહોંચ્યા હોય એવો અનુભવ હતો.

અંધારું થતાં સુધીમાં તો અમે ગંગટોકમાં દાખલ થઈ ચૂક્યા હતા. મારી ધારણા કરતાં ગંગટોક ઘણું મોટું શહેર હતું. જૂની અને આધુનિક શૈલીનું અદભૂત સમન્વય ધરાવતું આ શહેર અત્યારે રોશનીથી ઝગમગાઈ ઊઠ્યું હતું. ઘરોના, દુકાના ઢાંચા જૂના જમાનાના હતા. જ્યારે અહીં મળતી વસ્તુઓ, સગવડતામાં આધુનિકતાના દર્શન થયા વગર રહેતા નહીં. ગંગટોકની મેઈનબજારમાં જીપ સ્ટેન્ડ પાસે, બજારની મધ્યમાં જીપવાળાએ અમને ઉતાર્યા. એ અમારા માટે હોટલની વ્યવસ્થા કરવાનું કહેતો હતો પરંતુ હવે ણારે અહીંથી આગળની વ્યવસ્થા અમારી રીતે જ કરવી હતી. એટલે તો જીપવાળાને અમે રવાના કર્યો. સામાન રસ્તાની એકબાજુ રાખીને મેં આખી બજારમાં નજર દોડાવી. ઠંડીનો પારો સતત વધ્યે જતો હતો એટલે જેમ બને તેમ જલદીથી અમારે કોઈ સારી હોટલ શોધવી જરૂરી હતી. અહીંથી આખી બજાર સ્પષ્ટ દેખાઈ રહી હતી. અમને લોકોને બજારમાં આમ તેમ નજર ફેરવતા જાઈને સામેની દુકાનના

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઓટલે બેઠેલો એક દેહાતી માણસ દોડતો અમારી પાસે આવ્યો. અમારે મેઈનબજારથી થોડે દૂર અલાયદી જગ્યામાં રોકાવાની ઈચ્છા હતી અને એ વ્યવસ્થા આ દેહાતી માણસે અમારા માટે કરી આપી.

બજાર પૂરી થતા જ જમણા હાથ પર થોડે દૂર એક ગેસ્ટહાઉસ જેવી હોટેલ હતી. એમાં એ અમને લઈ ગયો. આ હોટલની બાજુમાં જ બીજી એક થ્રીસ્ટાર જેવી હોટલ હતી. અત્યારે હજી પ્રવાસીઓ માટેની ઓફ સીઝન હતી એટલે રૂમ તો બંને હોટેલોમાં ખાલી હતા છતાં અમે પેલી ગેસ્ટહાઉસ જેવી દેખાતી હોટલ ઉપર પસંદગી ઉતારી. કારણ કે એનો આધેડ વયનો મેનેજર ખૂબ માયાળુ હતો. અમારી આગતા સ્વાગતામાં એ અડધો અડધો થઈ ગયો હતો. અમે બે રૂમો બાજુબાજુમાં બુક કરાવી. એકમાં પૂજા અને ટીના અને બીજીમાં હું અને જગદીશ ગોઠવાયા. હોટલનો માણસ અમારો સામાન રૂમમાં મુકી ગયો. અમારા અંદાજ કરતાં પણ રૂમો ખરેખર ખૂબ જ સ્વચ્છ અને ૧૦૩ સગવડતાવાળા હતા. મારા રૂમની બારી બહાર મેઈનરોડ તરફ પડતી હતી. અમે ખૂબ જલાંબી સફર કાપીને આવ્યા હતા એટલે જબરજસ્ત થાકને કારણે મારું આખું શરીર દુઃખતું હતું. લગભગ બધાની જ હાલત સરખી હતી. અમે સૌથી પહેલા તો ફ્રેશ થવા બાથરૂમમાં ઘૂસી ગયા. લગભગ સારોએવો કલાકે સમય નીકળી ગયોહતો. ફ્રેશ થવામાં.... પછી થોડીઘણી હળવાશ થતા અમે નીચે ઊતર્યા મને તો કકડીને ભૂખ લાગી હતી અને એટલે સૌ પ્રથમ તો જમવાનો પ્લાન બનાવ્યો.

નીચે હોટલમાં જ રેસ્ટોરન્ટ હતી દાદરો ઊતરતા રીસેપ્શન કાઉન્ટરની પાછળની સાઈડમાં કાચની પાટીશન અંદર રેસ્ટોરેન્ટ બનાવેલું હતું. હજુ રાતના આઠ જ વાગ્યા હતા. પરંતુ આજે બહાર જવાની ઈચ્છા નહોતી. થાકને કારણે વધુ ચાલી શકાય એમ નહોતું. એટલે આ રેસ્ટોરન્ટમાં જ જમવાનું નક્કી કર્યું. કાચનો દરવાજા ખોલી અમે અંદર પહોંચ્યા અંદરનું વાતાવરણ હુંફાળું હતું. બહાર સારી એવી ઠંડી પ્રવર્તતી હતી. જ્યારે અહીં એક ખૂણામાં ફાયરપ્લેસ ચાલુ હતુ જેની ગરમી આ ચારેબાજુથી એક રેસ્ટોરન્ટના વાતાવરણણાં હૂંફ ફેલાવતું હતું. એકદમ વ્યવસ્થિત રીતે ટેબલ ખુરશી ગોઠવેલા હતા. અહીં અમારા સિવાય બીજા પણ બે ત્રણ ફેમિલી જમતા હતા. અમે એક કોર્નરના ટેબલ પર ગોઠવાયા. લગભગ કલાકેક પછી જમીને અમે બહાર નીકળ્યા ત્યારે ઘડિયાળનો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નાનો કાંટો સાડા નવ વગાડી રહ્યો હતો. હવે અમારે સુવા સિવાય બીજું કંઈ કરવાનું નહોતું એટલે અમે અમારી રૂમ તરફ ચાલ્યા.

***

ગંગટોકમાં કુદરતે છુટા હાથે સાંદર્ય વેર્યું હતું. પંખીઓના કલબલાટે મારી નીંદ ઉડાડી દીધી હતી. સવારના ખૂબ જ આહલાદક અને ખુશનુમા હતી. દોડતી ભાગતી જિંદગી અને ગાડીઓની ઘરઘરાટીનો સદંતર અભાવ અહીં વર્તાતો હતો. મને રજાઈમાંથી બહાર નીકળવાનું મન નહોતું થતું. હજી સુવાથી મન ધરાયું નહોતું. હું વધુ થોડીવાર સુવા માગતો હતો. પરંતુ મને ખ્યાલ હતો કે ગઈકાલે સાંજે જ અમે નક્કી કર્યું હતું કે ૧૦૪ વહેલી સવારે જ 'શ્રીનિકેતન' શોધવા નીકળી જવાનું હતું. મારી જેમ જગદીશેય ઘોરી રહ્યો હતો. હું ઊભો થઈને તૈયાર થવા બાથરૂમમાં ઘૂસી ગયો. ગરમાગરમ પાણીથી નાહવાની ખરેખર ખૂબજ મજા પડી. હું બાથરૂમમાંથી નીકળ્યો ત્યારે જગદીશ પણ જાગી ગયો હતો. અને પછી એ તૈયાર થવા લાગ્યો.

બ્લેક કલરના જીન્સ પર ફૂલ સ્લીવનું ક્રીમ કલરનું ટીશર્ટ મેં પહેર્યું હતું. મારા મિત્રો મને હેન્ડસમ માનતા હતા. ... કારણ કે મારું શરીર એકદમ પરફેક્ટ રીતે શેપમાં હતું. પ્રમાણમાં થોડી પાતળી કહી શકાય એવી કમર અને થોડા પહોળા કસાયેલા ખભાના કારણે હું જે પણ પકડા પહેરતો એમાં શોભી ઊઠતો. મારું શરીર પહેલાથી જ થોડું કસાયેલું હતું એટલે મારે કસરત કરવાની જરૂર નહોતી પડતી. આમ પણ મને કસરત કરવામાં ખૂબ જ કંટાળો આવતો મારા. ચહેરાનું સૌથી મોટું આકર્ષણ મારી આછી નીની નીલી આંખો હતી. એ હું જાણતો હતો. મારા મિત્રો એની ખૂબ તારીફ કરતા. મારા હેન્ડસમ હોવા વિશે હું પણ થોડો ઘણો સભાન તો હતો જ. કોલેજમાં ઘણી છોકરીઓ મારી પાછળ હતી પરંતું ત્યારે મારા મનમાં એક જ વાત રમતી હતી.... સારી રીતે ભણવું અને પછી સારા પગારની નોકરી કરવી. એ બંને મારા ધ્યેય મેં સિદ્ધ કર્યા હતા. તમે એમ સમજી શકો છો કે ભગવાને મને જે ઈચ્છયું હતું એ બધું જ આપ્યું હતું. મારી દરેક ઈચ્છા પૂરી થઈ હતી. અત્યારે મારા મનમાં એક નવી ઈચ્છાએ જન્મ લીધો હતો. હવે જાઈએ કે એ મારી ઈચ્છા ભગવાન પૂરી કરે છે કે નહીં.?તમે સારી રીતે જાણો છો કે હું મારી કઈ ઈચ્છાની વાત કરું છું. ખેર, હું અને જગદીશ તૈયાર થઈને બહાર આવ્યા. પૂજા અને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ટીના હજુ એમના રૂમમાં જ હતા એટલે અમે નીચે હોટલના પરિસરમાં આવીને સોફા પર બેઠા.

થોડીવારમાં પૂજા અને ટીના નીચે આવ્યા. હું આભો બનીને પૂજાને જાઈ રહ્યો. એ બહુ જ સુંદર દેખાતી હતી. લાંબા ઓવરકોટ ટાઈપનું સ્વેટર એણે પહેર્યું હતું. જેના હાથની સ્લીવ પાસે એકદમ મુલાયમ રૂંવા વધુ સુંદરતા બક્ષતા હતા. ડાર્ક મરૂન કલરના જિન્સ પર આછા પીંક કલરનું ટીશર્ટ એના ચહેરાની ગુલાબી વધારી રહ્યું હતું. માથા પર પોલો સ્ટાઈલની ટોપી ચડાવી હતી અને એમાંથી નીકળી એના ખુલ્લા, મુલાયમ ૧૦૫ વાળ એની પીઠ ઊપર ઝૂકી રહ્યા હતા. એના વાળ એકદમ મુલાયમ અને લીસા હતા. પૂજાની સૌથી મોટી એક ખાસિયત એ હતી કે હંમેશા બંધું જ મેચિંગમાં પહેરતી. અત્યારે પણ એણે એક પીંક કલરના ટિશર્ટને મેંચિંગ થાય એવા ઈયરીંગ અને એવા જ કલરની બિંદી લગાવી હતી. હાથમાં બ્રેસલેટ પણ પીંક કલરનું જ હતું. એ બહુ જ રમણિય અને સુંદર લાગી રહી હતી. એને જાવામાં હું એટલો તલ્લીન થઈ ગયો હતો કે એ ક્યારે મારી પાસે આવીને ઊભી રહી એ પણ મને ધ્યાન નહોતું. એ પણ મને જાઈને મોહક અદામાં હસી ઊઠી. કદાચ એને ખ્યાલ આવી ગયો હતો કે હું ફરી પાછો એને જાવામાં ખોવાઈ ગયો હતો.

'અમીત...' એ અને ટીના મુસ્કુરાઈ રહી હતી. ટીનાને પણ ખ્યાલ આવી ગયો હતો કે હું પૂજાના રૂપના જાદુમાં ગિરફ્તાર થઈ ગયો હતો. મેં તરત જ નજર હટાવી લીધી. હું ખસિયાણો પડી ગયો હતો. પરંતુ એમાં મારો સહેજપણ વાંક નહોતો. મેં મનોમન સ્વીકારી લીધું હતું. કે મને પૂજા સાથે પ્રેમ થઈ ગયો હતો. ને એને જાઈને હું બધું જ ભૂલી જતો હતો. 'ચાલો જઈશું...?' પૂજાએ મને પૂછ્યું અમારે શું કરવાનું હતું એ તો ગઈ રાત્રે જ નક્કી થઈ ગયું હતું. એટલે અમે હોટલથી બહાર આવ્યા.

'મારે અને પૂજાએ શહેરની અંદર શ્રીનિકેતન' શોધવાનું હતું. જ્યારે જગદીશ અને ટીના શહેરના તળ તરફ ગયા હતા. ગંગટોકની સૌથી મોટી આવક પ્રવાસીઓ દ્વારા જ થતી હતી એટલે અહીંના લોકોને બે ત્રણ ભાષાનું જ્ઞાન હતું જ. હિન્દીભાષા જાણવાવાળા અહીં પણ ઘણાં માણસો હતા. એટલે અમને એમની સાથે વાત કરવામાં ખાસ મુશ્કેલી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પડી નહીં. 'શ્રીનિકેતન'નું નામ સાંભળીને લગભગ તમામના મસ્તક નકારમાં જ હલતા હતા. અત્યારે લગભગ બપોર થવા આવી હોવા છતાં ઠંડીનો ચમકારો વર્તાતો હતો. અહીંના લોકો માટે તો આ ઠંડી સામાન્ય હતી જ્યારે અમારા માટે અસહ્ય થઈ પડી. હું તો મહામુસીબતે આ ઠંડી સહન કરી રહ્યો હતો પરંતુ પૂજાએ ઠંડીથી બચવા ઓવરકોટ પહેર્યો હોવા છતાં એના દાંત કડકડાટી બોલાવતા હતા. એ વારેવારે પોતાના બંને હાથ ભએગા કરી મોં વડે ગરમ ફૂંક એમાં મારતી હતી. એનું નાક લાલધૂમ થઈ ગયું હતું. એ થથરી રહી હતી. અમે અત્યાર સુધીમાં ત્રણથી ચાર કપ ચા ગટગટાવી ૧૦૬ ગયા હતા. જેનાથી થોડી વાર રાહત મળતી હતી. પરંતુ ફરી પાછી એ જ પરિસ્થિતિ થઈ જાતી હતી.... અમે 'શ્રીનિકેતન' વિશે પૂછતાં પૂછતાં ઘણા આગળ વધી રહ્યા હતા. હજુ સુધી તો અમને નિરાશા જ હાથ લાગી હતી. મેઈન બજાર પાછળ છૂટતી જતી હતી. અને અમે શહેરની બહાર તરફ જતી સડક સુધી પહોંચવા આવ્યા હતા. અહીં ધીરે ધીરે દુકાનો ઓછી થતી જતી હતી. અને કાચા પાકા મકાનો આવવા લાગ્યા હતા. એ પણ છૂટા છવાયા, પૂજાની ચિંતા વધતી જતી હતી. એ વારે વારે મને પૂછી લેતી હતી કે જા આપણને 'શ્રીનિકેતન' નહીં મળી તો શું કરીશું? એ સવાલનો જવાબ તો કદાચ મારી પાસે પણ નહોતો છતાં મને આશા હતી કે અમે જરૂર એને શોધી લઈશું જ. પૂજાને હું હિંમત આપી રહ્યો હતો કે રાજેશે એની ડાયરીમાં 'શ્રીનિકેતન' લખ્યું છે એટલે એ આપણને મળશે જ. એ મારી વાત સાંભળીને મારી સામે જાઈ રહેતી. કદાચ એ મારી વાત ઉપર વિશ્વાસ કરવા માગતી હતી. બીજી તરફ જદગીશને પણ કંઈ જ જાણકારી મળી નહોતી હું અને જગદીશ ફોનથી સતત એકબીજાના કોન્ટેકમાં રહેતા હતા. નેટવર્કનો ઘણીવખત પ્રોબ્લેમ થતો હતો. પરંતુ હજી સુધી તો તકલીફ થઈ નહોતી. એ પણ અમારી જેમ જ થાક્યા હતા. એવું એના અવાજ પરથી સ્પષ્ટ વર્તાઈ આવતું હતું.

'અમીત... આપણે આમ ક્યાં સુધી ચાલીશું? હવે તો શહેરની હદ પણ પૂરી થવા આવે છે. પૂજાએ મને પૂછ્યું. એને શ્વાસ ચડ્યો હતો. એ ચાલતા ચાલતા થાકી ગઈ હતી. એટલે રોડના કિનારે આવેલા એક ખખડધજ, અવાવરુ મકાનના લાકડાના પાટિયાના બનાવેલા ઓટલા જેવી જગ્યા તરફ ચાલી અને ત્યાં બેસી ગઈ. એની વાત બિલકુલ સાચી હતી. હવે અહીંથી વધુ આગળ જવાનો કોઈ મતલબ નહોતો. પૂજાને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઠંડીના કારણે શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. એ જારથી શ્વાસ લેવાની કોશિશ કરતી હતી. જેના કારણે એના ચહેરા પર સ્નાયુઓ ઉપસી આવતા હતા. જે એની લીસી, પાતળી ચામડીમાં સ્પષ્ટ દેખાઈ આવતા હતા. એન સીનો જારજારથી ધબકવા લાગ્યો હતો. એ બેનમૂન સુંદર તો હતી જ એમાં અહીંની ઠંડીના કારણે એની ખૂબસૂરતી વધુ ખીલી ઊઠી હતી. એ હજી પણ તાજા ખીલેલા ગુલાબ જેવી મને લાગતી હતી. એણે ૧૦૭ ઠંડીથી બચવા લાંબો ઓવરકોટ પહેર્યો હતો. અને માથા ઉપર આછા પીંક કલરની ટોપી પહેરી હતી. જેના કારણે અત્યારે એ આબેહૂબ કોઈ ફિલ્મની હિરોઈન જેવી સુંદર લાગતી હતી. હું એની સામે જ રસ્તાની કિનારી ઉપર ઉભો હતો. અને એને ત્રાંસી નજરોથી નિહાળી રહ્યો હતો. મારી સૌથી મોટી સમસ્યા એ હતી કે ગમે એટલી તકલીફમાં પણ હું પૂજાને જાતો ત્યારે ત્યાં જ સ્થિર થઈ જતો. એ પછી મને આસાપાસ શું બની રહ્યું છે એનો સહેજે ખ્યાલ નહોતો રહેતો. એમાં પણ એ જ્યારે એની કાજળાશી ઘેરી ખૂબસૂરત આંખોથી મને જાતી ત્યારે હું અંદરથી ખળભળી ઊઠતો. એની નજરોના સંમોહનથી હું કોઈક અલગ જ દુનિયામાં પહોંચી જતો. અત્યારે પણ કંઈક એવુંજ બની રહ્યું હતું. 'શ્રીનિકેતન' નામની સમસ્યાને હું ભૂલી ગયો હતો અને પૂજા નામની અપ્સરાને હું માનની ગહેરાઈથી નીરખી રહ્યો હતો.

'અમીત... હું તને કહું છું. હવે શું કરીશું આપણે...?' પૂજાએ કંઈક ચિલ્લાઈને અકળાઈને મને કહ્યું. એ મારા જેવી નહોતી. એના માટે શ્રીનિકેતન શોધવું ખૂબ જ જરૂરી હતું અને અત્યારે હું એની સામે એકધારું જાઈ રહ્યો હતો. એટલે કદાચ એ ઊઠી હતી. હું એને નીરખવામાં એટલો મશગૂલ બની ગયો હતો કે મને બીજું કંઈ ધ્યાન નહોતું રહ્યું. બીજીવાર જ્યારે પૂજાએ મને પૂછ્યું ત્યારે મને ભાન થયું કે એ મને કંઈક પૂછી રહી છે. એ જ્યાં બેઠી હતી એ તરફ મેં પગ ઉપાડ્યા. એની નજીક જઈને એની બાજુમાં પેલા લાકડાની બેંચ જેવા ઓટલા પર એની લગભગ અડોઅડ બેઠો. એણે મારી તરફ ચહેરો ઘુમાવી નજરો મેળવતા પૂછ્યું, 'તું શું વિચારે છે?' એ મને ક્યારેક તું તો ક્યારેક તમે કહીને બોલાવતી હતી. પૂજાના શ્વાસોશ્વાસ મારા ચહેરા સાથે અથડાતા હતા. એની નજરોમાં ઘણાં બધા પ્રશ્નો ઊભરી આવ્યા. મેં ગરદન ઘુમાવી એના ચહેરા પરથી નજર હટાવી અને રોડની પેલી બાજુ જાવા લાગ્યો. અમે રોડની જે સાઈડે બેઠા હતા એની બરાબર સામેની બાજુ એક બે મજલી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લાકડાથી બનાવેલું જૂની ઢબનું એક મકાન ઊભું હતું. મારી અને પૂજાની બંનેની નજર એ મકાનને નીરખી રહી હતી. એ એક બેઠા ઘાટનું બે માળવાળું મકાન હતું. દૂરથી એ ઘણું જૂનું. પહેલાના સમયનું લાગતું હતું. કારણ કે એના લાકડાની દિવાલો સમયના માર સહન કરી કરીને કાળી ૧૦૮ પડી ચૂકી હતી. નીચેના દરવાજાની બરાબર ઉપર બાલકની જેવી જગ્યા છોડેલી હતી. અને એ બાલ્કનીની ઉપર એકાદ ફૂટ બહાર નીકળતા લાકડામાં કોતરણી કરીને છજ્જુ બનાવેલું હતું. એ જૂના ખખડધજ મકાનમાં જાવા જેવું કંઈ નહોતું છતાં અમે એને જાઈ રહ્યા હતા. અહીંના મોટાભાગના મકાનો આવા જ હતા. અચાનક પૂજાની નજર એક જગ્યા ઉપર સ્થિર થઈ. એ મકાનના પહેલા મજલે જે બાલકની હતી એના ઉપર છજ્જા જેવા ભાગમાં લાકડામાં કંઈક સ્થાનિક ભાષામાં લખેલું હતું. પૂજા ઝીણી નજર કરીને એ વાંચવાની કોશિશ કરી રહી હતી. વાંચતા વાંચતા એના ચહેરા ઉપર આશ્ચર્ય અને આનંદ મિશ્રિત ભાવ ઊપસી આવ્યા. એણે મારા હાથ ઉપર એના મુલાયમ હાથ મુકી દબાવ્યા. મારું ધ્યાન એના પર ગયું પરંતુ એ હજી પણ એ સામેના મકાનને એકીટશે નિહાળી રહી હતી. મને કંઈ ન સમજાયું.

'ચાલ... અચાનક એ ઊભી થઈ ગઈ અને મને કહ્યું. હજી તો હું કંઈ સમજું કે કોઈ પ્રતિક્રિયા કરું એ પહેલા તો મારો હાથ ખેંચીને મને ઊભો કર્યો અને એમ જ મારો હાથ પકડીને રસ્તો ક્રોસ કરવા લાગી. હું રીતસરનો એની પાછળ પાછળ ખેંચાયો હતો. મને ન સમજાયું કે અચાનક આ પૂજાને શું થઈ ગયું. અને શા માટે મને ખેંચીને એ મકાન તરફ લઈ જઈ રહી હતી. અમે બરાબર એ જૂના ખખડધજ મકાનની સામે આવીને ઊભા રહ્યા. પૂજા હજુ પણ પેલી બાલ્કની ઉપરના છજા સામે જાઈ રહી હતી. મેં પણ એ તરફ દૃષ્ટિ ધુમાવી પણ મને ત્યાં કંઈ અજુગતું કે આશ્ચર્ય થાય એવું દેખાયું નહીં. તો પૂજા ત્યાં શું જાઈ રહી હતી...? એ ક્યારેય બહુ અજીબ રીતે વર્તતી..

'શું દેખાય છે તને ત્યાં ?' આમ મારો હાથ ખેંચીને મને અહીં લઈ આવી પરંતુ મને તો કંઈ સમજાતું નથી.

'સામે ઉપર જુઓ. એણે મને કહ્યું એટલે મેં ફરી ત્યાં નજર કરી. પેલી બાલ્કની દેખાય છે એની ઉપર જે છજ્જા જેવો ભાગ છે એમાં કોતરેલા શબ્દો વાંચો. એની વાત તો સાચી હતી. કે એ છજાના લાકડાની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અંદર ખરેખર થોડા શબ્દો કોતરેલા હતા. પરંતુ એ તો અહીંની સ્થાનિક ભાષામાં લખેલા હતા અને કદાચ એ આ મકાનનું નામ હોઈ શકે. હું પારાવાર આશ્ચર્યથી પૂજા સામે જાઈ રહ્યો.

'તને અહીંની ભાષા વાંચતા આવડે છે?'

'નથી આવડતી પરંતુ એ જે લખ્યું છે એ હું ચોક્કસ વાંચી શકું છું.

'શું લખ્યું છે એ...?

'શ્રીનિકેતન'

'શ્રી નિકેતન!!!!' મારું આશ્ચર્ય બેવડાઈ ગયું. પરંતુ કેવી રીતે...?'

'એ શ્રીનિકેતન જ લખેલું છે તમે લોકો સવારે જ્યારે હોટલની બહાર નીકળ્યા ત્યારે હું થોડીવાર એ હોટલના કાઉન્ટર પર રોકાઈ હતી. અને ત્યારે જ મેં પેલા મેનેજર પાસેથી રાજેશની ડાયરીના શબ્દોનો અર્થ અહીંની ભાષામાં લખાવી લીધા હતા. ત્યારે મને એવું લાગ્યું કે એ કદાચ આપણને કામ આવી શકે... ત્યારે તો મને પણ નહોતી ખબર કે આટલી જલદી એનો ફાયદો આપણને થશે.' પૂજાએ થોડા ગર્વથી મુસ્કુરાઈને કહ્યું. એણે જબરદસ્ત સમજદારીવાળું કામ કર્યું હતું. આ વાતનો અંદાજ તો અમને બિલકુલ આવ્યો જ નહોતો. એ ખૂબસૂરત હોવા સાથે ઈન્ટેલીજન્ટ પણ હતી. એની સાબિતી એણે આપી દીધી હતી. એ સાચું જ કહેતી હતી કે એ અમારા પર બોજ નહીં બને. અને એના કારણે અમને હંમેશા ફાયદો જ થશે.

'તારે આ વાત અમને કરવી જાઈતી હતી.'

'હું એ જણાવવાની જ હતી પરંતુ પછી જ્યારે ખબર પડી કે અહીંના લોકો સારી રીતે હિન્દી ભાષા જાણે છે એટલે કદાચ આપણે એમની ભાષા જાણવાની જરૂર નહીં પડે એવું વિચારીને હું ચૂપ રહી... ત્યારબાદ તો આ આખી વાત મને ભુલાઈ જ ગઈ હતી.'

'હં... ઠીક છે. ચાલ આપણે અંદર તપાસ કરીએ.' મકાનના પગથિયા ચડતા મેં કહ્યું. એ મકાનનો દરવાજા બંધ હતો. એટલે મેં ખટખટાવ્યો. અહીં ડોરબેલની વ્યવસ્થા હશે એવું વિચારવું પણ નકામું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતું. એટલે જ્યારે દરવાજા ન ખુલ્યો ત્યારે જરા જારથી દરવાજા પર મારો હાથ થપથપાવ્યો. અંદરથી કોઈના આવવાની આહટ સંભળાઈ એટલે હું અટક્યો. લગભગ આશરે પિસ્તાલીસેક વર્ષની ઊંમરની વ્યક્તિએ દરવાજા ખોલ્યો. એ અમારી સામે જાઈ રહ્યો અને પછી કંઈક બોલ્યો પણ મને સમજાણ ન પડી ૧૧૦ કે એ શું કહેવા માંગે છે. એટલે મેં પૂછ્યું કે ડશું આ જ શ્રીનિકેતન છે...? એ મારી વાત સમજ્યો હોય એવું લાગ્યું અને એણે માથું હામાં ધુણાવ્યું.

'અંદર આઈએ...? એણે ભાંગેલી તુટેલી હિન્દીમાં અમને આવકાર આપ્યો. અમે ઘરમાં દાખલ થયા. બહારથી એકદમ ખખડધજ લાગતું મકાન અંદરથી વ્યવસ્થિત હતું. ઘરમાં ખૂબ જ ઓછો સામાન હતો અને જે હતો એ પણ એકદમ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલો હતો. અહીંના બનાવેલા ફાયરપ્લેસમાં આગ સળગતી હતી. અંદર એક જ મોટો રૂમ હતો. જેની વચ્ચોવચ બે ત્રણ ખુરશીઓ ગોઠવેલી હતી. અને વચ્ચે લાકડાની મોટી ટિપોઈ પડી હતી. અમે ત્યાં ખુરશી પર બેઠા. એ અમારી સામે પ્રશ્નાર્થ નજરે જાતો ઊભો રહ્યો.

'તમે આને ઓળખો છો...?'પૂજાએ એના પર્સમાંથી રાજેશનો ફોટો કાઢીને એ વ્યક્તિના હાથમાં મૂકતા પૂછ્યું. 'અને આ થેંબો એટલે શું છે...? હું હજુ તો વિચારતો હતો કે વાતની શરૂઆત ક્યાંથી કરવી અને કેવી રીતે કરવી એ પહેલા તો પૂજાએ બીજી આડી અવળી વાતોમાં સમય બગાડ્યા વગર સીધોજ ધડાકો કરી નાંખ્યો. મને આજે પૂજા કંઈક બદલાઈ ગઈ હોય એવું લાગ્યું. આશ્ચર્યથી હું એની સામે જાઈ રહ્યો કે આ એ જ છોકરી છે જે અત્યાર સુધી એકદમ ચૂપચાપ, વધુ કંઈ બોલ્યાવગર અમારી સાથે આવી હતી અને અત્યારે તો એના તેવર જ સાવ બદલાઈ ગયા હતા. એણે એવી ઉલટ તપાસની રીતે પેલાને પૂછ્યું કે એ બે ઘડી હેબતાઈ ગયો. એણે રાજેશનો ફોટો હાથમાં લીધો અને ધ્યાનથી એને જાવા લાગ્યો. ફોટો જાઈને એના ચહેરા પર આશ્ચર્ય અને અવિશ્વાસની રેખાઓ ઊપસી આવી. મને એવું લાગ્યું કે એ ફોટો જાઈને આઘાત પામ્યો હોય. એના ચહેરાના રીએક્શન પછી અમને એટલો તો ખ્યાલ આવી ગયો હતો કે અમે સાચા રસ્તે હતા. અમે સમજી ચૂક્યા હતા કે જરૂર આ વ્યક્તિ રાજેશને જાણે છે. અને એ ખૂબ સારી રીતે જાણે છે. અમારા. માટે એ શું કહે છે. એ ખૂબજ જરૂરી હતું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એટલે અમારી નજરો એના ચહેરા પર મંડાઈ.

થેંબો એ મારું નામ છે. હું અહીં ગાઈડનું કામ કરું છું. તે દિવસ સુધી હું આ ફોટામાં દેખાય છે એ ભાઈ સાથે ગાઈડ તરીકે હતો. એ જ્યારે અહીં સ્ટેશને ઉતર્યા ત્યારથી હું ગાઈડ તરીકે એમની સાથે ફર્યો હતો. આ મકાનનો ઉપયોગ ક્યારેક હું ભાડું કમાવા માટે પણ કરું છું. આ ફોટામાં દેખાયછે એ સાહેબ અહીં મારે ત્યાં જ રોકાયા હતા. પરંતુ તમે કોણ છો? અને શા માટે મને આ બધું પૂછી રહ્યા છો ? એ હજી અસમંજસમાં જ હતો. અમને એક સાથે બે ક્લુ મળી ગયા હતા. એક તો 'શ્રીનિકેતન' અમને મળ્યું હતું. અને 'થેંબો' નામનો વ્યક્ત હતો જે અત્યારે અમારી સામે જ ઊભો હતો. અમે તો થેંબા વિશે ક્યારેય આઈડિયા પણ નહોતો લગાવ્યો કે એ કોઈનું નામ પણ હોઈ શકે. વિચિત્ર નામ હતું એનું 'થેંબો'. મને એ વ્યક્તિ થેંબો થોડોક ભોળો હોય એવું લાગ્યું. અમે એના સવાલોના જવાબ ન આપ્યા એટલે ફરીવાર એણે બોલવાનું ચાલું કર્યું. 'અહીં તો લગભગ આખું વર્ષ ટુરિસ્ટો આવતા રહે છે. એમાંથી અમુક લોકો ભૂલાઈ જાય અને થોડાઘણા યાદ રહી જાય અને બાકીનાને યાદ કરવા જેવા હોતા નથી. પરંતુ આ ફોટાવાળા સાહેબ મને સારી રીતે યાદ રહી ગયા છે.'

અમે એકદમ સાચી જગ્યાએ આવી ચડ્યા હતા. જા આ વ્યક્ત 'થેંબો' એમ કહેતો હોય કે એ ત્રણ દિવસ સુધી રાજેશની સાથે જ હતો.. તો.. તો.. પછી એ રાજેશ વિશે ઘણું બધું જાણતો હોવો જાઈએ. રાજેશ ક્યાં ક્યાં ગયો હતો. એણે શું શું જાયું હતું. અને શુ ંકર્યું હતું આ તમામ બાબતો થેંબો જાણતો જ હોવો જાઈએ. હું અને પૂજા ઉત્સાહિત થઈ ઊઠ્યા કે હમણાં જ અમને બધી માહિતી મળી જશે. રાજેશે પણ એની ડાયરીમાં આ વ્યક્તિનું નામ લખ્યું હતું. એનો મતલબ જરૂર આ થેંબો કોઈ મહત્વની વાત જાણતો હોવો જાઈએ. નહિતર મહત્વ વગરની હોય એવી કોઈ નોંધ રાજેશ કરે જ નહીં. હવે અમારું ટાર્ગેટ આ થેંબો જ હતો. આને પૂરેપૂરો વિશ્વાસમાં લઈ એ શું જાણે છે રાજેશ વિશે એ વાત કઢાવવી જરૂરી. એનો બેઠો, ચપ્પટ અને કંઈક અંશે ચોરસ લાગતો ચહેરો અને ચહેરાના હાવભાવ એના ભોળપણ અને નિખાલસ હોવાની નિશાની બયાન કરતા હતા. એને વિશ્વાસમાં લેવા માટે મારે આખી કહાની કહેવી પડે એમ હતી. વાતને ગોળ ગોળ ન ઘુમાવતા મેં થેબાને અતથી ઈતિ સુધી આખી સ્ટોરી કહી દીધી. હું એનો મિત્ર છું અને પૂજા એની બહેન છે એ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પણ જણાવી દીધું. એક વાત ૧૧૨ નહોતી કહી કે રાજેશને કોઈકે ગોળી મારી છે અને એ અત્યારે કોમામાં છે. અમે તો એમ જ કહ્યું કે અમે કુલ મળીને ચાર વ્યક્તિઓ છીએ અને જ્યારે અહીં ફરવા આવવાનું નક્કી થયું એટલે રાજેશે તમારું નામ જણાવ્યું હતું. અને કહ્યું કે આ વ્યક્તિને જ તમે ગાઈડ તરીકે સાથએ લેજા એટલે અમે તમને શોધતા અહીં આવી પહોંચ્યા હતા. એણે અમારી વાત ઉપર વિશઅવાસ કરી લીધો હતો. મેં અગાઉ કહ્યું એમ કે અહીંના લોકો ખૂબજ સાલસ, સરળ અને ભોળા હોય છે. થેંબો પણ એવો જ હતો. કોઈ જ પ્રકારની દલીલ વગર એણે આણારા થોડા ઘણા જૂઠાણા પર વિશ્વાસ કરી લીધો. નહીંતર અમારી વાતમાં જે વિરોધાભાસ થયો હતો તે તરત પકડાઈ જાય એવો હતો. આમ પણ અહીની મોટાભાગની આવક ટુરીસ્ટોની ઉપર જ આધારિત હતી એટલે આ લોકો ટુરીસ્ટોને ભગવાનની જેમ સાચવતા હોય છે. એ ગાઈડ તરીકે અમારી સાથે આવવા રાજી થઈ ગયો હતો. અમે એ તમામ જગ્યાઓ જાવાની ઈચ્છા દર્શાવી કે જ્યાં રાજેશ ગયો હતો અને એમાં પણ એ સંમત થયો હતો. મને મનમાં એક ડર એ વાતનો હતો કે જા અમે ડાયરેક્ટ જ થેંબાને રાજેશ વિશે બધું પૂછતું તો કદાચ તમામ માહિતી અમને નહીં જણાવે એટલે એને ગાઈડ તરીકે સાથે રાખી એને વિશ્વાસમાં લઈ બધી વિગતો ધીરે ધીરે જાણવાનો રસ્તો અપનાવ્યો હતો. લગભઘ સાંજના પાંચ સાડા પાંચ વાગ્યાની આસપાસ અમે થેંબાના ઘરેથી નીકળ્યા. બહાર સૂર્ય વિદાય લેવાની તૈયારીમાં હતો. અને ઠંડીમાં સતત વધારો થઈ રહ્યો હતો. અમે થેંબાને આવતીકાલે સવારે અમે જે હોટલમાં રોકાયા હતા ત્યાં આવી જવાનું કહ્યું હતું. એણે 'હા' પાડી હતી. બહાર નીકળીને મેં જગદીશને ફોન લગાવ્યો. આખી વાત એને કહી કે અમને શ્રીનિકેતન અને થેંબો બંને મળી ચૂક્યા હતા.

***

અત્યારે જગદીશ એકલો ઊભો હતો. ટીના હમણાં જ બાજુની દુકાનમાં ઘૂસી હતી. એ દુકાન શૃંગારના સાધનોની હતી. એ કંઈ લેવા માટે નહીં પણ એક સ્ત્રીસહજ ઉત્સુકતાથી અંદર ગઈ હતી. અને એકપછી એક બધી ચીજવસ્તુઓના ભાવ પૂછી રહી ૧૧૩ હતી. બહાર દુકાનના કોર્નર પર ઊભા ઊભા જગદીશે આખી બજારમાં નજર ફેરવી. અચાનક એ સાવધ થઈ ગયો. અને સામેથી આવતા વ્યક્તિને એ જાઈ રહ્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જગદીશે ઝડપથી પગ ઊપાડ્યા. અને બજારની સામેની તરફ દેખાતી દુકાનો તરફ ચાલ્યો. એક દુકાનમાં જઈ ત્યાંરાખેલી વસ્તુઓ જાવા લાગ્યો. જગદીશને એ દુકાનમાં જતો જાઈને પેલી વ્યક્તિ પણ એની પાછળ એ દુકાનમાં ઘુસ્યો. એ બરાબર જગદીશની પીઠ પાછળ ઊભો રહીને આસપાસમાં નજર ઘુમાવવા લાગ્યો. એજ વખતે જગદીશના મોબાઈલની રીંગ વાગી એટલે એણે ફોન ઉપાડ્યો. સામેના છેડે અમીત બોલી રહ્યો હતો. અમીતે શ્રીનિકેતન અને થેંબા વિશેની વાત વિગતવાર જણાવી દીધી જે જગદીશે સાંભળીને મોબાઈલ કટ કર્યો. એના ચહેરા પર મુસ્કાન આવી ગઈ. જગદીશ કંઈક બોલવા જતો હતો પરંતુ પછી કંઈક વિચારીને અટકી ગયો. દુકાનમાં એ બે જ વ્યક્તિ હતા એટલે દુકાનદાર એની પાસે આવીને ઊભો રહી ગયો હતો. ના છૂટકે જગદીશે બહારની તરફ પગ ઊપાડ્યા. અને બજારમાં પહોંચ્યો. પેલો વ્યક્તિ કે જે જગદીશની પાછળ દુકાનમાં ઘૂસ્યો હતો. એ પણ ચારેબાજુ આમતેમ આંટા મારી બહાર નીકળી જગદીશની એકદમ અડોઅડ પહોંચી એની સાથે સાથે ચાલવા લાગ્યો. જગદીશને મોકો મળી ગયો. અને જાણે પોતાની સાથે જ વાત કરતા હોય એમ છતાં પેલા વ્યક્તિને સંભળાય એવી રીતે બોલ્યો, 'ગાડી ટ્રેક પર છે, જલદી સ્ટેશને પહોંચી જવાશે.' આ પેલાએ સાંભળ્યું એટલે એ ઝડપથી ચાલીને જગદીશથી આગળ નીકળતા બોલતો ગયો. 'તૈયાર રહેજે.' અને પછી જાતજાતામાં એ બજારની ભીડમાં ખોવાઈ ગયો.

એ પેલો નેપાળી જ હતો. જેને અમીતે કોલકતાના રેલવે પ્લેટફોર્મ પર જાયો હતો. એ અહીં ગંગટોક સુધી પહોંચી ગયો હતો.

***

છએક વાગ્યાની આસપાસ અમે અમારી હોટલ પહોંચવા આવ્યા હતા. અમારી બાજુની હોટલમાં અત્યારે થોડી હલચલ થઈ રહી હતી. એ થ્રી સ્ટાર હોટલના પાર્કિંગમાં કારોનો ઝમેલો આવીને ઊભો રહ્યો હતો. અને એમાંથી સુટેડબુટેડ આદમીઓ ઊતરી ૧૧૪ રહ્યા હતા. કોઈ મોટી કંપનીના એક્ઝેક્યુટીવ જેવો પહેરવેશ હતા એ બધાના. મેં ગણતરી કરી એ લોકો ત્રણ કારમાં બાર વ્યક્તિઓ આવ્યા હતા. કદાચ કોઈ કંપની તરફથી એ લોકોને ટૂરમાં મોકલવામાં આવ્યા હશે... અથવા તો પછી કોઈ એડવેન્ચર ટ્રેનિંગ કેમ્પમાં આવ્યા હોવા જાઈએ. મને થોડું અજુગતું લાગ્યું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કે ઓફ સીઝનમાં શા માટે આ લોકો ટૂરમાં નીકળ્યા હશે....? મનમાં કંઈક સમજણ ન પડે એવી લાગણીઓ ઘેરાઈ વળી. ઘણી વખત અચાનક જ મને આવી અનુભૂતિ થતી જેને હું સમજી નહોતો શકતો. અને અત્યારે પણ એવું જ થયું. સાવ અચાનક જ એ લોકોને જાયા પછી મારો મૂડ બદલાઈ ગયો. અને મારા મનમાં એક ઉદાસી છવાઈ ગઈ. એ લોકો અંદર ગયા તેના પછી એમની સાથે લાવેલી મોટી મોટી સૂટકેસો એ હોટલના કર્મચારીઓ અંદર લઈ ગયા હતા.

'અમીત...' એ જગદીશનો અવાજ હતો. પાછળ ફરીને અમે જાયું તો જગદીશ અને ટીના એકબીજાનો હાથ પકડીને ચાલતા આવી રહ્યા હતા. એ બંનેને હાંફ ચડ્યો હતો. કદાચ એ લોકો ઘણે દૂરથી ચાલતા અહીં સુધી આવ્યા હતા. જગદીશને જાયા પછી હું સચેત થઈ જતો. મને આ માણસ પણ ઠીક નહોતો લાગતો. મારા જીવનમાં એવી ખતરનાક પરિસ્થિતિઓ સર્જાઈ હતી કે હવે હું વહેમીલો બની ગયો હતો. નાની નાની વાતમાં મને શક થયે રાખતો. મને ખ્યાલ પણ નહોતો રહ્યો અને હું શક્કી બની ગયો હતો.

શું.. છે... બોલો....? મેં કંઈક અણગમાના ભાવે કહ્યું.

'મને લાગે છે કે આજનો દિવસ આપણા માટે સફળ રહ્યો. તમે લોકો 'શ્રીનિકેતન અને થેંબો શોધીને લાવ્યા જ્યારે અમે 'ટીબેટન શોધ' મળી આવ્યું. જગદીશે માહિતી આપી. 'ટિબેટન શોધ' એનો સાચો મતલબ તો ટીબેટન શોધ સંસ્થાન એવો થાયછે. એ એક મ્યુઝીયમ કમ લાયબ્રેરી કમ રિસર્ચ સેન્ટર છે. ત્યાં પૌરાણિક ચીજવસ્તુઓ, પુસ્તકો અને કૃષિ વિષયને લગતી ચીજાની ભરમાર છે. એ અહીંથી શહેરના તળ તરફ જતા આગળ એક નાનકડો ગાર્ડન આવે છએ. એની બિલકુલ બાજુમાં જ એક વિશાળ પટાંગણ ધરાવતી ઈમારત છે. અમે વાતો કરતા કરતા હોટલની લોજમાં આવ્યા. ત્યાં ૧૧૫ મૂકેલા સોફા પર બધા બેઠા. જગદીશે આજે પહેલીવાર એક જાસૂસને છાજે એવી માહિતી મેળવી આવ્યો હતો. મને તો ખરેખર એના ઉપર શક થતો હતો. આ તો ઈન્સ. ચાવડાએ આને ભળાવ્યો હતો એટલે પરાણે વિશ્વાસ કરવો પડતો હતો કે આ જાસૂસ છે. મને ઈન્સ. ચાવડા ઉપર પૂરેપૂરો વિશ્વાસ તો નહોતો જ.

'તમે લોકો અંદર જઈ આવ્યા...?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'હા... અંદર ગયા હતા એટલે જ તો અમેજાણીએ છીએ કે એ સંસ્થાનમાં શું શું છે. પરંતુ વધારે સમય ન મળ્યો કારણ કે પાંચ વાગ્યે તો એ બંધ થઈ જાય છે. હવે કાલે સવારે દશ વાગ્યે એ ખુલશે એટલે આપણે બધા સાથે ત્યાં જઈશું.'

ઓ.કે. અને હા કાલે સવારે પેહોલ થેંબો પણ અહીં આવશે એને ગાઈડ તરીકે સાથે લેવાનો છે. એ સારી રીતે જાણતો હશે કે રાજેશ ક્યાં ક્યાં ગયો હતો. એ આપણને ઘણો લાભદાયી સાબિત થશે.

અને આપણને આગળ વધવામાં સરળતા પણ રહેશે...' અમે થાકી ગયા હતા. ચાલી ચાલીને અમારા પગ દુ:ખવા લાગ્યા હતા. મને તો અત્યારે અહીંથી ઊભા થઈને ઉપર રૂમમાં જવાની પણ ઇચ્છા નહોતી. થાક લાગવા છતાં આનંદ એ વાતનો હતો કે આજે અમે ઘણું બધું જાણી આવ્યા હતા. વાતાવરણ ધીરે ધીરે વધુ ઠંડું થઈ રહ્યું હતું. અને જમવાની ઇચ્છાપણ તીવ્ર થઈ હતી. અમે ઉપર રૂમમાં જઈ ફ્રેશ થઈને ફરી પાછું નીચે આવવાનું નક્કી કર્યું. મેં કંઈક વિચાર્યું અને ઊભા થતા જગદીશને પૂછ્યું.

આપણી બાજુની હોટલમાં આજે ઘણી ગાડીઓ આવી છે. તે જાયું એ...?'

'હા... મેં જાયું ને, અહીં આવ્યો ત્યારે મારું ધ્યાન સૌ પ્રથમ ત્યાં જ ગયું હતું. મને લાગે છે કે એ લોકો કોઈ કેમ્પમાં આવ્યા હશે. આ તો ટૂરિસ્ટ સ્પોટ છે. એટલે અહીં ટ્રેકીંગ અને માઉન્ટેનિંગના કેમ્પો છાસવારે યોજાતા જ હોય છે. એટલે એ લોકોને જાઈને મને કંઈ ખાસ અજુગતું લાગ્યું નહીં. છતાં આપણે કાલે સવારે એ લોકો વિશે તપાસ કરી લઈશું. પરંતુ એ પહેલા તો અત્યારે આપણે ફ્રેશ થઈને જમવાની જરૂર છે કારણ કે મને ખૂબ જબરજસ્ત ભૂખ લાગી છે.' જગદીશે કહ્યું.

'ભૂખ તો મને પણ લાગી છે... ચાલો.' આ વખતે પૂજાએ કહ્યું. એ દાદરના ૧૧૬ પગથિયા ચડતા બોલી. એ અત્યારે ખુશ લાગતી હતી. એનું કારણ કદાચ એ હતું કે આજે પહેલા જ દિવસે એમને ઘણી સફળતા મળી હતી. અમે ઉપર અમારા રૂમ તરફ ચાલ્યા. લગભગ અડધા કલાક પછી અમે નીચે રેસ્ટોરન્ટમાં ટેબલ પર ગોઠવાયા. બહાર વાતાવરણમાં ઠંડી જબરજસ્ત રીતે ફેલાઈ ગઈ હતી. જા અત્યારે બહાર નીકળાવું હોય

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તો પૂરી તૈયારી કરીને નીકળવું પડે. નહીંતર ઠંડા પવનો સીધા જ શરીરમાં ઊતરી જાય. અને તમને બેહાલ કરી મુકે. અહીં અંદર એવું નહોતું. અહીંનું વાતાવરણ એકદમ હુંફાળું અને રોમેન્ટિક હતું. ચારેતરફ છતમાં લગાવેલી આછા પીળા કલરની ડીમલાઈટો ચાલુ હતી જે આ વાતાવરણને વધુ નશીલું બનાવતી હતી. એક તરફ ફાયરપ્લેસની ગરમી અંદરની હવામાં સુંવાળી હૂંફ પ્રસરાવી રહી હતી. એકદમ ધીમું પણ મદહોશ કરતું મ્યૂઝીક વાગી રહ્યું હતું. જે સાંભળીને આખા શરીરમાં એક જાતની રીધમ પથરાઈ જતી હતી. મારો તો આખો દિવસનો થાક પળવારમાં ગાયબ થઈ ગયો. આમ પણ ગંગટોક એક સ્વર્ગીય ભૂમિ છે. ચારોતરફ ફેલાયેલા ઊંચા ઊંચા પહાડોની વચ્ચે વસેલું આ શહેર હનીમૂન માટે નવપરણિત યુગલોને સાદ પાડીને બોલાવતું હતું. અહીં આવ્યા બાદ તમે કુદરતના સાનિધ્યમાં જીવનનો ભરપૂર આનંદ મેળવી તરોતૃપ્ત થઈ જાઓ એ નક્કી. શુષ્ક અને નિરશ વ્યક્તિને પણ અહીં રોમેન્ટીક બનવાની ફરજ પડી જાય. પહાડોની ટોચ ઉપરથી શુદ્ધ અને નિર્મળ ખળખળ કરતું નીચે વહેતું પાણી, શંકુ આકારના ઊંચા અને ઘટાદાર વૃક્ષો અને એ વૃક્ષો ઉપર જામેલા બરફના વરસાદી ચોસલા એક અદભૂત દૃશ્ય રચે ત્યારે તમને એવો અનુભવ થાય કે જાણે તમે કોઈ દિવ્યલોકમાં આવી પહોંચ્યા હોવ. અહીં આવ્યા બાદ તમામ દુનિયાદારી અને માનવીય તકલીફો ભુલાઈ જાય છે. અને બસ... એક નિતાંત કુદરતી સાંદર્ય તમારા મનને ઘેરી વળી ચીરયૌવન સુંદરતાની અનુભૂતિ થયા કરે.

મને પણ અત્યારે એવી જ કંઈક અનુભૂતિ થતી હતી. અમે ગંગટોક આવ્યા ત્યારથી જ હું અહીંની સુંદરતાના પ્રેમમાં પડી ગયો હતો. અમે આજે આખો દિવસ ચાલતા જ વિતાવ્યો હતો. નો ડાઉટ કે અમે બહુજ થાકી ગયા હતા. પરંતુ સાથે સાથે અહીંના શાશ્વત સાંદર્યનો પણ ભરપૂર આનંદ અમે લીધો હતો. મારા ઉપર તો જાણે કુદરત ૧૧૭ પૂરેપૂરી મહેરબાન હતી. એક તરફ કુદરતી સાંદર્ય હતુ અને બીજી બાજુ સાક્ષાત સુંદરતાની મૂર્તિ સમાન પૂજાનો સહેવાસ મળ્યો હતો. પૂજા મારી સાથે હતી એ અહેસાસ મારા દિલોદિમાગમાં એક સુગંધીદાર ખૂશ્બૂની જેમ છવાઈ ગયો હતો. લાઈટના ઝાંખા પ્રકાશમાં એ બહુ જ સુંદર લાગતી હતી. પ્રકાશનું એક ત્રાંસુ કિરણ એની બીંદી ઉપર કામણ કરી રહ્યું હતું. જેના કારણે એ જ્યારે થોડી પણ હલતી ત્યારે એ બીંદી અલૌકિક રીતે ચમકી ઊઠતી. એનો થોડો લંબગોળ ખૂબસૂરત ચહેરો, ચહેરા ઉપર

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લગાવેલી બીંદી, કાનમાં થોડી લાંબી સેરના પહેરેલા એરીંગ્સ એની ખૂબસુરતીને ચાર ચાંદ લગાવી રહ્યા હતા. જમવાનું તો સ્વાદિષ્ટ હતું જ પરંતુ એની સાથે સાથે હું પૂજાના અનુપમ સાંદર્યનું પણ રસપાન કરી રહ્યો હતો. લગભગ કલાક પછી અમે જમીને બહાર હોટલના પેસેજમાં આવ્યા. અહીંથી સામેની બજાર દેખાતી હતી. આમ તો અમારી હોટલ પણ બજારનો જ એક ભાગ હતી. છતાં એ થોડી અલાયદી પડતી હતી. બજારમાં ઝાઝી ચહલપહલ નહોતી. લગભગ બધા દુકાનદારો દુકાન વધાવીને ઘરે જવાની ફીરાકમાં દેખાયા કારણ કે એક તો ઓફ સીઝન હતી એટલે રાત્રિની ઘરાકી નહોતી મળતી અને ઉપરથી આજે ઠંડી પણ ગજબનાક રીતે વધતી જતી હતી. અમે જમ્યા બાદ થોડું ચાલવાના ઈરાદે બહાર આવ્યા હતા. પરંતુ એ શક્ય નહોતું બનવાનું. આ ઠંડીમાં જા વધારે સમય બહાર રહીએ તો અમારી કુલ્ફી બની જાય એમ હતું. એટલે ફરી પાછા હોટલ તરફ પગ ઉપાડ્યા.

'તમે જાવ હું થોડીવારમાં આવું છું.' અચાનક જગદીશે અટકીને કહ્યું. એણે મારી તરફ જાઈને કંઈક ઈશારો કર્યો. એ સિગારેટ પીવા ઈશારો હતો. હું સ્મોકિંગ કરતો નહોતો. એટલે એ એકલો ગયો. અમે રૂમ તરફ ચાલ્યા. પૂજા અને ટીના તો ક્યારના આગળ ચાલવા લાગ્યા હતા. એ તરફ મારું ધ્યાન નહોતું. હું જયારે એ બંને લેડીને ગુડનાઈટ કરીને મારા રૂમમાં ઘૂસ્યો ત્યારે લગભગ નવ સાડા નવ જેવો ટાઈમ થવા આવ્યો હતો. એ પછી થોડીવારમાં તો હું રજાઈમાં ઘૂસીને ઘસઘસાટ ઊંઘવા લાગ્યો હતો.

બહાર ઠંડી ધીરે ધીરે એનો રંગ જમાવી રહી હતી. સાંજે જ લાગતું હતું કે આજે ૧૧૮ રાત્રે સ્નો ફોલ જરૂર થશે જ. હું ફક્ત એક જાડી રજાઈ ઓઢીને જ સૂતો હતો જે આ ઠંડીની સામે ઝીંક નહોતી ઝીલી શકતી, એટલે મારી નીંદ ઊડી ગઈ. મેં ઊઠીને આમ તેમ નજર કરી કે કદાચ ઓઢવા માટે બીજું કંઈ મળી જાય. મને જગદીશની રજાઈ હાથમાં આવી, પરંતુ મેં જાયું કે જગદીશ પથારીમાં નહોતો. ઘડિયાળ તરફ નજર ઘુમાવી તો હું હજુ ઝાઝું ઊંઘ્યો નહોતો. હજી તો સાડા દસ જ વાગ્યા હતા. અત્યાર સુધીમાં તો જગદીશે આવી જવું જાઈતું હતું. કદાચ એ બાથરૂમ ગયો હશે. એવું અનુમાન કરીને એ દિશામાં નજર નાખી તો બાથરૂમ અડધું ખુલ્લું હતું. એનો મતલબ તો એ ત્યાં પણ નહોતો. તો એ ક્યાં ગયો હશે ? મને આ માણસ પહેલેથી જ ગરબડવાળો લાગતો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હું હજી પૂરેપૂરો વિશઅવાસ એના ઉપર નહોતો મૂકી શક્યો અને એટલે જ જ્યારે એ પથારીમાં મને ન દેખાયો એટલે મારું મગજ ઠનક્યું. મેં ઊભા થઈને આખા રૂમમાં ચક્કર લગાવ્યું. અને પછી બારી તરફ ગયો. બહારની ઠંડીને અંદર આવતી રોકવા બારી બંધ રાખી હતી જે મેં હિંમત કરીને અડધી ખોલી બહાર રોડ ઉપર નજર નાંખી. બજારમાં લગભગ સોપો પડી ગયો હતો. ચારે તરફ એકદમ સુનકાર છવાયેલો હતો. બે ત્રણ દુકાનો સિવાય લગભગ બજાર બંધ થઈ ચૂક્યું હતું. ત્યાં લગાવેલી સ્ટ્રીટ લાઈટની પીળી રોશનીમાં આખી બજારનો નજારો સ્પષ્ટ જાઈ શકતો હતો. જે બે ત્રણ દુકાનો ખુલ્લી હતી એના માલિકો પણ હવે દુકાનો બંધ કરીને ઘરે જવાની પળોજણમાં પરોવાયા હતા. મારી નજર બાજુની હોટલના પાર્કિંગમાં ઊભેલી ગાડીઓ તરફ ગઈ. ત્યાં પણ એકદમ નિરવ શાંતિ પથરાયેલી હતી. એ હોટલના પાર્કિંગમાં ટ્યુબલાઈટો ચાલુ હતી એટલે ત્યાંનુ દૃશ્ય પણ ચોખ્ખું દેખાઈ રહ્યું હતું. હું અસમંજસમાં જ ત્યાં ઊભો રહ્યો. મારા મનમાં જગદીશ વિશે અનેક ખ્યાલો ઊભરાઈ રહ્યા હતા. બધા જ સૂઈ ગયા હતા તો પછી જગદીશ ક્યાં ગયો હતો ?

એણે તો મને ફક્ત સિગારેટ પીવા જવાનો ઈશારો કર્યો હતો. એટલે સિગારેટ પીને એ અત્યાર સુધીમાં તો આવી જવો જાઈતો હતો. મને ક્યારેક એવું લાગતું કે એના કારણે અમે જરૂર કોઈ મુસીબતમાં મુકાવાના છીએ. એનું વર્તન ખરેખર મને શંકા ઉપજાવે એવું હતું. મને ઈચ્છા થઈ આવી કે હું પૂજાના રૂમમાં જઈ જાઈ આવું. કદાચ એ ત્યાં હોય અને એ લોકો વાતો કરી ૧૧૯ રહ્યા હોય. હા... આ શક્ય હોય ખરું... કદાચ જગદીશ ત્યાં હોવો જાઈએ એવું વિચારીને મેં રૂમમાં પાછા ફરવા જેવા પગ ઉપાડ્યા કે હું ચમકી ગયો. મેં ઝડપથી થોડી બારી બહાર ખેંચી થોડો અવકાશ રાખી બહાર જાયું. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. એ જગદીશ જ હતો. જે બાજુની હોટલમાંથી બહાર નીકળી રહ્યો હતો. ઝડપથી ચાલીને એ હોટલનું પાર્કિંગ વટાવી ગેટ સુધી પહોંચી તેણે સામેની એક દુકાન તરફ પગ ઉપાડ્યા. એ એક આઈસ્ક્રિમવાળાની દુકાન હતી ત્યાં પહોંચીને એ ઊભો રહ્યો. એ જ્યાં ઊભો હતો એની બરાબર બાજુમાં સ્ટ્રીટલાઈટનો થાંભલો હતો. જેના પર લાઈટ ચાલુ હતી. એટલે જગદીશને હું ચોખ્ખો જાઈ શકતો હતો. એના ચહેરા પર ઉતાવળ અને ઉચાટના ભાવ મને અહીંથી પણ દેખાઈ રહ્યા હતા. મને લાગ્યું કે એકોઈકની રાહ જાઈ રહ્યો હતો. એણે આજુબાજુ નજર ઘુમાવી એટલે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મારું અનુમાન પાક્કું થઈ ગયું. થોડીવાર સુધી કંઈ જ ન થયું કોઈ જ હિલચાલ નજરે ન ચડી પરંતુ અચાનક એક ગલીના અંધકારમાંથી કોઈક પ્રગટ થયું. એ વ્યક્તિને જાતાં જ મારું મગજ ચક્કર ખાઈ ગયું. અને વિસ્મયથી મારું મોં ખૂલી ગયું. મારું હૃદય જાર જારથી ધબકવા લાગ્યું. આ કાતિલ ઠંડીમાં પણ મારા કપાળે પરસેવાના બુંદો ઊપસી આવ્યા. આ એ જ નેપાળી હતો જેને મેં કોલકતાના સ્ટેશને જાયો હતો. ત્યારે ફક્ત બે પાંચ સેકન્ડ માટે જ અમારી નજરો મળી હતી પરંતુ એની આંખોમાં રહેલી ક્રૂરતાને મેં અનુભવી હતી. એ જ નેપાળી અત્યારે અંધકારમાંથી કોઈ ભૂતની જેમ પ્રગટ થયો હતો અને જગદીશ ઊભો હતો એ તરફ જઈરહ્યો હતો. અને થોડીવારમાં જ એ એની બાજુમાં ઊભો હતો. જગદીશને એની જ રાહ હતી. જેવો નેપાળી એની બાજુમાં આવ્યો કે તરત જ જગદીશે સાવધાનીથી એને કંઈક કહ્યું. મને ઊડીને ત્યાં પહોંચી જવાનું મન થયું. જેથી હું એમની વાતો સાંભળી શકું અને જગદીશને સીધું જ પૂછી લઉં કે આ બધું શું કાવતરું ચાલે છે... ? તું શું કામ પેલી હોટલમાં ગયો હતો અને આ નેપાળી કોણ છે ?પરંતુ મારી એવી હિંમત ન ચાલી. હું ડરપોક કે કાયર નહોતો. જા કે મારે એ લોકો સાથે ઝઘડો થાય તો એ બંનેને હું પહોંચી રહું એટલી તો તાકાત અને હિંમત હતી મારામાં. ... છતાં અત્યારે મારા પગ જમીન સાથે ચોંટી ગયા હતા. અને શ્વાસ રોકીને એ બંનેને જાઈ રહ્યો હતો. ૧૨૦ જગદીશે જે કહ્યું એ સાંભળી લીધા પછી એ નેપાળીએ જગદીશને કંઈક કહ્યું એટલે જગદીશે હકારમાં માથું હલાવ્યું. લગભગ દસેક મિનિટ એ વાર્તાલાપ ચાલ્યો હશે.

અને પછી એ નેપાળી ત્યાંથી આગળ વધીને ફરી પાછો અંધકારમાં ગાયબ થઈ ગયો. એના ગયા પછી જગદીશે પણ હોટલ તરફ પગ ઉપાડ્યા. એ આ તરફ જ આવી રહ્યો હતો એટલે હું બારીએથી ખસી ગયો. મેં અનુમાન લગાવ્યું કે એ હવે સીધો ઉપર રૂમમાં જ આવશે એટલે એ આવે તે પહેલા હું પલંગમાં રજાઈ ઓઢીને સૂઈ ગયો. મારી ઠંડી તો ક્યારયની ગાયબ થઈ ચૂકી હતી. એના બદલે અત્યારે રજાઈની અંદર મને મારા જ શ્વાસોશ્વાસથી ગૂંગળામણ જેવું થવા લાગ્યું. બારણું ખુલવાનો અવાજ આવ્યો એટલે હું સમજી ગયો કે એ જગદીશ છે. મેં રજાઈને વધુ જારથી મોઢા પર દબાવી. એણે અંદર આવીને કદાચ મારા તરફ જાયું હશે. અને મને સૂતેલો જાઈને એ ખંધુ, કુટીલ રીતે મુસ્કુરાયો હશે. એવા વિચાર મારા જહેનમાં ઊઠ્યો. વિસેક મીનિટ પછી હું એમજ પડ્યો રહ્યો અને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પછી રજાઈ થોડી ઊંચી કરીને જાયું તો એ એના પલંગ પર સૂઈ ગયો હતો. એ સૂઈ ગયો હતો અને મારી ઊંઘ ઉડી ગઈ હતી. મને ચિત્ર વિચિત્ર વિચારોએ ઘેરી લીધો હતો. કોઈ ભયંકર કાવતરું અમારી સાથે થઈ રહ્યું હોય એવું મને લાગતું હતું. જગદીશ અને પેલો નેપાળી કોઈ ગેમ ખેલી રહ્યા હોય અને હું અને પૂજા એ ગેમના પ્યાદાઓ હોઈએ એવો ભાસ મને થતો હતો. કદાચ ટીના પણ એ લોકોની સાથે હોઈ શકે, અથવા તો એને આ બાબતે કંઈ ખ્યાલ જ ન હોય એવું પણ બને. કોઈ ભયાનક જાળ મારી અને પૂજાની આસપાસ ગૂંથાઈ રહી જતી હતી. જેમાં અમે સામે ચાલીને ફસાવા જઈ રહ્યા હતા. ન બનવાનું ઘણું બધું અમારી આસપાસ બનવા જઈ રહ્યું હતું. મને મારી કરતાં પૂજાની ચિંતા વધુ થતી હતી. એ મારી ઉપર વિશ્વાસ રાખીને આવી હતી. અને જા એને કંઈ પણ થાય તો હું મારી જાતને ક્યારેય માફ ન કરી શકું. અને એને એક નાની અમથી ખરોચ પણ કોઈ પહોંચાડે તો હું એ વ્યક્તિને જીવતો પણ ન છોડું એ નક્કી હતું. હવેથી મારે મારા આંખ કાન ખુલ્લા રાખીને આગળ વધવાનું હતું.

અત્યારે પરિસ્થિતિ એવો ભયાનક વળાંક લઈ ચૂકી હતી કે કોના ઉપર વિશ્વાસ ૧૨૧ કરવો એ જ નક્કી નહોતું થતું. એક જ રાતમાં હું અને પૂજા સાવ એકલા હોઈએ એવો અનુભવ મને થતો હતો. મનોમન મેં ઘણું વિચાર્યું પરંતુ આગળ કંઈ સૂઝતું ન હોતું. આખરે શરીર અને મન બંને થાકી ગયા. અને ક્યારે નીંદરે મારા પર કબજા જમાવી લીધો એ પણ ખ્યાલ ન રહ્યા. હું સૂઈ ગયો હતો.

***

એ એક બેઠા ઘાટનું વિશાળ જગ્યામાં પથરાયેલું મકાન હતું. જેના ઉપર આગળના ભાગે 'તિબેટન શોધ સંસ્થાન' મોટા અક્ષરે લખેલું સ્પષ્ટ વંચાઈ રહ્યું હતું. આજે અમારી સાથે એક વ્યક્તિ ઉમેરાયો હતો. એ થેંબો હતો. એ સવારે અમારી હોટલે પહોંચી નીચે લોબીમાં અમારી રાહ જાઈ રહ્યો હતો. અમે તૈયાર થઈને નીચે આવ્યા ત્યારે મેં થેંબોને એ રાજેશને જે જે જગ્યાએ લઈ ગયો હતો એ જગ્યાઓએ અમને લઈ જવાની વાત કરી ત્યારે એ થોડો અચકાયો હતો. એની એ હડબડાહટ મારા ધ્યાનમાં આવી ગઈ હતી. એટલે પછી મેં શાંતિથી એની પાસે બેસીને એ લોકોએ શું શું કર્યું હતું અને ક્યાં ગયા હતા એ બધું કહેવાની વાત કરી. થેંબોએ થોડા ગભરાઈને અમને બધી વાત કહી પરંતુ એની વાત

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સાંભળીને અમે અસમંજસમાં પડી ગયા હતા. કારણ કે એના લીધે તો આ કોકડું વધુ ગૂંચવાયું હતું. થેંબાની વાત પ્રમાણે રાજેશને પાંગુસ સરોવર સુધઈ જવું હતું. અને એ ઈચ્છતો હતો કે થેંબો એને ત્યાં સુધી લઈ જાય... પરંતુ થેંબોએ પાંગુસ સરોવર સુધી લઈ જવાની સ્પષ્ટ શબ્દોમાં ના પાડી દીધી હતી. અને સાથે સાથે રાજેશને પણ ત્યાં સુધી નહી જવાની સલાહ આપી હતી... કારણ કે થેંબો જાણતો હતો કે એ જગ્યા ખૂબજ ભયાનક અને ડરામણી હતી. જે કોઈપણ એ ખતરનાક, મોતના મુખ જેવી જગ્યાએ ગયું હતું એ ક્યારેય પાછું આવ્યું નહોતું. જો કોઈ ભાગ્યશાળી પાછું ફર્યું હોય તો પણ એ ખૂબ જ તકલીફમાં મુકાઈને અને હેરાન થઈને જ રહે. અને એટલે જ થેંબાએ એ વિચિત્ર જગ્યાએ રાજેશને લઈ જવાની ના પાડી દીધી હતી. હા... એ સિવાય સિક્કિમમાં કોઈપણ જગ્યાએ રાજેશને લઈ જવા તૈયાર હતો. રાજેશને પણ ૧૨૨ થેંબોની વાત ગળે ઉતરી હતી. એટલે એણે પાંગુસ સરોવર જવાનું એ હાલ પૂરતું તો માંડી વાળ્યું હતું.

અને પછી એ લોકો સૌથી પહેલા તિબેટન શોધ સંસ્થાનમાં ગયા હતા. થેંબાના કહેવા અનુસાર રાજેશ આખો દિવસ, સવારથી સાંજ સુધીનો સમય એ જ જગ્યાએ વિતાવ્યો હતો. રાજેશે ઘણા બધા પુસ્તકો અને બીજી ચીજાને ખોળી નાખી હતી. થેંબાએ એ મ્યુઝીયમ કમ લાયબ્રેરી કમ રિસર્ચ સેન્ટર વિશેની વિગતવાર માહિતી રાજેશને જણાવી હતી. રાજેશને એ વાતોમાં ખૂબ જ રસ પડ્યો હતો. ખાસ કરીને એણે એક પુસ્તક લગભગ બે કલાક સુધી વાંચ્યું હતું. થેંબાએ જણાવ્યું હતું કે એ પુસ્તકમાં રાજેશને ઘણો રસ પડતા ફરી ફરીને એ પુસ્તક વાંચ્યું હતું. એ પુસ્તકનું નામ તો થેંબોને પણ ખબર નહોતી એવું તો ઘણું બધું રાજેશે ત્યાં ખોળી નાખ્યું હતું. થેંબાએ જણાવ્યું હતું કે એ પછીના બીજા દિવસે અચાનક રાજેશે ગંગટોકથી ઘણે દૂર વસેલા લાચૂંગ નામના ગામમાં જવાનું નક્કી કર્યું અને એ બંને જીપમાં બેસીને લાચૂંગ જવા નીકળ્યા હતા. થેંબો લાચૂંગ ગયા પછી માત્ર એક જ દિવસ રાજેશ સાથો રોકાયો હતો અને બીજા દિવસે એની તબિયત બગડતા પાછો ગંગટોક આવવા નીકળી ગયો હતો જ્યારે રાજેશ ત્યાં જ લાચૂંગમાં એકલો રોકાયો હતો. એ પછી રાજેશનું શું થયું અને એ આગળ ક્યાં- કયાં ગયો હતો એ વાત થેંબો જાણતો નહોતો.

https://telegram.me/booksmag

ઐસે મજેદાર મેગેજીન પઢ઼ને કે લિયે હમારી ટેલીગ્રામ ચેનલ સે જુડે ઇસકે લિએ ટેલીગ્રામ મેં સર્ચ કરે @booksmag ઓર join પર ક્લિક કરે

અમે ઊલટ તપાસની રીતે ઘણાબધા પ્રશ્નો થેંબાને પૂછ્યા હતા પરંતુ એ વધુ કંઈ જાણતો જ નહોતો. એની પાસેથી અમને એક જ મહત્વની કડી મળી હતી અને એ હતી 'તિબેટન શોધ સંસ્થાન'. જ્યાં રાજેશે કોઈક પુસ્તક ખૂબ ધ્યાનથી વાંચ્યું હતું અને કદાચ એ પુસ્તક વાંચ્યા બાદ એણે બીજા દિવસે લાચૂંગ જવાનું નક્કી કર્યું હશે... એ પુસ્તકમાં એવું જરૂર કંઈક લખેલું હોવું જાઈએ જે રાજેશને લાચૂંગ ખેંચી ગયું હતું.. એ શું હોઈ શકે...? એ પ્રશ્નનો ઉત્તર તો અમે જ્યારે એ પુસ્તક વાંચીએ તો જ મળે એમ હતો. એટલે સૌથી પહેલા તો એ પુસ્તકને શોધવું જરૂરી હતું. અને મને ખબર હતી કે એ પુસ્તક કયું હોઈ શકે.. 'હીસ્ટરી ઓફ સિક્કિમ' આ જ નામનું પુસ્તક રાજેશે વાંચ્યું હોવું જાઈએ કારણ કે રાજેશે એની ડાયરીમાં આ જ નામ લખ્યું હતું. પરંતુ અહીં બીજી પણ એક મૂંઝવણ મારી સામે આવી હતી. એક બીજા મુદ્દો મારા ધ્યાનમાં આવ્યો હતો. ૧૨૩ રાજેશે એની ડાયરીમાં જા ક્રમવાર મુદ્દાઓ લખ્યા હોય તો પછી બીજા પણ એક ગોટાળો થતો હતો. રાજેશે 'તિબેટન શોધ સંસ્થાન- હિસ્ટરી ઓફ સિક્કિમ- ૭૮- ખુરશીદલાચૂંગ' આ રીતે લખ્યું હતું- જેમાંથી હિસ્ટરી ઓફ સિક્કિમ તો અમે જાણી ચૂક્યા હતા કે એ એક બુક હતી. જ્યારે થેંબાએ અમને જણાવ્યું હતું કે રાજેશે એ બુક વાંચી હતી અને એણે આખો દિવસ લાઈબ્રેરીમાં વિતાવ્યો હતો અને બીજા દિવસે એણે લાચૂંગ જવાનો પ્લાન બનાવ્યો હતો. આનો મતલબ તો એમ થયો કે રાજેશે 'હિસ્ટરી ઓફ સિક્કિમ'થી સીધો જ કૂદકો 'લાચૂંગ' ઉપર માર્યો હતો. તો પછી એણે શા માટે આ બે શબ્દોની વચ્ચે '૭૮' અને 'ખુરશીદ'ને લખ્યા હતા...? આ બે શબ્દો એણે શું જાઈને કે પછી શું વિચારીને લખ્યા હતા? અને લખ્યા હતા તો ક્યાંથી લખ્યા હતા? થેંબાના જણાવ્યા પ્રમાણે રાજેશ લાઈબ્રેરીની બહાર ગયો જ નહોતો તો પછી પેલા બે શબ્દો '૭૮' અને 'ખુરશીદ'રાજેશને આ લાઈબ્રેરીમાંથી જ મળ્યા હોવા જાઈએ. 'તિબેટન શોધ સંસ્થાન' નામની લાઈબ્રેરીમાં જ '૭૮' અને 'ખુરશીદ'નું રહસ્ય છુપાયેલું હોવું જાઈએ. મેં મારૂં દિમાગ કામે લગાવ્યું કે આ આખી પરિસ્થિતિ કેવી રીતની હોઈ શકે..? ધીરે ધીરે શાંતિથી વિચારતા મને આખી પરિસ્થિતિ સમજમાં આવતી જતી હતી અને પછી મારા ચહેરા પર એક આછી મુસ્કાન ઊભરાઈ આવી. આખી પરિસ્થિતિ હું સમજી ચૂક્યો હતો કે શું બન્યું હશે...!

અત્યારે અમે 'તિબેટન શોધ સંસ્થાન'ની સામે ઊભા હતા. અમે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અંદર દાખલ થયા. એ મ્યુઝીયમ કમ લાઈબ્રેરી અને રિસર્ચ સેન્ટર એ ત્રણેય અલગ-અલગ વિભાગોમાં વહેંચાયેલા હતા. સૌથી પહેલા અંદરદાખલ થતા જ મ્યુઝીયમ આવતું હતું. આ મ્યુઝીયમમાં અહીંના લોકોની રહેણી કરણી, અહીંની સંસ્કૃતિ, અહીંના વિવિધ કસ્બા કબીલાઓની રીત રસમો અને એવી તો ઘણી બધી માહિતીઓ, એમના ચિત્રો, લખાણો વ્યવસ્થિત રીતે પ્રદર્શિત કરેલા હતા. અમે ધીરે- ધીરે એ બધું જાતા આગળ વધતા હતા મને આ બધી બાબતોમાં બિલકુલ રસ નહોતો પડતો... કારણ કે મારું મન પેલા પુસ્તક પાસે પહોંચી ચૂક્યું હતું એટલે ઝડપથી હું આગળ વધતો હતો. એ પછીના બીજા સેકશનમાં જ લાઈબ્રેરી હતી. અમે ત્યાં પહોંચ્યા. મારી ધારણા કરતા પણ વિશાળ ૧૨૪ લાઈબ્રેરી હતી. પંદર- સત્તર કબાટો દીવાલને અડીને ગોઠવાયેલા હતા જેમાં વિવિધ વિષયોના પુસ્તકોની ભરમાર લગાવેલી હતી. એ આખો મોટો હોલ હતો. ચારેબાજુ દીવાલોને અડીને કબાટો હતા. જ્યારે એ કબાટોના એક તરફ ખૂણામાં ટેબલ ખુરશી નાંખીને એક લાઈબ્રેરિયન બેઠો હતો. હોલની વચ્ચે લંબગોળાકાર આકારનું મોટું ટેબલ ગોઠવ્યું હતું. અને એની આસપાસ ઘણી બધી ખુરશીઓ ગોઠવેલી હતી. એ લોકો માટે બેસવાની અને વાંચવા માટેની વ્યવસ્થા હતી. એ ગોળાકાર ટેબલ પર ઘણા બધા ન્યૂઝ પેપરો વિખરાયેલા પડ્યા હતા.

મેં થેંબાને મારી પાસે બોલાવ્યો. અને એને સમજાવ્યું કે એણે શું કરવાનું છે ? એ આગળ વધીને પેલા લાઈબ્રેરિયન પાસે ગયો. હું એની પાછળ જ હતો. થેંબાએ એની ભાષામાં પેલા લાઈબ્રેરિયન પાસે 'હિસ્ટરી ઓફ સિક્કિમ'ની બુક માંગી. પેલાએ પોતાની પાસેના લિસ્ટમાંથી એ નામના પુસ્તકનો નંબર જાયો અને ઊભા થઈને એ બુક અમને લાવી આપી. મને ખબર હતી કે થેંબો એની ભાષામાં વાત કરીને જલદી કામ કઢાવી લેશે એટલે જ મેં એને આગળ કર્યો હતો. કારણ કે જા મેં આ કામ કર્યું હોત તો મને એ લાઈબ્રેરિયનને સમજાવવામાં ઘણો સમય લાગી જાત. અને કદાચ મને અજાણ્યો વ્યક્તિ સમજીને પુસ્તક આપત પણ નહીં. અત્યારે આખી લાયબ્રેરીમાં અમારા સિવાય બીજું કોઈ જ નહોતું. અમે એ પુસ્તક લઈને ખુરશી ઉપર ગોઠવાયા. પુસ્તક મેં ગોળાકાર ટાઈપના ટેબલ પર મૂક્યું. હવે મારે પાના નં. ૭૮ જાવાનું હતું. મને સવારે જ સમજાઈ ગયું હતું કે ૭૮નો મતલબ આ પુસ્તકનો પાના નં. ૭૮ એવો જ થવો જાઈએ. રાજેશે એની ડાયરીમાં જે ૭૮ લખ્યું હતું એ હિસ્ટરી ઓફ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સિક્કિમ બુકના પાના નંબર જ હોઈ શકે. કારણ કે આના સિવાય ૭૮નો બીજા કોઈ સારો વિકલ્પ હોઈ જ ન શકે. અને તમને સાચું કહું... 'ખુરશીદ' પણ મને ક્યાંથી મળશે એ હું જાણતો હતો. મારું ૭૮ વિશેનું અનુમાન સાચું પડ્યું હતું. અને ખુરશીદ વિશે જે અનુમાન કર્યું છે તે પણ સાચું જ હોવું જાઈએ. બુક મારા હાથમાં હતી. અને મારા દિલની ધડકન વધતી જતી હતી. આ બુકના પાના નં ૭૮ પર ચોક્કસ કોઈ મહત્વની વિગત હતી જે રાજેશે વાંચી હતી અને કદાચ એપછી જ એણે આગળ લાચૂંગ જવાનો પ્લાન બનાવ્યો હતો. પાના નં. ૧૨૫ ૭૮ પર એવું તે કયું રહસ્ય છુપાયેલું છે એ જાણવાની અમારી ઉત્કંઠા વધતી જતી હતી. મેં બુકના પાના ફેરવ્યા. પાના નંબર ૭૮ પર મારી નજર આવીને અટકી. આજુબાજુમાં પૂજા, જગદીશ, ટીના અને થેંબો મારા માથા પર ઝળુંબી રહ્યા હતા. અમારા બધાના હૃદયમાં એક ઈંતેજારી હતી.

***

ને ૧૯૪૭ની સાલ હતી. અંગ્રેજાએ ભારતને આઝાદી આપવાનું નક્કી કરી લીધું હતું. આ સમાચારે ભારતવર્ષની જનતાને ખુશીઓની હેલીએ ચડાવ્યા હતા. અને લોકો ઝૂમી ઊઠ્યા હતા. લોકોની આઝાદીની આશાઓ પૂરી થવાની હતી એ સાથે રાજકીય ગરમાવો પણ પ્રસરી રહ્યો હતો. આઝાદીની વિધિવત જાહેરાત થવાને હજી વાર હતી એવા સમયે સિક્કિમ લીબરેશન પાર્ટીના એક અદનાસા કાર્યકર ખુરશીદ લતીફની હત્યા એના જ મિત્રો દ્વારા કરી નાખવામાં આવી. એ હત્યા શા માટે થઈ હતી એ કોઈને ખબર નહોતી પડી. ખુરશીદ જા કે કોઈ મોટો કાર્યકર નહોતો એટલે એની હત્યાથી કોઈ વધુ હો હા થઈ નહોતી. એ આઝાદી મળવાની હતી એના ઉમંગમાં અત્યારે એ સમયે આ બનાવની તપાસમાં કોઈને રસ પણ નહોતો. એ હત્યાનું રહસ્ય હજુ પણ અકબંધ હતું... હા.. એટલી જરૂર માહિતી હતી કે જે લોકોએ ખુરશીદની હત્યા કરી એ ચાર વ્યક્તિઓ હતા. અને બે સપ્તાહ પૂર્વે જ રાજસ્થાનથી એ લોકો ખુરશીદને ત્યાં આવ્યા હતા. એ લોકોને ખુરશીદે પોતાના મિત્રો તરીકે બધાને મળાવ્યા હતા. અને એ મિત્રોએ જ ભેગા મળીને ખુરશીદનું કાસળ કાઢી નાંખ્યું હતું. ત્યારબાદ એ લોકો લાચૂંગ તરફ ભાગ્યા હતા. અન એ પછી એ લોકો વિશે કોઈ જ માહિતી મળી નહોતી.'

બસ આટલું જ હતું એમાં ખુરશીદ વિશે. ખુરશીદ એક ક્રાંતિકારી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતો જેની હત્યા એના જ મિત્રોએ કરી નાંખી હતી અને એ લોકો એ પછી પકડાયા જ નહોતા. મહત્વનું કહી શકાય એવું કંઈ જ જાણવા મળ્યું નહોતું એમાંથી....મને એ સમજમાં ન આવ્યું કે ૧૨૬ ખુરશીદમાં રાજેશને શું મહત્વનું લાગ્યું અને શા માટે એણે પોતાની ડાયરીમાં ખુરશીદનું નામ લખ્યું હતું. રાજેશે એની ડાયરીમાં ખુરશીદનું નામ લખ્યુ ંહતું એ તો અમને મળી ગયું હતું પરંતુ એનું તો ખૂન થયું હતું. અને એ વાતને તો આજે લગભઘ ૬૦ -૬૧ વર્ષ થવા આવ્યા હતા. રાજેશે લખેલા એક એક મુદ્દા ઉકેલવામાં નવા નવા રહસ્યો સામે આવતા જતા હતા. એક મૃત વ્યક્તિમાં રાજેશને શું રસ પડ્યો એ પણ એક રહસ્ય જ હતું. અમે રાજેશની ડાયરીમાં લખેલી વિગતોને આધારેજ આગળ વધી રહ્યા હતા. પરંતુ એ જ ડાયરી અમને ગૂંચવી રહી હતી. અત્યારે અમને જે જે મુદ્દાઓનો જવાબ મળ્યો હતો એના ઉપરથી કંઈ જ સ્પષ્ટ તારણ નીકળતું નહોતું. મને રાજેશ ઉપર ગુસ્સો આવી રહ્યો હતો. કે શા માટે એણે આ બધી વાતો વિગતવાર નહોતી લખી. અને કદાચ એવું પણ બને કે આખી વાત જ કંઈક અલગ હોય અને આ ડાયરીની નોંધોનો કોઈ મતલબ નીકળતો જ ન હોય. હું ગૂંચવાઈ રહ્યો હતો. કે શું ખરેખર અમે સાચી દિશામાં આગળ વધી રહ્યા છીએ. કે પછી અમારો સમય બરબાદ કરી રહ્યા છીએ. ક્યારેક માણસ પોતાની જાતે જ મુશ્કેલીઓ ઊભી કરે છે અને પછી એ મુશ્કેલીઓમાં એવો ફસાઈ જાય છે કે એને બહાર નીકળવાનો રસ્તો પણ ભુલાઈ જાય છે. અમારી સાથે કંઈક આવું જ બનતું મને લાગ્યું. અમે ફરી ફરીને એની એ જ જગ્યાએ આવીને ઊભા રહી જતાકે જ્યાંથી અમે શરૂઆત કરી હતી. જબરજસ્ત નિરાશા મારા મનને ઘેરી વળી અને ઊભો થઈને હું લાયબ્રેરીની બહાર નીકળી ગયો. ડગલે ને પગલેનવું નવું જાણવા મળી રહ્યું હતું પરંતુ એનો કોઈ જ મતલબ નહોતો નીકળતો. આમાથી એકેય કડી એવી નહોતી કે જે અમને સ્પષ્ટ રીતે રાજેશ પર ગોળી ચલાવનાર તરફ ઈશારો કરતી હોય. બધું જ અષ્ટમ પષ્ટમ હતું. 'શ્રી નિકેતન'થેંબો, ખુરશીદ આ બધું કંઈ જ કામનું નહોતું એવું સાબિત થતું. મનમાં જબરજસ્ત ગોટાળો ચાલતો હતો અને મેં ફરીથી બધી કડીઓ એકબીજા સાથે જાડવાની શરૂઆત કરી... બ્રિસ્સામાંથી પેલો કાગળ કાઢ્યો. જેમાં મેં રાજેશની ડાયરીની નોંધો ટપકાવી હતી. મેં આગળના મુદ્દાઓ વાંચવાની શરૂઆત કરી. લાચૂંગ.... નો રીટર્ન... અમોમુખી, ૧૨૭ ઝાયબન, મંદિર, મુદ્રા, મૃત્યુ, ખતરો,

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રીટર્ન. આ શબ્દોનો અર્થ મેળવવાનો બાકી રહ્યો હતો. એ કાગળ ફરી વખત ધ્યાનપૂર્વક વાંચ્યો અને બાકીના મુદ્દાને આગળના મુદ્દા સાથે ગોઠવીને કોઈ તારણ કાઢવાની મથામણ ચાલુ કરી. આમાં રાજેશે ખુરશીદ પછી લાચૂંગ ,નો રીટર્ન એવું લખ્યું હતું એનો મતલબ ત એવો નીકળી શકે કે અહીંથી રાજેશ લાચૂંગ અને ત્યાંથી આગળ પેલા સરોવર નો રીટર્ન સુધી ગયો હતો. અને પછી એ પાછો આવતો રહ્યો હતો. તો પછી એ પાંગુસ સરોવર તરફ એકલો જ ગયો હોવો જાઈએ.

હવે મારા મનમાં દ્વિધા વધી ગઈ હતી કે આનો મતલબ શું થાય? થેંબાના કહેવા અનુસાર તો એ રાજેશને લાચૂંગ સુધી લઈ ગયો હતો. અને એ પછી એ પાછો ફર્યો હતો. એટલે એ માનવું પડે કે લાચૂંગ સુધી તો રાજેશ સલામત હતો. ત્યાંથી એ એકલો પાંગુસ સરોવર તરફ આગળ ગયો હતો. પરંતુ ત્યાં એણે કંઈક જાયું, કંઈક મતલબ 'અમોમુખી-ઝાયબન.' વગેરે. એ જાઈને એ તુરત રીટર્ન આવ્યો અને એના આવ્યાના બીજા જ દિવસે સુરતમાં એના પર ફાયરિંગ થયું. અને એ ઘાયલ થયો. હું ફરી પાછો ગુંચવાઈ ગયો કે આમ કેમ બને ? રાજેશે કંઈક ભયાનક જાયું હોય અને એ પણ એ વિસ્તારમાં કે જ્યાં શહેરી લોકો ભાગ્યે જ જતા હશે. અને એ પછી એના પર ફાયરીંગ થયું સુરતમાં, એ પણ બીજા જ દિવસે અને વળી પાછું ઈમ્પોર્ટેડ રાયફળ વડે. ગમે તે હોય મને તો આ ડાયરીની વાત અને પેલું ફાયરીંગ એ બંને અલગ અલગ લાગી રહ્યું હતું. બની શકે કે એ ફાયરીંગ જ રાજેશની કોઈ જૂની દુશ્મનીનું પરિણામ હોય અને આ સિક્કિમવાળી સમગ્ર વાત અલગ જ હોય. હા... એવું કેમ ન બની શકે? મારા મનમાં જે પ્રશ્નો ઉદભવતા હતા જેનો જવાબ મળવો બહુ મુશ્કેલ હતો.

'કેમ અચાનક તમે બહાર આવી ગયા...? હું વિચારોમાં ખોવાય ગયો હતો કે ક્યારે પૂજા મારી બાજુમાં આવીને ઊભી રહી ગઈ હતી એનો પણ ખ્યાલ ન આવ્યો. એનો સુમધુર અવાજ મારા કાનોમાં ઘોળાઈ રહ્યો હતો અને એ તમામ બાબતો, ગૂંચવણો મારા મનમાંથી નીકળી ગઈ કે જેના વિશે હમણાં સુધી હું ગંભીરતાથી વિચારી રહ્યો હતો. એનું સાંનિધ્ય મળતાં જ હું બધું ભૂલી ગયો. મેં એની પાણીદાર આંખોમાં આંખો ૧૨૮ પરોવી અને કંઈક કહેવા જતો હતો કે અચાનક મને જગદીશ અને ટીના આવતા દેખાયા એટલે મેં વાત વાળી લીધી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'બસ, ખાસ કાંઈ નહીં.'એમ જ' મેં કહ્યું. પૂજાએ કદાચ મારા ચહેરાના ભાવો વાંચી લીધા હતા એટલે એ પણ ચૂપ રહી. સૌથી પાછળ થેંબો નીકળો.

મેં એ પેજની હેન્ડરાઈટીંગ કોપી કરી લીધી છે. હવે આપણે નિરાંતે એના ઉપર વિચારવું પડશે કે આ લખાણનો શો મતલબ હોઈ શકે? જગદીશે મારી પાસે આવતા કહ્યું.

આના વિશે આપણે જમતા જમતા વાતો ન કરી શકીએ ?ટીના ટહુકી ઊઠી. એને હંમેશા કંઈને કંઈ ખાવામાં અને વાતો કરવામાં વધુ રસ રહેતો. બપોર થવાને હજુ સમય હતો છતાં એને જમવાની ઈચ્છા થઈ હતી. અમે બધાએ એનો પ્રસ્તાવ માન્ય રાખ્યો કારણ કે હવે અમારે બીજું કંઈ કરવાનું બાકી પણ નહોતું. જા અહીંથી આગળ વધવું હોય તો કોઈક નિષ્કર્ષ પર આવવું જરૂરી હતું અને એના માટે ગંભીરતાથી આ વિષય ઉપર વિચારવું જરૂરી હતું. જા કોઈ યોગ્ય રસ્તો મળે તો જ આગળ વધવાનો મતલબ સરતો હતો. નહીંતર ગોળ ગોળ ફરવા કરતા અહીંથી જ પાછા ફરી જવું યોગ્ય હતું. અમે એક રેસ્ટોરેન્ટમાં દાખલ થયા. અહીંના તમામ રેસ્ટોરન્ટમાં એક વાત આંખે ઉડીને વળગે એવી હતી કે અહીં લગભગ એ તમામ વસ્તુઓ મળતી હતી જે ભારતના બાકીના મોટા શહેરોમાં મળતી હોય અને એના કારણે અમને જમવામાં કોઈ જ તકલીફ પડતી નહોતી. અમે એ સુંદર અને સુઘડ રેસ્ટોરન્ટમાં ખુરશીઓ પર ગોઠવાયા.

'તને શું લાગે છે ?' મેં જગદીશને પૂછ્યું.

'મારા હિસાબ પ્રમાણે આપણે આગળ વધીએ... પેલી બુકમાં જે વાચ્યું એના ઉપરથી તારણ કાઢીએ કે રાજેશ કદાચ ખુરશીદવાળી સ્ટોરી વાંચીને લાચૂંગ તરફ ગયો હતો એ શું કામ ગયો હતો એ એણે એની ડાયરીમાં લખ્યું નથી. અને એ બુકમાં પણ એવી કોઈ ખાસ માહિતી નથી કે આપણને અંદાજ આવી શકે કે રાજેશ શેની પાછળ હતો.'

કેમ એ કદાચ પેલા ખુરશીદના હત્યારાઓ વિશે જાણવા લાચૂંગ ગયો હોય, કારણ ૧૨૯ કે એ લોકો પણ લાચૂંગ તરફ જ ભાગ્યા હતા. ને મારે જગદીશના મનમાં શું ચાલી રહ્યું છે એ જાણવું જરૂરી હતું. એટલે હું સામે ચાલીને વાતને ખેંચી રહ્યો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'ખુરશીદ આઝાદીની ચળવળનો એક અદન સો સિપાહી હતો. અને એની હત્યા કરીને એના ચાર મિત્રો લાચૂંગ તરફ ભાગ્યા હતા. તો આ વાતમાં રાજેશને શું મતલબ હોઈ શકે? રાજેશ થોડો કંઈ ડિટેક્ટિવ હતો. અને જા હોય તો પણ આજે એ વાતને ૬૦-૬૧ વર્ષ થવા આવ્યા. એ લોકો વિશે માહિતી મલવી આ સમયમાં અસંભવ વાત છે. તું લાઈબ્રેરીમાંથી બહાર આવ્યો એ પછી મેં એ આખી બુક વાંચી નાંખી હતી. પરંતુ મને એ પાના નં. ૭૮ સિવાય ક્યાંય પણ ખુરશીદના નામનો ઉલ્લેખ બીજી વખત મળ્યો નહોતો. તો પછી એનો મતલબ એ જ થાય કે એ લખાણ સાવ મહત્વ વગરનું છે અને લેખકે અમસ્તા જ એ પ્રકરણને બુકમાં લખી નાખ્યું હોવું જાઈએ. હંમ વાત તો તારી સાચી છે. હું જે વિચારતો હતો એવો જ અભિપ્રાય જગદીશનો હતો. પરંતુ એ કેમ બને ? કોઈ જ મહત્વનો ન હોય એવી નોંધો રાજેશ શું કામ લખે? આ આખી ઘટનામાં બે નામ એવા ઊભરી રહ્યા હતા જેના સુધી પહોંચીને એ તપાસ અટકી જતી હતી. એક નામ હતું થેંબો જે જીવતો જાગતો અમારી સાથે હતો પરંતુ એ કંઈ જ જાણતો નહોતો. અને બીજું નામ ખુરશીદ હતું, ખુરશીદ લતીફ જે મરી ગયો હતો આજથી ઘણાં વર્ષો પહેલા અને અત્યારે અમને મૂંઝવી રહ્યો હતો.

'હવે એક રસ્તો બચે છે... જગદીશે અમારા બધા તરફ વારાફરતી જાતા કહ્યું.

ક્યો?

લાચૂંગ જવાનો. આપણે અહીંથી લાચૂંગ જઈએ. રાજેશની ડાયરી પ્રમાણે એ લાચૂંગ ગયો હતો. થેંબો પણ એ સમયે એની સાથે હતો અને પેલી લાઈબ્રેરી વાળી બુકમાં પણ લાચૂંગનો ઉલ્લેખ છે એટલે આપણે લાચૂંગ જઈએ. બોલો શું કહો છો...?

થોડીવાર સુધી અમે બધા એકબીજાની સામે જાઈ રહ્યા. બધા અસમંજસમાં હતા. અને જલદી કોઈ નિર્ણય લેવામાં પણ જાખમ હતું. એટલે બધાએ ચૂપચાપ ખાવામાં ધ્યાન પરોવ્યું. કોઈ જવાબ ન મળ્યો એટલે જગદીશે જ કહ્યું.

'ઠિક છે... આપણે પોતપોતાની રીતે વિચારીને રાત્રે કોઈ ફેંસલો કરીશું. ત્યાં સુધી ૧૩૦ ગંગટોકમાં લટાર મારીએ. બે દિવસથી આપણે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અહીં છીએ છતાં આ બધી ઉપાધિઓમાં ગંગટોકની ખૂબસુરતી માણી શક્યા નથી. તો આજે આપણે બજારોમાં ફરીએ અને થોડી ખરીદી કરીએ. સાંજ સુધીનો સમય સારી રીતે પસાર થઈ જશે.

જગદીશનો આ વિચાર સૌએ વધાવી લીધો..

***

ગંગટોક એ સિક્કિમનું પાટનગર છે. અનેઠીક ઠીક કહી શકાય એવડું મોટું પણ છે. અહીંનું કુદરતી સાંદર્ય ઊડીને આંખે વળગે એવું બેનમૂન છે. અને અહીં જાવાલાયક જગ્યાઓ પણ ઘણી છે. સ્થાનિક વસ્તુઓની વિશાળ બજારો ઉપરાંત વનસ્પતિશાસ્ત્ર બાગ, વિવિધ અને આકર્ષક ફૂલોના બગીચાઓ, હરણબાગ અને એવા ઘણાં બધા બગીચાઓ આ શહેરની ખૂબસુરતી વધારતા હતા. પર્વતારોહણ અન ટ્રેકીંગ, કેમ્પીંગ માટે આ જગ્યા સ્વર્ગ સમાન છે. અહીં આવવાવાળા પર્યટકો અહીંની સુંદરતા, કુદરતી છટા, પહાડોનું મનોરમ્ય દૃશ્ય, નાના નાના ઝરણાઓ, વિવિધ પ્રકારના વૃક્ષો, ઝરમર ઝરમર થતી બરફવર્ષા, ભોળા અને સાલસ લોકો, અહીંની સંસ્કૃતિ, રીતભાત, અહીંના તળાવો ઉપરથી દેખાતું એકદમ ખુલ્લું આકાશ, વાદળો, લીલીછમ પહાડીઓમાં રીતસરના ખોવાઈ જતા. ચારેતરફ મંત્રમુગ્ધ કરતી કુદરતની રચનામાં મન એકાકાર થઈ એક અહર્નિશ શાંતિનો અનુભવ કરવા લાગે. મને તો આ વાતાવરણમાં ખૂબ જ મજા આવી રહી હતી. અને આમ પણ હું પહેલેથી જ સાંદર્યપ્રેમી રહ્યો છું. એ દરેક ચીજ કે વ્યક્તિ જેને સુંદરતાનું વરદાન મળ્યું હતું. એના પ્રત્યે એક અદમ્ય ઝડપથી હું આકર્ષાતો એટલે જ અત્યારે મને ખૂબ મજા આવી રહી હતી.

થેંબો અમને ખરીદી કરવા માટે અહીં આવતા પર્યટકોના સૌથી પ્રિય એવા એક બજારમાં લઈ આવ્યો એક ખુલ્લી લાંબી સડકની બંને બાજુએ વિવિધ વસ્તુઓની હરોળબંધ દુકાનો હતી. એ સડક થોડી ઢોળાવવાલી પથ્થરોથી બનેલી હતી. અહીં જૂનવાણી અને આધુનિક બંને પ્રકારની દુકાનો બનેલી હતી. અને લગભગ બધાને ૧૩૧ આકર્ષી શકે એવી તમામ પ્રકારની વસ્તુઓ એકદમ વ્યવસ્થિત રીતે દુકાનોમાં ડિસ્પ્લે ગોઠવાયેલી હતી. સૌથી આશ્ચર્યની વાત તો એ હતી કે આટલી સખત ઠંડી અહીં પડતી હોવા છતાં આઈસ્ક્રીમ અને ઠંડા પીણાની ઘણી દુકાનો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અહીં હતી. અને એ દુકાનોમાં પર્યટકોનો ધસારો પણ સારો એવો રહેતો. મારે કંઈ લેવાની ઈચ્છા નહોતી. એટલે ધીરે ધીરે ચાલતા હું એ દુકાનોનું વિન્ડો શોપીંગ કરી રહ્યો હતો. થેંબો મારી પાછળ જ હતો. પૂજા, ટીના અને જગદીશ મારાથી આગળ ચાલતા હતા. ટીના લગભગ નાના બાળકની જેમ દરેક દુકાન આગળ ઉભી રહી જતી અને જગદીશ મહામુસીબતે એનો હાથ ખેંચીને પરાણે આગળ ચલાવતો હતો. એ જોઈને પૂજા ચાલતા ચાલતા હસી રહી હતી. એ એક અદભૂત નજારો હતો. પથ્થરોની ખુલ્લી લાંબી સડક પાછળ એક ખૂબજ ઊંચાઈ ધરાવતો થોડે દૂર એક પર્વત હતો. અને એ પર્વતોને વરસાદી વાદળો ઘેરી વળ્યા હતા. એ અલૌકિક દેખાતા પર્વત અને મારી વચ્ચે પૂજા ઊભી હતી. અને એ મંદ મંદ મુસ્કુરાઈ રહી હતી. એ અલૌકિક રમણીય દૃશ્ય હતું. જાણે કે કોઈ અપ્સરા સ્વર્ગમાં એની સુંદરતા વડે દેવતાઓને ઘાયલ કરી રહી હોય એવી જ હાલત મારી હતી. હું ક્યારેક વિલ્વળ બની જતો અને મન થતું કે દોડીને પૂજા પાસે જાઉં. અને એની સમક્ષ મારા પ્રેમના એકરાર કરી નાંખુ. પરંતુ પછી ડર લાગતો કે ક્યાંક એ મારો પ્રસ્તાવ ઠુકરાવી દે તો....? અત્યારે હજી બપોરના ત્રણ જ વાગ્યા હતા એટલે અમારી પાસે ઘણો સમય હતો. જાકે અહીં સાંજ વહેલા થઈ જતી પરંતુ રાત્રે તો અહીંની ખૂબસૂરતી સોળેકળાએ ખીલી ઊઠતી. રાત્રિના સમયે દુકાનોમાં ચમકતી રોશની અહીંના કુદરતી સાંદર્યમાં ભળી એક અદભૂત અને મનભાવન સૃષ્ટિનું નિર્માણ કરતી હતી.

પૂજા અને ટીના એક દુકાનમાં ગયા. એટલે એની પાછળ જગદીશ પણ એ દુકાનના પગથિયા ચડ્યો. મને થોડી તરસ લાગી હતી એટલે મેં પાણીની ખોજમાં આમ તેમ નજર દોડાવી, થોડે દૂર આગળ એક કોલ્ડ્રિંકની દુકાન દેખાઈ એટલે એ તરફ મેં પગ ઉપાડ્યા. એક પાણીની બોટલ લઈ ઢાંકણું ખોલી હું પાણી પીવા લાગ્યો. પાણી પીધા બાદ મેં બોતલ થેંબા તરફ લંબાવી કદાચ એને પણ પાણી પીવાની ઈચ્છા હોય. થેંબાએ બોતલ મારા હાથમાંથી લઈ કંઈક અલગ જ રીતે પાણી પીવા લાગ્યો. સાવ ૧૩૨ દેશી રીતે... એક હાથે બોતલનું પાણી, બીજા હાથમાં રેડી એ હાથ હોઠે લગાવીને એ પાણી પી રહ્યો હતો. મને એના આ ભોળપણ પર હસવું આવી ગયું. અને સાથે સાથે મનમાં એક પ્રશ્ન ઊઠ્યો કે આ થેંબાનું નામ રાજેશે શા માટે ડાયરીમાં લખ્યું છે ? સાવ અચાનક જ ઉદભવેલા પ્રશ્નએ મને વિચારતો કરી મૂક્યો. જરૂર એ કંઈક વિશેષ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જાણતો હોવો જાઈએ. જે અમારાથી છુપાવી રહ્યો હતો. મારું સમગ્ર ધ્યાન એના ચહેરા ઉપર જ હતું. એણે પાણી પીને બોતલ મારી તરફ લંબાવી અને મને એકધારું ધારી ધારીને એના તરફ જાતા જાઈ એ ઓઝપાઈને આડું જાઈ ગયો. એ મારી સાથે દૃષ્ટિ ન મેળવી શક્યો. એની એ હરકતે મારો શક પાકો થયો કે એ જરૂર કંઈક જાણે છે.

'રાજેશ સાથે શું બન્યું હતું...? એને મેં સીધો જ ધારદાર સવાલ કર્યો.

'કંઈ...કંઈ... નહીં સાહેબ...' એના શબ્દો તૂટી રહ્યા હતા.

તું જૂઠું બોલે છે. મારે હકીકત જાણવી છે.

મેં તમને કહ્યું તો હતું ને કે હું એમને લાચૂંગ સુધી લઈ ગયો હતો. અને ત્યાંથી મારી તબિયત બગડતા હું પાછો આવતો રહ્યો હતો.

મારે કોઈ વાર્તા નથી સાંભળવી. તારી આંખો કહે છે કે તું સાવ જુઠી વાત કરી રહ્યો છે.

નહીં નહીં... સાહેબ... હું કંઈ નથી જાણતો.

તું તારા દેવતાના સમ ખાઈને આ વાત કહે તો હું માનું કે તું સાચું બોલે છે.

અને એ રોઈ પડ્યો. મેં એની દુખતી રગ દબાવી હતી. અહીંના લોકો એના દેવતાને બહુ જ આસ્થાથી પૂજતા અને કાયમી એના કોપથી ડરતા હતા. થેંબા માટે હવે સાચું બોલવા સિવાય બીજા કોઈ માર્ગ રહ્યો નહોતો. બજારની વચ્ચે એની આંખોમાંથી આંસુઓ વરસી રહ્યા હતા. મેં એને થોડીવાર રડવા દીધો અને પછી એનો હાથ પકડીને બાજુની બંધ દુકાનના પગથિયે બેસાડ્યો. એનું રડવાનું બંધ નહોતું થતું એટલે મેં ફરીથી એને પાણી આપ્યું. થોડીવાર પછી પાણી પીને એ સ્વસ્થ થયો.

સાહેબ... હું તમને બધું જ જણાવીશ. પરંતુ મને એક વચન આપો કે તમે એ કોઈને નહીં કહો. થેંબાએ નજરો નીચી ઢાળેલી રાખીને મને કહ્યું. મેં એના ખભા પર હાથ મૂક્યો એટલે એણે મારી સામે જાયું. મેં આંખોથી જ એને વિશ્વાસ આપ્યો કે એ જે ૧૩૩ કહેશે એ ગુપ્ત રહેશે.

'તેઓ જ્યારે અહીં આવ્યા ત્યારે સૌપ્રથમ હું જ સામે ચાલીને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એમની પાસે ગયો હતો. પછી મને ગાઈડ તરીકે સાથે રહેવાની એમણે સંમતિ આપી એટલે એમને હું મારા ઘરે લઈ ગયો હતો. રાજેશ સાહેબે જ્યારે મને પાંગુસ સરોવર લઈ જવાની વાત કરી એટલે હું એ સાંભળીને ગભરાઈ ગયો હતો. કારણ કે એ જગ્યા ઠીક નહોતી અને ત્યાં ઘણીબધી અનહોની ઘટનાઓ બનતી હતી. એટલે મેં ત્યાં જવાની ચોખ્ખી ના પાડી અને એમને પણ આ વિચાર પડતો મૂકવા જણાવ્યું. કદાચ એ મારી વાત માની ગયા હશે કે નહીં એ મને ત્યારે ખબર નહોતી પડી પરંતુ એ પછી અહીં ગંગટોક બતાવવાનું મને કહ્યું ખાસ કરીને એ જગ્યાઓ જે પૌરાણિક હોય. એ માટે હું રાજી થઈ ગયો અને લગભગ બે દિવસ સુધી અમે ગંગટોક ફર્યા. ઘણી બધી જગ્યાઓ મેં એમને બતાવી અને છેલ્લે આપણે આજે જઈ આવ્યા એ લાઈબ્રેરીમાં ગયા હતા. ત્યાં તમે લોકોએ આજે જે પુસ્તક જાયું એ જ પુસ્તક એમણે વાંચવા લીધું હતું. એ પુસ્તક વાંચતા વાંચતા જ કોઈક પાના પર અટકી ગયા અને થોડીવાર વિચાર કરીને મને પૂછ્યું કે આ ખુરશીદ લતીફ વિશે હું શું જાણું છું? મારા માટે તો આ હેરતની વાત હતી કે આ સાહેબ ખુરશીદ વિશે ક્યાંથી જાણે? કદાચ એ એમના હાથમાં રહેલી ચોપડી વાંચીને મને પૂછી રહ્યા હશે એવું અનુમાન મેં લગાવ્યું. પરંતુ ખુરશીદ એવો તો કોઈ ખાસ વ્યક્તિ હતો નહીં. કે એના વિશે કોઈ આવા દળદાર પુસ્તકમાં લખે. ખેર... જે હોય તે. મારી તો ફરજ હતી એટલે હું જેટલું ખુરશીદ વિશે જાણતો હતો એટલું મેં એમને કહ્યું.

શું વાત કરી હતી તે રાજેશને ખુરશીદ વિશે?

'મારો તો જન્મ પણ નહોતો થયો. એ પહેલા ખુરશીદનું મોત થઈ ગયું હતું. ખુરશીદના મોતના દસેક વર્ષ બાદનો મારો જન્મ છે એટલે મેં પણ સમજણો થયા પછી અહીંના લોકોના મોંઢે જે વાતો એના વિશે સાંભળી હતી એને સાચી માની લીધી હતી. એ વાતો કંઈક એમ છે કે ખુરશીદ ઉપર છલ્લી એક ક્રાંતિકારી માણસ હતો. પરંતુ એ હતો ઘણો ખૂંખાર. એ સમયે આઝાદી મેળવવાની જ્વાળા આખા ભારતવર્ષમાં ફેલાયેલી હતી. એમાં ખુરશીદ જેવા લોકો પણ સામેલ થઈ ગયા હતા. જેમનો મકસદ તો કંઈક ૧૩૪ બીજા જ હતો. ખુરશીદ એક ક્રાંતિકારી હોવા છતાં એની આડમાં એના બીજા ધંધા પણ ચલાવતો હતો. સૌથી વધુ તો એ દાણચોરીના કામમાં માહેરહતો.. સિક્કિમ એ નેપાળ, તિબેટ અને ચીનની સરહદો સાથે જાડાયેલું છે એટલે અહીં તો દાણચોરી માટે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સૌથી વધુ સાનુકૂળતા મળતી હતી. સૌથી વધારે દાણચોરી નેપાળ સરહદેથી થતી અને આ કામમાં ખુરશીદની માસ્ટરી થઈ ગઈ હતી. થોડા સમયમાં જ એણે એ ધંધામાં ખૂબ જ રૂપિયા બનાવ્યા હતા. અને એલોકોની નજરોમાં ન ચડે તેના માટે એણે એક ક્રાંતિકારીનો આંચળો ઓઢીલીધો હતો. ક્રાંતિકારીના આંચળા હેઠળ એનું કામ તો ખૂબ ફૂલ્યું ફાલ્યું હતું. કારણ કે એના કારણે એ બીજા ઘણા એના જેવા માણસોના સંપર્કમાં આવ્યો હતો.

અને એમાં એને એના કામને સંલગ્ન માણસો પણ મળી ગયા હતા. એની જ્યારે હત્યા થઈ ત્યારે એના ઘરે અઠવાડિયા પહેલા જ રાજસ્થાનથી ચાર વ્યક્તિઓ રોકાવા આવી હતી. ખુરશીદે એ વ્યક્તિઓને પોતાના મિત્ર તરીકે ગામવાળાઓને ઓળખાણ કરાવી હતી. એ જ લોકોએ પાછળથી કોઈક કારણોસર ખુરશીદની હત્યા કરી નાખી હતી. અને પછી એ પલાયન થઈ ગયા હતા. એ સમયમાં પણ એચારેયની ખૂબ શોધખોળ થયેલી પરંતુ એમનો કોઈ જ પત્તો મળ્યો નહોતો. એ લોકો ક્યાં ગાયબ થઈ ગયા હતા એ રહસ્ય હજુ આજેય અકબંધ જ છે. એ લોકો કોણ હતા...? શા માટે આવ્યા હતા...? અને ક્યા કારણોસર એમણે ખુરશીદની હત્યા કરી હતી.? આ સવાલોના જવાબ તો આજ સુધી મળ્યા નથી. એ રહસ્યો પરથી આજે પણ પડદો પડ્યો છે. પછી તો જેટલા લોકો, એટલા મોઢા એટલી વાતો વહેતી થઈ હતી. કોઈ કહેતું એ લોકો લાચૂંગ તરફ ગયા હતા. જ્યાંથી ચીનમાં ઘૂસી ગયા હતા. તો કોઈ કહેતું કે એમને પાંગુંસ સરોવર ભરખી ગયું હતું. તો વળી કોઈની વાતો તો એવી હતી કે એ ચારેય ફક્ત અહીં ખુરશીદનો ભેગો કરેલો માલ લૂંટવા આવ્યા હતા. અને લાગ જાઈ એ માલ પર હાથ સાફ કરીનાંખ્યો હતો. સાથે સાથે ખુરશીદનું પણ ઢીમ ઢાળી નાંખ્યું હતું. અને પાછા રાજસ્થાન ભાગી ગયા હતા. આમ એના વિશે તો સાચી બાતમી કોઈની પાસે નહોતી...

તો આમાં રાજેશને શું રસ પડ્યો હતો...? એ શા માટે લાચૂંગ ગયો હતો...?

મેં જ્યારે તમામ વાતો એમને કહી સંભળાવી એટલે થોડો સમય તેઓ કોઈ ઊંડા ૧૩૫ વિચારમાં ખોવાઈ ગયા હતા. અને પછી તરત એમણે મને લાચૂંગ લઈ જવા કહ્યું હતું. અમે બીજા દિવસે લાચૂંગ જવા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નીકળ્યા હતા. ત્યાં પહોંચ્યા ત્યારે મને ખબર પડી કે રાજેશ અહીં પેલા ખુરશીદના સાથીઓ વિશે જ તપાસ કરવા આવ્યા હતા. લાચૂંગ એક નાનકડું પહાડીઓની તળેટીમાં વસેલું ગામ છે. ત્યાંના બુઝર્ગોને અમે શોધી શોધીને પેલા ચાર રાજસ્થાનીઓ વિશે પૂછ્યું પરંતું એ લોકો વિશે કોઈ કંઈ જાણતું નહોતું. એ દિવસે રાજેશ ખૂબજ નિરાશ થયા હતા.

પછી શું થયું...? આમાં તો કંઈ ખાસ વાત નથી....' મારે જે જાણવું હતું એવું તો કંઈ થેંબાએ હજી સુધી મને કહ્યું નહોતું.

પછી... પછી... સાહેબ, સાવ અણધારી ઘટના અમારી સાથે ઘટી... એ ઘટનાને યાદ કરું છું તો આજે પણ મારા રૂંવાડા થથરી જાય છે. એ દિવસે અમારી નજરોની સામે એક ખૂન થયું હતું. અરે નજરોની સામે નહીં... એ માણસ રાજેશના ખોળામાં જ મૃત્યુ પામ્યો હતો. અને અમે પણ અમારા મોતને હાથતાળી આપીને ત્યાંથી ભાગ્યા હતા. જા અમે વધારે સમય ત્યાં રોકાયા હોત તો અમારું પણ મોત નક્કી જ હતું. થેંબોએ મને જણાવ્યું અને સાથે જ એની આંખો ચકળવકળ થવા લાગી હતી. જાણેકે એઘટના યાદ કરીને એ ડરી રહ્યો હતો. મારા માટે તો આ વાત સાવ અણધારી જ હતી. મને લાગ્યુંકે જાણે કોઈએ મારા પગ પાસે કોઈકે બોમ્બ ફોડ્યો હોય. મારી જિજ્ઞાસા વધી ગઈ હતી. અને એવું લાગતું હતું. કે અત્યારે હું બિલકુલ સાચા રસ્તે જઈ રહ્યો છું.... રાજેશે કંઈ અમથા જ આ થેંબોનું નામ એની ડાયરીમાં નહોતું લખ્યું. મારા મોઢામાંથી અનાયાસે જ શબ્દો નીકળી પડ્યા.

'ખૂન... કોનું ખૂન...? કોણ હતા એ લોકો...? અને શા માટે ..? તું મને વિસ્તારથી કહે... મારા શરીરમાં ઉત્તેજના વ્યાપી ગઈ હતી. અને થેંબો જાણે અત્યારે એની નજરો સામે એ ઘટના નિહાળી રહ્યો હોય એમ મને કહી રહ્યો હતો.

અમે એ આખા દિવસની રઝળપાટના અંતે ગામના છેવાડે આવેલા બૌદ્ધ મંદિરમાં પહોંચ્યા હતા. ચાલી ચાલીને થાકી ગયા હોવાથી અમે ત્યાં જ બેસી ગયા. લગભગ અડધા કલાક પછી અમને દૂરથી કોઈ દોડતું અમારી તરફ આવી રહ્યું હોય એવો ભાસ ૧૩૬ થયો અને સાવ અચાનક જ મેં જોયું તો અમારી તરફ હાંફતો ભાગતો દોડતો આવી રહ્યો હતો. એ શખ્શ લાચૂંગનો મુખી હતો. એ મંદિરના પગથિયા ચડીને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અમારી તરફ ધસ્યો હતો. હજી તો અમે કંઈ સમજીએ, વિચારીએ એ પહેલા તો મુખી રાજેશ જ્યાં બેઠો હતો. એના ખોળામાં ગડથલિયું ખાઈને પડ્યો. અમે તો હેબતાઈને એને જાઈરહ્યા હતાકે અચાનક આ બધું શું બની રહ્યું હતું... સાહેબે ધ્યાનથી જાયું ત્યારે ખબર પડી કે એની પીઠમાંથી ત લોહી નીકળી રહ્યું હતું. હું એ મુખીને સારી રીતે ઓળખતો હતો. એનું નામ અમો હતું. બધા એને અમોમુખી કહીને જ બોલાવતા હતા. હું એની પાસે ગયો. ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે એ બહુ બૂરી રીતે ઘાયલ થયો હતો. અને એની પીઠમાંથી ભભક ભભખ કરીને લોહી મંદિરની ફર્શ પર વહેવા લાગ્યું હતું. એ કંઈક કહેવા માંગતો હતો. કંઈક બોલવા માંગતો હતો. પરંતુ એના શ્વાસ ડચકા ખાવા લાગ્યા હતા. કદાચ એ મરી રહ્યો હતો. અમે તો સાવ હતપ્રભ સ્થિતિમાં ત્યાં બેસી રહ્યા હતા. અમારે શું કરવું જાઈએ એનો વિચાર શુદ્ધાં નહોતો આવતો. સાવ ઓચિંતા જ, અણધારી બનેલી આ ઘટનાએ અમને વિચારશૂન્ય બનાવી દીધા હતા. બીજીતરફ અમોમુખી નિસ્તેજ થતો જતો હતો. આખરે કોશિશ કરતી હોય એમ એમનો જમાણો હાથ એણે એના ગળામાં લટકતા મુદ્રા આકારના માદળિયા પર નાખ્યો અને એક ઝાટકાથી એને તોડીને એ માદળિયું એના હાથમાં લીધું અને એ રાજેશના હાથમાં મૂક્યું. સાવ અચાનક લોહીથી ખરડાયેલું એ મુદ્રા આકારનું માદળિયું રાજેશે પોતાના હાથમાં જાયું એટલે એ ભડકી ઊઠ્યા અને ડરના માર્યા એ માદળિયાનો એણે ઘા કરી દીધો. હજુ તો અમે કંઈ વધારે સમજીએ કે શું બની રહ્યું છે અને એ મુખી આવી પરિસ્થિતિમાં કેવી રીતે અહીં સુધી આવ્યો એ પહેલા તો ધડાધડ કરતા ત્રણ રિવોલ્વર ધારી વ્યક્તિઓ મંદિરન દાદરા ફલાંગતા આવીને અમારી આસપાસ વીંટળાઈને ઊભા રહી ગયા. એ લોકોના હાથમાં બંદૂકો હતી. એટલે મને સમજતા વાર ન લાગી કે આ લોકોએ જ મુખીને માર્યો છે.

અને એની પાછળ ભાગતા ભાગતા અહીં આવ્યા છે. એ સૂટબૂટમાં સજ્જ શહેરી માણસો હતા. અને એ પછીની ઘટનાઓ જે ઝડપે બની એ તો ખરેખર ઉપરવાળાની અમારા ઉપર મહેરબાની જ હતી. મુખી હજુ જીવતો હતો અને રાજેશના ખોળામાં ૧૩૭ પડ્યો પડ્યો કણસી રહ્યો હતો. પેલા ત્રણમાંથી એકે એની રિવોલ્વરની નાળ મુખીની છાતી તરફ કરી અને ઉપરાછાપરી બે ગોળી એની છાતીમાં ધરબી દીધી. એની છાતીમાંથી લોહીનો ફુવારા ફૂટ્યા. અને મોઢામાંથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એક નાની અમથી ચીસ... ત્યાં ને ત્યાં જ એના રામ રમી ગયા હતા... મુખી નિસ્તેજ થઈ ગયો હતો. ત્યારે અમનેય અમારી સામે અમારું મોત નાચતું દેખાતું હતું. અમે સમજી ચૂક્યા હતા કે હવે અમારો વારો હતો અને મારું અનુમાન સાચું પડ્યું. પેલા માણસે બંદૂકનું નાળચું રાજેશ તરફ ઘૂમાવ્યું. એકટોકટીની પળ હતી અને કોને ખબર કે મારામાં એટલી તાકાત ક્યાંથી આવી ? મેં વગર વિચાર્યે ઓચિંતો જ એ માણસ પર હુમલો કરી દીધો. હું સીધો જ એના ઉપર કૂદ્યો. એના માટે આ હુમલો સાવ અણધાર્યો હતો. એટલે એ કંઈ પ્રતિક્રિયા કરે એ પહેલા તો હું એની ઉપર હતો. અને એ મારી નીચે. બરાબર એ જ સમયે રાજેશે પેલા મુખીને ખોળામાંથી નીચે પટકીને ગામ તરફ રીતસરની દોડ મૂકી. એને જોઈને હું પણ પેલા માણસ ઉપરથી ઉછળીને ધડાધડ મંદિરના પગથિયા ઊતરતો ગામમાં ભાગ્યો.

અમારું સમગ્ર ધ્યાન આગળ દોડવામાં જ હતું કે જેથી ગમે તેમ કરીને જલદીથી ગામમાં ઘૂસી જવાય. એટલે પાછળ શું થાય છે એ લોકો અમારી પાછળ આવે છેકે નહીં એ જાવા રોકાયા વગર મુઠ્ઠીઓ વાળીને અમે ભાગી રહ્યા હતા. સનનન... સનનન... કરતી બે ત્રણ ગોળીઓ મારા કાન પાસેથી પસાર થઈ ગઈ હતી. ભયાનક બીકનો માર્યો હું આંખ મીચીને મુઠ્ઠીઓ વાળીને આડેધડ ભાગ્યો હતો. ક્યાંય સુધી ભાગ્યા બાદ અમે અટક્યા હતા. કારણ કે અમારી પાછળની આવતા અવાજા બંધ થઈ ચૂક્યા હતા. છાતીમાં શ્વાસનો ભરાવો થઈ ગયો હતો. એટલે અમે હાંફી રહ્યા હતા. અમે સહીસલામત હતા અને અમારી પાછળ અત્યારે કોઈ નહતું. એ લોકો ગાયબ થઈ ચૂક્યા હતા. અમારા મોતિયા મરી ગયા હતા. સાક્ષાત મોતને હાથતાળી આપીને અમે ભાગ્યા હતા. આ બધું એટલું ઝડપી બની ગયું હતું કે અમને પણ પૂરેપૂરી સમજમાં નહોતું આવ્યું કે આખરે શું બન્યું હતું. અમારી નજરની સામે પેલા અમોમુખીનું ખૂન થયું હતું. અને એના લોહીના છાંટા અમારા કપડા ઉપર ઉડ્યા હતા. અમારા હાથ લોહીથી ખરડાયેલા હતા એટલે હવે જા આવી હાલતમાં અમે ગામમાં જઈએ અને ગામલોકોને ૧૩૮ ખબર પડે કે એમના મુખીનું ખૂન થઈ ચૂક્યું છે, અને એ સમયે અમે ત્યાં જ હતા તો અમારું તો આવી જ બને. ગામ લોકો તો અમને જ ખૂની સમજીને પતાવી નાંખે, એટલે અમે ત્યાંથી લાચૂંગથી, બારોબાર કોઈને જાણ ન થાય એવી રીતે ગંગટોક જીપમાં બેસીને અહીં આવી ગયા હતા. એ જ દિવસે મેં તરત

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રાજેશસાહેબને અહીંથી પરત દાર્જીલીંગની ગાડીમાં બેસાડી રવાના કરી દીધા હતા. જા આ વાત જાહેર થી જાય તો અમારા માટે મોટો ખતરો થાય એમ હતું. નિર્દોષ હોવા છતાં અમે ટીચાઈ જઈએ એ કરતાં ચૂપ રહેવાનું જ અમે મુનાસીબ માન્યું હતું. સાહેબની હાલત તો મારા કરતાય ખરાબ હતી. એટલે ગભરાટમાં એ કંઈ બાફી મારે એના કરતાં એમને ચૂપચાપ અહીંથઈ મોકલી આપવામાં જ ભલાઈ સમજી હતી.

એ ઘડીને આજનો દિવસ, એ વાત મારા જીવનમાંથી સાવ ભૂંસી જ નાંખી છે આ તો તમે મારા દેવતાના સમ આપ્યા એટલે હું વિવિશ બની ગયો તમને કહેવા માટે, નહીંતર આ રહસ્ય મારા મૃત્યુની સાથેજ દફન થાત તમે પણ મહેરબાની કરીને આ રહસ્ય કોઈને કહેતા નહીં. નહિંતર આપણી ઉપર આફત ઉતરી આવશે. 'એકધારું બોલતાં થેંબાને શ્વાસ ચડ્યો હતો. એટલે એરોકાયો. 'હવે તમે જ કહો કે જા આ વાત બહાર જાય તો મારું તો આવી જ બને. તમે લોકો જ્યારે પહેલીવાર મારે ત્યાં આવ્યા અને પેલા બહેને સાહેબનો ફોટો બતાવ્યો ત્યારે સાચું કહું તો હું હેબતાઈ ગયો હતો.. એ સમયે હું આપલોકોને બરાબર ઓળખતો પણ નહોતો એટલે આ વાત તમને કહેવાનો કોઈપ્રશ્ન જ ઉપસ્થિત થતો નહોતો. તમને લોકોને શક ન પડે એટલા માટે જ હું તમારી સાથે આવવા તૈયાર થયો હતો. હં ખોટું બોલ્યો હતો. પરંતુ જ્યારે મને સચ્ચાઈની ખબર પડી કે પેલા પૂજાબહેન એ સાહેબના સગા બહેન છે. અને તમે લોકો સાહેબની ડાયરી વાંચીને અહીં સુધી આવ્યા છો એટલે મારો આત્મા મને કહી રહ્યો હતો કે સચ્ચાઈ તમને જણાવી દઉં. એમાં આજે તમે મને રંગેહાથપકડી લીધો. અમારા દેવતાના સમ દીધા એટલે આ વાત મેં તમને કહી.

થેંબાની વાત સાંભળી હવે કંઈક કડીઓ મળી રહી હતી. થેંબાની વાત પરથી એક બાબત તો સાવ સ્પષ્ટ થતી હતી કે રાજેશ પાંગુસ સુધી ગયો જ નહોતો. અને લાચૂંગથી એ રીટર્ન સુરત પહોંચ્યો હતો. તો આ વાત હતી રાજેશ ઉપર ફાયરિંગ થવા પાછળ. ૧૩૯ પેલા લોકોએ રાજેશને શોધી લીધો હતો અને એને મારવાની પણ કોશિશ કરી હતી. ધીરે ધીરે આખી સ્ટોરી મારી સમજમાં આવતી હતી. મને આખું ચિત્ર સ્પષ્ટસમજાઈ રહ્યું હતું. રાજેશ સાવ અચાનક, ઓચિંતા જ બનવાજાગ આ ખરાબ સંજાગોમાં સપડાઈ ગયો હતો. એ લાચંગ ગયો ત્યારે એને કે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

થેંબાને પણ કોઈ ખબર નહોતી કે એમની સાથે આવું કંઈક બનશે જે રાજેશની જિંદગી નર્કમાં બદલી નાંખશે. અનાયાસે જ એ એક વિષચક્રમાં ફસાઈ ગયો. અને પેલા લોકોના હાથે ચડી ગયો હતો રાજેશે એની ડાયરીમાં લખેલી લગભગ તમામ બાબતો સ્પષ્ટ થઈ ગઈ હતી. કોઈક કારણોસર લાચૂંગના મુખી અમોમુખી ઉપર પેલા લોકોએ જીવલેણ હુમલો કરી મારી નાંખ્યો રાજેશે અને થેંબાએ આ ઘટના પોતાની આંખોથી જાઈ. ફક્ત જાઈ જ નહીં પરંતુ એ ઘટનાના જીવંત સાક્ષી બન્યા. ખરેખર ખૂબ જ ખતરનાક વાત હતી... જા ઈન્સ. ચાવડાની વાત માનીએ તો રાજેશના કેસની પાછળ કોઈ બહુ જ મોટા માણસો હતા. અને આ બાબત મારા માટે ખૂબજ ગંભીર બની જતી હતી... હવે જા એ લોકોને ખ્યાલ આવી જાય કે અમે રાજેશની ડાયરીના આધારે તપાસ કરતા કરતાં ગંગટોક સુધી પહોંચી ગયા છીએ તો અમારે પણ જાખમ હતું. એમ હતો. કદાચ રાજેશ કરતાં પણ ખરાબ હાલત થાય અમારા.. એટલે હવે અમારે બહુ જ સાવધાની રાખી આગળ વધવું પડશે.

'આ વાત તારે બીજા કોઈને કહેવાની જરૂર નથી.'

'હું કોઈને નહીં કહું.'

'ઠીક છે ચાલ હવે.... પેલા લોકો દુકાનમાંથી બહાર નીકળે એ પહેલા તું સ્વસ્થ બની જા, નહીંતર એ લોકોને શક પડશે.'

મારી અને થેંબાની વાર્તા ત્યાં જ પૂરી થઈ હતી. હું લગભગ બધું જ સમજી ચૂક્યો હતો. કે રાજેશ સાથે શું અને કેવી રીતે બધું બન્યું હશે.... એ સાવ નિર્દોષ હોવા છતાં મહા ભયાનક મુસિબતમાં અટવાયો હતો. હજી એક વાત મારા મગજમાં ખટકતી હતી કે આ ખુરશીદમાં રાજેશને શા માટે રસ પડ્યો હતો. રાજેશ કંઈ ડિટેક્ટિવ તો હતો નહીં કે એનું ખુરશીદની પાછળ જાસૂસી કરવાની ઈચ્છા ઉદભવે. છતાં એણે એવું કર્યું હતું. ૧૪૦ જે એનુંગોંડપણ સાબિત થયું હતું. પરંતુ 'ખુરશીદ' શા માટે....? આ પ્રશ્ન મારા મનમાં અથડાયા કરતો હતો.

***

સાતેક વાગ્યાની આસપાસ અમે હોટલ પાછા ફર્યા. અમે ખૂબ રખડ્યા અને અહીં ઘણીબધી જગ્યાઓ જાઈ લીધી હતી. મને તો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ધરાતુંજ નહોતું અને એવી ઈચ્છા ઉદભવતી હતી કે અહીંના કુદરતી સાંદર્યનું રસપાન કર્યે જ રાખીએ. પરંતુ એ શક્ય નહોતું બનવાનું. અમારે હજી ઘણાં કામ કરવાના હતા અને સાંજ પણ ઢળવા આવી હતી એટલે પાછા ફરવું પડ્યું હતું. થેંબે તો અમે હોટલમાં પહોંચ્યા ત્યાંથી જ એના ઘરે જવા માંગતો હતો. પરંતુ મેં એને રોક્યો કારણ કે આવતી કાલે સવારે શું કરવાનું છે એનો નિર્ણય આજે રાતે જ કરવાનો હતો. એ નિર્ણય એને જણાવવો જરૂરી હતો. જા આગળનું પ્લાનિંગ ચોક્કસ બેસી જાય તો વહેલી સવારે જ અહીંથી નીકળી જવાની ગણતરી મેં કરી હતી. હવે અમારે બધાના વિચારો જાણવાના હતા કે તેઓ શું કહે છે?

હું અને થેંબો સૌથી પાછળ ચાલતા હતા. પૂજા અમારાથી થોડે જ આગળ હતી. અને વારેવારે પાછળ ફરીને અમને જાઈ લેતી હતી. હોટલમાં પહેલા જગદીશ અને ટીના દાખલ થયા અને તેઓ સીધા જ રૂમ તરફ પ્રયાણ કરી ગયા. જ્યારે પૂજા રિસેપ્શન કાઉન્ટરની સામે લોન્જમાં મુકેલા મુલાયમ સોફા તરફ વળી, એ કદાચ ત્યાં થોડીવાર બેસવા માંગતી હશે. પૂજાને સોફા તરફ જતા જાઈને હું પણ એ તરફ ચાલ્યો. થેંબોત્યાં બાજુમાં કાઉન્ટર સુધી પહોંચીને અટકી ગયો. મેં પૂજાની બાજુમાં બેઠક લીધી.

‘શું વાત છે.? થાકી ગઈ? ઉપર રૂમમાં ફ્રેશ થવા નથી જવું...? મેં એની નજરમાં નજર નાંખીને પૂછ્યું. એના ગૌર કપાળ પર અત્યારે ચિંતાની રેખાઓ અંકિત થયેલી હતી. કોઈ ટેન્શન છે..?’

‘ના,... થોડીવાર અહીં બેસવું છે.’

‘ઓકે... અચ્છા એ કહે કે તે બજારમાંથી શું શું ખરીદ્યું....? મારી નજર એણે ૧૪૧ હાથમાં પકડેલી બેગ પર પડી.

‘ખાસ કંઈ નહીં... થોડો જરૂરી સામાન લીધો છે. ખાસ તો અહીંની ઠંડીથી બચવા એક બે સ્કાર્ફ ખરીદ્યા છે. તમને ઠંડી નથી લાગતી..?

લાગે છે ને? એના માટે તો આ સ્વેટર પહેર્યું છે.

‘તમે માથે કે પછી કાન પર ટોપી કે મફલર એવું નથી પહેરતાં?

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ક્યારેક સખત ઠંડી હોય તો પહેરું છું. પરંતુ અહીં એ લાવવાનું રહી ગયું. હવે અહીંથી ખરીદી કરવી પડશે...

તો આજે કેમ ખરીદી ન કરી...?

એવો ખ્યાલ જ ન રહ્યો કે કોઈ ચીજ ખરીદવી છે...

કેમ...?

હવે હું સાવધ થઈ ગયો. પૂજાનો આ કેમ...? સવાલનો જવાબ મારી પાસે હતો કે થેંબા સાથે વાતોમાં મશગૂલ બની ગયો હતો. પરંતુ એ પૂજાને કહેવાય એમ નહોતું. કે અમારા વચ્ચે શું વાતો થઈ હતી.

કેમ ચૂપ થઈ ગયા..? આજે તો આપણી પાસે સમય હતો. તો પછી થોડી ખરીદી કેમ ન કરી...?

બસ એમ જ....

અમીત.. પ્લીઝ અચાનક એ ભાવુકબની ગઈ. એ મારી તરફ થોડી ફરી અને મારા બંને હાથ એના હાથમાં લઈને અમારી નજરો સાથે નજર મેળવી. પ્લીઝ તમને અંદાજ આવી જગયો હશે કે હું તમને શું પૂછવા માગું છું. એની આંખોમાં ઝાકળની બૂંદો ચમકવા લાગી. તમે મને સાચો જવાબ આપશો...?

કેમ તારે આવું પૂછવું પડ્યું...? તને એવું લાગે છેકે તું કંઈક મને પૂછીશ અને હું સાચું નહીં બોલું.. ? મારી ઉપર વિશ્વાસ નથી...?

તમારી ઉપર વિશ્વાસ મૂકીને તો હું અહીં આવી છું. નહીતર મને બીજા કોનો સહારો છે અહીં..? તમારા ઉપર શંકાકરવાનો મતલબ છે કે મારો પોતાની જાત ઉપર શંકા કરવી. મને રતિભાર પણ અવિશ્વાસ નથી. તમારા પ્રત્યે ઉલટાની મને મારી જાત ૧૪૨ કરતા પણ વધુ તમારા પર શ્રદ્ધા છે કે તમે ક્યારેય મારું અહિત નહીં થવા દો. પરંતુ અત્યારે મને એવું લાગે છે કે હું જે પૂછીશ એનો સાચો જવાબ તમે મને હીં આપો.

‘જા તને એવું લાગતું હોય કે હું તારાથી કંઈક છુપાવીશ તો એપણ તારી ભલાઈ માટે જ હશે. છતાં તું કહે... શું પૂછવું છે તારે...? હું સાચું બોલીશ.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મેં તમને અને થેંબાને બજારમાં ઘણી ગહન અને લાંબી વાતો કરતા જાયા હતા. અનેમને ખબર છે કે એ વાતો રાજેશ વિશે જ હોઈ શકે. કારણ કે તમારો ચહેરો એની ચાડી ખાઈ રહ્યો હતો. મારે એ જ જાણવું છે કે થેંબાએ તમને શું કહ્યું...?

ઓ હ .. તો આમ વાત હતી. પૂજા દુકાનમાં ઊભી ઊભી પણ અમારા તરફ ધ્યાન રાખી રહી હતી. હું સંકટમાં આવી ગયો કારણ કે આ વાત કોઈને નહીં કહેવાનું મેં થેંબાને વચન આપ્યું હતું. અને આ તરફ અત્યારે પૂજા એ મારું વચન તોડાવવા તૈયાર થઈ હતી. મેં થેંબા તરફ દૃષ્ટિ કરી. એ દૂર ઊભો હતો પરંતુ કદાચ એને આખી વાત સમજાઈ ગઈ હોવી જાઈએ એટલે તેણે આંખોથી જ મૂક સંમતિ આપી દીધી.

તો સાંભળ.. થેંબાએ મને જે કહયું હતું તે આખી વાત મેં પૂજાને જણાવી. પૂજા ચૂપચાપ એ સાંભળતી રહી. એની આંખોમાં જામેલા ઝાકળ ધીરે ધીરે આંસુમાં ફેરવાતા ગયા અને એનો ગુલાબી ગાલો પરથી એ આંસુ દડ દડ વહીને સોફા પરપડી રહ્યા હતા. એ નીચે જાઈ રહી હતી અને રડી રહી હતી. એના માટે આ વાત કદાચ વર્જાઘાત સાબિત થઈ હતી. કેમ ન થાય ? સાવ નિર્દોષ એનો ભાઈ રાજેશ લેવા દેવા વગર ફસાયો હતો. આ વાતના કારણે પૂજાના દિલને જબરજસ્ત ધક્કો લાગ્યો હતો. હું એની વધારે નજીક સરક્યો અન એનો ચહેરો મેં હાથેથી ઉપર ઊઠાવ્યો. એની નજરો મારી સાથે મળી અને મને વળગીને ચોધાર આંસુએ રડી પડી. મારી પાસે એને સાંત્વના આપવાના શબ્દો નહોતા. હું એના માથા અને પીઠ પર હાથ પસરાવી રહ્યો હતો. અને એ બસ એમ જ મને વળગીને રડી રહી હતી. હોટલના કાઉન્ટર પાસે ઊભેલા બે ટુરિસ્ટ, થેંબો અને આ હોટલનો મેનેજર, એ તમામની નજરો અમારી તરફ જ જાતી હતી એટલે મારે પૂજાને સંભાળવી જરૂરી હતી. હું થોડોઘણો ક્ષોભીલો પડી ગયો હતો. છતાંપૂજાને અત્યારે મારી સૌથી વધારે જરૂરિયાત હતી. મેં એને સમજાવવાની કોશિશ ૧૪૩ કરી. પ્લીઝ પૂજા... તારી જાતને સંભાળ.. આપણે તો ખુશ થવું જાઈએ કે આપણને રાજેશ વિશેની તમામ હકીકતોની જાણ થઈ ગઈ છે. હવે આપણે બેધડક આગળ વધીશું. અને એ લોકો કોણ હતા એ તપાસ કરીને એને સજા કરાવીશું પરંતુ પ્લીઝ પહેલા તું રડવાનું બંધ કર. મારી વાત સાંભળી એ થોડીવારપછી મારાથી અળગી થઈ ગઈ અને પર્સમાંથી રૂમાલ કાઢી એના ચહેરા પર

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ફેરવ્યો.

સોરી.. હું ભાવુક થઈ ગઈહતી. સંભાળવાની ઘણી કોશિશ કરી છતાં ભાઈની યાદ આવી ગઈ એટલે રડાઈ ગયું. સોરી.... એ હવે સંભાળીને મારાથી થોડે દૂર ખસી.

એક વાત કહું..?

કહે..

'થેન્ક યુ'

હું હસી પડ્યો. અને એ પણ આસું ભરેલી આંખો સાથે હસી ઊઠી 'મારા કારણે તમે ઘણી તકલીફો વેઠી રહ્યા છો. જા તમે ન હોત તો આ વાત હું ક્યારેય જાણી ન શકી હોત. કદાચ સ્વપ્નમાં પણ હું અહીં સુધી આવવાનો વિચાર સુધ્ધાં ન કરત. તમારો જેટલો આભાર માનું એટલો ઓછો પડશે. પ્લીઝ... તમે મારી સાથે જ રહેજા. પૂજા ખરાદિલથી કહી રહી હતી. ઘડીભર માટે તો હુંય સાવ સ્થિર થઈ ગયો. પૂજાએ નીતે, એના પગ પાસે મૂકેલી બેગ ઉઠાવી જેમાં એણે બજારમાંથી સામાન ખરીદીને ભર્યો હતો. હું તમને કંઈ આપું તો એ તમે સ્વીકારશો..? એણે બેગમાં હાથ નાંખતા કહ્યું.

શ્યોર... કેમ નહીં...

થેલીમાંથી એનો હાથ બહાર આવ્યો. એના હાથમાં આસમાની કલરની એકદમ મુલાયમ અને રેશમી ફુંવાદાર ટોપી હતી. આ તમારા માટે મેં લીધી છે.તમારી નીલી આંખો સાથે આ આસમાની કલર એકદમ મેચ થઈ જશે...પ્લીઝ ના નહીં પાડતા..

પૂજા ખરેખર અજીબ હતી. હજુ હમણાં તો ચોધાર આંસુએ રડી રહી હતી. અને અત્યારે સાવ અચાનક જ એ મને ભેટ આપી રહી હતી. ખરેખર એ ખૂબ જ સમજુ અને ૧૪૪ લાગણીશીલ હતી. સાવ ભોળી હતી. એને એવાતની પરવા નહોતી કે આ ગિફ્ટની વાતનો હું શું મતલબ કાઢીશ. એ તો બસ એની લાગણીઓ મારી પાસે ઠલવી રહી હતી. એની આ રીત જ મને બહુ પસંદ હતી. જે દિલમાં ઉદભવે એ તરત સામેવાળાને જતાવી દેવાનું. કંઈ જ છુપાવવાનં નહીં. જ્યારે મારી સાથે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એવું નહોતું. પૂજા તરફ મારી ચાહત વધતી જતી હતી. છતાં એ કહેવાની મારી હિંમત નહોતી ચાલતી. કદાચ એ ડર લાગતો હતો કે જા હું આ વાત એને કહીશ અને એ મારાથી દૂર ચાલી જશે. આ ડરનાકારણે જ મેં મારી ચાહત દબાવી રાખી હતી. પૂજા મારી પાસેથી ઊભી થઈને થેંબા પાસે ગઈ. એને થેન્કયુ કહ્યું અને પછઈ ઉપર ચાલી ગઈ. અમે બંને અવાચક નજરે એની પીઠને તાકી રહ્યા હતા.

***

સમય હતો સવારના સાત વાગ્યાનો. આકાશમાં હજુ પ્રકાશના કિરણો ફૂટવાનો સમય હતો. જા કે આજનું વાતાવરણ જાતા લાગતું હતું કે સૂરજ નારાયણના દર્શન થવા આજે દુર્લભ બનશે. રૂ જેવા પોચા પોચા વાદલોનો આખો સમૂહ અમારી ઉપર આકાશમાં ઝળુંબી રહ્યો હતો. અને ધીરે ધીરે બુંદા બુંદી ચાલુ હતી. મોટાભાગે આ વિસ્તારમાં વિન્ટરમાં બરફવર્ષા થવી સામાન્ય ઘટના હતી. પરંતુ અત્યારે વિન્ટર સમાપ્ત થવા આવ્યો હતો. વસંતઋતુના વધામણા થવાની તૈયારીહતી. એટલે વાદલોમાંથી બરફ નહીં પરંતુ પાણી વરસી રહ્યું હતું. ઠંડીએ હજુ એનું જાર ઘટાડ્યું નહોતું. એમાં પણ આખી રાત પડેલા ઠારના કારણે સવારની ઠંડી કાતિલ બની હતી. અમારે વહેલી સવારે જ લાચૂંગ જવાનું હતું. ગઈકાલે રાત્રે જ નક્કી થયું હોવાથી હોટલમાંથી ચેકઆઉટ કરીને અમે બહાર પાર્કિંગમાં આવ્યા હતા.

પૂજાએ ગઈકાલે સાંજે ગિફ્ટમાં આપેલી મુલાયમ રૂછેદાર ટોપી મેં પહેરી હતી. એની મેંચીંગ સેન્સ અને ખરીદી કરવાની કળા ખરેખર સારીહતી. આ ટોપીમાં હું વધુ આકર્ષક લાગી રહ્યો હતો. મારી નીલી આંખોની સાથે એ આસમાની કલરની ટોપી ૧૪૫ જબરજસ્ત ટ્યૂનિંગ આપી રહી હતી. બે ઘડી તો પૂજા પણ મારી સામું જાઈને રોકાઈ ગઈ તી. અત્યારે પણ એ મને જ જાઈ રહી હતી. અમારો બધો જ સામાન નીચે હોટલના પાર્કિંગ પ્લેસમાં આવી ગયો હતો. થેંબાએ અમારા માટે જે જીપની વ્યવસ્થા કરી હતી એ હજુ સુધી આવી નહોતી એટલે અમે થેંબાને એની પાછળ દોડાવ્યો હતો. અને અમે ત્યાંજ રાહ જાતા ઊભા રહ્યા. પૂજાએ આજે બ્લુ કલરના જીન્સ પર કંઈક વધુ પડતા મોટા કોલરવાળો આસમાની રંગનું શર્ટ ટાઈપ ટીશર્ટ પહેરેલું હતું. ટી શર્ટના મોટાકોલરના કારણે એના ગળાનો ભાગ થોડો વધુ ખુલતો થયો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અને એના ગળાની લીસી, સુંવાળી ચામડી સ્પષ્ટ દેખાઈ રહી હતી. ટી શર્ટને ખૂબ જ સારી રીતે જીન્સમાં ખોસી અને ઉપર પેલો ઓવરકોટ ચડાવ્યો હતો. એ ખરેખર અનુપમ સ્ત્રી હતી. જે એને બીજાથી અલગ પાતી હતી. પૂજા જ્યારે ખભા ઊંચા રાખીને એકદમ ટટ્ટાર, થોડી ઊંચી હીલના શૂઝ પહેરીને ચાલતી ત્યારે લોકો એને જાવા મજબૂર બની જતા. એની સાબિતી મારી નજરો સમક્ષ જ હતી. હોટલની ફોયરમાં બેસેલા બે ત્રણ પુરુષો લગાતાર પૂજાને તાકી રહ્યા હતા. જ્યારે એમની સાથે બેઠેલી સ્ત્રીઓને પૂજાની ખૂબસૂરતીની ઈર્ષ્યા થઈ રહી હતી.

મારા આશ્ચર્યની વચ્ચે બાજુની હોટલમાં જે લોકો રોકાયા હતા એ લોકો પણ અત્યારે એમનો સામાન એમની ગાડીઓમાં ગોઠવી રહ્યા હતા. અમારી જેમ કદાચ એ લોકો પણ અહીંથી બીજે જઈ રહ્યા હતા. લગભગ દસથી બાર એકદમ હટ્ટાકટ્ટા અને પહેલવાન ટાઈપ માણસો ધડાધડ કરતા એ ગાડીઓમાં ગોઠવાઈ ગયા હતા. અને બીજી જ પળે એમની ગાડીઓ એકપછી એક એ હોટલના પાર્કિંગ પ્લેસમાંથી બહાર નીકળી સડક પર દોડવા લાગી હતી. જ્યારે અમે તો હજી અહીંજ ઊભા ગાડીની રાહ જાઈ રહ્યા હતા. થોડીવાર અમે ઊભા રહ્યા ત્યાંજ થેંબો મોકાણના સમાચાર લઈ આવ્યો કે એણે જે જીપ નક્કી કરી હતી એ બગડીને ઊભી છે અને હવે અમારે બીજી જીપની વ્યવસ્થા કરવી પડશે, મને, પૂજા અને ટીનાને હોટલમાં જ ઊભા રાખી જગદીશ અને થેંબો બીજી જીપની વ્યવસ્થા કરવા બજાર તરફ ગયા.

તમને શું લાગે છે ? શું આપણે એ લોકોને બેનકાબ કરી શકીશું કે જેમણે રાજેશને ૧૪૬ ગોળી મારી હતી? લગભગ સાતેક મહિના જેવો સમય વીતી ગયો છે અને હવે ત્યાં થોડી એમની નિશાનીઓ આપણને મળશે.? પૂજા મારી નજીક આવતા બોલી.

જા પૂજા તું યાદ કર કે આપણે ઘરેથી અહીં આવવા નીકળ્યા ત્યારે આપણી પાસે શું હતું...? કશું જ નહીં.. છતાં આજે આપણે આના વિશે ઘણું બધું જાણીએ છીએ. એમ હવે તો મને પૂરો વિશ્વાસ છેકે ભલે એ લોકો ત્યાં નહીં હોય છતાં એમના વિશેની કોઈક તો કડી , માહિતી આપણને ત્યાં મળશે જ. ઈન્સ. ચાવડાના કહેવા મુજબ રાજેશનો કેસ તો મોટા માથાઓના દબાણના કારણે બંધ થઈગયો હશે એટલે હવે આપણો બધો ભરોસો ભગવાન ઉપર છે અને એ જરૂર કોઈ માર્ગ ચીંધશે જ .. તું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જ વિચાર કે તેં ક્યારેય અહીં સુધી આવવા વિશે વિચાર્યું સુદ્ધાં હતું. ? અને છતાં આપણે અહીં છીએ. અને સમજને કે હવે આ કેસનો ઉકેલ પણ સાવ નજદીક આવી ગયો છે. રાજેશે એની ડાયરીમાં લખેલી તમામ નોંધોમાંથી ફક્ત એક ઝાયબન સિવાયની બધી કડીઓ ઉકેલી ગઈ છે અને મને ખાતરી છે કે થોડા સમયમાં જ આપણે રાજેશ પર ફાયરીંગ કરનારને બેનકામ કરી નાંખીશું.

'ઝાયબન' શું હોઈ શકે આ શબ્દનો મતલબ..? પૂજા મારી વાત સાંભળીને વિચારવા લાગી. ઝાયબન... ઝાયબન... આ શબ્દ આ પહેલાં પણ ક્યાંક સાંભળ્યો હોય એવું યાદ આવે છે... પરંતુ ક્યાં...? પૂજા એની યાદશક્તિ પર જાર લગાવીને યાદ કરવાની કોશિશ કરી રહી હતી. ઝાયબન... ક્યાં સાંભળ્યું હતું.. હમણા નજકના સમયમાં જ સાંભળ્યું છે ક્યાંક... અત્યારે યાદ નથી આવતું... પૂજાને કંઈક યાદ ન આવ્યું. એટલે એ બેચેન થઈ ઊઠી.

આમ જ થાય. જ્યારે આપણને કોઈ વસ્તુની ખૂબ જ જરૂર હોય ત્યારેજ જલદી થી યાદ નથીઆવતી. આપણા દિમાગમાં તોએ હોય છે પણ તાત્કાલિક જીભે નથી આવતું. તું યાદ કર... અત્યારે નહી તો થોડા સમય બાદ સાવ અચાનક રીતે જ એ તને યાદ આવી જશે...

અમે હજી વાતો કરી રહ્યા હતા કે મને એક જીપમાં બેસીને જગદીશ અને થેંબો આવતા દેખાયા. ડ્રાઈવરની સીટ ઉપર નજર પડતાં જ મારી આંખો ફાટી પડી અને ૧૪૩ હોઠ વંકાઈ ગયા. હું આશ્ચર્ય અને શંકાની તમામ સીમાઓ વટાવી ચૂક્યો હતો. અને પેલા ડ્રાઈવરને જાઈ રહ્યો હતો. એ ડ્રાઈવર બીજું કોઈ નહીં. પરંતુ પેલો નેપાળી માણસ જ હતો જેને મેં કોલકત્તા સ્ટેશને જાયો હતો. અને અહીં જગદીશ સાથે એ દિવસે રાત્રે કંઈક મસલત કરતા જાયો હતો હું ખળભળી ઉઠ્યો. જગદીશે માસ્ટર સ્ટ્રોક ખેલ્યો હતો. અમારી નક્કી કરેલી જીપનું બગડવું અને જગદીશનું આ નેપાળીની જીપ સાથે અહીં લઈ આવવું એ એક ભયાનક કાવતાર તરફ ઈશારો કરતું હતું. પૂજાને મેં હજી આ વાત કરી નહોતી એટલે એ તો સામાન ગોઠવવા લાગી. જ્યારે અહીં મારી સ્થિતિ કાપો તો પણ લોહી ન નીકળે એવી થઈ હતી. મારા મનમાં ઝડપી વિચારો યુદ્ધે ચડ્યા હતા. કે હવે શું થશે.. કે પેલા નેપાળીએ છેક હું ઊભો હતો ત્યાં મારા પગ પાસે લાવીને જીપને જારદારબ્રેક મારી. હું ઊછળી પડ્યો. અને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બે હાથ આગળ તરફ કરી થોડો પાછો ખસ્યો. મારી નજર એ નેપાળી સાથે ટકરાઈ. તેણે ખૂંખાર કાતીલ અદાથી મારી સામે જાયું. જેવી રીતે એણે મને કોલકતા સ્ટેશને જાયો હતો. એના ચહેરા પર ચાલાકીભર્યું હાસ્ય હતું. હવે એક વાત તો ફાઈનલ હતી કે આ નેપાળી છેક સુધી અમારી સાથે રહેવાનો હતો. અને આ બાબત ખરેખર ભયાનક હતી. અત્યાર સુધી જગદીશ અંદરખાનેથી અમારી સાથે કોઈક રમત રમી રહ્યો હતો. મને જગદીશ ઉપર ફક્ત શક જ હતો કે એ અમારી સાથેકોઈ રમત રમી રહ્યો હતો. પરંતુ હવે તો પાકું થઈ ગયું કે એ ખૂબજ ખતરનાક ખેલ ખેલી રહ્યો હતો. અમારી સાથે હતા એ જ અમારા દુશ્મનો બની રહ્યા હતા. એટલે હવે મારે બે બાજુની લડાઈ લડવાની હતી. જરા અમથી ભૂલ અમને મોતના મુખમાં ધકેલી શકે એણ હતી. મારે એવી રીતે બાજી ગોઠવવાની હતી કે હું આ ભેદ ઉકેલવાની સાથે સાથે પૂજા અને ટીનાને પણ અહીંથી સહિસલામત રીટર્ન લઈ જઈ શકું. મનોમન મેં મક્કમતા કેળવી. મારી જાતને હિંમત આપી કે તું બધુંજ કરી શકે છે. એક ઊંડો શ્વાસ લીધો અને પૂજા તરફ ફર્યો. હવે પૂજાને મારે સાવચેત કરવી પડે એમ હતી જેથી કરીને એક અજાણતા જ કોઈ મુસીબત ઊભી ન કરે. અને જગદીશ તથા પેલા નેપાળીથી સાવચેત રહે.

થેંબો જીપમાંથી ઊતરીને મારી તરફ આવ્યો. જગદીશ એની પાછળ જ હતો. આ ૧૪૮ કોણ છે? ક્યાંથી લઈ આવ્યા...? સાવ સાહજીક રીતે જ મેં થેંબાને પૂછ્યું.

એ સાહેબને મળી ગયો.. થેંબાએ જગદીશ તરફ ઈશારો કરતાકહ્યું. બધું એમણે જ નક્કી કર્યું છે. જા કે આજ પહેલા મેં આ જીપવાળા નેપાળીને ક્યાંય જાયો નથી છતાં એ ગાડી ચલાવવામાં તો ઉસ્તાદ લાગે છે.

બધો સામાન ગોઠવીને અમે ગોઠવાયા. જગદીશ આગળ તરફ બેઠો હતો. જ્યારે અમે બધા પાછળ ગોઠવાયા હતા. અને અહીંથી અમારી લાચૂંગની સફર શરૂ થઈ. એક અનંતયાત્રા કે જેમાં આશ્ચર્યો હતા, રહસ્યોની ભરમાર હતી. ચમત્કારો હતા. આસ્થા અને વિશ્વાસની જીત હતી. જીવ સટોસટીનો સંગ્રામો ખેલવાના હતા. મોતનું અટ્ટહાસ્ય હતું પ્રેમ હતો, સુંદરતા હતી, સાહસ અને રોમાંચ હતો. હસીખુશી હતી, દુઃખ અને તકલીફોના તોફાનો હતા. દર્દની પરાકાષ્ટા હતી, કાવાદાવા અને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દાવચપેચના ખતરનાક ખેલ હતા, અમારી સહનશક્તિની પરીક્ષા હતી. વિનાશક શક્તિઓ હતી, અમારું મનોબળ અને તાકાત હતી, કુદરતનો પ્રકોપ હતો, અમારું નસીબ હતું, ભયાનક ખીણો હતી, જબરદસ્ત ઠંડી અને વરસાદ હતો અને આ બધાની ઉપર ઈશ્વરીય શક્તિ હતી. જાઈએ હવે કોણ કોને મહાત આપે છે અને અંતમાં કોની જીત થાય છે...?

***

ગઈ વખતે જે ભૂલ થઈ હતી એ ભૂલ આ વખતે તો કદાપિ નહીં કરું. સુરિન્દર મનોમન બબડ્યો. એ અત્યારે ગાડી ચલાવી રહ્યો હતો. ગાડીનો સ્ટીયરીંગ ઉપર એનો ગજબનાક રીતે કાબૂ હતો. પહાડોને કોતરીને બનાવેલા વાંકાચૂકા, ખતરનાક વળાંકો ધરાવતા રસ્તા ઉપર એ સ્ફૂર્તિથી ગાડી ચલાવતો હતો. લાચૂંગ પહોંચીને સૌથી પહેલા તો પેલા અમોમુખીના છોકરાને પકડવો પડશે. ગઈ વખતે તો એ મારા હાથમાંથી છટકીને ગાયબ થઈ ગયો હતો. પરંતુ આ વખતે તો એને પાતાળમાંથી પણ શોધી કાઢીશ. પછી એની ખેર નથી. દાંત ભીંસીને સુરીન્દરે એક જબરદસ્ત વળાંકલીધો.

સુરીન્દરની ગાડી સૌથી આગળ હતી. એની પછીની ગાડી જગતાપ ચલાવી રહ્યો ૧૪૯ હતો. અને એ પછી ત્રીજી ગાડી આગળ વધી રહી હતી. આ ગાડીઓનો કાફળો હજુ થોડી વાર પહેલા જ ગંગટોકથી નીકળ્યો હતો અને લાચૂંગ તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યો હતો. એ પછીના લગભગ ત્રણેક કલાક પછી એ જ રસ્તે પેલા નેપાળીની ગાડી નીકળી હતી. જેમાં અમીત. પૂજા, જગદીશ થેંબો અને ટીના બેઠા હતા. કુદરતે ખેલ રચીને ચોપાટ બિછાવી દીધી હતી.

***

વિશાળ જગ્યા પર પથરાયેલા ફાર્મહાઉસ જેવી જગ્યાની વચ્ચે લાકડાથી બનાવેલી વિશાળ હવેલી જેવી ઈમારત આગળ એ તમામ ગાડીઓ આવીને ઊભી રહી. સુરીન્દર અને જગતાપની પાછળ પેલા ખૂનખાર પહેલવાનો ઊતર્યા. આ જગ્યા સુરિન્દરની હતી. સુરીન્દર અહીં. આયુર્વેદિક દવા બનાવવાની ફેક્ટરી ચલાવતો હતો. અહીં એ પહાડી વિસ્તારમાં ઉગતી વનસ્પતિઓ ઉપર વિવિધ સંશોધનો કરીને એમાંથી દવા બનાવતો હતો. આ જગ્યા લાચૂંગથી લગભગ વિસેક કિલોમીટર છેટે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કાંચનજંઘાના પર્વતમાળાની તળેટીમાં બનાવેલી હતી. છેલ્લા લગભગ એકાદ વર્ષથી આ લેબોરેટરી કોઈક અગમ્ય કારણોસર બંધ કરી નાંખવામાં આવી હતી. સાતેક મહિના પહેલા જ્યારે સુરીન્દરઅહીં આવ્યો હતો ત્યારે એના હાથમાં એવી જાણકારી લાગી હતી કે જાએ સાચી પડે તો એ રાતોરાત માલામાલ થઈ જાય.પરંતુ એ સમયે નસીબે સુરીન્દરનો સાથ નહોતો આપ્યો અને એના માણસોના હાથે લાચૂંગના મુખીની હત્યા થઈ ગઈહતી. એ પછી સુરીનદરે ઘણાં ધમપછાડા કર્યા પરંતુ એના હાથમાં કંઈ આવ્યું નહોતું. એ સમયે તો સુરીન્દર હાથ ઘસતો રહી ગયો હતો. પરંતુ આ વખતે એ પૂરી તૈયારી સાથે આવ્યો હતો. અને હવે કોઈપણ ભોગે એ હાર માનીને પાછો ફરવા તૈયાર નહોતો. સુરીન્દરે એની ફેક્ટરી કમ હવેલીમાં એના માણસો સાથે ડેરાતંબૂ તાણી દીધા હતા.

***

એક સાવ સામાન્ય ગણી શકાય એવી ઘટનાએ અમારું જીવન પરિવર્તન કરી નાંખ્યું હતું. એ જ સામાન્ય ઘટનાએ મને અહીં સુધી પહોંચાડી દીધો હતો. સમય વીતી રહ્યો હતો. દિવસ પછી રાત અને રાત પછી દિવસ એ ચક્કપૂરી ઈમાનદારીથી લેસમાત્રના ફરક વગરફરી રહ્યું હતું. વિતતા સમય સાથે મારી અંતરની ઈચ્છાઓ બળવો પોકારવા લાગી હતી. અમે લાચૂંગ પહોંચી ચૂક્યા હતા. અને અહીં એક આખું અલાયદું મકાન પણ અમને રહેવા માટે મળીગયું હતું. સાંજના સમયે અમે લાચૂંગ પહોંચ્યા હતા. એટલે અમે જમીને તરતજ સૂવાની તૈયારીમાં પડી ગયા હતા. આખી રાત મને ઊંઘ ન આવી. જાત જાતના વિચારોએ મારા મનમાં ધમાસાણ મચાવી મૂક્યું.. એક તો ઠંડીનો કાતિલ સપાટો બોલી રહ્યો હતો અને એમાં ઉપરથી ઓઢવા માટેના અપૂરતા સાધનોને કારણે હું ધ્રૂજી રહ્યો હતો... આ સમગ્ર પરિસ્થિતિ સાવ સ્વપ્ન જેવી લાગી રહી હતી. હું ક્યાંથી ક્યાં પહોંચી ગયો હતો. મારા જીવનનું ચક્ક એટલી ઝડપથી ફરી ગયું હતું કે મને શાંતિથી વિચારવાનો સમય પણ મળ્યો નહોતો. સમયના વહેણમાં તણાતો હું અહીં લાચૂંગના આ ભૂતિયા મકાનમાં ઠંડીથી થરથર ધ્રૂજી રહ્યો હતો. કુદરતની એક અકળ લીલાને કારણે હું એ દિવસે પેલી પાણીની ભયંકર દિવાલ સાથે અથડાયો,પટકાયો અને પછીચાલું થયું દર મહિનાની પહેલી તારીખે આવતા એ જ ભયાનક અને બિહામણા સ્વપ્નોનું તાંડવ.. એ ઘટનાઓ તો જાણે ઉપરવાળા ભગવાને રચેલી એક

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લીલા જ હોય એમ એ પછી હું એક પછી એક વિસ્મયકારક ઘટનાઓને અંજામ આપતો અહીં સુધી પહોંચ્યો હતો. એ ઘટનાઓને મને રાજેશના ઘર સુધી પહોંચાડ્યો હતો. અને ત્યાં મને પૂજા મઓલી.. પૂજાને જાઈને પહેલી જ નજરે હું એના પ્રેમમાં પડી ગયો હતો. અને બાકીની એ પછીની તમામ સફર મેં માત્ર અને માત્ર પૂજાના કારણે જ કરી હતી. બાહ્ય રીતે તો હું ઘણીબધી ઘટનાઓ સાથે સંકળાયેલો હતો પરંતુ જા પૂજા મને ન મળી હોત તો મને શક છે કે કદાચ હું અહીં સુધી આવ્યો ન હતો. પૂજાએ મને આંતરિક બળ પૂરું પાડ્યું હતું અને એ એક મંજીલ બનીને મારી સાથે હતી... એ ભલે એમ કહે કે હું છું એટલે એ અહીં આવી છે પરંતુ હકિકત એ જ છે કે પૂજા છે એટલે જ હું અહીં આવ્યો હતો. મને એની સાથે પ્રેમ થઈ ગયો હતો. આ હકીકત તો મારા રોમેરોમને ખબર ૧૫૧ હતી. મારે તો એ જાણવું છે કે શું એ પણ મને ચાહે છે કે નહીં. ? હું જાણું છું કે એને મારા પ્રત્યેની લાગણી તો છે જ પરંતુ બની શકેએ ફક્ત એક સારા મિત્ર તરીકેની હોય.. અથવા તો હું જે એને મદદ કરી રહ્યો છું એને આભારવશ હોય. એની વાતો ઉપથી, વર્તન ઉપરથી ક્યાંય એવો અંદાજ આવતો નહોતો કે એ મને ચાહે છે કે નહીં? મારું મન ઊછળી ઊછળીને મને કહી રહ્યું હતું કે તું એકવાર હિંમત કરીને પૂજાને પૂછી જા...પછી જે થવાનું હોય તે થાય... તું એક વખત પૂજાને તારી ઊર્મિઓ કહી જા... કદાચ એ પણ તારી રાહ જાઈ રહી હોય કે અમીત સામેથી મને કહે... એ એક સ્ત્રી છે. એટલે એની સ્ત્રી સહજ લજ્જા એને આગળ વધતા રોકી રહી હોય. જ્યારેતું તો પુરુષ છે એટલે પહેલ તો તારેજ કરવી પડશે. આખી રાત મેં બસ આવા જ ગાંડપણભર્યા વિચારોમાં વિતાવી દીધી અને સવાર ક્યારે પડી એનો ખ્યાલ જ ન રહ્યો. આખી રાત તંદ્રામાં વિતાવવા છતાં સવાર મને ખુશનુમા લાગી. ચારેતરફ પ્રકૃતિ પોતાની બાહો ફેલાવીને અમને એની ગોદમાં હોવાનો અહેસાસકરાવી રહી હતી. થાક કે સુસ્તીતો અહીં પળવારમાં દૂર થઈ જાય અને તમને એકદમ તાજા ખીલેલા કોમળ ફૂલ જેવા હળવા બનાવી દે. ઊઠીને સૌથી પહેલા તો મેં હું જે રૂમમાં સૂતો હતો એ રૂમની બારી તરફ ગયો અને હળવે હાથે એના કમાડને ધક્કો માર્યો. મારી સામે એક અદભૂત દૃશ્ય ખડું હતું. સફેદ ધવલ, રૂ જેવી પોચી પોચી બરફની ચાદર ઓઢીને કાંચનજંઘા પહાડીઓ દૂરથી એક અવર્ણનીય નજારો મારી સામે આત્મસાત કરી રહી હતી. દૂર દૂર સુધી બસ સફેદી જ સફેદી જાણે કે કોઈ મહાત્માની સફેદ જગ દાઢી પર્વતોએ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ધારણ કરી લીધી હોય. એ અલૌકિક નજારો જાતો હું ઘણીવાર સુધી ત્યાં જ ઉભો રહ્યો.

કલાક પછી અમે તૈયાર થઈ ગયા હતા. થેંબાએ રાજેશ વિશે જે વાત મને કહી હતી એ મેં જગદીશને નહોતી કહી અને કહેવાનો પણ નહોતો. મનોમન મેં નિર્ધાર કર્યો હતો કે હવે અહીંથી આગળની સફર હું મારી શરતોએ જ કરીશ. જગદીશ ભલે સાતે હોય પરંતુ હું એની કોઈ જ ચાલ કારગત નહીં થવા દઉં અને પૂજાને પણ સલામત રાખી. અમારું સૌથી પહેલું કામ અહીં પેલું મંદિર શોધવાનું હતું. જેના વિશે રાજેશે ૧૫૨ એની ડાયરીમાં ઉલ્લેખકર્યો હતો. અમે બે ગ્રૂપ બનાવ્યા. એકમાં થેંબો, ટિના અને જગદીશ જ્યારે બીજામાં હું અને પૂજા. થેંબાને જદગીશ સામે મોકલવાનું મારું એક જ પ્રયોજન હતું કે એ જગદીશની તમામ હરકતો ઉપર નજર રાખી શકે. અને પૂજાને મારી સાથે લેવાનું પ્રયોજન મારા ગઈરાતના વિચારો હતા. અમે બંને એકલા હોઈએ ત્યારે મારે એને મારા દિલની વાત કહેવી હતી. આ બધી ભાંજગડમાં પેલો નેપાળી તો સાવ ભુલાઈ જ ગયો હતો. એ અત્યારે ક્યાંય નજરે ચડતો નહોતો. એટલે થેંબાને પાસે બોલાવીને એના વિશે પૂછ્યું ત્યારે ખબર પડી કે એ નેપાળી તો વહેલી સવારથી જ એની જીપ લઈને ગામમાં ચાલ્યો ગયો હતો. હવે કદાચ એ બપોરે જ પાછો આવે. જાકે અત્યારે એ અમારાથી દૂર હ ેએ જ સારી વાત હતી. થેંબાને આંખ અને કાન ખુલ્લારાખી સાવચેત રહેવાની સલાહ આપી જદગીશ સાથે રવાના કર્યો. ત્યારબાદ અમે પણ તેનાથી વિરુદ્ધ દિશામાં ચાલ્યા. અમારે એ બૌદ્ધ મંદિર શોધવાનું હતું. જ્યાંથી આ કહાણીની શરૂઆત થઈ હતી. અને થેંબાના કહેવા પ્રમાણે એ જ મંદિરમાં અમોમુખીનું ખૂન થયું હતું. થેંબાને તો ખ્યાલ જ હતો કે મંદિર કઈ દિશામાં હતું એટલે એણે અમને રસ્તો બતાવી દીધો હતો. એ જગદીશ અને ટીનાને લઈને બીજી દિશામાં ગયો હતો. લાચૂંગ બહું મોટું ન કહી શકાય એવું નાનું ગામ જેવું હતું. અહીં પર્વતોનીટળેટીમાં ગામડાની વ્યાખ્યા બદલાઈ જતી હતી. અલગ-અલગ છુટાછવાયા અંતરિયાળ જગ્યામાં બનાવેલા લાકડાના ઢાંચા આકારના મકાનોના સમૂહને ગામડાનું નામ આપી શકાય. અમે એ ગામ વિંધીને બહાર નીકળ્યા. અમને જાઈને અહીંના લોકોને ઝાઝો ફરક પડતો નહોતો કારણ કે અહીં તો ઘણા પર્યટકો આવતા હોયછે એટલે અહીંના લોકો માટે આ સહજ વાત હતી.... અડધા કલાક બાદ અમે એ મંદિર સામે ઊભા હતા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મંદિરની દેખભાળ વ્યવસ્થિત રીતે રાખવામાં આવતી હશે એટલે મંદિર ચોખ્ખું ચણાક અને સુઘડ રીતે સચવાયેલું હતું. દૂરથી એ એકકાળા કલરના પથ્થરોનું બનાવેલું દેખાતું હતું. એનો આખો ઢાંચો કાળમીંઢ પથ્થરોનો બનાવેલો હતો. સામાન્ય રીતે હોય એવુંજ મંદિર હતું એ. પાંચ સાત પગથિયા ચડીને આગળ વધો એટલે ઓસરી જેવી ખુલ્લી જગ્યામા નીચે ફર્શ પર ૧૫૩ ખરબચડા પથ્થરો પાથરેલા હતા. એ ઓસરીના ચારેય ખૂણા એક એક થાંભલો ઊભો કરેલો હતો. એ થાભલાના આધારે મંદિરની નાના સરખા ઘુમ્મટ આકારની છત બનાવેલી હતી. ઓસરી જેવી જગ્યા પૂરી થતાં જ મંદિરનું ગર્ભગૃહ દેખાઈ રહ્યું હતું. જાડા અને મજબૂત લાકડામાંથી બનાવેલા મોટામોટા બે ફાટકના ગર્ભગૃહના દરવાજા અત્યારે ખુલ્લા હતા. ગર્ભગૃહમાં ઓટલા જેવી જગ્યા બનાવી હતી. જેના પર ભગવાન બુદ્ધની ઠીક ઠીકપ્રમાણમાં ઊંચી મૂર્તિ બિરાજમાન હતી. શાંત મુદ્રામાં બેઠેલી ભગવાન બુદ્ધની મૂર્તિમાંથી એક અલૌકિક આભા ચારેતરફ વાતાવરણમાં ફેલાઈ રહી હતી. અમારા મસ્તક આપોઆપ ઝુકી ગયા. હજુ થોડીવાર પહેલા જ અહીં કોઈ દર્શન કરવા આવ્યું હશે એના પુરાવા રૂપે બુદ્ધની પ્રતિમા આગળ અગરબત્તીઓ સળગી રહી હતી. જેની ધુમ્રસેર હવામાં વિલીન થઈરહી હતી. અમારા સિવાય મંદિરમાં અત્યારે બીજું કોઈ નહોતું. ચારે તરફ એક અલૌકિક નીરવ શાંતિ પથરાયેલી હતી. હું અને પૂજા મંદરિના ગર્ભગૃહમાંથી દર્શન કરીને પાછા ઓસરીમાંની ખુલ્લી જગ્યામાં આવ્યા. અમારે અહીં પેલી ચીજ ખોળવાની હતી. જે અમોમુખીએ મરતાં પહેલા રાજેશના હાથમાં મૂકી હતી. અને રાજેશે ગભરાઈને એનો ઘા અહીં ક્યાંક કર્યો હતો. મેં પૂજા સન્મુખ ફરતા એને કહ્યું.

'પૂજા આ એ જ જગ્યા છે કે જ્યાં પેલા અમોમુખીને કોઈ અજાણ્યા લોકોએ મોતને ઘાટ ઉતાર્યો હતો અને એ સમયે રાજેશ અને થેંબો બંને અહીં જ હતા. એ સમયે જા થેંબો ન હોત તો આજે કહાણી કંઈક અલગ જ હોત. થેંબાને કારણએ રાજેશનો જીવ બચ્યો હતો અને આપણએ અત્યારે અહીં છીએ તો એનુંશ્રેય પણ થેંબાને જ જાય છે. એ આપણા માટે તો આશીર્વાદ સાબિત થયો છે.

'અમુક વ્યક્તિઓ સાથે આપણી લેણાદેણી બાંધેલી હોય છે. એનો આપણા ઉપર આ એક ઉપકાર જ છે થેંબાએ કહ્યું હતુંકે,

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અમોમુખીએ મરતાં પહેલા રાજેશના હાથમાં કશુંક મુક્યું હતું. જેને જાઈને રાજેશ ચોંકી ઉઠ્યો હતો. અને ડરીને એનો ઘા કરી દીધો હતો. જે અહીં ક્યાંક જ પડ્યું હતું. આપણે એ ચીજ શોધવાની છે કે એ શું હતું.?

મારું તો અનુમાન એમ કહે છે કે એ ચીજ કોઈ મુદ્રા હોવી જાઈએ. કારણ કે રાજેશ ૧૫૪ મુદ્રા એવું એની ડાયરીમાં લખ્યું છે. હવે અત્યાર સુધી એ અહીં પડી રહી હશે કે પછી કોઈકના હાથે ચડી ગઈ હશે એ પણ એક મોટો પ્રશ્ન છે. આપણી સામે. કારણ કે એ વાતને ઘણો સમય થઈગયો છે.

આપણે કોશિશ કરીએ એને શોધવાની, જા એ ચીજ અહીં નહીં હોય અને કોઈકના હાથે એ લાગી ચૂકી હશે તો પણ કોઈ સુરાગ તો આપણને મળશે જ એવું મારું મન કહે છે. પૂજાએ દૃઢ વિશ્વાસથી કહ્યું. અને અમે ફરી પાછા મંદરિના ગર્ભગૃહમાં પ્રવેશ્યા. અંદર વધુ મોકળાશ નહોતી એટલે અમે શોધખોળ ચાલુ કરી કે તરત પૂરી પણ થઈ ગઈ. અમે ગર્ભગૃહનો ખૂણેખૂણો ખોળી નાખ્યો. મૂર્તિ પાછળ, એ ઓટલામાંની જગ્યા નીચે, ઉપર નીચે બધું તપાસી જાયું. પરંતુ કંઈ ન મળ્યું. પંદર વીસ મિનિટમાં તો અમારી શોધખોળનો અંત આવી ગયો. અને એક જબરજસ્ત નિરાશા અમારા ચહેરા પર છવાઈ ગઈ. અમને કંઈ જ ન મળ્યું જરૂર એ ચીજ કોઈના હાથમાં પહોંચી ચૂકી હતી. અને એટલેજ એ ચીજ અમને નહોતી મળી. બે ત્રણ વખત ચાર વખત ફરી ફરીને અમે નાનામાં નાની જગ્યા ખંખોળી નાખી. મંદિરની અંદર, મંદિરની બહાર શુદ્ધાં તપાસ કરી જાઈ પરંતુ એનું પરિણામ આવ્યું શૂન્ય... હવે ? આ મસમોટો પ્રશ્ન મારા અને પૂજાના ચહેરા પર ઊભરી રહ્યો હતો. અમને કંઈ સૂઝતું નહોતું કે હવે શું કરવું ? અમારા માટે એ મુદ્રા આગળ વધવાનો રસ્તો હતો. અને એ જ અમને નહોતી મળી. શું કોઈ એ મુદ્રાને અહીંથી લઈ ગયું હશે? અમારા આગળ વધવાના દરવાજા બંધ થઈગયા હોય એવું હું અનુભવી રહ્યો હતો. ઘોર નિરાશાથી અમે બંને બહાર ઓટલા ઉપર બેસી પડ્યા. અડધા કલાક પહેલા જે ઉત્સાહ હતો એનું સ્થાન નિરાશાએ લઈ લીધું હતું. થેંબાએ તો ખાતરીબંધ રીતે અમને કહ્યું હતું કે રાજેશે એ ચીજનો ઘા અંદર મંદિરના ગર્ભગૃહ તરફ જ કર્યો હતો. પરંતુ અમને તો ત્યાં કાંઈ જ મળ્યું નહોતું. કદાચ એ સમયે હડબડાહટ અનેડરના કારણે થેંબાએ બરાબર જાયું નહીં હોય એમ માનીને અમે મંદિરની આસપાસ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઊગી નીકળેલી ઝાડી ઝાંખરામાં પણ તપાસ કરી જાઈ. પરંતુ એ પણ સાવ વ્યર્થ સાબિત થયું. એ ચીજ અથવા તો મુદ્રા અત્યારે અહીં હતી જ નહીં. ઠંડીમાં પણ અમારા ચહેરા પર પરસેવાના બુંદ ઊપસી આવ્યા. અમારો બધો આધાર ૧૫૫ એ વસ્તુ ઉપર જ હતો, જરૂર એ કોઈ અગત્યની વસ્તુ હશે અને એટલેજ અમોમુખીએ મરતાં મરતાં પણ કંઈક સાબિતી રૂપે એને રાજેશના હાથમાં આપી હતી. એ મુદ્રા જ ખૂબ અગત્યની બની રહી હતી. અને જા અમને મળી જાય તો પછઈ રાજેશની સાથે સાથે અમોમુખીની હત્યાનું રહસ્ય પણ ખુલી જાય એમ હતું. કદાચ એવું પણ બની શકે કે એ મુદ્રા મેળવવા માટે જ અમોમુખીનું ખૂન થયું હોય. આમ એ મુદ્રા અમને નહીં મળતા એના વિશેનું રહસ્ય વધુ ગાઢ થતું જતુંહતું. પૂજા તો રીતસરની મનોમન ભગવાનને પ્રાર્થના કરી રહી હતી.

છન... છન... છન... અચાનક એક પાયલનો મધુર અવાજ અમારા કાનોએ અથડાયો. સાથે ખિલખિલાટ કાલુ કાલુ હસવાનો અવાજ પણ ભળ્યો. ભારે કૌતુકથી અમારા બંનેની નજર એ અવાજની દિશામાં ખેંચાઈ અને અમારી નજરોએ જે જાયું એ ખરેખર અદભૂત હતું. ઉપાધિમાં ખેંચાઈને તંગ થઈ ગયેલી મારા ચહેરાની નસો એકાએક શાંત પડવા લાગી. અને મારા ચહેરાનું પન્હળવું હાસ્ય ઉભરાઈ આવ્યું. એ ખરેખર બહુ જ સુંદર અને પરાણે વહાલી લાગે એવી દસેક વર્ષની નાનકડી છોકરી હતી. એ મંદિરના પગથિયા ચડી રહી હતી. અને એણે પગમાં પહેરેલા ઝાંઝરમાંથી લયબદ્ધ રીતે મનને એક અદભૂત શાંતિ બક્ષતો અવાજ આવી રહ્યો હતો. મારી જેવી જહાલત પૂજાની પણ હતી. અહીંના પારંપરીક વસ્ત્રોને બદલે એ છોકરીએ ઘેરા મરુન રંગની ચોલી અને એવા જ કલરનો કંઈક અંશે ઘેરદાર કહી શકાય એવો ઘાઘરો પહેર્યો હતો. એના કપાળમાં બીંદી અને વાળમાં સેંથો પાડીને સોના જેવોચળકતો ટીકો લગાવેલો હતો એ ખરેખર કોઈ દૈવ કન્યા લાગતી હતી. એણે પોતાના બે હાથ આગળની તરફ ભેગા કરીને હથેળીઓનો ખોબો બનાવ્યો હતો જેમાં સફેદ રંગના ફૂલો ભર્યા હતા. મને અંદાજ નહોતો આવતો કે અચાનક ક્યાંથી આ બાળકી પેદા થઈ હતી. કારણ કે અમારું ધ્યાન તો એ પગથિયા તરફ જ હતું. અને દૂરથી તો એ બાળકી આવતી દેખાઈ નહોતી. તો પછી શું એ હવામાંથી એકાએકપ્રગટ થઈ હશે...? એ નાનકડી દિવ્ય બાળકી મંદિરનું પરિસર વટાવી અંદર ગર્ભગૃહમાં પ્રવેશી. હાથમાં રાખેલા ફૂલોને શ્રદ્ધાપૂર્વક બુદ્ધના ચરણોમાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સમપ્રિત કરી અનન્ય ભાવથી શિશ ઝુકાવ્યું. બે પાંચ સેકન્ડ બાદ એ ૧૫૬ ફરી પાછી અમે બેઠા હતા તે તરફ આવી. એ હજુ પણ ખિલખિલાટ હસી રહી હતી. અને મારી સામે જાતાં જાતાં પગથિયા ઊતરીને મારી નજરોની સામે જ જાત જાતામાં હવામાં ગાયબ થઈ ગઈ. મેં આશ્ચર્યથી વિસ્ફારીત નજરે એ ઘટના જાઈ. આ ઘટના એટલી ઝડપથીબની હતી કે મને એના વિશએ વિચારવાનો સમય સુદ્ધાં નહોતો મલ્યો અને એ જે બની ગયું એ તો સાવ અસંભવ જ હતું. હું હજી એતરફ જ જાઈ રહ્યો હતો કે જ્યાથી એ છોકરી ગાયબ થઈ હતી. હું રીતસરનો એ દિશામાં દોડ્યો અને ત્યાં જઈને ઊભો રહ્યો. ચારેતરફ નિરવ શાંતિ જ પથરાયેલી હતી. અનેદૂર દૂર સુધી કોઈ નહોતું. હું છળી મર્યો. આવું કેમ બને...? હજી હમણા સુધી તો એ છોકરીને જાઈ હતી. મેં અને પૂજા બંનેએ એ છોકરીને અહીં સુધી આવતા જાઈ હતી. અને અત્યારે એ એક છલાવાની જેમ ગાયબ થઈ ગઈ હતી. અમે સમજી નહોતા શકતા કે એક્યાંથઈ આવી હતી અને ક્યાં ગઈ હતી. એ કોઈ સ્વપ્ન નહોતું. મારી ખુલ્લી આંખોએ અને સંપૂર્ણ જાગૃત અવસ્થામાં મેં એ દિવ્ય કન્યાને નિહાળીહતી. તો શું એ કોઈ દૈવી ચમત્કાર હતો કે પછી એ સ્વયંભૂ પ્રગટ થઈને ભગવાનના દર્શન કરીને ગાયબ થઈ ગઈ તી... ? આ એક ચમત્કારહતો.. અવિશ્વસનીય ચમત્કાર. કોણ હતી એ બાળકી..? અહીં શું કરવા આવી હતી.....શું એમાં કોઈ અમારા માટે સંકેત છુપાયેલો હતો...? કંઈ જ સ્પષ્ટ નહોતું થતું. અને હું હજુ દુવિધામાં જ અહીં ઊભો હતો.

અમીત... એક જારદાર બૂમ સંભળાઈ મને. મારું હૃદય એક ધબકારો ચૂકી ગયું કારણ કે એ બૂમ પૂજાનીહ તી. અને એના અવાજમાં ડર અને ગભરાહટ ભળેલા હતા. હજુ તો હું પેલી નાની બાળકી વિશે વિચારી રહ્યો હતો કે પૂજાની બૂમે આખું વાતાવરણ ગજવી મૂક્યું. અને હું રીતસરનો મંદિર તરફ પાછો ભાગ્યો. પૂજા અત્યારે મંદિરની ઓસરીમાં નહોતી. એ અંદર ગર્ભગૃહમાં ઊભી હતી. દોડીને ધનાધન પગથિયા ચડી મંદિરની ઓસરી વટાવી હું ગર્ભગૃહમાં પૂજાની નજીક પહોંચ્યો અને જાયું તો એ એકદમ સ્થિર હાલતમાં બુદ્ધ ભગવાનની મૂર્તિની બરોબર સામે ઊભી હતી. એના ચહેરા પર કોઈ ભાવ નહોતો. મને સમજ ન પડી કે શા માટે એણે આમ અચાનક બૂમ પાડી...? અને એ તો બહાર બેઠી હતી તો ક્યારેઅંદર આવી? એની નજરો સ્થિરતાથી ભગવાન ૧૫૭ બુદ્ધના ચરણોતરફ હતી અને ત્યાં મુકેલા ફૂલોને એ અનિમેષ દૃષ્ટિથી તાકી રહી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતી. આ એ જ સફેદ કલરના ફૂલો હતા જેને પેલી નાની બાળકી હમણાં થો.ડીવાર પહેલાં જ ભગવાનના ચરણોમાં ચડાવી ગઈ હતી. હું હજુ પેલી બાળકીના આશ્ચર્યમાંથી બહાર નહોતો નીકળ્યો કે પૂજાએ નવું આશ્ચર્ય સર્જ્યું હતું મારા માટે.... મને સમજ નહોતી પડતીકે શા માટે પૂજાએ બૂમ પાડી હતી અને એ શું જાઈ રહી છે? પૂજાનો હાથ પકડીને મેં એને હલાવી.

શું થયું.તે શું કામ બૂમ પાડી પૂજા...?

'ત્યાં જુઓ અમીત... સામે... પૂજાએ એનો હાથ લંબાવ્યો. અને આંગળી ચીંધી. એ બુદ્ધના ચરણો તરફ ઈશારો કરી રહી હતી. જ્યાં સફેદ ફૂલોની ઢગલી પડી હતી. જે પેલી છોકરી હમણાંજ મૂકીને ગઈ હતી. મેં એ ફૂલો તરફ દૃષ્ટિ કરી. દેખાવમાં તો એ સફેદ કલરના ફૂલો કોઈ જંગલી વનસ્પતિના લાગતા હતા. કારણ કે આ પહેલા મેં ક્યારેય આવા ફૂલો જાયા નહોતા. પરંતુ એમાં આશ્ચર્ય કે બૂમો પાડવી પડે એવું તો કંઈ નહોતું. કંઈક નવાઈ અને અસમંજસથી મેં પૂજા સામે જાયું કે મને કંઈ સમજાયું નથી. પૂજાએ મારો હાથ પકડ્યો અને એ થોડી ખસી અને મને એની જગ્યાએ ઊભો રાખ્યો. હવે જુઓ.. એ ફૂલોની ઢગલી વચ્ચે.

એની પાછળ બાકોરા જેવી જગ્યામાં કંઈક મને દેખાય છે. એની વાત સાચી હતી. હું પૂજાની જગ્યાએ ઊભો રહ્યો ત્યારે જ ખ્યાલ આવ્યો કે એફૂલોની નાનકડી ઢગલીની પાછળ એક નાનકડી બાકોરા જેવી જગ્યા હતી. અને એજગ્યાની અંદર કંઈક ચળકી રહ્યું હતું. અમે જ્યારે શોધખોળ કરી રહ્યા હતા ત્યારે આ જગ્યા અમારા ધ્યાન બહાર રહી ગઈ હતી. અને જ્યારે પેલી બાળકીના ફૂલોની ઢગલી કરી ગીઠ ત્યારે એક ખાસ પ્રકારનો ત્રિકોણ રચાયો હતો જેના કારણે પેલી બાકોરા જેવી જગ્યામાં હતી એ વસ્તુ ઉપર સીધું ફોક્સ પડ્યું. જેના કારણે પૂજાનું ધ્યાન ત્યાં ખેંચાયું હતું. હું મૂર્તિ તરફ આગળ વધ્યો. ભગવાન બુદ્ધના ચરણોની બરોબર વચ્ચે મૂકેલા એ ફૂલો મેં ખસેડ્યા. અને એ નાનકડી બખોલમાં સાવધાનથી મેં હાથ નાંખ્યો. મારી આંગળીના ટેરવે એ વસ્તુનો સ્પર્શ થયો. મેં એ વસ્તુને બહાર કાઢી. એ ૧૫૮ થોડી વજનદાર અને ન સમજાય એવા ાકારની વસ્તુ હતી. અમે ઊભા હતા ત્યાં થોડું અંધકાર જેવું હતું એટલે હું અનેપૂજા બહાર આળ્યા. એ વસ્તુ મારી હથેળીમાં હતી. અને હવે અમે સ્પષ્ટ રીતે એને જાઈ રહ્યા હતા. હું એને ગોળગોળ ફેરવીને ચારેબાજુથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નીરખી રહ્યો. એનો આકાર ખરેખર વિચિત્ર તો હતો જ સાથે સાથે એનો કલર પઠણ સાવ અલગજ હતો. એનો આકાર થોડેઘણે અંશે કૅંઈક ષટકોણ પ્રકારનો હતો. લગભગ એ એક ઈંચની જાડાઈ અન એટલી જ ષટ્કોણ આાકરની ત્રિજ્યા ધરાવતી એ ચીજ કોઈક પથ્થરમાંથી બનાવી હોય એવું લાગતું હતું. મેં મારા શર્ટની બોય એને રગડીને સાફ કરવાની કોશિશ કરીતો મારી આંખો ચમકી ઊઠી. આ વસ્તુ પથ્થરની બનેલી નહોતી. એ તો... એ તો... કોઈ ધાતુ હતી.... એ સોનું હતું.

અમીત.. આ તો સોનાની મુદ્રા જેવું કંઈક છે. પૂજાના અવાજમાં પણ આશ્ચર્ય ભળ્યું હતું. મારી સ્થિતિ પણ એવી જ હતી.

હા... આ સોનું જ છે. કદાચ આપણે જે મુદ્રાને શોધી રહ્યા છીએ એ આ જ છે..

હેં...

હા.. મને તો ખાતરી છે કે આ જ મુદ્રા છે જે રાજેશએ ફેંકી દીધી હતી.

પરંતુ કેવી રીતે ... મતલબ કે...

મતલબ હું તને સમજાવું છું. આ એક ચમત્કાર જ છે. આપણે અહીં ઘણી તપાસ કરી હતી પરંતુ આપણને કંઈ જ હાથ લાગ્યું નહોતું. અને જ્યારે આપણે નિરાશ થઈને બેઠા હતા કે અચાનક ક્યાંકથી પેલી છોકરી પ્રગટ થઈ એ અહીં માત્ર ને માત્ર આપણને આ ચીજ તરફ ઈશારો કરવા જ આવી હતી. અને ફરી પાછી એ અંતર્ધાન થઈ ગયી. આ વસ્તુ અથવા મુદ્રા ઘણા સમયથી અહીં પડી હશે એટલે એનો કલર સાવ બદલાઈ ગયો છે. આમાંથી વાસ પણ સાવ વિચિત્ર પ્રકારની આવે છે. અને આ જા... આ તરફનો ખૂણો એના બીજા ભાગ કરતાં વધુ ચમકે છે. મેં પૂજાને એ ભાગ દેખાડતાંકહ્યું.

આ શું હોઈ શકે છે...?

લેટ્સ ચેક.. મેં એ દાબડીમાંની મુદ્રાને ધ્યાનથી નીરખી. એનો રંગ ખરેખરકેવો છે એ ખ્યાલ જ નહોતો આવતો. મુદ્રાનો એક તરફનો ભાગ સાવ લીસો અને સપાટ હતો. ૧૫૯ જ્યારે એનાથી વિરુદ્ધનો ભાગ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કંઈક કોતરણી કરી હોય એવો દેખાતો હતો. એ તરફના ભાગને મેં જરા વધુ ભાર દઈને ઘસ્ટો એટલે એ તરફની કોતરણી થોડી વધુ સ્પષ્ટ દેખાવા લાગી. એ નાની નાની આકૃતિઓનો સમૂહ હતો. કોઈક એકદમ ઝીણવટથી એના ઉપર ડિઝાઈન કોતરેલી હતી. જાણે કે કોઈ કબીલાના માણસોનો સમૂહ હોય એવી ડિઝાઈન. જા મારી પાસે અત્યારે બિલોરી કાચ હોત તો હું વધુ સ્પષ્ટ રીતે એ આકૃતિ વિશે ખ્યાલ આવત. મારું ધ્યાન વારે વારે પેલા ચળકાટવાળા ભાગ તરફ ખેંચાયું હતું. એ ભાગ, એ ખૂણો બીજા ભાગો કરતાં વધુ ચળકાટ કરતો હતો. મેં મારા અંગૂઠાના નખથી એ ચળકાટ ધરાવતા ભાગને રગડીને ઘસવાનં ચાલું કર્યું. બરાબર અધવચ્ચે એટલે કે દાબડીની જાડાઈના અડધા ભાગમાં વચ્ચે મારો નખ કોઈક જગ્યાએ ભરાયો. અને મને સમજાઈ ગયું કે આ શું ચીજ હતી. એ દાબડી વચ્ચેથી ખુલે એ રીતની બે ભાગમાં વહેંચાયેલી હતી. મતલબ કે એને વચ્ચેથી ખોલી શકાય એમ હતી. જે જગ્યાએ મારો નખ ભરાયો હતો એ જગ્યાએ મેં મારો અંગૂઠ વધારે જારથી દબાવ્યો.

એટલે એના પરિણામ સ્વરૂપ મારો નખ એ દાબડીની વચ્ચે થયેલી નાની અમથી તીરાડમાં ઘૂસી ગયો. એ દાબડીના બે ભાગ વચ્ચ હવા જઈ શકે એટલી જગ્યા થતા જ મેં જાર કરીને એ દાબડી ખોલી નાંખી. હવે અમારી નજરોની સામે મારે હથેળીમાં એ બે ભાગમાં વહેંચાયેલી એ ખુલ્લી દાબડી પડી હતી. અત્યાર સુધીની સરમાં અણે ઘણા બધા આશ્ચરયો અને ચમત્કારોનો સામનો કરી ચૂક્યાહતા. અને એવી ઘણી બધી ભયાનક તેમજ અવિશ્વસનીય ઘટનાઓની વચ્ચેથી પસાર થઈ ચૂક્યા હતા. કે હવે અમે એના આદી બની ચૂક્યા હતા. આવી ઘટનાઓનો સામનો કરવાની અમારી માનસિક તાકાત વધી ચૂકી હતી.

પરંતુ જ્યારે આ દાબડી આકારની ચીજ ખૂલી અને જેવી એની અંદર રહેલી ચીજા ઉપર અમારી નજર પડી કે અમારી આંખોના ડોળા બહાર લટકી પડ્યા. અમે ફાટી આંખે એ ચીજાને જાઈ રહ્યા હતા. એ દાબડીમાં હતું જ એવું કે આનંદ અને આશ્ચર્યથી અમે ઊછળી પડ્યા અને અમારા હૃદયજારજારથી ધબકવા લાગ્યા. એમાંથી એકચીજને મેં ઉઠાવી અને પૂજાની હથેળીમાં મૂકી. એ એક કિંમતી હીરો હતો. આછા પીળા કલરનો એકદમ પાણીદાર, ૧૬૦ ખૂબસૂરત ચળકતો હીરો, એ હીરાનો ચળકાટ પૂજાની આંખોમાં અને એના ચેહેરા પર પથરાઈ ગયો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતો. એ કંઈક આશંકાથી અને વધુ તો અવિશ્વાસભરી નજરે હીરાને નીરખી રહી હતી. એ દાબડીમાં બીજી પણ એકવસ્તુ હતી. એ એક કાગળ જેવું કંઈક હતું. પરંતુ એ કાગળ નહોતો. કદાચ કોઈ પ્રાણીની પાતળી ચામડીમાંથી બનાવેલી એ ચીજ કાગળ તરીકે ઉપયોગમાં લીધી હતી. એકદમ સફાઈબંધ નાની અમથી ગડી વાળીને ઉપર દોરાથી બાંધીને ફીંડલા આકારમાં એ ગોઠવાયેલું હતું. મેં એ ગડી ખોલી. એમાં કોઈ નકશો બનાવેલો હતો. ચિત્રણ અને લખાણ ઉપરથી એ કોઈ જગ્યાનો નકશો હોય એવું સ્પષ્ટ વર્તાઈ આવતું હતું. આડીઅવળી વાંકીચૂંકી રેખાઓ દોરીને એ રેખાઓમાં થોડા થોડા અંતરે ટપકાં કરી અહીંની સ્થાનિકભાષથામાં બે ત્રણ નામો અથવા તો માહિતી લખી હતી. એ નકશામાં સૌથી વધુ ધ્યાન ખેંચે એવી બાબત એ હતી કે એ ચિત્રની લાઈનો જ્યાં પૂરી થતી હતી એ જગ્યાએ એક ભોળાનાથની મૂર્તિદોરેલી હતી. અને એ મૂર્તિની બરાબર નીચે એક હીરો પણ દોરેલો હતો.

એ રેખા એક પહાડ જેવી આકૃતિમાં આવીને સમાપ્ત થતી હતી. મતલબ કે એ પહાડની આકૃતિની બરાબર મધ્ય ભાગમાં એ મૂર્તિ અને હિરાનું ચિત્ર બનાવેલું હતું. એપહાડની ઉપરના ભાગે પણ કંઈક વિચિત્ર એવું ચિત્ર બનાવ્યું હતું. બે ત્રણ આડી અવળી લાંબી લાઈનો અને એ લાઈનોની વચ્ચમાં ત્રણએક અડધા દોરેલા માણસો હાથ ઊંચા કરીને દોરેલા હતા. પહેલી નજરે ખ્યાલ ન આવ્યો કે આનો મતલબ શું થાય. પરંતુ જ્યારે ખ્યાલ આવ્યો ત્યારે સમજાયું કે એ આડી અવળી લાઈનો પાણી તરીકે બનાવી હતી. અને પેલા માણસો એમાં ડૂબી રહ્યા હોય એમ હાથ ઊંચા કરીને બચવાની કોશિશ કરતા હતા. હું એ આખા નકશાને સમજવામાં પરોવાયો હતો. જ્યારે પૂજા હજી પણ એ હીરાને નીરખી રહી હતી. એ હીરો ખરેખર બહુજ અમૂલ્ય હતો. એ હીરાનો આકાર લગભગ ચણોઠીના દાણા જેવડો હતો. અમે હજી એ બંને ચીજા નીરખવામાં જ વ્યસ્ત હતા કે અચાનક એજ પરિચિત ખિલખિલાટ અવાજ અમારા કાને સંભળાયો. મારી અને પૂજાની બંનેની નજર એ અવાજની દિશામાં ખેંચાણી. અને અમે એછોકરીને ફરીવાર જાઈ. એ જ સુંદર મુખડું. એ જ ખિલખિલાટ બાળસહજ હસી. એ અમારી સામે જાઈને હસી રહી હતી. એકઉપર ૧૬૧ એક અનેક આશ્ચર્યો અને ચમત્કારોની ગર્તામાં અમે હિલોળા ખાઈ રહ્યા હતા. કુદરતની અવિસ્મરણીય લીલાનો અમે અનુભવ કરી રહ્યા હતા. મેં ઊભા થઈને એ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બાળકી તરફ પગ ઉપાડ્યા કે તરત જ એ પાછળની તરફ ચાલવા લાગી.એ મારી નજરોની સામે જ હસતી હસતી જંગલ તરફ દોડવા લાગી અને અમે કંઈ સમજીએ એ પહેલા તો એ હવામાં ઓગળી ચૂકી હતી.... હું બાઘાની જેમ ત્યાં ઊભો ઊભો એ જાઈ રહ્યો હતો. મારી પાસે બીજા રસ્તો પણ શું હતો....? કુદરતની અકળ લીલાને મૂક સાક્ષી ભાવે જાયા સિવાય મારાથી કંઈ થઈ શકે એમ નહોતું. હું મનોમન ભગવાનને વંદી રહ્યો. ભગવાને જ આ બાળકી રૂપે અમને આ મુદ્રા અને નકશા સુધીપહોંચાડ્યા હતા. નહીંતર અમે તો નિરાશ વદને પાછા ફરવાની તૈયારીમાં હતા. અચાનક બાળકી સ્વરૂપે ચમત્કાર થયો અને હવે અત્યારે અમારી પાસે એક નકશો હતો.

***

અમારી સામે બીજી એક વિકટ સમસ્યા મોં ફાડીને ઊભી હતી. હવે પરિસ્થિતિ એવી ઊભી થઈ હતી કે જા અમે આ નકશાવાળી વાત જગદીશને કરીએ તો એ અને એનો સાથીદાર નેપાળી જરૂર આનો ગેરલાભ ઉઠાવે. અને જા આ વાત ન કરીએ તો પછી એમને અહીં મૂકીને આગળ વધવું અશક્ય જ હતું. કારણ કે એના માટે કોઈ બહાનું તો જાઈએ ને... સમસ્યા તો એપણ હતી કે અમને અહીં પણ રાજેશના હુમલાખોરોની વિગતો મળી નહોતી. એક હીરો અને એક નકશો મળ્યા હતા. પરંતુ એના ઉપરથી કંઈ સ્પષ્ટ થતું નહોતું. એ નકશો શેનો હતો એ પણ અમને ખબર નહોતી. હા... એટલો ખ્યાલ જરૂર આવ્યો હતો કે એ દાબડી અથવા તો મુદ્રા રાજેશે ફેંકી હતી. એ ચીજ જ હતી કારણ કે મેં એ દાબડીને ધ્યાનથી જાઈ હતી. એનો જે વિચિત્ર પ્રકારનો કલર હતો એ ખરેખર કોઈ કલર નહોતો પરંતુ એ કોઈકનું લોહી હતું જે જામીને કાળું પડી ગયું હતું. સોના જેવી પીળી ધાતુ ઉપર લોહીનો લાલ રંગ અને એના ઉપર ધૂળ માટી ચોંટવાથી કંઈક વિચિત્ર અને અલગ પ્રકારનો કલર બની ગયો ૧૬૨ હતો. મને થેંબાની વાત યાદ આવી. એણે કહ્યું હતું કે કેવા સંજાગોમાં એ અને રાજેશ અહીંથી જીવ બચાવીને ભાગ્યા હતા. આ મુદ્રા એ જ હતી કે જે પેલા આણોમુખીએ મરતા પહેલા રાજેશના હાથમાં આપી હતી. હવે મને ખ્યાલ આવતો હતો કે એસમયે ખરેખર શું બન્યું હશે... રાજેશને જ્યારે અમોમુખીએ આ મુદ્રા આપી હશે ત્યારે એના હાથ લોહીવાળા થયા હશે. અને એ લોહી આ મુદ્રા પર લાગ્યું હશે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રાજેશ એના હાથમાં એ મુદ્રા તો લઈ લીધી હતી પરંતુ જ્યારે એ લોહીયાળ મુદ્રાને એણે જાઈ એટલે ડરના માર્યા ગભરાઈને એણે આ મુદ્રા ફેંકી દીધી હશે. આખી વાત મને સમજમાં આવી ગઈહતી. અને આનો મતલબ તો એ જ થતો હતો કે આ મુદ્રાને કારણે જ આ આખી ઘટનાએ જન્મ લીધો હતો. આ મુદ્રા જ સૌથી વધુ મહત્વની ચીજ હતી અને એના કારણે જ સૌથી પહેલા અમોમુખી અને ત્યારબાદ રાજેશ ટીચાયા હતા.

અમીત.. આનો મતલબ તો એ જ થયોને કે આ મુદ્રા મેળવવા માટે જ અમોમુખીનું ખૂન થયું હતું. મારી જેમ પૂજાએ પણ તર્ક લગાવ્યો હતો. પેલા બંદૂક ધારી લોકો જરૂર આ મુદ્રાની પાછળ હશે કારણકે આ મુદ્રાની અંદર એક નકશો છે અને મારા અંદાજ મુજબ એ લોકો આ નકશો અને હિરા મેળવવા માંગતાહશે. જ્યારે એમને આ મુદ્રા હાથ નહીં લાગી હોય એટલે એ લોકોએ અમોમુખીને મારી નાખ્યો હશે.

હંમ... તારો તર્ક સાચો છે પૂજા... હું પણ કંઈક આવું જ વિચારી રહ્યો હતો. જા વિગવાર આપણે વિચારીએ તો આ કહાણી કંઈક આ રીતે બની હશે... આ મુદ્રાને મેળવવા માટે એ લોકો અમોમુખી પાછળ પડ્યા હતા અનો મતલબ કે એ લોકોને આ મુદ્રા અને એની અંદર છુપાયેલી ચીજાનો ખ્યાલ તો હશે જ. અને એપણ ખ્યાલ હશે કે આ મુદ્રા અમોમુખી પાસે જ છે. આમ એ લોકોએ અમોમુખીની ભાળ મેળવી એનો પીછો કર્યો હશે. અનેજ્યારે અમોમુખી છટકી જશે એવી દહેશત થઈ હોય એટલે એમણે એને વીંધી નાંખ્યો હશે. પરંતુ એ મુખી મરતાં મરતાં અહીં આ મંદિર આવી પહોંચ્યા હશે ક્યાં રાજેશ અને થેંબો આરામ કરી રહ્યા હતા. એ રાજેશના ખોળામાં ઢળી પડ્યો અને મરતાં મરતાં એણે રાજેશના હાથમાં આ મુદ્રા મુકી એ લોહીવાળી મુદ્રા જાઈને રાજેશ ભડકી ગયો હશે અને અનાયાશે જ એણે મુદ્રાનો ઘા કરી દીધો હશે. પેલા ૧૬૩ લોકો અમોમુખીની પાછળ એનો પીછો કરતા કરતા અહીં મંદિરમાં આવ્યા ત્યારે એમણે અમોમુખીને રાજેશના ખોળામાં જાયો એટલે એમને એવું લાગ્યુ હશે કે જરૂર મુખીએ રાજેશને કંઈક કહ્યું હશે આમ પણ રાજેશે અને થેંબાએ એ લોકોને જાઈ લીધા હતા. એટલે એમના માટે તો એ એક ખતરો જ હતો એટલે એ બંનેને મારી નાખવા માટે એ લોકો માટે જરૂરી થઈ ગયા હતા. પરંતુ એ લોકો ગોળી ચલાવે એ પહેલા તો રાજેશ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અને થેંબો ત્યાંથી ભાગ્યા હતા. અને ગામમાં ઘૂસી ગયા હતા. એટલે એ બંને બચી ગયા હતા.

તો પછી એકલા રાજેશને જ શા માટે એ લોકોએ ગોળી મારી...? થેંબાને કેમ નહીં...? પૂજાએ જાસદાર પ્રશ્ન ઉઠાવ્યો.

હંમ... એનું કારણ એ હોઈ શકે કે અમોમુખી રાજેશના ખોળામાં હતો એટલે એલોકોને એવું લાગ્યું હશે કે જરૂર અમોમુખીએ રાજેશને કંઈક જણાવ્યું હશે એટલે રાજેશ એમના માટે ખતરારૂપ બન્યો હતો. તેથી એમણે રાજેશને ગોળી મારી હશે.. હું પૂજાને સમજાવી રહ્યા હતો. પરતુ પૂજાએ જે પ્રશ્ન કર્યો હતો એણે મને વિચારે ચડાવી દીધો. પૂજાની વાત બિલકુલ સાચી હતી. રાજેશને એ લોકો છેક સુરત સુધી લાંબા થઈને શોધી લીધો હતો. જ્યારે થેંબો તો એમની પાસે જ ગંગટોકમાં આરામથી ફરી રહ્યો હતો છતાં એને કંઈ નહોતું થયું. આ વાત મારા માટે હેરાન પરેશા નકરે તેવી હતી એવી હતી કે શા માટે થેંબો નિર્ભય થઈને ફરી રહ્યો હતો. શું એ પણ પેલા લોકો સાથે મળી ગયો હશે...? કે પછી બીજું કોઈ કારણ છે આની પાછળ? આ વાત વિચાર માંગી લે એવી હતી. વિચારવા જેવું તોએ પણ હતું કે અમારે જગદીશને આ મુદ્રાવાળી વાત કહેવી કે નહીં... ? છેવટે કોઈ ઉકેલ ન મળતાં અમે મુદ્રાવાળી વાત જગદીશને કહી દેવાનું જ મુનાસીબ માન્યં. બાકી આગળ જે થશે તે જાયુ ંજશે. એમ વિચારને બધું ઉપરવાળા સર્વશક્તિમાન ઉપર છોડી દીધું હતું. અમને શ્રદ્ધા હતી કે એ હરહંમેશ અમારી સાથે જ ચાલ્યા છે અને અમારો વાળ પણ વાંકો નહીં થવા દે. ત્યાંથી અમે પાછા ગામ તરફ ચાલ્યા.

***

પેલો નેપાળી એની જીપ સાથે ગુમ થઈ ગયો હતો. સવારનો એ વહેલો નીકળી ગયા બાદ પરત ફર્યો જ નહોતો. અમે રીટર્ન ગેસ્ટહાઉસમાં પહોંચ્યા ત્યોર આ સમાચાર અમને મળ્યા. મને ઘણી રાહત થઈ જ્યારે મેં જાયું કે જગદીશ અને ટીનાના ચહેરા ઊતરી ગયા હતા. આ તબક્કે નેપાળીનું ગુમ થવું મનમાં ઘણી શંકા કુશંકાઓ જન્માવતી હતી. છતાં મને મજા પડી ગઈ હતી. એ બપોરે જ પાછો આવી જવાનો હતો. અને અત્યારે તો લગભગ સાંજ ઢળી ચૂકી હતી છતાં એનો કોઈ અત્તો પત્તો નહોતો. એ ક્યાં ગયો હતો એની કોઈ માહિતી અમારી પાસે નહોતી. અને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આ નાનકડા અમથા કસબા જેવા ગામડામાં જા એ હોય તો તરત મળી જાય. પરંતુ એ અહીં હતો જ નહીં. જગદીશનું તો સ્પષ્ટ કહેવું હતું કે એ ગુમ થઈ ગયો હતો.

હું ખુશ થઈ રહ્યો હતો કે હવેથીએ નેપાળી અમારી સાથે નહીં હોય. પરંતુ એક શંકાપણ ઉઠતી હતી કે કદાચ એ જગદીશ અને નેપાળીની કોઈ નવી ચાલ તો નહીં હોય ને...? જે હોય તે પડટશે એવા દેવાશે આમ પણ મને લાગી રહ્યું હતું કે એક વખત તો અમારે આર યા પારની લડાઈ લડવાની જ હતી કારણ કે એ જેમ જેમ આગળ વધી રહ્યા હતા એમ એમ પરિસ્થિતિ વધુ ભયાનક વળાંકો લઈ રહી હતી. નિત નવી સમસ્યાઓ અમારી સામે વિકરાળ મોં ફાડીને ઊભી રહી જતી હતી. એક સમસ્યામાંથી નીકળીએ ત્યાં તો નવી સમસ્યા અમારા સ્વાગતમાં તૈયાર જ ઊભી હોય. અમે ધીરે ધીરે કરતા એ સમસ્યાઓને પાર કરી આગળ વધી રહ્યા હતા. હવે અત્યારે પરિસ્થિતિ એવી હતી કે એક નકશો અમારે હાથ લાગ્યો હતો. અને એ નકશાને આધારે આગળ વધતા જેમ બને તેમ જલદી આ મામલાને ખતમ કરવો હતો. વધારે સમય બગાડવો એટલે નવી મુસીબતને આમંત્રણ આપવું. મારું મન અત્યારે કહી રહ્યું હતું કે આ નકશામાં દર્શાવેલી જગ્યા જ અમારી મંઝીલ હતી. ત્યાં પહોંચી જઈશું એટલે અમારા તમામ સવાલોનો જવાબ અમને મળી જશે.

મેં એ મુદ્રાવાળી વાત વિગતે બધાને જણાવી દીધી. એ વાત સાંભળીને લગભગ બધાના મોંઢા આશ્ચર્યથી ખુલ્લાને ખુલ્લા જ રહી ગયા હતા. એ નકશો અને પેલો હીરો મેં બધાની વચ્ચે મુકી દીધો. અત્યારે અમે ગેસ્ટહાઉસની અમારી રૂમમાં ભેગા થયા ૧૬૫ હતા. અને આખા દિવસ દરમિયાન કોણે શું કર્યું એની આપ લે થઈ ગઈ હતી. થેંબાએ એ નકશો ધ્યાનથી જાયો અન એમાં જે લખાણ લખ્યુ હતું એ ચપટી વગાડતા જ ઉકેલી દીધું.

આ નકશામાં દેખાય છે એ જગ્યાઓ અહીંથી આગળ કાંચનજંઘા પર્વતમાળામાં આવેલી છે વચ્ચે વચ્ચે ટપકાં કરીને જે નામ લખ્યા છે એ આજગ્યાની રસ્તામાં આવતા નાના નાના કસબાઓના નામ છે. આપણો મુખ્ય ઉદ્દેશ છે આ પર્વત સુધી પહોંચવાનો. થંબાએ નકશામાં દેખાતા પર્વત ઉપર આંગળી મૂકતા કહ્યું. એ જ પર્વત કે જેમાં ભગવાન શિવની મૂર્તિ દોરેલી હતી. આ પર્વત સૌથી દુર્ગમ અને વિષમ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મનાય છે. હું ક્યારેય ત્યાં નથી ગયો.પરંતુ મને જાણકારીછે ત્યાં સુધી આ પર્વત લગભગ વર્ષના બારેય મહિના બરફથી ઢંકાયેલો જ રહે છે. એટલે એ પર્વત સુધી લગભગ કોઈજતું નથી. સૌથી મોટી ભયાનક વાત એ છે કે આ પર્વતની પેલે પાર થોડા કિલોમીટર દૂર એ જ ખૌફનાક અને ખતરનાક પાંગુર સરોવર છે કે જેની આસપાસનો વિસ્તાર મોતના મુખ જેવો એકદમ વેરાન જ છે. જેણે પણ આ નકશો બનાવ્યો હશે એ વ્યક્તિ ચોક્કસ આજગ્યા સુધી ગયો જ હશે એટલે જ આ નકશામાં આટલી સ્પષ્ટ રીતે એ ડૂબતા માણસનું ચિત્રાણ કર્યું છે. મારું તો માનવું છે કે આ નકશો દોરનાર વ્યક્તિ જરૂર ભાગ્યશાળી હોવો જાઈએ. કારણકે એ ત્યાંથી જીવતો પાછો ફર્યો હતો અને એણે આ નકશો બનાવ્યો હતો. એ વ્યક્તિ કોણ હોઈ શકે એ આપણે જાણવું રહ્યું... જા એ મળી જાય તો પછી બધા ભેદ આપોઆપ ખૂલી જાય. આ પહાડમાં દોરેલી ભગવાન શીવની મૂર્તિ અને એની નીચે દોરેલા હિરાનો ભેદ પણ પળવારમાં ઉકલી જાય.

કોણ હોઈ શકે એ વ્યક્તિ...?

મારું તો અનુમાન છે કે એ અમોમુખી જ હોવો જાઈએ. કારણ કે એની પાસેથી જ આ નકશાવાળી મુદ્રા રાજેશના હાથમાં આવી હતી. થેંબાએ અનુમાન લગાવ્યું. પરંતુ એ તો મરી ચૂક્યો છે.. આજથી છ સાત મહિના પહેલા.. પૂજાએ કહ્યું.

તો પછી આનો ભેદ ઉકેલવા આપણે આ પર્વત સુધી પહોંચવું જ પડશે. મેં કહ્યું. અને અમે બધા જ એના માટે તૈયાર હતા.

જગદીશ,ટીના થેંબો જે માહિતી લાવ્યા હતા એ પણ ઘણી વિસ્ફોટક હતી. એ લોકોએ ગામની બહાર થોડા કિલોમીટર એક ફાર્મહાઉસર જેવું મકાન જાયું હતું. એમાં ઘણી બધી ચહલપહલ થતી હતી. એ લોકોએ એ મકાનની નજીક જઈને જાયું તો આ એ જ માણસો હતા કે જેઓ ગંગટોકમાં એમની હોટલની બાજુની હોટલમાં રોકાયા હતા. સૌથી વધુ ભયાનક વાત તો એ હતી કે અહીં એમના હાથમાં ખતરનાક હથિયારો હતા. આ વિસ્તાર એવો કોઈ ભયજનક નહોતો કે નહોતા એવા શિકારી પ્રાણીઓ કે જેનો શિકાર કરવો પડે તો પછી આ હથિયાર શા માટે હતા એમની પાસે....? ત્યાંથી પાછા ફરતા જગદીશે ગામમાં એ મકાન વિશે તપાસ કરી તો જાણવા મળ્યું કે એ એક બંધ પડેલી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દવા બનાવવાની ફેક્ટરીની જગ્યા હતી. ત્યાં ઘણી વખત શહેરથી એના માલિકો અને બીજા માણસો આવતા જતા રહેતા હતા. હજુ છ સાત મહિના પહેલા જ એ ફેક્ટરીનો માલિક એના માણસો સાથે અહીં આવ્યો હતો. પરંતુ એ અરસામાં અહીં ગામમાં મુખીની હત્યા થઈ ગઈ હોવાથી એલોકો વધુ રોકાયા વગર જતા રહ્યા હતા. ગામ લોકો તો ેવું જમાને છે કે અમોમુખીની હત્યા એ લોકોએ જ કરી છે. કારણ કે ગોળી મારીને મુખીની હત્યા થઈ હતી. અને આ સિવાય ગામમાં એમની સિવાય બીજા કોઈની પાસે બંદૂક નહોતી. એ સમયે કોઈ બોલ્યું નહોતું કારણ કે જ્યારે એ દવા બનાવવાની ફેક્ટરી ચાલુ હતી ત્યારે ગામના દરેક ઘરમાં કમસેકમ એક વ્યક્તિ તો ત્યાં કામ કરવા જતો જ હતો. બીજું પણ એક કારણ એ હતું કે ફેક્ટરીના માલિક સાથે અમોમુખીને ગાઢ મૈત્રી હતી. અને અવારનવાર ત્યાં મહેફિલો જામતી. દોસ્તીના દાવે પણ અમોમુખીની હત્યા એ વ્યક્તિ ન કરે એવી માનસિકતાના કારણે એ દિવસોમાં એ ઘટના દબાઈ ગઈ હતી. હાલમાં અત્યારે આ ગામનો મુખી એ અમોમુખીનો દીકરો જ હતો.

***

પૂજા ખૂબજ બેચેની અનુ ભવી રહી હતી. રાત પડતા જ ઠંડીનું જાર ભયાનક હદે વધી ચૂક્યું હતું અહીં ચારેતરફ ફેલાયેલી પર્વતમાળાના કારણે એના ઉપરથઈ ફૂંકાતા ૧૬૭ ઠંડા પવનો કાતિલ સપાટો બોલાવતા હતા. જમી પરવાનીને અમે બધા બહાર ઓસરી જેવી જગ્યામાં સગડીન ીઆસપાસ ધાબળાઓ ઓઢીને ગરમી લઈ રહ્યા હતા. અમારી વચ્ચે એકદમ શાંતિ હતી. બધા ચૂપ હતા છતાં દરેક વ્યક્તિ મનોમન વિચારોના વમળમાં અટવાયેલાહતા. સગડીમાં લાકડા સળગવાનો તડ તડ અવાજ અમારા કાને અફળાઈ રહ્યો હતો.

પૂજાના મનમાં વિચારોનું ધમસાણ ચાલતું હતું. એને અંદાજ આવી ગયો હતો કે રાજેશ ઉપર કોણે ગોળી ચલાવી હતી. જગદીશે જ્યારે પેલી દવાની ફેક્ટરી વિશે વાત કરી ત્યારે એસમજી ચૂકી હતી કે અમોમુખીને મારનાર અને રાજેશ પર ફાયરીંગ કરનાર બંને એક જવ્યક્તિ હતી અને એ વ્યક્તિનું કનેક્શન એ દવાની ફેક્ટરી સાથે જ છે. પૂજાને તો થેંબો પણ હવે રહસ્યમય લાગવા માંડ્યો હતો. કારણ કે એને હજુ સુધી કંઈ થયું નહોતું. પૂજા એવું નહોતી ઈચ્છતી કે એને કંઈ થઈ જાય પરંતુ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

થેંબો એ એક જ એવી વ્યકિત હતી જે હજુ સુધી સહિસલામત, બિન્દાસ ઘૂમી રહ્યો હતો. નો ડાઉટ કે એણે અમને ઘણી મદદ કરી છે પરંતુ એમાં પણ એનો કોઈક સ્વાર્થ હોઈ શકે છે. પૂજાએ નજર પોતાની ચારેતરફ બેઠેલી વ્યકિતઓ ઉપર દોડાવી. અહીં બેઠેલા તમામ વ્યકિતઓમાંથી જા એણે કોઈના પર વિશ્વાસ કરવો હોય તો એ અમીત જ હતો. એ અમીતને એકીટશે નિહાળી રહી... કેટલો સોહામણો અને શાંત હતો. એ... સગડીમાંથી બહાર લપકારા મારતી અગ્નિના રતુંબડા પ્રકાશમાં એના ચહેરાની આભા કોઈ ગ્રીક રાજકુમાર જેવી વર્તાતી હતી. એનો ગૌરવર્ણનો ચહેરો અત્યારે તામ્રવર્ણો બની ગયો હતો. પૂજા જ્યારે પણ અમીતને જાતી ત્યારે એના દિલમાં કંઈક અકથ્ય સંવેદન ઊભરાતું હતું. અને એક અદમ્ય ખેંચાણ એ અનુભવતી હતી. દરેક છોકરીઓ પોતાના મનના માણીગર વિશે જે કલ્પનાઓ કરતી હોય છે એવા તમામ ગુણો અમીતમાં હતા. જા અમીત કોઈ છોકરીને સામેથી પ્રપોઝ કરે તો કોઈ એનો પ્રસ્તાવને ઠુકરાવાની હિંમત ન કરી શકે. અમીત સુંદરતામાં કોઈ રાજકુમરાથી કમ નહોતો. અત્યારેએ એકદમ ધીર ગંભીર મુદ્રામાં પોતાના બંને હાથની આંગળાઓના અંકોડા એકબીજમાં પરોવીને કંઈક ગંભીરતાથી વિચારી રહ્યો હતો. પૂજા અચાનક સજાગ થઈ ગઈ. એને પોતાને પણ ૧૬૮ ખ્યાલ નહોતો કે ક્યારે એઅમીતના વિચારોમાં ખોવાઈ ગઈ હતી. એક વાત સાવ સ્પષ્ટ હતી કે એ અમીત જ હતો કે જેના કારણે એ અહીં સુધી પહોંચી હતી. એના સાથ અને હૂંફને કારણે જ અહીં સુધીની સફર કોઈપણ અડચણ વગર, કોઈ વિઘ્ન વગર પાર થઈ ગઈ હતી. આમતી ભલેને એમ કહેતો હોય કે એ તો ફક્ત એના સ્વપ્નાઓના ઉકેલ મેળવવા માટે જ મારી સાથે આવ્યો હતો. પરંતુ ખરી વાત તો એ હતકીકે એની હિંમત અને સમજશકિતના કારણે જ તેઓ આ બનાવના અંત સુધી પહોચવા આવ્યા હતા. પૂજાએ ઘણી વખત અમીતની આંખોમાં એના પ્રત્યેના પ્રેમની ઝલક નીહાળી હતી. છતાં હાલના સમય અને સંજાગોમાં એ આના વિશે અમીતને જણાવી શકે એમ નહોતી. પોતાની લાગણીઓને જબરજસ્તીથી દિલના એક ખૂણામાં ભંડારી દીધી હતી. એને ખબર હતીકે અમીત જેવો સરસ,સાલસ, સહ્રદયી છતાં બહાદુર છોકરો એને બીજા કોઈ મળી શકે એમ નહોતો. અન એ અમીતને ગુમાવવા પણ નહોતી માંગતી. પરંતુ હજુ એ સમય નહોતો આવ્યો કે એ અમીતને કહી શકે કે હું તને ચાહું છું. પૂજા એવી કોઈ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ભૂલ કરવા નહોતી માંગતી કે જેના કારણે એનું લક્ષ્ય ચૂકાઈ જાય. જ્યારેએવો સમય આવશે. ત્યારે એ અમીતને સામેથી પોતાના પ્રેમનો એકરાર કરી દેશે એવું મનોમન એ વિચારી રહી હતી.

રાત ધીમે ધીમે આગળ વધી રહી હતી. જગદીશ અને ટીના તો ક્યારના બગાસા ખાઈ રહ્યા હતા. અમે બધા ખૂબ જ થાકી ગયા હતા. અને લગભગ બધાની આંખો ઊંઘથી ઘેરાવા લાગી હતી. એટલે સૌથી પહેલા તો જગદીશ અને ટીના પોત પોતાના કમરામાં ગયા. એ લોકોને ઊભા થતા જાઈને પૂજાએ પોતાના વિચારોને અટકાવ્યા અને એમને જતા જાઈ રહી. પૂજા ધીરે રહીને ઊભી થઈ અને એણે ઓઢેલા ધાબળાને સરખો કરતી એ ઓસરીને કોરે પહોંચીને ઊભી રહી. એક સાથે ઘણા બધા વિચારો આવતા હોવાથી એ ગૂંચવાઈ રહી હતી. કોઈ એક ચોક્કસ વિચાર ઉપર એ સ્થિર નહોતી થઈ શકી. ઓસરીની કોરે થાંભલાના ટેકે એ ઊભી હતી કે અચાનક એને કંઈક યાદ આવતા થેંબાને સાદ પાડ્યો. થેંબો અમીત પાસેથી ઊભો થઈને પૂજા પાસે ગયો.

એક વાત પૂછું..તને...?

પૂછો મેમસાબ...

સાચો જવાબ આપીશ...?

ચોક્કસ આપીશ.

ઠીક છે પરંતુ એ સવાલ પૂછથા પહેલા હું તને કંઈક જણાવવા માંગુ છું. અમીતે તને રાજેશ એટલે કે મારા ભાઈ વિશે પૂરી માહિતી આપી નથી. જે હું તને અત્યારે કહેવા માગું છું. એ સાંભળ્યા પછી તને એવું લાગે તો જ મારા પ્રશ્નનો ઉત્તર આપજે. ...

એવું તો શું તમે મને પૂછવા માંગો છો...? હું તમને ખાતરી આપીને કહું છું કે હું સાચી વાત જ કહીશ.

છતાં મારી વાત સાંભળી લે... તમે લોકોએ અમોમુખીનું ખૂન થતાં તમારી નજરોનજર નિહાળ્યું અને તમે ત્યાંથી ભાગ્યા હતા. પરંતુ એક હકિકત એવીપણ છે કે કે એ લોકોએ રાજેશને તરત જ શોધી લીધો હતો અને તેના પર જીવલેણ હુમલો કરી એને પણ મારવાની કોશિશ કરી

https://telegram.me/booksmag

ઐસે મજેદાર મેગેજીન પઢને કે લિયે હમારી ટેલીગ્રામ ચેનલ સે જુડે ઇસકે લિએ ટેલીગ્રામ મેં સર્ચ કરે @booksmag ઓર join પર ક્લિક કરે

હતી. એમાં એ લોકો થોડાઘણા સફળ પણ નિવડ્યા. કારણ કે એ હુમલા બાદ રાજેશ કોમામા ચાલ્યો ગયો હતો અને હજુ પણ કોમામા જ છે.

હેં... શું વાત કરો છો...?તો પછી આ વાત તમે મને પહેલા કેમ ન કહી...? આમ તો ઘણી બધી વાતો કોઈને પણ કહેવાય એવી હોતી નથી. છતાં કહેવી પડે છે. તારા પર વિશ્વાસ થયા વગર આ વાત તને કહેવી એ કદાચ યોગ્ય ન ગણાત પરંતુ હવે ણને અને અમીતને તારી પર પૂરેપૂરો ભરોસો છે એટલે તારાથી છુપાવવા જેવું નથી. મેમસાબ વિશ્વાસ રાખજા. હું તમારા એ ભરોસાને ક્યારેયપણ ઠેસ પહોંચે એવું કામ નહિં કરું. તો પછી એક સવાલનો જવાબ આપ મને તારા દિલ પર હાથ રાખીને મને કહે કે એ લોકોએ રાજેશને ગોળી મારી તો તને કેમ કંઈ થયું નહીં....? તારો એ લોકો સાથે શું સંબંધ છે...? સાવ સાચું કહેજે.. પૂજાએ સીધો ધારદાર સવાલ કર્યો. તમારે રાજેશસાહેબવાળી વાત મને પહેલા જણાવવી જાઈતી હતી. તમારાથી મારે કંઈ છુપાવવા જેવું નથી. પરંતુ મને પણ મારી જાત વહાલી છે.

હું કમોતે નહોતો મરવા ૧૭૦ માંગતો એટલે બને ત્યાં સુધી આ મામલો મેં છુપાવવાની કોશિશ કરી પરંતુ તમારી અને અમીત બને સાથે મને એવી લાગણી બંધાઈ છે કે હવે તમારાથી છુપાવવા જેવું કશું નથી રહ્યું. થેંબો એકદમ લાગણીના આવેગમાં બોલ્યે જતો હતો. હું એ લોકોને જાણું છું. બધાને તો નહીં પરંતુ એમાંથી એક બીજા દિવસે જ મને શોધતો મારા ઘરે આવી ચડ્યો હતો. એ સમયે લાચૂંગના મુખીની હત્યાના સમાચારો વાયુવેગે ચારેતરફ પ્રસરી ચૂક્યાહતા. અને અહીંની પોલીસ પણ એની પાછળ ફરી રહી હતી. એટલે હું બચી ગયો હતો. જા કે એ લોકે મને પણ મારી નાખે તો વધારે હો હા થઈ જાય એમ હતું એટલે એ મને ધમકી આપી ચાલ્યો ગયો હતો. એણે મને મારું મોઢું બંધ રાખવાની ધમકી આપી હતી અને જા એ વાત મેં કોઈને કહી તો મારા પણ અમોમુખી જેવા હાલ થાશે. એવું એ જતાંજતાં કહેતો ગયો. એટલે જ હું ચૂપ હતો. તમારી સાથે આવવા પણ એટલે જ રાજી થયો કે તમને લોકોને મારા પર શક ન જાય અને બીજું એ પણ એક કારણ હતું કે જા હું તમારી સાથે રહું તો તમારા લોકોનું ધ્યાન રાખી શકું કે જેથી તમે કોઈ મુસીબતમાં ન ફસાવ. થેંબાની આંખોમાં ઝળઝળિયા આવવા લાગ્યા હતા. કદાચ એ રોઈ પડશે એવુંપૂજાને લાગ્યું. એ ખરેખર ખરાદિલનો માણસ હતો. અને બહુ જલદી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ભાવુક થઈ જતો હતો. પૂજા થેંબાની નજીક સરકી અને એના ખભે હાથ મૂક્યો.

સોરી મેં તને દુખી કર્યો. પરંતુ હજુ એક વાત મારે જાણવી છેકે આ આખો મામલો શું છે એ તને ખબર છે..?

હા... મેમ સાબ... થેંબાએ પૂજાના કાન નજીક જઈ એકદમ ધીરા અવાજે એના કાનમાં વાત કહી. એ ખૂંખાર લોકો કોઈ ખજાના પાછળ પડ્યા છે. આ આખી કહાણી પેલા ખુરશીદ નામના વ્યક્તિથી ચાલુ થઈ છે. સાચું ખોટું તો ભગવાન જાણે પરંતુ અહીંના લોકો એમ કહે છે કે એ ખુરશીદે કાળા ધોળા ધંધામાં ઘણા રૂપિયા ભેગા કર્યા હતા. અને રૂપિયાના કારણે જ એના મિત્રોએ એને પતાવી દીધો હતો. અને એનો આખો દલ્લો લઈને અહીંથી લાચૂંગમાં ભાગી આવ્યા હતા. હવે આ આખી વાર્તા સાવ નાખી દેવા જેવી પણ નથી અને સાચી માનવા જેવી પણ નથી. કારણ કે ખરેખર સાચી હકીકત શુંબની હતી એ તો કોઈ છાતી ઠોકીને કહી શકે એમ નથી. એ લોકો અહીં ૧૭૧ ભાગીને આવ્યા ત્યારબાદ એ ચારેયની ટુકડીમાં અમોમુખી સામેલ થઈ ગયો હતો અને એ લોકોની ગણતરી એવી હતી કે અમોમુખી એમને તિબ્બત સુધી પહોંચાડી દે. એના ઈનામરૂપે અમુક રકમ અમોમુખીને આપવાનું ઠેરવ્યું હું. અને ત્યારબાદ એ લોકોનો કોઈ જ પત્તો મળ્યો નથી. છેક મહિના બાદ અમોમુખી અથડાતો કુટાતો ફરી પાછો લાચૂંગમાં દેખાયો હતો. પરંતુ એની સાથે ગયેલાપેલા માણસોનું શું થયું હતું એ તો કોઈ જ જાણી શક્યું નહોતું.એ વાત ફક્ત મુખી જ જાણતો હતો કે એમનું શું થયું હતું. પરંતુ એ કોઈને કંઈ કહેતો નહોતો. એ ચારેય વિશે કોઈ પૂછે તો મુખી રીતસરનો એમની ઉપર વરસી પડતો. સમય જતા એ મામલો વિસારે પડતો ગયો હતો અને અત્યારે તો લગભગ બધા ભૂલી પણ ગયા હશે. થેંબો એકધારું બોલતો હતો એટલે એને શ્વાસ ચડ્યો હતો. મને તો બસ આટલી જ ખબર છે પરંતુ એ પછી છેક હમણાં છ એક મહિના પહેલા અમોમુખીનું મારી નજરોની સામે જ ખૂન થયું ત્યારે હું સમજી ગયો હતો કે આ ખૂનની પાછળ કારણરૂપે જરૂર પેલો ખજાનો જ હોવો જાઈએ. અમે તો એ લોકોથી બચીને ભાગ્યા હતા. પરંતુ મારા દિલમાં ડરપેસી ગયો હતો કે આ લોકો પણ પેલા ખજાના પાછળ પડ્યા છે અને હવે ખબર નહિ એ અવકાશી ખજાનો કેટલા લોકોનું લોહી રેડાવશે. આજે સવારથી જ મને વધુ ફિકર થવા લાગી છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કારણ કે સવારે જ્યારે આણે પેલી દવાની ફેક્ટરી વાળા મકાનમાં થતી ખતરનાક હિલચાલ નિહાળી ત્યારે જ મને દાળમાં કંઈક કાળું લાગ્યું. જરૂર એ લોકોજ હશે કે જેમણે અમોમુખીને માર્યો હતો અને રાજેશ જેનો શિકાર બન્યો હતો. આપે બહુજ સાવધાનીથા આગળ ડગ ભરવા પડશે નહિતર આપણી ઉપર પણ મુસિબત આવી શકે છે.

થેંબાની વાત શત પ્રતિશત સાચી હતી. જા એ ખતરનાક લોકો અમને અહીં જાઈ જાય તો ખતરો તો હતો જ. જા કે પૂજાને પાકી ખાતરી હતી કે એ લોકો શા માટે અહીં આવ્યા હતા.? પૂજાએ કંઈક વિચાર્યું અને થેંબાને એક કામ સોંપ્યું. એટલે થેંબો તરત જ પેલા અમોમુખીના ઘરે જવા રવાના થયો. હવે પૂજાના ચહેરા પર થોડીક રોનક આવી. મનોમન એ કંઈક પ્લાન કરતી અમીતપાસે પહોંચી અને એની બાજુમાં જઈને બેઠી. થોડીવાર પછી એણે સામેથી જ અમીતને આખી વાત કહી સંભળાવી. ૧૭૨ લગભગ રાત્રે દસેક વાગ્યે થેંબો પાછો આવ્યો હતો. પૂજાએ કહ્યા પ્રમાણે એની સાથે એ ગામના મુખીને પણ લેતો આવ્યો હતો. એ મુખી, અમોમુખીનો જ દીકરો હતો. થેંબાએ એને બહુ જ સારી રીતે આખી વાત સમજાવી હતી કે અમે લોકો શા માટે અહીં આવ્યા છીએ. પૂજાએ કંઈક વિચારીને જ એને બોલાવ્યો હતો. એક તો થેંબો અહીંથી આગળનો રસ્તો સારી રીતે જાણતો નહોતો. અને બીજું કે જા લાચૂંગનો મુખી જ અમારી સાથે આવવા રાજી થઈ જાય તો અમને આગળ જતા ઘણી સરળતા પડે. અને પૂજાની ગણતરી સાચી પડી. એ મુખી અમારી સાથે આવવા રાજી થઈ ગયો હતો. હવે અમે કુલ છ વ્યક્તિઓનો કાફલો આવતી કાલે સવારે અહીંથી રવાના થવા તૈયાર બેઠા હતા.

***

હંમ... તો એમ વાત છે ... ખબર એકદમ પાકી છે ને ?સુરીન્દરે પોતાનીરિવોલ્વર સાફ કરતાં જગતાપને પૂછ્યું. જગતાપ જે ખબર લઈને આવ્યો હતો એ સાંભળીને એની આંખો ચમકી ઊઠી હતી. કંઈક વિચાર કરીને એના ચહેરાપર કુટીલ હાસ્ય આવી ગયું.

હાં... બોલ.. ખબર એકદમ પાકી છે.. એ છોકરાઓના હાથમાં કોઈક લોકેટ કે મુદ્રા જેવી વસ્તુ લાગે છે.. અને એમાંથી એક નકશો પણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નીકળ્યો છે. એ છોકરાઓએ ગઈકાલ રાત્રે જ ગામના મુખીને બોલાવ્યો હતો અને આજે સવારે એ લોકો એ નકશાવાળી જગ્યા શોધવા નીકળી ગયા હશે.. જગતાપ બધું પાકે પાયે જાણીને આવ્યો હતો.

ચાલો સારું થયું. આપણી મહેનત બચી. આપણી સૌથી મોટી સમસ્યા જે હતી એ પેલી મુદ્રા એ છોકરડાઓએ શોધી લીધી અને હવે એ લોકો નકશાવાળી જગ્યાતરફ ગયા છે ટલે હવે આપણે કંઈ જ કરવાનું રહેતું નથી. એમનો પીછો કરો અને જેવા એ લોકો નકશાવાળી જગ્યા શોધી કાઢે કે તરત એમને મારી નાખો એટેલ બાકીનું બધું આપણા હાથમાં આપોઆપ આવી જશે. સાલો પેલો મુખીનો છોકરો પણ એના બાપની જેમ આપણા હાથે જ મરવા એ લોકોની સાથે ગયો છે. જા... બધાને તૈયાર કર. આપણે આ ઘડીએ જ એનો પીછો પકડવાનો છે. સુરીન્દર ક્રૂર રીતે હસ્યો. જગતાપ બહાર દોડ્યો. બધાને તૈયાર કરવા.

***

કુદરતની કારીગરી પણ અફલાતૂન અને અદભૂત હોય છે. આ દુનિયામાં જા સામાન્ય રીતે ગણીએ તો રણપ્રદેશને સૌથી વધુ હાડમારીવાળી અને ભયંકર જગ્યા ગણવામાં આવે છએ. રેતીના રણની કલ્પના કરો ત્યાંજ તમને નજર સમક્ષ દૂર દૂર માઈલો સુધી પથરાયેલી સુકી ભઠ્ઠ રેતી દેખાવા લાગે. સૂર્યના જબરજસ્ત પ્રકોપ અન એની ગરમીથી શેકાઈને ઠુંઠા થઈ ગયેલા ઝાડવાઓ, મરેલા પશુ પક્ષી કે માણસોના દેહને ચૂંથતા ગીધડાઓ અને દૂર દૂર સુધી પાણી વગરનો અફાટ રેતીનો સમુદ્ર. તમને સાક્ષાત યમરાજાના દર્શન કરાવી દે. આ એક સર્વ સામાન્ય માન્યતા છે. આવી જ કોઈ કલ્પના ક્યારેય બર્ફિલા પ્રદેશો વિશેથતી નથી. પરંતુ હકીકત એ છે કે રેતીના રણપ્રદેશ અને બર્ફિલા પ્રદેશો વચ્ચે ગજબનાક સામ્યતા છે. એ સામ્યતા એ છે કે અહીં તમારી નાની અમથી ભૂલ તમને મોતને ઘાટ ઉતારી નાખે છે. આવા પ્રદેશની આબોહવા એટલી ખતરનાક રીતે બદલાતી હોય છેકે તમે હજુ તો કંઈ વિચારો એ પહેલાત ોએ એના અજગર ભરડામાં તમને લપેટી લે છે.

બર્ફીલા પ્રદેશોનું ઠંડુ વાતાવરણ અને ભયાકન ઝડપે ફૂંકાતા ઠંડા પવનો તમારા હાડકાને વીંધીને શરીરના તમામ અવયવો પર સીધો જ હુમલો કરે અને એને કામ કરાત બંધ કરી દે. બરફ્ન ડંખ તમારા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હાથપગના આંગળા માટે તો રીતસરનો પ્રાણઘાતક સાબિત થાય અને ગેંગરીન થતા એ ગુમાવવાનો પણ વારો આવે. સૂર્યના તેજ પ્રકાશમય કિરણો જ્યારેબરફની સફેદ ચાદર ઉપર ઝીંકાય છે ત્યારે ચારે તરફ એક જબરજસ્ત તેજ પુંજ રચાય છે. પ્રકાશના એ કિરણો જ્યારે બરફમાંથી રિફ્લેક્ટ મારી પાછા ફેંકાય ૧૭૪ ત્યારે ગમે એટલા ડાર્ક કલરના ગોગલ્સ પહેર્યા હોવા છતાં આંખોને એટલું ભયંકર નુકસાન પહોંચાડે છે કે ક્યારેક તો કાયમી અંધાપો પણ આવી જાય.

આવી જ વિષમ પરિસ્થિતિમાંથી આપણે પસાર થવાનં હતું. અમને હજુ સુધી બરફનું રેગિસ્તાન કોને કહેવાય એનો અનુભવ જ નહોતો થયો. ગંગટોક અને ત્યાંથી લાચૂંગ સુધીની અમારી સફર ખાસ કોઈ તકલીફદાયક નહોતી રહી પરંતુ અહીંથી આગળ જે સફર અમારે કરવાની હતી એ અમને જિંદગીભરની પીડાદાયક યાદગીરી બની રહેવાની હતી. વહેલી સવારથી જ અમે ચાલવાનું શરૂ કર્યું હતું. બપોર થતા સુધીમાં તો અમે ચાલી ચાલીને થાકી ગયા હતા. ઉબડ ખાબડ પથરીલા રસ્તા ઉપર અમે ચાલવાને બદલે રીતસરના દોડી રહ્યા હતા અન એનું કારણ પેલો મુખી દાગંગ હતો. એ અહીનો રહેવાસી હતો. પૂરા છ હાથ ઊંચો અનેએકદમ ભાવહીન જંગલી માણસ હતો. એનું એક એક ડગલું અમારા ત્રણચાર ડગલાં જેટલું થતું હતું. અને એ એવી સફાઈથી આગળ ચાલતો હતો કે અમે એની પાછળ રીતસરના પથ્થરોમાં અટવાતા કુટાતા ઠેસ ખાતા ખાતા ભાગ્યે જતા હતા. એ સાવ જંગલી માણસ નીકળ્યો. અત્યારે તો હું મનોમન પેલા નેપાળીને ખૂબ જ ગાળો ભાંડી રહ્યો હતો. કારણ કે એ ગુમ થયો તો ભલે થયો પરંતુ જીપ પણ એ સાથે લેતો ગયો હતો. જીપ અમારી પાસે હોત તો કમસેકમ અમે અડધા રસ્તા સુધી તો એમાં જઈ જ શકત. પરંતુ કદાચ અમારી કિસ્મતમાં જ હાડમારી વેઠવાની લખી હશે એટલે અત્યારે અમે પડતા આખડતા આગળ વધ્યે જતા હતા. અમે અત્યારે જે રસ્તા પર ચાલી રહ્યા હતા એ જમીન પથરાળ અને સૂકી હતી. મોટામોટા પથ્થરો સમયના વહેણની સાથે ભાંગીને ભુક્કો થઈ ગયા હતા. અને એ જ પથ્થરો અત્યારે જમીન ઉપર છવાઈ ગયાહતા. ઠંડા અને સૂકાહવામાનના કારણે અહીં ઝાડી ઝાંખરા કે વૃક્ષોની ભરમાર નહોતી. અહીંનું વાતાવરણ ઝાડપાનને ઉછેરવા માટે બિલકુલ અનુકૂળ નહોતું એટલે અહીં જંગલની કલ્પના પણ કરી શકાય તેમ નહોતી. પથરાળ અને ઉબડખાબડ જમીન પર ચાલી ચાલીને અમારા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વજનદાર સ્નો બૂટના તળિયા પણ ઘસાવા લાગ્યા હતા. આમ તો અમે પૂરી તૈયારી કરીને નીકળ્યા હતા છતાં અમારી હાલત ધીમે ધીમે ખસ્તા થતી જતી હતી. બધાએ એકદમ જાડા ચામડામાંથી ૧૭૫ બનાવેલું અંદરની તરફ રૂછડાવાળા જેકેટ ચડાવ્યા હતા. અને એવીજ ટોપી માથા પર ચુસ્ત બાંધી હતી. જેકેટની નીચે પેન્ટ અને પગમાં બરફમાં ચાલવા માટે વપરાતા સ્પેશિયલ શૂઝ પહેર્યા હતા. કે જેથી પગમાં બરફના ડંખ ન લાગી જાય. બરફ ઉપરથી પરાવર્તિત થતા સૂર્યના કિરણોથી આંખને બચાવવા ગોગલ્સ ચડાવ્યા હતા. અને બધાના હાથમાં એક એક એલ્યુમિનિયમની લાકડી હતી કે જેથી એનો અણીદાર નીચેનો છેડો બરફમાં ખુંપાડીને ચાલવામાં ઉપયોગી થાય અને આ ઉપરાંત દરેક વ્યક્તિની પીઠ ઉપર પોત પોતાનો સામાનનો થેલો તો ખરો જ..

અમારામાંથી સૌથી ખરાબ હાલત પૂજાની હતી. એ બે ત્રણ વખત તો રીતસરની પડતા પડતા રહી ગઈ હતી. પીઠ પર બાંધેલા સામાનના કારણે એને વધુ અગવડતા થઈ રહી હતી. અને વારે વારે એથેલાને સરખો કરતી, હાંફતી એ દોડી રહી હતી. હું એની સાથે જ ચાલતો હતો. અને હવેતો મારે એનો હાથ પકડી રાખવો પડતો હતો. કે ક્યાંક એ પડી ન જાય. આમ જોવા જાવ તો અમારી બધાની હાલત સરખી હતી. આ એમાં પેલો દાગંગ અને થોડે ઘણે અંશે થેંબો અપવાદરૂપ હતો. અમારે સાંજ થતા પહેલા અમારા પહેલા પડાવ કેલા સુધી પહોંચવું જરૂરી હતું. ત્યાં અમારે રાત રોકાવાનું હતું. અને ત્યારબાદ દાગંગના કહેવા પ્રમાણે બીજા એક દિવસની સફર પૂરી થતા અમે નકશામાં દર્શાવેલા પહાડ સુધી પહોંચી જવાના હતા. ફક્ત બે દિવસની અમારી સફર હતી.. બે દિવસ... અને એ પછી.... અમારું મુખ્ય ધ્યેય જેમ બને તેમ જલદીથી અજવાળું રહેતા કેલા પહોંચવાનં હતું. જા અંધારું થતાં પહેલા અમે ત્યાં ન પહોંચી શકીએ તો ફરજીયાતપણે અમારે રસ્તામાં અમારા ડેરા તંબુ તાણવા પડે. અને જા એમ થાયતો અહીંના સુસવાટા મારતા જારદાર ઠંડા પવનોમાં અમારી તંબુની શી હાલત થાય એ તો વિચારવા જેવી બાબત હતી. 'કેલા' એ સિક્કીમની ઉત્તરપૂર્વમાં કાંચનજંઘા પર્વતમાળાથી નીચે તળેટીમાં વસેલો એક નાનકડો અમથો કસબો હતો. આખરે દાગંગની રફતાર કામ આવી. અમે રાત ઢળતાં સુધીમાં તો કેલા પહોંચી ચૂક્યા હતા. એ લગભગ પંદર વીસ પથ્થોરથી બનાવેલા ઝૂંપડા જેવા મકાનોનો સમૂહ હતો જે કેલા તરીકે ઓળખાતો હતો. અહીં લગભગ તમામ કબીલાનો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પોતાનો અલગ મુખી હતો અને ૧૭૬ અહીંના કબીલાના મુખીને દાગંગ ઓળખતો હતો. એટલે અમારા માટે તાત્કાલિક ધોરણે રહેવાની વ્યવસ્થા ગોઠવાઈ ગઈહતી. અમે બધા અલગ અલગ પથ્થરોના બનાવેલા ઘરોમાં ગોઠવાઈ ગયા હતા. 'કેલા'ની ચારેતરફ પર્વતો વીંટળાયેલા હોવાના કારણે અહીં સીધા પવનો નહોતા પહોંચી શકતા. એમ છતાં ઠંડી જબરજસ્ત હતી જે અમારા ઝૂંપડાની દિવાલોને વીંધીને અમારા શરીરને થથરાવી નાખતી હતી. ઠંડી શું છે અને ઠંડા પવનો કોને કહેવાય એનો અહેસાસ અમને અહીં સિક્કિમમાં આવ્યા બાદ બરાબરનો થયો હતો. અમારા શહેરમાં તો ૧૦-૧૨ ડિગ્રી તાપમાન થઈ જાય તો પણ શહેરી માણસ ઠૂંઠવાઈ મરે જ્યારે અહીં તો કાયમના ધોરણે માયનસમાં જ તાપમાન રહેતું હોય ત્યારે અહીં ઠંડીની વ્યાખ્યા કરવી પણ મુશ્કેલ બની જાય. અહીં રહેતા લોકો તો આવા વાતાવરણથી ટેવાઈ ગયા હોય એટલે એ લોકો ને ઝાઝો ફરક પડે નહીં પરંતુ અમારા માટે તો આ સાવ પહેલી વખતનો નવો અનુભવ હતો. એટલે સ્વાભાવિક રીતે શરીર ધ્રુજી ઊઠ્યો હતો. અમે આખી રાત જબરજસ્ત ઠંડીમાં ઠૂંઠવાતા જાગતા પડ્યા રહ્યા હતા.

આવી જ હાલત પેલા નેપાળીની હતી. એ પોતાની જીપને એક મોટા પથ્થરની આડશમાં રાખીને અંદર બેઠો હતો. કે જેથી સુસવાટા મારતા ઠંડા પવનોથી બચી શકાય. એ પોતે વહેલી સવારથી જ અમીતની ટુકડીથી અલગ પડી ગયો હતો. અને એમાં એની બહુ મોટી ગણતરી રહેલી હતી. એપોતાના નિર્ધારીત પ્લાન મુજબ આગળ વધતો હતો. અત્યારે એ ઠંડીથી ઠૂંઠવાઈ રહ્યો હતો. કારણ કે પવન વારે વારે એની દિશા બદલતો હતો. અને જીપના હુડના કાપડને વીંધીને સીધો જ એના શરીર પર ઝીંકાતો હતો. એ પરિસ્થિતિ સામે લાચાર બની ગયો હતો. એ જ્યારે નીકળ્યો ત્યારે એણે આવી કલ્પના પણ નહોતી કરી કે આવી હાડમારી ભોગવવાની આવશે. નહિતર એ વધુ ગરમ કપડાની વ્યવસ્થા કરીને નીકળ્યો હોત. સવારે જ્યારે અમીત અને જગદીશનો કાફલો લાચૂંગથી નીકળ્યો એટલે એમની પાછળ પાછળ નેપાળી સાવચેતીથી નીકળ્યો હતો. અને પોતાને ખબર હતી કે અમીતની પાછળ પોતે એકલો નહોતો પરંતુ એના સિવાય બીજા પણ ઘણા લોકો હતા અને આ માહિતી એને જગદીશે જ પહોંચાડી ૧૭૭ હતી. એટલે જ જ્યારે એ લોકો પોતાની ગાડી લઈને નીકળ્યા એના એક કલાક બાદ નેપાળીએ પોતાની જીપ સ્ટાર્ટ કરી હતી. અહીં કોઈ એવા સીધા રસ્તાઓ નહોતા કે એમા આસાનીથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વાહન ચાલી શકે છતાં એક કાચી પથરાળ સડક છેક કેલા સુધી બનાવેલી હતી.એટલે ત્યાં સુધી તો એની જીપ જઈ શકે એમ જ હતી. નેપાળી આ કાચી સડક ઉપર જીપ લઈને કેલા જવા નીકળ્યો હતો. જ્યારે અમીતની ટુકડી આડટપીડ પથરાળ પર્વતોને વીંધતી કેલા પહોંચી હતી. સાંજ પડતા સુધીમાં તો નેપાળીને જીપની લાઈટો બંધ કરવાની ફરજ પડી હતી. કારણ કે અહીંના ખુલ્લા વાતાવરણમાં જીપની લાઈટોનો પ્રકાશ સેરડા રૂ-પે દૂર સુધી ફેંકાતો હતો અને નેપાળી બીજા કોઈને પોતાની હાજરીની સાબિતી આપી બેવકૂફી નહોતો કરવા માંગતો. ઠંડીના કારણે એ કોકડુ વળીને જીપમાં પડ્યો હતો. થોડી ગરમી મેળવવા એણે ખિસ્સામાંથી સીગારેટનું પેકેટ કાઢ્યું અને માચીસથી એક સીગારેટ સળગાવી ઊંડો કશ ખેંચ્યો. એના ફેફસામાં સીગારેટનો ગરમ ધૂમાડો પહોંચ્યો ત્યારે એને થોડું સારું લાગ્યું. નેપાળીએ જ્યારે દિવાસળી સળગાવી ત્યારે એનો ક્ષણિક પ્રકાશ એના ચહેરા પર પથરાયો અને એ દીવાસળીના અજવાળામાં જ એણે પોતાનું પ્રતિબિંબ જીપમાં લગાવેલા કાચમાં નિહાળ્યું. એ પોતે જ પોતાનું પ્રતિબિંબ જાઈને ચમકી ગયો. એણે જે મેકઅપ કર્યો હતો. એ આખા ચહેરા પર લીંપાઈ ગયો હતો. અને અત્યારે એ થોડા ઘણા પોતાના અસલી રૂપમાં હતો. નેપાળીએ જલદીથી થોડો અમથો મેકઅપ હાથેથી ઠીક કરવાની કોશિશ કરી પરંતુ એ પૂરતું નહોતું. સૌથી મોટી બેવકૂફી તો એણે એ કરી હતી કે એ પોતાની સાથે મેકઅપ કીટ પણ નહોતો લાવ્યો. હવે....? નેપાળી વિચારી રહ્યો. જા આ સમયે પૂજા અને અમીત એની સામે આવી જાય તો એ નેપાળીને જાઈને બને છળી મરત કે કોણ છે આ નેપાળી...?

***

જબરજસ્ત ટેબ્લો પડી ચૂક્યો હતો. શતરંજની બાજીની જેમ બધા ચોકઠામાં પ્યાદા ગોઠવાઈ ગયા હતા. અને ઉપરવાળો બાજી ખેલવા ઉત્સુકતાથી બેઠો હતો. અમીતની ૧૭૮ ટુકડી કેલામાં આરામ ફરમાવી રહી હતી. જ્યારે એનાથી દસેક કીલોમીટર દૂર સુરીન્દરની સેનાએ પડાવ નાખ્યો હતો અને સૌથી છેલ્લે પેલો નેપાળી સુરીન્દરથી સાવચેત અંતરે પોતાની જીપમાં ઠૂંઠવાઈ રહ્યો હતો. હવે જા આ દસ કિલોમિટરનું અંતર એમના બધા વચ્ચેથી નીકળી જાય અને બધા એકજ જગ્યાએ ભેગા થઈ જાય તો પછી એમના વચ્ચે ભયાનક ધમસાણ સર્જાયા વગર ન રહે. એ તો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કલ્પના જ કરવી રહી કે પછી એ લોકોનું શું થાય....? અને ભગવાને એ બધાને ભેગા કરવાની પૂરેપૂરી ચીવટથી કાવતરું ક્યારનુંય રચી નાંખ્યું હતું. સાથે સાથે કોનું શું થવાનું છે એ પણ નિશ્ચિત જ હતું.

***

આખરે એ પાછો ચાલ્યો ગયો. એક રાતમાં એવું તે શું બની ગયું હતું કે દાગંગ અમારી સાથે આવવા તૈયાર નહોતો અને ફરી પાછો લાચૂંગ જવા રવાના થઈ ગયો હતો. આ તરફ અમારી મુશ્કેલીમાં વધારો થયો હતો કે હવે અમને અહીંથી આગળનો રસ્તો કોણ બતાવશે. થેંબાએ દાગંગને સમજાવવાની ઘણી કોશીશ કરી જાઈ પરંતુ એ એકનો બે ન થયો. દાગંગનું એવું કહેવુ ંહતું કે પાગુંસ સરોવર સુધી જઈને એ પોતાના જીવને જાખમમાં મૂકવા નહોતો માંગતો. અમને ખબર તો હતી જ કે અહીંના લોકો એ સરોવરને દેવતાઓનો શ્રાપ માનતા હતા. અને એવું સમજતા હતા કે જે લોકોથી દેવતાઓ ખુશ નથી હોતા એ લોકોને સરોવર ગળી જાય છે. એટલે ત્યાં સુધી જવાની હિંમત મોટે ભાગે તો કોઈ કરતું જ નહિ. પરંતુ આવું કંઈક અમારી સાથે થાશે એનો અમને ખ્યાલ નહોતો. દાગંગને ખબર જ હતી એ સરોવર સુધી અમારે જવાનું છે એટલે એ અમારી સાથે આવવા રાજી થયો હતો. અને હવે છેક અહીં આવ્યા બાદ એનો વિચાર બદલાઈ ગયો હતો. કેલા ગામના લોકોએ તો અમને પણ સમજાવ્યા કે અમેએ તરફ જવાનો વિચાર માંડી વાળીએ અને ફરી પાછા લાચૂંગ જતા રહીએ પરંતુ અમારો ઈરાદો તો પથ્થરની લકીર સમાન હતો. અમારે આ કોયડો ઉકેલવાનોજ હતો. ૧૭૯ અને હવે છેક અહીં સુધી પહોચ્યા બાદ પાછું ફરી જવું બેવકુફી જ હતી. એટલે અમે એ ગામના મુખી પાસેથી આગળના રસ્તાનું માર્ગદર્શન લઈ દાગંગ વગર જ આગળ વધઅયા અમારી અગાઉની ગણતરી કરતાં અહીંથી એ નકશાવાળી જગ્યાએ પહોંચવા અડધો દિવસ વધુ ચાલવું પડે એમ હતું. લગભગ દોઢેક દિવસ બાદ અમે ત્યાં પહોંચવાના હતા અને હવે તો અહીંથી રસ્તો વધુ કઠીન બની જતો હતો. અત્યાર સુધી તો અમે પથરાળ રસ્તા ઉપર જ ચાલ્યા હતા. અને ક્યારેક ક્યારેક જ વચ્ચે બરફ છવાયેલો મળતો હતો જ્યારે અહીંથી આગળની તમામ સફર અમારે બરફીલા પહાડો ઉપર ચાલતા જ કરવાની હતી. કારણ કે આગળ ઉપર બરફાચ્છાદિત પર્વતમાળા શરૂ થતી હતી. જા અણે એખધારી ગતિથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ચાલીએ તો અમે જલદીથી એ જગ્યાએ પહોંચી શકીએ એમ હતા અને જા રસ્તામાં ક્યાંક કોઈ સંજાગોવશાત અમારે રોકાવું પડે તો બે ત્રણ દિવસ તો સહેજે લાગી જાય એમ હતું. એટલે જેમ બને તેમ ઝડપથી અમે પગ ઉપાડ્યા થેંબો સૌથી આગળ ચાલતો હતો. ત્યારબાદ જગદીશ અને ટીના અને છેલ્લે હું અને પૂજા હતા.

એ અમારી ભયાનક ભૂલ સાબિત થવાની હતી કોઈના પણ માર્ગદર્શન વિના બરફના પહાડો ખૂંદવા એ કંઈ ખાવાના ખેલ તો નહોતા જ. અમને અમરી ઉપર ભરોસો હતો કે અમે આ કામ ચપટી વગાડતાં જ કરી નાખીશું. પરંતુ એ અમારી બેવકૂફી હતી. હિંમત અને બેવકૂફીમાં ઝાઝું અંતર નહોતું. અને અત્યારે અમે ભૂલી ગયા હતા. કે બરફીલા પહાડો ઉપર ચઢવા માટે તમારી સાથે એનો જાણકાર માણસ તો હોવો જ જાઈએ. કારણ કે અહીં તમારે આગળ જવાનો અનેત્યાથી પાછા ફરવાનો રસ્તો યાદ રાખવો પડે છે. અને એ કામ ફક્ત અનુભવી વ્યક્તિ જ કરી કે છે. તેઓ પોતે જાયેલી ભૂ સપાટી અને આકાશના વર્ણન સતત નોંધતા રહી અને તેના આધારે જ વળતો પ્રવાસ આરંભતા હોય છે. આણારી સાથે એવું કોઈ નહોતું. અને અમે મુરખાઓની જેમ આગળ વધ્યે જતા હતા. કેલા ગામથી અમે ઉત્તરમાં લગભગ દસેક કીમી જેટલું અંતર કાપી નાંખ્યું હતું. અનેઅહીંથી આગળનો તમામ પ્રદેશ બરફાચ્છાદિત હતો. અમે જેમ જેમ આગળ વધતા જતા હતા તેમ હવામાં ઓક્સિજનની માત્રા ઘટતી જતી હતી. અને તેના કારણે અમને શ્વાસ લેવામાં તકલીફ પડવી ચાલુ થઈ ગઈહતી. હું ૧૮૦ મારી જિંદગીમાં ક્યારેય આટલું સતત એકધારુ ચાલ્યો નહોતો. અને આજે બીજા દિવસ હતો કે હું સતત ચાલી રહ્યો તો. મારા શરીરે તો ગઈકાલથી જ બળવો પોકારવાનું ચાલું કરી દીધું હતું. કારણ કે મારા પગમાં છાલા પડી જવાથઈ મને જબરજસ્ત બળતરા થઈ રહી હતી. અનેપગની નસો ફાટ ફાટ થવા લાગી હતી. ગઈકાલે રાત્રે જે થોડો આરામ મળ્યો હતો એના હિસાબે આજે અમે ફરીપાછા આગળ વધવા સક્ષમ બન્યા હતા. નહિતર ગઈકાલે રાત્રે જ અમારા શરીરે જવાબ આપી દીધો હોત. ગામમાં અમને દેશી સારવાર મળી ગઈ હતી. જેના કારણે અમને ઘણી રાહત મળી હતી.

અમારામાંથી સૌથી ખરાબ હાલત પૂજાની અનેટીનાની હતી. એ બંને છોકરીઓની કોમળ ચામડી ઠંડીની ક્રૂર થપાતો ખાઈ ખાઈને ફાટવા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લાગી હતી. હાથપગના આંગળાઓ ઠંડીના કારણે થીજી જતા હોય એવું લાગતું હતું. અને વારે વારે એ બંને અટકી પડતી હતી એટલે અમારે પણ એના માટે રોકાઈ જવું પડતું. સૂરજ એની પૂરી તાકાતથી એનો પ્રકાશ બર્ફીલી ચાદર પર ફેંકી રહ્યો હતો. જેના કારણે અમારી ચારેતરફ તેજપૂંજનો ઉજાસ ઝળહળી રહ્યો હતો. ઠંડાગાર પવનના સુસવાટા વચ્ચે ગોગલ્સમાંય આ પ્રકાશથી અંજાઈ જતી આંખો આગળ હાથનુ નેજવું કરીને મેં ચારેતરફ નજર ફેરવી અમે હવે ખરેખરી મુસીબતમાં ફસાયા હતા. મારી નજર સામે હતું. ચારેતરફ ફેલાયેલું બરફનું આડબીડ રેગીસ્તાન, જ્યાં નજર કરીએ ત્યાં એકલો બરફ જ બરફ છવાયેલો હતો. શૂન્યથી નીચે ઊતરી ચૂકેલી જીવલેણ ઠંડી અને એઠંડીમાં હાડકા સોંસરવી નીકળી જતી સુસવાટો મારતા પવનની ઠંડીગાર ક્રૂરતા ચૂડેલના વાંસા જેવી સપાટ બરફની ચાદર પર ચાલી ચાલીને અમારા પગમાં હિમડંખ થવા લાગ્યા હતા. અમારા બધામાં સૌથી સારી હાલત થેંબાની હતી. એ આગળ આગળ ચાલ્યો જતો હતો. થેંબો જ આ વાતાવરણમાં નાનેથી મોટો થયો હતો. અને અહીંજ ઉછર્યો હતો એટલે એને અમારા જેટલી અસર થઈ નહોતી. જગદીશ કંઈ બોલ્યા વગર ચૂપચાપ માપી માપીને ડગલાં ભરી રહ્યો હતો. પરંતુ એનો ચહેરો કહી રહ્યો હતો કે એ બહુ ઊંડા વિચારોમાં ગરકાવ હતો. જ્યારે ટીના આજે પહેલીવાર હસતી બંધ થઈઠ હતી. અને એના ચહેરા પર તિરાડો પજડી ચૂકી હતી. અમે ચારેય ચાલતા નહોતા પરંતુ મહા પ્રયત્ને આગળ વધી ૧૮૧ રહ્યા હતા. અમારાપગ બરફની પોચી પોચી ચાદરમાં લગભગ અડધે સુધી ખૂંપી જતા હતા અને મહામહેનતે એક પછી એક ડગલું આગળ ભરી રહ્યા હતા. આ આખો પર્વત અમારે આળી મુસીબતોનો સામનો કરતા જ પસાર કવારનો હતો. અને અમે જા આ જ ગતિથી આગળ વધતા રહીશું તો અમારે કમસેકમ દસ દિવસ તો લાગી જવાના હતા. માણસો શહેરી વાતાવરણથી તંગ થઈને પ્રકૃતિની ગોદમાં રહેવા ઈચ્છતો હોય છે જ્યારે અમારી કહાણી અત્યારે સાવ ઉલટી થઈ રહી હતી. અમે આ સ્વર્ગીય ધરતી પર બરફાચ્છાદિત પહાડોની સાનિધ્યમાં સંપૂર્ણ રૂપે કુદરતની ગોદમાં વીચરી રહ્યા હતા. છતાં અમે અહીંથી ભાગી જવા માંગતા હતા. અમને એક જ આશા આગળ વધારી રહી હતી કે આ પર્વત પૂરો થાય એની પેલે પાર આટલી હાડમારી નહોતી. અહીં ફક્ત આ પર્વત ઉપર જ બરફ પથરાયેલો હતો. અને ત્યારબાદ ફરી પાછી પથરાળ ભૂમિ આવતી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતી. અમે તો બસ.. આગળ વધ્યે જતા હતા.

***

સાલાઓ, સાવ ઠુસલા છે ઠુસલા. બોસ, તમે હુકમ કરો તો આ બધાને ઊંચકીને આપમએ સાથે લઈને ચાલીએ જા આવી જ રીતે આપણે આગળ વધતા રહ્યા તો કદાચ આ જન્મે તો આપણે એ જગ્યાએ પહોંચી રહ્યા.' જગતાપથી સહન ન થતા એ સુરિન્દરને કહી રહ્યો હતો. એ મનોમન ધૂંધવાઈ ઉઠ્યો હતો. તકલીફ તો એને પણ થઈ રહી હતી. છતાં એ હવે કોઈની રાહ જાવા તૈયાર નહોતો. જગતાપની વાત સાંભળીને સુરીન્દરે પોતાની આંખો પરથી દૂરબીન હટાવ્યુ. એ દૂરબીનમાં અમીત અને એની હિલચાલને જ નિહાળી રહ્યો હતો.

જગતાપ સાચું જ કહેતો હતો કારણ કે એ લોકો સાવ મુડદાલની માફક આગળ વધી રહ્યા હતા. જગતાપ શાંતિ રાખ, આ લોકો જ આપણને આપણી મંઝીલે પહોંચાડશે. જે કામ આપણે નથી કરી શક્યા એકામ આ લોકો બખૂબીથી કરી રહ્યા છે અને આમ પણ છેલ્લે સરવાળે બધું આપણા હાથમાં જ આવવાનું છે. માટે ખોટી ઉતાવળ કરી બાજી બગાડવાન ૧૮૨ કોઈ મતલબ નથી. એક ભૂલ આની પહેલા મેં કરી હતી. પેલા અમોમુખીને મારીને. હવે કોઈ જ ભૂલ થાય એવું હું ઈચ્છતો નથી. માટે ખેલ જાયે રાખ. એ છોકરો હોંશિયાર છે અને સાથે નસીબનો બળિયો પણ.. બખૂબીથી આગળ વધી રહ્યો છે. અન એ જરૂર મંજિલે પહોંચશે જ. ક્યારેક ધીરજ રાખવામાં પણ શાણપણ સમાયેલું હોય છે. ખોટી ઉતાવળથી કામ બગડી પણ શકે છે. પેલો નકશો એ લોકોએ જ શોધ્યો છે અને હવે એ નકશાનો ખજાનો પણ એ જ શોધીને આપણને પ્રસાદીના થાળની જેમ સામેથી ધરવા આવશે. એની મને ખાતરી છે. સુરીન્દરની વાત સાંભળી જગતાપ ઠંડો પડીગયો.

સુરીન્દર નહોતો ઈચ્છતો કે જગતાપની ખોટી ઉતાવલના કારણએ આખી બની બનાવેલી બાજી બગડી જાય. આની પહેલા એક નાનકડી અમથી ભૂલના કારણે છ સાત મહિના રાહ જાવી પડી હતી. એટલે આ સમયે તે ખૂબ જ સાવધાનીપૂર્વક વિચારીને આગળ વધવા માંગતો હતો. અચાનક સુરિન્દરને આજથી છ સાત મહિના પહેલાની અણોમુખીવાળી ઘટના યાદ આવી ગઈ...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એસમયે સુરિન્દરને લાચૂંગમાં પોતાની ફેક્ટરીમાં આવ્યો હતો. ફેક્ટરી તો વર્ષ દિવસ અગાઉ બંધ કરી નાંખી હતી. પરંતુ એનો હજી થોડો વહિવટ બાકી હતો. એટલે એ માટે તે લાચૂંગ આવ્યો હતો. એની ફેક્ટરીમાં કામ કરતા માણસોને કોઈક જૂનો લોચો પતાવવાનો હતો. એટલે એણે અમોમુખીને વચ્ચે રાખીને વહીવટ પતાવ્યો હતો. આમ તો એની અને અમોમુખીની ઘણાઆ વર્ષોથી મિત્રતા હતી. એટલે એ ફેક્ટરી બંધ થવાથી મુખીને ઘણું જ દુઃખ થયું હતું. સુરીન્દરે મુખીને ફેક્ટરી બંધ કરવાનું એવું કારણ જણાવ્યું હતુંકે અહીં જે દવા બનતી હતી એની ડિમાન્ડ માર્કેટમાં ઘટી ગઈ છે. એટલે હવે દવા બનાવવી પોષાય તેમ નહોતી. પરંતુ ખરેખર સાચું કારણ તો એ હતુંક સુરીન્દર આયુર્વેદિક દવાના નામે બીજા જ પ્રકારની ભેળસેળવાળી દવા બનાવીને બજારમાં વેચતો હતો. એટલે સરકારે આ દવા પર નિયંત્રણ મુકી દીધા હતા. એટલે હવે ના છૂટકે તેને આ ફેક્ટરી બંધ કરી દેવી પડી હતી. અમોમુખીને સુરીન્દરની વાત ઉપર વિશ્વાસ આવી ગયો એ સમયે અમોમુખી ઘણો વિચાર કરીને એક વાત સુરીન્દરને જણાવી હતી. મિત્રતાના ભાવે એ વાત એણે કરી હતી જે સાંભળીને સુરીન્દરની આંખોમાં ૧૮૩ એક અજીબસી ચમક પેદા થઈ ગઈ હતી. સાચું તો એહતું કે મુખીને ખબર જ નહોતી કે સુરીન્દર કેવા પ્રકારનો માણસ છે એટલે એણે સુરિન્દર પર આંધળો વિશ્વાસ મૂકીને એ વાત એને કહી નાંખી. અમોમુખીના મોંઢે સાંભળેલી આખી વાત કંઈક આ પ્રકારે હતી..

એ સમયે અમોમુખી હજી જુવાનીના ઉંબરે દસ્તક તઈ રહ્યો હતો. અન એનું જુવાન ગરમ લોહી કંઈક અનોખું અનેઅલગ જ પ્રકારનું કામ કરવા થનગની રહ્યું હતું. એવામાં એક દિવસે એનો ભેટો ચાર રાજસ્થાની માણસો સાથે થઈ ગયો. એક તો એ કંઈક નોંખું કરવાની ઈચ્છાવાલ વ્યક્તિ હતો અને એમાં આ ચાર વ્યક્તિઓએ એને એવી લાલચ આપીને ફસાવ્યો કે એ એમની સાથે જવા રાજી થઈ ગયો. એણે ફક્ત એ લોકોને પહાડોના રસ્તેથી લઈ જઈને ભારતની બોર્ડર ક્રોસ કરાવી દેવાની હતી. અને એના બદલામાં એ લોકો અમોને રાણીસિક્કા આપવા બંધાયા હતા. અમો એ લોકોને ઉત્તર પૂર્વના રસ્તેથી તિબ્બત સુધી લઈ જવા રાજી થયો હતો. અન આમ એ પાંચ આગળ વધ્યા હતા. એ સમયે એના બાપ દાદાઓ પાસેથી પાંગુસ સરોવર અને એની ભયાનકતા વિશે જરા તરા વાતો સાંભળી હતી. પરંતુ એ આવી બધી બાબતોમાં વિશ્વાસ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નહોતો કરતો એટલે અમો પેલા લોકોને લઈને પાંગુસ સરોવરવાળા રસ્તેથી જ આગળ વધવા માંગતો હતો. અમો જવાન હતા. હણહણતા ઘોડા જેવો જવાન અને વેગીલો. એનું લોહી ઉછાળા મારતું હતું. અને એ જાશમાંજ એ એક ભયંકર ભૂલ કરી બેઠો હતો. પાંગુસ સરોવરના રસ્તે જવાની આ ભૂલ એણે કરવા જેવી નહોતી છતાં એણે કરી, અને એનું પરિણામ જે આવ્યું તે ખરેખર રૂંવાડા ઊભા કરી દે એવું અને મહા ભયાનક હતું. આમ જાવા જાઓ તો અમોએ જાણી જાઈને એ ભૂલ કરી હતી. અમોએ મનમાં એવું વિચાર્યું કે આજ અવસર હતો કે ગામલોકો આગળ પોટાનો વટ પાડી શકે. એ ગામલોકોને કહી શકે કે એ પેલી મોતના મુખવાળી જગ્યાએથી જીવતો પાછો આવ્યો છે. અનેતમે લોકો જે સમજા છો એ વાયકા સાવ ખોટી છે. અમો ગામમાં પોતાનો પ્રભાવ વધારવા માંગતા હતા. અને એટલે જ જાણી જાઈને એણે પાંગૂસ સરોવર વાળો રસ્તો પસંદ કર્યો હતો. એ સમયે અમો ભાન ભૂલ્યા અને કુદરત સામે એણે બાથ ભીડી ૧૮૪ હતી. જે એના માટે એક દુઃસ્વપ્ન સાબિત થયું હતું. અને સાચેજ... થયું પણ એવું જ કે જે જાઈને અણે આખેઆખા અંદરથી જ ખળભળી ઊઠ્યો. એનો રૂવે રૂંવે કાંપી ઉઠ્યો અને એનું લોહી સુકાઈને જામી ગયું હતું. એ દિવસ અમોને જિંદગીભર યાદ રહી જાય એવો વિત્યો હતો.

પેલા ચારેય રાજસ્થાની વ્યક્તિઓના ખભે મોટામોટા થેલા ભરાવેલા હતા. જેમાં ઘણો વજનદાર સામાન હતો. એ શું સામાન છે એની તો અમોનેય ખબર નહોતી. પરંતુ જ્યારે એ લોકો થેલા ઊંચકી ઊંચકીને થાક્યા ત્યારે એમાંથી બે વ્યક્તિઓએ પોતાના થેલા અમોના ખભે ચડાવ્યા. ત્યારે અમોને ખ્યાલ આવ્યો હતો કે એ થેલામાં ધાતુની કોઈક ખૂબ જ વજનદાર વસ્તુઓ ભરી હતી. અમોને એ સમયે એ પણ ખ્યાલ નહોતો કે આ લોકો ખુરશીદ નામની વ્યક્તિનું લાચૂંગમાં ખૂન કરીને આયા છે અને હવે એ અહીંથી ભાગવાની પેરવીમાં હતા. એ વાતની જાણ તો અમોને ઘણા સમય બાદ થઈ હતી. ધીરે ધીરે કરતા એ લોકો પાંગૂસ સરોવરની હદમાં પ્રવેશી ચૂક્યા હતા. આ એક એવો વિસ્તાર ચાલુ થયો હતો કે જ્યાં બધું સૂકું ભઠ અને વેરાન વગડા જેવું વાતાવરણ હતું. બરફાચ્છાદિત પર્વતોની જગ્યાએ હવે આગળ બધું વેરાન પથરાળ ભૂમિની શરૂઆત થઈ ચૂકી હતી. સાત જન્મેય ત્યાં જવાની કોઈ હિંમત ન કરે એવા બિહામણા સ્મશાનમાં એ લોકો પહોંચી ચૂક્યા હતા. આગળ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વધતા બધાને બીક લાગવા માંડી હતી. કારણ કે ચારેબાજુથી ધીમે ધીમે ક્યારેય ન સાંભળ્યા હોય એવા ભયાનક અનેહૃદયને બેસાડી દે એવી ચીસો પોકારા સંભળાવા લાગ્યા હતા.

દૂરથી દેખાતું પાંગૂસ સરોવરનું પાણી એકદમ લાલચટ્ટક બનીને ઉછાળા મારી રહ્યું હોય એવું જણાતું હતું. જાણે કે એ પાણી ન હોય અને એક રાતા લોહીનું સરોવર હોય. અમો અને એની સાથે હતા એ લોકો ભયભીત થઈ ઊઠ્યા. અને પાછા ભાગવાની કોશિશ કરી જાઈ પરંતુ તેઓ પાછા ન ફરી શક્યા. એમની ચારે તરફનું વાતાવરણ એકસરખું બની ગયું હતું. અને એ લોકો દિશાશૂન્ય બની આ વિસ્તારની ભયાનક પકડમાં સપડાઈ ચૂક્યા હતા. અચાનક એ લોકો કેવી રીતે આ જગ્યામાં પહોંચી ગયા એ તો એમને પણ સમજ નહોતી પડતી. ૧૮૫ અને ત્યાંથી ભાગવાની જે પણ કોશિશ કરી એ તમામ વ્યર્થ સાબિત થઈ અન જે બનવાનું હતું એ બનીને જ રહ્યું પેલા બે માણસો કે જેના મોઢામાંથી અચાનક ચીસો નીકળવા લાગી હતી. અચાનક એ લોકો બૂમો પાડવા લાગ્યા અ પાછળ ચાલતા બીજા બે વ્યક્તિઓ સમજી ન શક્યા. એટલે એણે ખભે ભરાવેલા થેલાને ત્યાં જ ઉતારીને એ ચીસો પાડી રહેલા એના સાથીદારો તરફ દોડ્યા. પરંતુ એ લોકો ત્યાં પહોંચે એ પહેલા તો ઘણું મોડું થઈ ચૂક્યું હતું. દોડીને આવેલા એ લોકોએ જે જાયું એના કારણે એમનું હૃ-દય ઉછળીને મોઢામાં આળી ગયું. અને આંખો રીતસરની ફાટીને બહાર નીકળી ગઈ. એમના ચહેરા ભયાનક દહશતના કારણે પીળા પડી ગયા અને જાણે કે કોઈએ જબરજસ્તીથી એમને પકડીને જમીનમાં ખોડી દીધા હોય એમ એ ખીલો થઈને ઊભા રહી ગયા. એ એમની નજરે જાઈરહ્યા હતા કે એના જે બે સાથીદારો આગળ હતા અને અત્યારે ભયાનક ચીસો પાડી રહ્યા હતા. એમના અડધા ઉપરના શરીર રીતસર હવામાં ઓગળી રહ્યા હતા. અને એ લોકોને જાણે કે કોઈ એસિડ નાંખીને શરીરનો એકબાજુનો ભાગ બાળી રહ્યો હોય એવી ભયાનક પીડા એ બંનેના ચહેરા ઉપર ઉપસી આવી હતી.

અને ધીરે ધીરે એ લોકો વધુને વધુ ઓગળતા ચાલ્યા. એક બાજુનો ભાગ તો સંપૂર્ણપણે ઓગળી ચૂક્યો હતો. પરંતુ બીજી તરફ એ બંને માણસો હાથ લંબાવીને એના બીજા બંને સાથીદારોને પોતાને બચાવી લેવા રીતસરના કાલાવાલા કરી રહ્યા હતા. એમની હૃદયદ્રાવક

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ચીસો સાંભળીને ભલભલાના ગાત્રો ઢીલા પડી જાય. એમની દર્દનાક ચીસો આ બિહામણા વાતાવરણને વધુ બિહામણું બનાવી રહી હતી. અને એ ચીસો સાંભળને એના બીજા બંને સાથીઓએ એમના હાથ પકડીને એમની તરફ ખેંચવા લાગ્યા. ભયંકર અંધાધૂંધી સર્જાઈ હતી અને પેલા બંને માણસો એના સાથીઓને બચાવવાના મરણતોલ કોશિશ કરી રહ્યા હતા પરંતુ એમની તમામ કોશિશ નાકામિયાબ નિવડી અને એ લોકો પણ એમાં સ્વાહા થઈ ગયા. એ પેલા બંનેને ખેંચી રહ્યા હતા કે અચાનક એક જારદાર ઝટકો લાગ્યો ને એ ચારેય પળવારમાં ગાયબ થઈ ગયા. એમ જ ઊભા ઊભા એ લોકો હવામાં ઓગળી ગયા. અમો તો થરથર ધ્રુજતો ફાટી આંખે આ બધું જાઈ રહ્યો હતો એને અહીંથી ભાગવાનું પણ હોશ નહોતા રહ્યા. શુ ંથયું કેમ થયું અને એ લોકો ક્યાં ૧૮૬ ગયા એ કાંઈ જ સમજ એને ન પડી. આ બધું અમોએ એની નજરોનજર જાયું હતું. એ ક્યારનો પેલા ચારેય થેલાઓ ઊંચકીને થર થર ધ્રુજતા પગે મોતનું તાંડવ નિહાળી રહ્યો હતો. એક જારદાર અવાજ થયો અને પેલા ચારેય લોકો હવામાં ગરકાવ થઈ ગયા. ત્યારે એને ભાન થયું કે એ મોતના મુખમાં ઊભો છે એટલે એ પાછળ ફરીને મૂઠીઓ વાળીને ભાગ્યો હતો. કાંઈ પણ વિચારવાનું, સમજવાનં નહોતું, બસ ભાગવાનું હતું. અને એ ભાગ્યો હતો. આંધળાની જેમ ભાગ્યો હતો. મોતથી બચવા એપાછળ ફરીને ભાગ્યો હતો. અન એની પાછળ ભૂતાવળ દોડી રહી હોય એવા અવાજા એનો પીછો કરતા હતા અને એનાથી બચવા એ બમણા વેગથી દોડતો હતો.

કેટલાયે લાંબા સમય સુધી એ સતત ભાગતો રહ્યો આખરે શરીરની તમામ શક્તિઓ નીચોવાઈ ગઈ એટલે પોતાની હોંશ ગુમાવીને ધડામ કરતો એક જગ્યાએ ઢેર થઈ ગયો. અમો બેહોશ થઈ ગયો હતો. પરંતુ એના ભાગ્યે એને સા આપ્યો હતો. નસીબ પાધરું હતું એનું એટલે એ જીવતો નીકળી આવ્યો હતો. એ ભૂખી જગ્યામાંથી એને પોતાને પણ ખ્યાલ ન રહ્યો કે કેટલો સમય એ બેહોશ રહ્યો હતો. બેહોશીની ગર્તા તૂટતાં ઘણો લાંબો સમય નીકળી ગયો. એ જ્યારે ભાનમાં આવ્યો ત્યારે એ કોઈ પહાડની ટોચે પહોંચી ચૂક્યો હતો. અમોએ ઊભા થઈને પોતાની આસપાસ નજર નાંખી ત્યારે સમજ પડી કે એના પગ દોડતી વખતે કેમ ભારે ભારે લાગત ાહતા. એ પોતાના ખભે ચાર થેલા ઊંચકીને લેતો આવ્યો હતો. એ જ ચાર થેલા કે જે પેલા લોકો પાસે હતા. અમોને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પોતાને પણ ભાન ન રહ્યું કે એણે ક્યારે પેલા થેલા એના ખભે ભરાવી દીધા હતા અને એ ટિંગાતા થેલા સાથે જ કેમ ભાગી રહ્યો હતો? એ પોતાના મોતને હાથતાળી આપીને આવ્યો હતો. પરંતુ હજી પણ એના મનમાંથી ડર ઓછો થતો નહોતો. આવું ભયાનક દૃશ્ય એણે ક્યારેય જાવાનું નહોતું. અરે જાવાની વાત તો દૂર રહી. સ્વપ્નમાંય એણે ક્યારેય આવી કલ્પના નહોતી કરી. હવે તો અમોને એ થેલાય મનહુસ લાગવા માંડયા હતા. એટલે એ જેમ બને તેમ એનાથી છુટવા માંગતો હતો. એ થેલાને ત્યાંજ ફેંકી દેવા માંગતો હતો. પરંતુ એ પલહેલા એની અંદર શું છે એ જાઈ લેવાની ઈચ્છા થઈ.

એ ચાર થેલામાંથી એક થેલાની ઝીપ એણે ખોલી. થેલાનું મોઢું ખુલ્લું કર્યું અને ૧૮૭ અંદર નજર નાંખી. કોઈ ક લીસી ચળકતી વસ્તુનો ગઠ્ઠો એના ધ્યાનમાં આવ્યો એટલે એણે બેહાથ થેલામાં નાંખી એ વસ્તુને બહાર કાઢી એ વસ્તુને જાતાં જ એની નજરો ચમકી ઊઠી. એ મૂર્તિ હતી. શુદ્ધ ચળકતા સોનાની ભગવાન શિવની મૂર્તિ હતી. લગભગ દોઢેક ફૂટ ઊંચી અને એકાદ ફૂટની લંબાઈ ધરાવતી એ સોનાની મૂર્તિ હતી. એણે ફટાફટ બધા થેલાઓ ખોલી નાંખ્યા. અન અંદરની વસ્તુઓ જાઈને અવાચક બની ગયો. અમોને પોતાની આંખો ઉપર વિશ્વાસ નહોતો થતો કે આજે જાઈ રહ્યો છે એ સાચું છે કે સ્વપ્ન. એની નજરોની સામે ચાર એકસરખી કલાત્મક શુદ્ધ સોનામાંથી બનેલી ભગવાન શિવની મૂર્તિઓ હતી. હવે એને આખી વાત સમજમાં આવતી જતી હતી કે પેલા ચાર માણસો આ ભગવાન શિવની મૂર્તિઓ ક્યાંકથી ચોરીને લાવ્યા હતા. અન એટલે જ ભગવાને કોપાયમાન થતા એ લોકોને એની કરણીનું ફળ મળી ગયું. જ્યારે આ ચોરીમાં એનો કોઈ હાથ નહોતો એટલે એ બચી ગયો હતો. અમોએ ફરી પાછી એ મૂર્તિઓ થેલામાં ગોઠવવા એક થેલો જેવો ઊંચો કર્યો કે એકઝળહળતો હીરો એના પગ પાસે પડ્યો. અવાક બનીને એ આ બધું જાઈ રહ્યો હતો. એના મગજમાં હજુ પણ પેલા ચાર માણસોની દર્દનાક ચિસો સંભળાઈ રહી હતી. અમોને મનમાં એવો વહેમ બેસી ગયો કે આ બધું ભગવાન શિવના શાપને કારણે જ થયું છે અને જા એ પોતે આ થેલાને લઈ જશે તો એના પણ એવા જ હાલ થાશે. એટલે અમોએ એ બધા થેલા એ પહાડમાં એક ગુફા જેવી જગ્યામાં અંદર સુધી મુકી આવ્યો. અન એની નિશાનીરૂપે એક નકશો બનાવી નાંખ્યો. અને પેલો હીરો પણ પોતાની પાસે રાખ્યો એ પછી સાવ સહજ રીતે જ અમો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ગામમાંપાછો ફર્યો હતો.

આ આખી ઘટના એણે ઘણાં વર્ષો બાદ સુરીન્દર પાસે ઉખેળી હતી. હવે તો અમો ગામનો મુખી પણ બની ગયો હતો. અને ઘરડો પણ. એટલે હવે આ વાત એ કોઈને કહી દેવા માંગતો હતો. કે જેથી મરી જાય તો પણ કોઈને તો ખ્યાલ રહે. અમોમુખીની વાત સાંભળી સુરીન્દરની દાનત બગડી હતી એણે એટલું તો અનુમાન લગાવી લીધું હતું કે એ થેલાઓમાં અબજારૂપિયાનો માલ તો હતો જ. સુરીન્દરે અમોમુખી સાથે સોદાબાજી કરવાની કોશિશ કરી જાઈ. જા મુખી એને નકશો આપી દે તો જે માલ ૧૮૮ મળશે એમાંથી મુખીને અડધો ભાગ આપશે પરંતુ સામા પક્ષે અમોમુખી એ માટે બિલકુલ રાજી નહતો. કારણક ે એને તો ભગવાનના શ્રાપની બીક લાગતી હતી. એ એવું દૃઢપણે માની રહ્યો હતો કે જા એ ખજાનો અહી ંઆવશે અથવા તો એને કોઈ હાથ પણ લગાવશે તો એનું ધનોતપનોત નીકળી જશે. અને પોતાના ગામમાં પણ આફત ઉતરી આવશે. એટલે એણે સુરીન્દરને એ નકશો આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.

પછી તો અમોમુખી ઘણો પસ્તાયો હતો કે એણે આ વાત સુરીન્દરને નહોતી કરવા જેવી. પરંતુ હવે ઘણું મોડું થઈ ગયું હતું. સુરીન્દરે પોતાની રીતે બે ત્રણ વખત એ આખો ઈલાકો ખોળી નાંખ્યો હતો. પરંતુ એને ન તો અમોમુખીએ કહ્યો હતો એ પહાડ મળ્યો કે ન મળ્યો એ ખજાનો. છેલ્લા દાવ તરીકે એણે મુખી ઉપર દબાણ વધાર્યું. અને એને ડરાવવા પોતાના બંદૂકધારી માણસોને મુખીની પાછળ દોડાવ્યા. પરિણામ સાવ ઊલટું આવ્યું. એના માણસોએ ભૂલથી ગુસ્સામાં અમોમુખીને ગોળીએ દીધો. એ મરતા તો મરી ગયો હતો પરંતુ એના માણસોને મુખીનું ખૂન કરતાં બે વ્યક્તિઓ જાઈ ગઈ હતી જે ભવિષ્ય માટે ખતરનાક હતું એટલે સુરિન્દરે એમાંથી જે એક સ્થાનિક માણસ હતો અને ગંગટોકમા ંજ રહેતો હતો. એને ધમકાવીને ચૂપ કરી દીધો હતો. જ્યારે બીજી તરફ પેલા છોકરડાની સોપારી એણે જગતાપને આપી દીધી. જગતાપ એ સમયે સુરતમાં જ હતો એટલે એ કામ એણે જાતે જ કર્યું અને એમાં એચૂકી ગયો. એ છોકરાના નસીબ સારા હતા કે એ જગતાપની ભૂલના કારણે બચી ગયો હતો.

સુરીન્દર તમામ વાતો વાગોળી રહ્યો હતો. એનાથી ઘણી ભૂલો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

થઈ હતી અને હવે એ એવી કોઈ ભૂલો દોહરાવવા માંગતો નહતો. એને વિશ્વાસ હતો કે આ છોકરડાઓ જ એને પેલા ખજાના સુધી પહોંચાડશે. એટલે પોતાના દિમાગને ઠંડુ રાખી એ જગતાપને પણ શાંત પાડી રહ્યો હતો. એના મનમાં બીજી પણ એક દાઝ હતી કે એ વખતે જા આ ખજાનો હાથમાં આવી જાય પછી એ એના આકાઓની પણ બોલતી બંધ કરવા માંગતો હતો.

દરેક વ્યક્તિ પોતપોતાના પ્લાન મુજબ આગળ વધી રહી હતી. અને કુદરતે પણ દરેક માટે એક પ્લાન ઘડી રાખ્યો હતો.

સતત ત્રણ દિવસની એકધારી સફરે અમાર મનોબળના ભુક્કા બોલાવી દીધા હતા. ત્રણ દિવસનો સમય મારા માટે ત્રણ સદીઓ કરતાં પણ લાંબો થઈ ગયો હતો. જ્યાં બે ઘડી ઊભા રહેવું એ પણ સાત જન્મોની કારાવાસ જેવું લાગે એવા ભયાનક કાતિલ વાતાવરણમાં સતત ત્રણ દિવસથી અમે ચાલી રહ્યા હતા. કાતિલ ઠંડા પવનોની થપાટો ખાઈ ખાઈને અમાર ચહેરા માદરપાટ જેવા રૂક્ષ બની ગયા હતા. ભીંત ઉપરથી ચૂનો ખરે એમ અમારા ચહેરાની ચામડી ખરતી હતી. પૂજાના મુલાયમ કોમળ હોઠ ઉપર તો જાણે કુદરતે કાળો કોપ વર્તાવ્યો હોય એમ એ એકદમ સફેદ કાગળ જેવા થઈને ફાટી ગયા હતા. અને એમાં પડી ગયેલા કાપામાંથી લોહી નીકળવા લાગ્યું હતું. અમારા મનોબળની ક્રૂર કસોટી થઈ રહી હતી. ઉપર આકાશમાંથી નીચે ધરતી પર ઝીંકાતા સૂર્યકિરણો બરફની ચાદર ઉપર પટકાઈ સીધા જ અમારી આંખોમાં શૂળની જેમ ભોંકાતા હતા. જેના કારણે ઘણીવાર તો આંખો અંજાઈને જવાથી અમારી દૃષ્ટિ એનું સાતત્ય ગુમાવી દેતી હતી. હિમડંખનો એકધારો ઝેરીલો માર ખાઈને અમારા પગની આંગળીઓ ખોટી પડવા લાગી હતી. અમે વારે વારે ઠંડીથી ઠૂંઠવાતા અમારા શરીરને ખેંચીને તંગ કરતા દૃઢ મનોબળ એકઠું કરીને આગળ વધતા હતા, બસ હમણાં બરફનું રેગિસ્તાન પૂરું થઈ જાશે અને ફરી પાછી સમથળ સપાટી આવશે. એવી ચિરંજીવી અમર આશાએ અમારો સાથ છેક છેલ્લે સુધી છોડ્યો નહોતો. અમારું એક એક પગલું અમારા અસ્તિત્વની કસોટી કરી રહ્યું હતું. અમે પાંચ વ્યક્તિ આ કાળઝાળ વાતાવરણને માત કરવાની કોશિશ કરી રહ્યા હતા. સૌથી વધારે ભયાનક અસર અમારા ચહેરા અને પગ ઉપર વર્તાતી હતી. અમારા ચહેરા ઉપરતો અહીંના ઠંડા પવનોએ રીતસરનો જુલમ જ વર્તાવ્યો હતો. હાથના ટેરવા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જા ભૂલે ચૂકેય અમારા ચહેરાનો સ્પર્શી લેતા ત્યારે એક ભયાનક પીડા ઊપડતી હતી. અને એવું લાગતું કે જાણે હમણાં અમારા ચહેરાની બધી ચામડીઓ એકસાથે નીકળીને અમારા હાથમાં આવી જશે. પરંતુ એક વાત તો ખાસ હતી અમારા બધામાં અને એ હતી અમારી હિંમત.... આટઆટલી હાલાકી અને હાડમારી વચ્ચેય અમારા હામ સાબુત હતી. ધ્રુજતા હાથે એલ્યુમિનિયમની ટેકણ લાકડીના સહારે અમે આગળ વધતા હતા અને... ત્રણ દિવસની એ યાતનાદાયક ૧૯૦ નર્કાગારની અમારી સફર પૂરી થઈ. ધીરે ધીરે એ બર્ફિલો વિસ્તાર હવે સપાટ મેદાનમાં તબદીલ થવા માંડ્યો હતો. અમે અમારી રાહમાં પથરાયેલું એ બરફનું અડાબીડ જંગલ વીંધીને પથરાળ ભૂમિ ઉપર ડગ માંડી રહ્યા હતા. અહીંથી આખો સીનારીયો જ બદલાવા લાગ્યો હતો. અમ ેઅચાકન જાણે મરુભૂમિ ઉપરથી સુંદરવનમાં આવી પહોંચ્યા હોઈએ એવી અનુભૂતિ થવા લાગી. કુદરતના એ અદભૂત બદલાવમાં અમારી તમામ મુશ્કેલીઓ, દુઃખ, દર્દ અને શારીરિક તકલીફો જાણે કે હવા થઈને ઊડી ગઈ હતી. હું દોડીને એક મોટી શિલા પર ચડી ગયો. અને આજુબાજુના આ અદભૂત નજારાને પૂરી તન્મયતાથી જાવા લાગ્યો. હજુ હમણાં થોડા કલાકો પહેલા લાગતું હતું કે આ બરફના દોખઝમાં ચાલવા કરતા તો મૃત્યુ સારું. જ્યારે અત્યારે પરિસ્થિતિ એનાથી બિલકુલ વિપરીત સર્જાઈ હતી. અત્યારે અમે દેવભૂમિ પર આવી પહોંચ્યા હતા. જ્યાં ચારેતરફ ખૂબસૂરત ફુરતી સુંદરતા વેરાયેલી, પથરાયેલી, છવાયેલી હતી. મારી નજરોની સામે એક મોટો પર્વત હતો જે શિલા ઉપર હું ઊભો હતો એનાથી બિલકુલ નજીક હતો. મારી બાજુએ એ પર્વત એકદમ સીધો સપાટ અને ઘણો ઊંચો દેખાઈ રહ્યો હતો. એ પર્વતનો અડધો ભાગ હતો જેની ટોચેથી ખળખળ વહેતું પાણી નીચે એ જ પાણીના બનેલા નાનકડા અમથા સરોવર જેવા તળાવમાં પડી રહ્યું હતું અને એ તળાવની આસપાસ લીલોતરી ઉગી નીકળી હતી. એ જગ્યા ખરેખર અદભૂત હતી. રણમાં જાણે નાની અમથી વિરડી ફૂટી નીકળી હોય અને એની આસપાસ લીલોતરી ઊગીને એક નાનકડું અમથું જંગલ બન્યું હોય એવું કંઈક દૃશ્ય અહીં સર્જાયું હતું..

'ધુબાક દઈને થેંબો એ નાનકડા સરોવરમાં ખાબક્યો હતો. એના ચહેરા પર અવર્ણનીય આનંદ છવાયો. આટલી જબરજસ્ત કાતિલ ઠંડીમાં પણ આ હિમ જેવા ઠંડા પાણીમાં ખાલી એક અંડરવેર ભેર નહાવા પડ્યો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતો. મને બીક લાગી કે કદાચ એને ન્યૂમોનિયા ન થઈ જાય.. પરંતુ એ અહીંન વતની હતો. એટલે એનું શરીર ઠંડા પાણીથી ટેવાઈ ગયું હતું. અહીં અમારુ ંબે કલાકનું ફરજિયાત રોકાણ હતું. કારણ કે હવે અમારા શરીર આરામ માંગી રહયા હતા. એના માટે આ એકદમ સારી જગ્યા હતી. પૂજા એક નાનકડા પથ્થર ઊપર બેસીને પગમાંથી બૂટ કાઢી એની નાજુક આંગળીઓને જાઈ રહી હતી. હું એની પાસે ૧૯૧ ગયો. એના મુલાયમ, નાજુક પગની આંગળીઓને ઠરીને લાકડા જેવી કડક થઈ ગઈ હતી. અને બે ત્રાણ જગ્યાએ હિમડંખના કારણએ થયેલા ફોડલામાંથી લોહી નીકળવા લાગ્યું હતું. આમ તો આ ઝખમ આખા શરીરમાં થતા દુઃખાવા અને કળતર સામે રતિભાર પણ નહોતા. છતાં પગમાં ઝખમ થયા હતા અને હજુ અમારે ખબર નહીં. કેટલું ચાલવાનું હતું. એટલે એની સારવાર જરૂરી હતી. મે ંમારા થેલામાંથી ફર્સ્ટ એઈડ કીટ બહાર કાઢી અને પૂજાના મૂલાયમ પગ ઉપર પ્રાથમિક સારવાર કરવાની ચાલુ કરી. હું ચૂપચાપ એના પગ ઉપર મલમ લગાવી રહ્યો હતો. અને એ અનિમેષ દૃષ્ટિએ મને જાઈ રહી.. એ શું વિચારી રહી હતી એ હું જાણતો નહોતો. છતાં એક અંદાજ હતો કે એ મારા વિશે જ વિચારતી હશે. થોડીવાર બાદ હું ત્યાંથી ઊભો થઈને એક ઝાડના થડના ટેકે જઈને બેઠો. મારે આરામની ખાસ જરૂર હતી. કદાચ હું એની પાસેથી દૂર ગયો એ પૂજાને ગમ્યું નહોતું એટલે એ ઊભી થઈને મારી પાસે આવીને મારી બાજુમાં બેસી ગઈ.

‘તમે બહુ જ વિચારો છો. આપણે ઘણા સમયથી સાથે છીએ અને મેં એક વાત નોટિસ કરી કે તમે ક્યારેય દિલ ખોલીને વાત નથી કરતાં.. આવું કેમ...? પૂજા મારી તદ્ન અડોઅડ બેઠી હતી. અને એણે મારી નજરોમાં એની નજર એક કરતાં મને પૂછ્યુ ંહતું. મારી પાસે એના સવાલનો જવાબ નહોતો. હું કેમ વધુ વાત નહોતો કરતો એ તો મને પણ કદાચ ખ્યાલ નહોતો. કદાચ મારો સ્વભાવ જ થોડો રીઝર્વ પ્રકારનો હતો એટલે મને શાંત રહેવું વધારે પસંદ હતું.

એની તો મને પણ ખબર નથી. કદાચ મારો સ્વભાવ જ એવો છે એટલે જલદીથી હું કોઈની સાથે વાતોમાં જાડાઈ શકતો નથી.

હંમ્... તો એમ વાત છે.

હા... કદાચ એમ જ છે પરંતુ તું મને શા માટે પૂછે છે? તારો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સ્વભાવ પણ મારા જેવો જ છે ને...? રીઝર્વ...?

ના...રે...ના... એ ખિલખિલાટ હસી પડી.

શું ના.. રે ના... તું પણ ક્યાં ઝાઝું બોલે છે..

છતાં હું રીઝર્વ નથ...

એ કેવી છે..? મને મજા આવી રહી હતી.

ચાલો... ઊભા થાવ, પછી કહું. એણે મારો હાથ પકડીને ખેંચીને મને ઊભો કર્યો. મને ખરેખર ખૂબ જ મજા આવી રહી હતી. ઘણા દિવસો બાદ એ ખુશમિજાજ જણાતી હતી. એ અહીં સુધી પહોંચવામાં જે મુશ્કેલીઓ પડી હતી એને પળવારમાં ભૂલી ગઈ હોય એવું મને લાગતું હતું. એ મસ્તીના મૂડમાં આવી ગઈ હતી અને હું કંઈ સમજું કે એ શું કરવા માંગે છે એ પહેલા તો મને ખેંચતી એ તળાવની કોરે લઈ ગઈ અને મને પાણીમાં જારદાર ધક્કો મારી દીધો હતો. મને સ્વપ્નેય ખ્યાલ નહોતો કે પૂજા આવું કંઈક કરશે હું કંઈક સમજું અન સાંભળું એ પહેલા તો ધુબાક.. દેતોક હું ઠંડા બરફ જેવા પાણીમાં ઊંધા માથે ઝીંકાયો હતો. એ તો સારું થયું કે મેં મારો ઓવરકોટ, પેન્ટ અને ટોપી પહેલેથી જ ઉતારીને સુકાવા મૂકી દીધા હતા. અને હું મારા નોર્મલ કપડામાં હતો. પૂજાએ રીતસરનું પાગલપન જ કર્યું હતું છતાં એ હસી રહી હતી. હું તળાવના ઠંડા પાણીમાં છબછબિયા કરવા લાગ્યો. ઠંડા પાણીમાં પડ્યો ત્યારે ખબર પડી કે થેંબો કેમ ગેલમાં આવી ગયો હતો.? હકીકતમાં બહારના તાપમાન કરતાં તળાવના પાણીનું તાપમાન વધુ હતુ એટલે બહાર કડકડતી ઠંડી કરતાં અત્યારે આ પાણી મને હુંફાળું લાગ્યું હતું. અને એને જાઈને બીજા લોકોને પણ હસવું આવવા લાગ્યું હતું. એ હસતી હતી અને શરમાઈ ગઈ હતી. અને હું એક ઘાયલની જેમ એને તાકી રહ્યો હતો. અને ... હું ચમક્યો હું એટલો બુદ્ધુ નહોતો કે એ ન સમજી શકું કે એનો મતલબ શું થાય.... પૂજા શરમાઈને એનો નીચેલો હોઠ દાંતમાં દબાવીને હસતી હતો. મારી સાથે નજર મળતાં એની નજર ઝૂકી ગઈ. હું ખુશીનો માર્યો ઉછળીને 'યા.. હૂ...' કરતાં ઊંધા માથે પાણીમાં ખાબક્યો. મારા મોઢામાં, નાકમાં, કાનમાં પાણી ઘૂસી ગયું હતું પરંતુ મને એની પરવા નહોતી કારણ કે આજે અત્યારે મને મારી દુનિયાની તમામ દોલત મળી ગઈ હતી... મારા આનદની સીમા નહોતી રહી. પૂજાએ મૂક ભાષામાં એના મારા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તરફના પ્રેમની કબૂલાત કરી દીધી હતી. એની શરારતનો અને શરમાવાનો એ જ મતલબ નીકળતો હતો જે મેળવવા માટે હું અહીં સુધી આવ્યો હતો. એ સાથે આમ ૧૯૩ અણધાર્યું જ મળી જશે એવી તો મને કલ્પના પણ નહોતી.... પૂજાએ સાવ અચાનક જ આંખો આંખોમાં એ કહી દીધું જેના માટે હું તરસી રહ્યો હતો.... એ કોઈ અપ્સરાની જેમ તળાવના કિનારે ઊભી હતી. અને શરમથી એનો ચહેરો લાલઘૂમ થઈ ગયો હતો. હું તો બસ એને જાઈ જ રહ્યો. બહાર નીકળવા મેં એના તરફ આગળ વધીને હાથ લંબાવ્યો કે જેથી એના હાથ પકડીને હું પાણીમાંથી બહાર નીકળી શકું. હું હવે પાણીથી બહાર નીકળવા માંગતો હતો પરંતુ એને હજુ પણ શરારત સૂઝી રહી હતી. પહેલા એણે મને અંગૂઠો બતાવ્યો પછી જીભ બહાર કાઢીને કંઈક વિચિત્ર મોં બનાવીને ફરી પાછી એ ખિલખિલાટ હસી પડી. એને મજા પડી રહી હતી. બધાનું ધ્યાન અમારા તરફ જ ખેંચાયેલું હતું. અને તેઓ એકબીજાને અમારા વિશે અંદરોઅંદર ઈશારાથી કંઈક કહી રહ્યા હતા. એ લોકોની હાજરીના કારણે મેં મહામુસીબતે મારા મનને કાબૂમાં રાખ્યું હતું. નહિતર તો હું ક્યારનો પૂજા પાસે દોડી ગયો હોત અને એના નાજૂક પરવાળા જેવા હોઠને ચૂમી લીધા હોત અને જા એવો મોકો ભવિષ્યમાં મને મળશે તો હું એ મોકાનો પૂરેપૂરો લાભ ઉઠાવીશ જ. પૂજાએ આજે પહેલીવાર સામેથી મને આહવાન આપ્યું હતું. અને એણે ખુલ્લેઆમ એના મારા તરફનો પ્રેમ સ્વીકાર્યો હતો. અને હું એટલો બુદ્ધુ તો નહોત જ કે એ સમજી ન શકું.

***

ખેર... છેવટે અમને અમારી મંઝીલ મળી ગઈ. અમારી સામે એ વિશાળ બરફાચ્છાદિત પર્વત હતો. જેની તલાશમાં અમે એકધારા સતત પાંચ દિવસથી મુસાફરી કરી રહ્યા હતા. ભયાવહ ઠંડી, પ્રતિકૂળ વાતાવરણ અને બિહામણી ઠંડી રાતોએ અમારી સફરમાં ઘણી અડચણો નાંખી હતી. છતાં પૂરી મક્કમતાથી એ તમામ પ્રતિકૂળ સંજાગોનો સામનો કરતા અમે નકશામાં બનેલા એ પર્વતની તળેટી સુધી પહોંચી ગયા હતા.

અમારી સામે એ વિશાળ પર્વત હતો. જે અમારી પાસેના નકશામાં દોરેલો હતો. થેંબાએ પૂરા વિશ્વાસથી કહ્યું હતું કે આ એ જ નકશામાં દોરેલો છે. એ પર્વત જ છે ૧૯૪ એટલે અમારા બધાના ચહેરા પર આનંદ છવાઈ ગયો. આખરે અમે પહોંચી ગયા હતા. અહીં આ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પર્વતમાં અમારે એ મૂર્તિ અને હીરો શોધવાનો હતો. જેનો ઉલ્લેખ એ નકશામાં હતો. જા આ નકશા પ્રમાણેનો જ પર્વત હોય તો પછી આમાં જરૂર પેલી મૂર્તિ અને હીરા છુપાયેલા હોવા જાઈએ. મૂર્તિ અને હિરા મળતા જ અમને એ રહસ્ય માલૂમ પડી જશે કે એ શું હતું. જેના કારણે રાજેશ મુસીબતમાં મુકાયો હતો..... હું એ પર્વતને જાઈ રહ્યો હતો. અત્યાર સુધી અમારી રાહમાં આવ્યા હતા એ પર્વતો કરતાં વધુ ભિન્ન આ પર્વત નહોતો. સંપૂર્ણ રીતે બરફની સફેદ પોચી ચાદર ઓઢીને કોઈ જટાધારી જાગીના આકારનો પર્વત હતો. હજુ હમણાં ગઈકાલે જ અહીં જારદાર બરફની વર્ષા થઈ હોય એવું સ્પષ્ટ જણાઈ આવતું હતું. એટલે અમારે બહુ જ સાવધાની રાખીને આગળ વધવું પડે એમ હતું. એ પર્વતની અંદર ઘણી જગ્યાઓમાં બરફની ચાદરમાંથી કાળમીંઢ પથ્થરો દેખાતા હતા. તે ઉપરાંત ત્રિશંકુ આકારના ઘણાં વૃક્ષો એ પહાડમાં ઉગી નીકળ્યા હતા. જેના પર્ણ ઉપર બરફના ફોરા જામીને એ વૃક્ષોના લીલા કલરને પોતાના સફેદ કલરમાં ભેળવવાની કોશિશ કરતા હતા.

અમારા માટે સૌથી મોટી વિકરાળ સમસ્યા એ ઊભી થઈ હતી કે આવડા મોટા વિશાળ પર્વતમાં અમારે એ નકશાવાળી ચોક્કસ જગ્યા શોધવી કઈ રીતે...? અમે એ નહોતા જાણતા કે એ જગ્યા ક્યા ંહોઈ શકે? ખાલી અનુમાનના આધારે આગળ વધવું અને એ મૂર્તિવાળી જગ્યા શોધવી જાખમવાળું કામ હતું. કારણ કે એવી રીતે તો સાવ દિશાશૂન્ય તપાસ કરતા દિવસો વીતી જાય અને એમ છતાં એમાં સફળતાની ગેરંટી તો નહોતી જ કે એ મૂર્તિવાળી જગ્યા અમને મળશે જ. અમે બધા હતાશ થઈને મૂંઝાઈને ઊભા હતા. આજથી લગભગ ૬૦-૬૧ વર્ષ પહેલાંની અહીંની પરિસ્થિતિ અને અત્યારની પરિસ્થિતિમાં ઘણો ફરક પડી ગયો હશે અને બીજી પણ એક બાબત હતી જે અમારી રાહમાં અડચણ બની હતી કે અમોમુખીએ એ મૂર્તિ પહાડની કઈ દિશામાં સંતાડી હશે...? કારણ કે બની શકે કે અમે અત્યારે જે દિશામાંથી પહાડોને જાઈ રહ્યા છીએ એની વિરુદ્ધ દિશામાં એ મૂર્તિ હોય.... અથવા તો પછી બીજે ક્યાંક હોય. અમે મૂંઝવણમાં હતા કે હવે શું કરવું ? આના વિશે અમારા પાંચેય વચ્ચે ઘણી ચર્ચાઓ થઈ. ૧૯૫ બધાએ પોતપોતાના અનુમાનો કહ્યા પરંતુ એમ છતાં કોઈ મુદ્દો સ્પષ્ટ થતો નહોતો. કોઈ ચોક્કસ નિર્ણય કે દિશા વગર આગળ વધવું શક્ય જ નહોતું. નકશામાં એ મૂર્તિ અને એની નીચે હીરો સ્પષ્ટ રીતે દોરેલા હતા. પરંતુ એ કઈ દિશામાં સમજવા....? અમારી વિરુદ્ધ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દિશામાં પણ એ હોઈ શકે અથવા તો આજુબાજુની સાઈડમાં પણ હોય અને આ વિશાળકાય પર્વતમાં એ નાનકડી અમથી જગ્યા શોધવા માટે અમારે લગભગ આ આખો બરફનો પર્વત ફેંદી નાંખવો પડે... એ કામ રૂના ઢગલામાં નાનકડી સોય શોધવા જેવું હતું. મેં ઘણો ઘણો વિચાર કરી જાયો કે એ મૂર્તિ કઈ તરફ અને ચોક્કસ કઈ જગ્યાએ હોઈ શકે...? આમાં એક બાબત તો સ્પષ્ટ ઊભરી આવતી હતી. કે એ જગ્યા જયાં પણ હોય અમારે એના માટે આ બરફની પરતને વીંધીને એના સુધી પહોંચવાનું હતું. હું નકશાને ધ્યાનથી જાઈ રહ્યો હતો. અને અમનુમાન લગાવવાની કોશિશ કરતો હતો. કે આ મૂર્તિવાળી જગ્યા કઈ તરફ હોઈ શકે....

થેંબા... અહીં આવ તો.... અચાનક કંઈક મારા ધ્યાનમાં આવતા મેં થેંબાને બૂમ પાડી. મારા હાથમાં નકશો હતો. અન એ નકશામાં મને કંઈક દેખાઈ રહ્યું હતું. થેંબો દોડતો મારી પાસે આવ્યો. 'પાંગુસ સરોવર આ પર્વતની કઈ બાજુ છે?' મને અંદાજ હતો છતાં મારે કન્ફર્મ કરવું હતું.

'આ પર્વતની બિલકુલ પાછળ...'

'તો એમ સમજી શકાય કે આપણે જે જગ્યાએ અત્યારે ઉભા છીએ એ દિશા એકદમ યોગ્ય જ છે. અને અહીંથી જ આપણે પેલી મૂર્તિ સુધી પહોંચી શકીશું. એ મૂર્તિ આ પર્વતની એકદમ વચ્ચે અથવા તો એનાથી થોડી ઘણી આજુબાજુમાં જ હશે. મારા અવાજમાં ઉત્સાહ ભળ્યો હતો. અને મેં પર્વતના મધ્યભાગ તરફ હાથ લંબાવીને બધાને એ જગ્યા બતાવતા કહ્યું.

'તારી વાત તો સાચી છે પરંતુ આપણે એ જગ્યા સુધી પહોંચીશું કેવી રીતે...? પૂજાએ કહ્યું એની ચિંતા ખોટી નહોતી કારણ કે એક તો પહેલેથી જ અમારી હાલત એટલી નાજુક હતી અને અમારા હાથપગ લગભગ સુન્ન પડવા આવ્યા હતા. એટલે આ પર્વત ઉપર ચડવાની વાત વિચારતા જ તમ્મર આવવા લાગ્યા હતા. પોચા પોચા બરફમાં ૧૯૬ ચાલવું કંઈ ખાવાના ખેલ નહોતા. ઢીંચણ ઢીંચણ સુધી જ્યારે બરફમાં પગ ખૂંપી જાય ત્યારે આગળ પગ ઉપાડવો જાણે એમ લાગે કે સો સો કિલો વજન ઊંચકીને આગળ વધવું. બરફનો આ શ્વેત ધવલ પર્વત અત્યારે દૂરથી તો ખૂબ જ રળિયામણો હતો કારણ કે આ પહેલા પણ અમે આવા પર્વતને વીંધીને અહીં સુધી આવ્યા હતા. એટલે અમને પૂરેપૂરો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અંદાજ હતો કે આ પર્વત ચડવો એટલે સામે ચાલીને મુસીબત વહોરવી.

'ચાલો મારી સાથે...' અચાનક થેંબાને શું સૂઝ્યું કે એ આટલું બોલીને અમારી રાહ જાયા વગર અમે ઊભા હતા એનાથી જમણી તરફ ચાલવા લાગ્યો.

'કેમ શું થયું...?'

'મને કંઈક યાદ આવ્યું છે. અને જા મારો અંદાજા સાચો સાબિત થશે તો આપણને ઉપર જવાનો રસ્તો આસાનીથી મળી રહેશે. ...' થેંબો આગળ ચાલતો હતો અને અમે પાંચેય એની પાછળ ચાલી રહ્યા હતા. મને ખ્યાલ છે ત્યાં સુધી અહીંથી થોડે દૂર એક ઝરણું આ પહાડની ટોચેથી નીચે વહે છે અને જા હાલમાં પણ એ ઝરણું ત્યાંથી વહી રહ્યું હશે તો એ જગ્યાએથી આપણે જરૂર ઉપર પહોંચી શકીશું. એના અવાજનો ઉમંગ એની વાતને સાચી પાડી રહ્યો હતો... અને થેંબાની વાત બિલકુલ સાચી નીકળી. અમે લગભગ અડધો એક કલાક ચાલ્યા હોઈશું કે એ ઝરણું અમને દેખાયું. અમે જેમ જેમ આગળ વધતા ગયા હતા એમ એમ એ તરફ બરફનું આવરણ ઘટતું જતું હતું. અને એ પર્વતના મોટા મોટા પથ્થરોની ટોચ દેખાવા લાગી હતી. એ પથ્થરની દર્શમાં લીલોતરી ઊગી નીકળી હતી. આ કલ્પના બહારની વાત હતી કે હમણાં જ તો અમે આ પર્વત ઉપર બરફના ઢગના ઢગ બિછાયેલા જાયા હતા. અને અત્યારે એનાથી સાવ ભિન્ન નજારો અમારી સામે હતો. આ તરફ એ પર્વતનું રૂપ સાવ બદલાતું ગયું હતું. અને અમે જ્યારે થેંબાએ કહ્યું હતું એ ઝરણા પાસે પહોંચ્યા ત્યાં સુધીમાં તો આખું ચિત્ર જ ફરી ગયું હતું. એ પર્વત ઉપર તેમજ ઝરણાની આજુબાજુમાં એક નંદનવન રચાયું હતું. જે ઝાડપાનને અને વનસ્પતિને જાવા અમારી આંખો તરસી ઊઠી હતી. એ અહીં અમારી સામે હતી. પર્વતની ટોચેથી કોઈક પથ્થરોની દર્શમાંથી એ પાણીની સરવાણી નીકળી રહી હતી. જે ઝરણું બની ઠેકઠેકાણે પથ્થરો સાથે અથડાતાં છેક નીચે અમારા પગને ૧૯૭ ચૂમીને આગળ જતા વનરાજીમાં ગાયબ થઈ જતું હતું. આ એક આશ્ચર્યની વાત હતી કે આટલી કાતિલ ઠંડીમાં પણ આ ઝરણું થીજી નહોતુ ંગયું. અને સતત કલ કલ કરતું વહી રહ્યું હતું. પર્વતના આ બાજુના ભાગમાં મોટા મોટા પથ્થરો સાથે અથડાતા છેક નીચે અમારા પગને ચૂમીને આગળ જઈને વનરાજીમાં ગાયબ થઈ જતું હતું. આ એક આશ્ચર્યની વાત હતી કે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આટલી કાતિલ ઠંડીમાં પણ આ ઝરણું થીજી નહોતું ગયું. અને સતત કલ કલ કરતું વહી રહ્યું હતું. પર્વતના આ બાજુના ભાગમાં મોટા મોટા પથ્થરો દેખાઈ રહ્યા હતા. અમારે એના ઉપર ચડીને છેક પહાડના મધ્યભાગમાં પહોંચવાનું હતું... કામ ઘણું કપરું હતું કારણ કે અમારા હાથપગ ઠંડીના કારણે અકડાઈ ગયા હતા. અને પહાડના એ પથ્થરો એમ સાવ આસાનીથી અમને ઉપર ચડવા દે એવું માનવું ભૂલ ભરેલું હતું. પાણી ઝરી ઝરીને લીસા અને લપસણા થઈ ગયેલા પત્થરો ઉપરથી ઠંડીથી ઠૂંઠવાઈ ગયેલા હાથ પગની ગ્રીપ બનાવી, સાચવને ચડવું કંઈ આસાન કામ નહોતું. જા ભૂલે ચૂકેય પથ્થર ઉપરથી નીચે લપસી પડ્યા તો પછી જીવતું બચવું મુશ્કેલ જ નહીં સાવ અસંભવ જ હતું. અને આમ પણ અમારામાંથી કોઈ ટ્રેકિંગનો અનુભવી વ્યક્તિ નહોતો કે ઉપર સુધી સલામત રીતે પહોંચી શકે... જીવ હથેળી પર રાખી ઉપર સુધી પહોંચવાનું હતું. જે મને સાવ અશક્ય જ જણાતું હતું. એ એક પછી એક સમસ્યાઓ અમારી ધીરજની કસોટી કરી રહી હતી. જા અમે જેન્ટ્સ આ પર્વત ઉપર ચડવામાં હિંમત ખોઈ રહ્યા હોઈએ ત્યારે તો પેલી બંને છોકરીઓ પૂજા અને ટીના ત્યાં સુધી જઈ શકે એ તો વિચારવું જ વ્યર્થ હતું.

અને અત્યારે તો અમે ફક્ત ઉપર જવા વિશે જ વિચારી રહ્યા હતા. જ્યારે ખરેખર તો અમને પણ ખ્યાલ નહોતો કે એ નકશાવાળી જગ્યા હકીકતમાં છે ક્યાં ? કંઈ જગ્યાએ શોધખોળ કરવાથી અમે એ મૂર્તિ સુધી પહોંચી શકીશું? અને જા એ જગ્યા નસીબજાગે અમને મળી પણ ગઈ તો શું ત્યાં હજુ સુધી એ મૂર્તિ સચવાઈને પડી હશે. કે પછી ત્યાં કશું જ નહીં હોય....? સવાલોના હથોડા સતત અમારા મગજમાં વાગી રહ્યા હતા. અમે અહીં સુધી એ નકશાને આધારે પહોંચ્યા હતા. અને હવે એ જગ્યાએ મૂર્તિ કે હીરા કે પછી બીજું કંઈજ ન મળે તો અહીં સુધીની અમારી મહેનત વ્યર્થ જાય અને એનો જે ૧૯૮ માનસિક આઘાત અમને લાગે એ ખરેખર ભયંકર હોય અને રીતસરના અમે ભાંગી જ પડીએ... વિચારી વિચારીને મારું મગજ જ્યારે ફાટ ફાટ થવા લાગ્યું. ત્યારે એક નિર્ણય કર્યો કે હવે આ છેલ્લી કોશિશ પણ કરી જાવી. ભગવાને અત્યાર સુધી મને સાચી દિશા જ બતાવી હતી. અને આગળ પણ યોગ્ય રાહ જ બતાવશે એવા એક વિશ્વાસ સાથે મેં પહાડની ઊપર ચડવાનું નક્કી કર્યું.

મને જગદીશ ઉપર જરા પણ વિશ્વાસ નહોતો એટલે સૌથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પહેલા મેં જ ઉપર ચડવાની શરૂઆત કરી. પૂજા અને ટીનાને તે ઉપર આવવાનો કોઈ પ્રશ્ન જ નહોતો એટલે એ બંનેને અમે સામાનની દેખરેખ રાખવા નીચે રહેવા દેવાનું જ મુનાસિબ માન્યું. એક ઝાડ નીચે બંનેએ સામાન મૂક્યા અને...

અમીત... સંભાળીને જજા.... મને તમારી ચિંતા રહેશે.' પૂજાએ ભાવુક સ્વરમાં કહ્યું. એની આંખોમાં ભીનાશ તરી આવી. એને મારી ફિકર થતી હતી. પૂજા નજરો ઉઠાવીને મારી નજરોમાં જાઈ રહી. કંઈક અકથ્ય સંવેદન જાગ્યું. અમારા બંને વચ્ચે અમે બંને એકબીજાની નજરોની ભાષા સમજવા મથી રહ્યા. એ ભાષા હતી અમારા પ્રેમની, સ્નેહની, લાગણીની, સંબંધોની. અમારી નજરોની ગહેરાઈ અમારા બંનેના દિલ સુધી પહોંચી ચૂકી હતી. હું જાણતો હતો કે મારી જેમ પૂજા પણ મને ચાહવા લાગી છે. અને એ ચાહતની સાબિતી એણે પેલા સરોવરના કિનારે ખુલ્લેઆમ આપી દીધી હતી. એણે એકસ્ત્રી હોવા છતાં મારી પહેલા પોતાના પ્રેમનો એકરાર કરી દીધો હતો. અને હવે મારો વારો હતો. મેં આગળ વધીને એના કોમળ હાથ મારા હાથમાંલીધા. અન એના હાથને ઉઠાવીને પહોંચા ઉપર મારા ઠંડીના કારણે ખરબચડા થઈ ગયેલા હોઠ દાબી દીધા. એણે આંખો બંધ કરી દીધી. એની હરણી જેવી આંખોમાંથી બે ત્રણ બુંદ આંસુ ટપકી પડ્યા. હું એના બંને હાથ ચૂમી રહ્યો હતો. મારા ચીરા પડી ગયેલા હોઠમાં દર્દ થઈ રહ્યું હતું. પરંતુ આખા શરીરમા એક અનંગ આનંદ છવાતો જતો હતો. જે છોકરીને મેં પહેલીવાર જાઈને દિલથી ચાહી હતી એ સૌદર્યની પ્રતિમાના નાજુક, કોમળ, મુલાયમ, હાથોને હું બેહિસાબ ચૂમી રહ્યો હતો. અને મારા મનમાં સમાવી એક ચીર આનંદની અનુભૂતિ થઈ રહી હતી. થેંબો, ટિના અને જગદીશ ૧૯૯ અમારી સામે અપલક દૃષ્ટિથી જાઈ રહ્યા હતા. જ્યારે અમને બંનેને એનું ભાન જ નહોતું રહ્યું. જ્યારે ખ્યાલ આવ્યો કે આ સૃષ્ટિમાં આ જગ્યા ઉપર અમારા બે સિવાય બીજ પણ ત્રણ વ્યક્તિઓ હાજર છે અને એ અમને તાકી રહ્યા છે ત્યારે અચાનક સ્વપ્નામાંથી જાગ્યા હોઈએ એ રીતે અમે બંને અળગા થયા... પૂજા એના હાથ મારા હાથમાંથી છોડાવી થોડી દૂર ગઈ.

આઈ લવ યુ... મેં સાવ અચાનક જ પૂજાને કહી દીધું. મને ખુદને ખબર ન પડી કે મેં પૂજાને આઈલવયુ કહી દીધું હતું. પૂજાના ચહેરા પર શરમના શેરડા ફૂટવા લાગ્યા એ મોહક અદામાં આંખોને ઉલાળતી મંદ મંદ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હસી ઉઠી.

આઈ લવ યુ ટુ.... સાવ ધીમા અવાજે ફક્ત મને જ સંભળાય એવા અવાજમાં એના હોઠ ફફડ્યા. અને એ દોડીને ટીના પાસે જઈને ટીનાને ભેટી પડી. ત્યાં ઉપસ્થિત અમારી સિવાયની ત્રણેય વ્યક્તિ ગેલમાં આવી ગઈ કારણ કે એ લોકો પણ આવી જ કંઈક રાહ જાઈને બેઠા હતા. બધા જાણતા હતા કે પૂજા અને અમીત એકબીજા તરફ ખેંચાણ અનુભવે છે. છતાં એકબીજાને કહી નથી શકતા પરંતુ આજે જ્યારે ખુલ્લેઆમ, જાહેરમાં અમે અમારા પ્રેમનો એકરાર કર્યો ત્યારે અમારી સાથે એ લોકો પણ કોઈ અનંગ આનંદમાં ઝૂમી ઉઠ્યા હતા. સૌથી વધારે ખુશી થેંબાના ચહેરા પર છવાઈ ગઈ હતી.

પૂજા અને ટીનાને અમે નીચે ઝાડ પાસે બેસાડીને ઉપર ચડવાની તૈયારીમાં લાગી ગયા. પૂરી તૈયારી કરી લીધા બાદ અમે ચઢાઈ શરૂ કરી. પૂજા અને ટીનાને નીચે રહેવા દીધા એ અમારી ભયંકર ભૂલ સાબિત થવાની હતી. પરંતુ એમને સાથે લઈ જવા એ પણ શક્ય નહોતું. એટલે અમારી પાસે બીજા કોઈ રસ્તો જ નહોતો. એક પછી એક પથ્થરો ઉપર પગ અને હાથનું બેલેન્સ બનાવતા અમે ત્રાંસમાં ઉપર ચડી રહ્યા હતા. સીધેસીધા ચડવાનું અમારું ગજું નહોતું કે નહોતી એવી આવડત એટલે થોડા તોડા અડાબીડ પથ્થર વટાવતા અમે ઉપરની તરફ જઈ રહ્યા હતા. સૌથી આગળ હું, મારા પછી જગદીશ અને છેલ્લે થેંબો. થેંબાને અમે છેલ્લે એટલા માટે રાખ્યો હતો કે એની પાસે એક થેલો હતો જેમાં જરૂરી સામન લીધો હતો. જરા પણ ઉતાવળ કર્યા ૨૦૦ વગર એકદમ શાંત ચિત્તે પથ્થરો વચ્ચેની બખોલોમાં પગના બુટને ગોઠવીને હાથની મજબૂત પકડના આધારે અમે ધીરે ધીરે ઉપર ચડતા હતા. ક્યારેક એવું લાગતું હતું કે અમે હમણાં જ ઉપર પહોંચી જઈશું તો ક્યારેક ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. જ્યારે કોઈ પથ્થર વચ્ચે અથવા તો ઝાડની ખાલી જગ્યા આવી જતી હતી. ત્યારે અમે આસાનીથી ઉપર સરકી જતા હતા. વાતાવરણના ભેજ અને ઝરણામાંથ નીચે ઝીંકાતા પાણીના ફોરા હવા સાથે ઊડીને અહીંતહીં પથ્થરો ઉપર ફેલાઈ રહ્યા હતા. જે પથ્થરને ભીના અને લપસણા બનાવી રહ્યા હતા. આખરે લગભગ ત્રણેક કલાકની મથામણના અંતે હું એક એવી જગ્યાએ આવીને ઊભો હતો કે જે જગ્યા થોડી સમથળ હતી. કમરે હાથ ટેકવીને મારા શ્વાસને હેઠો બેસાડવા હું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

થોડી વાર ત્યાં જ ઊભો રહ્યો. અને આજુબાજુનું નિરીક્ષણ કરવામાં લાગી ગયો. થેંબો અને જગદીશ પણ મારી પાછળ જ એ જગ્યાએ પહોંચ્યા. લગભગ સીત્તેરેક ફૂટ જેટલી ઊંચાઈ અમે સર કરી લીધી હતી. અને અહીંથી પૂજા અને ટીના ઘણાં દૂર... ઘણા નાના દેખાઈ રહ્યા હતા. મેં એમની તરફ હાથ હલાવ્યો એટલે નીચેથી એ બંનેએ પણ એવી જ પ્રતિક્રિયા કરી. હું નિશ્ચિંત હતો કે એ લોકો ત્યાં સલામત હતા.

હવે....? જગદીશે પૂછ્યું.

આ પ્રશ્ન તો છેક શરૂઆતથી આપણી સાથે છે. અને એનો કોઈ જવાબ છે જ નહિ. મેં જગદીશ સામે જાતા કહ્યું. એ ડિટેક્ટીવ હતો કે બીજું કંઈક એ જ ગરબડ ગોટાળાવાળી હકીકત હતી. હા... મને એટલી તો ગળા સુધી ખાતરી હતી કે આ અમારી સાથે કોઈ જબરજસ્ત ગેમ રમી રહ્યો હતો. અને હું પણ સામે તૈયાર જ હતો. એનો જડબાતોડ જવાબ આપવા માટે.

'તને ખબર હોવી જાઈએ કે આપણે આગળથી એકાદ કલાક જેટલું ચાલીને આ તરફ આવ્યા છીએ કેજેથી આપણે ઉપર ચડી શકીએ. હવે જ્યારે આપણે આ પહાડની બરાબર મધ્ય ભાગમાં ઉભા છીએ તો એક જ કામ કરવાનું રહે છે.. અહીંથી ત્રણેક કિલોમીટરની ત્રિજ્યાના ભાગમાં એ નકશાવાળી જગ્યા શોધવાનું... એ મૂર્તિ, એ જગ્યા આપણે શોધવી રહી. એ ક્યાં હશે... ? હશે કે નહીં...?એ આપણે જાણતા ૨૦૧ નથી. છતાં અંધારામાં તીર ચલાવવાનું છે. જા નિશાના પર લાગી જાય તો ઠીક છે નહિંતર વીલા મોઢે રીટર્ન. આ પહાડમાં કોઈ બખોલ કે પથ્થરની આડશમાં કે કોઈ ગુફા અથવા સુરંગ જેવી જગ્યામાં અથવા ઝાડના થડની બખોલમાં કે પછઈ અહીં પથરાયેલા બરફની નીચે એ મૂર્તિ દટાયેલી હોઈ શકે છે. શક્યતાઓ ઘણી બધી છે એટલે આપણે દરેક વ્યક્તિ પોતપોતાની રીતે એ શોધવાનું શરૂ કરી દો... અને જા જરા અમથો પણ કોઈ સંદેશો મળે તો તરત જ એકબીજાને જાણ કરજા. જા કે મને ખબર હતી કે અહીં જુદી જુદી દિશાઓમાં જવાય એવું હતું જ નહીં છતાં આ વાત મેં ખાસ જગદીશને સંભળાવવા માટે જ કરી હતી. તો પણ એ મારી વાતમાં રહેલો ટોન સમજી શક્યો નહોતો. અને બધાની જેમ માર સામે જાવા લાગ્યો.

પહાડની ટોચેથી સતત, એકધારું ખળખળ કરતું ઝરણું વહી રહ્યું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતું. કોઈક જગ્યાએ પથ્થરો ઉપરથી તો ક્યાંક પથ્થરોની આડશમાંથી પાણી વહી રહ્યું હતું. કદાચ વર્ષોથી આ ક્રમ એકધારો સતત જળવાઈ રહ્યો હશે એટલે ઝરણાના પાણીએ પોતાનો એક રસ્તો બનાવી લીધો હતો. પાણીના એકધારા મારને સહન કરતા કરતા પથ્થરો ખવાઈને અણિયારા બની ગયા હતા. અને એક નીક જેવો ઉપરથી નીચે સુધીનો રસ્તો બની ગયો હતો. થેંબાએ મને જણાવ્યું હતું કે આ ઝરણું લગભગ બારેમાસ વહેતું હોય છે. ગમે તેટલી ઠંડી પડે કે તાપમાન માઈનસમાં જતું રહે તો પણ થોડા સમયમાં આ પાણી પાછું વહેવા લાગે છે. આ પાણીનું સતત વહેવું એ પણ કુદરતની એક કારીગરી જ હતી. કારણ કે શિયાળામાં તો લગભગ અહીંના બધા જ ઝરણાઓ, નદીઓ, સરોવરો જામીને બરફ થઈ જાય છે. જ્યારે આ એક જ ઝરણું એવું હતું કે જે સતત અવિરત વહ્યે જ રહેતું હતું. હું હજુ થેંબાની વાતને વાગોળી રહ્યો હતો કે સાવ અચાનજક મારા મગજમાં એક ઝબકારો થયો. જા આ ઝરણું થેંબાના કહેવા પ્રમાણે વર્ષોથી થીજ્યા વગર સતત વહ્યે રાખતું હોય તો જરૂર અમોમુખી અહીં આવ્યો હશે. ત્યારે પણ આ ઝરણું આ સ્થિતિમાં હોઈ શકે... આજથી વર્ષો પહેલા તો અહીંનું વાતાવરણ અત્યાર કરતા તો ઘણું વિષમ હશે તો પછી એ નકશાવાળી મૂર્તિને સંતાડવા માટે આ ઝરણાનો રસ્તો જ શ્રેષ્ઠતમ હોઈ શકે... કારણ કે અહીં આ સિવાય બાકીના આખા પર્વત ઉપર તો બરફ છવાયેલો હોય ૨૦૨ એટલે અમોમુખીએ અહીં જ કોઈક જગ્યાએ એ મૂર્તિને સંતાડી હોવી જાઈએ. એવું મારું મન પૂરા વિશ્વાસથી કહી રહ્યું હતું.

અને... હું ઉત્સાહમાં આવી ગયો હતો. મેં જે વિચાર્યું હતું એ એકદમ બંધબેસતું લાગી રહ્યું હતું. મને ખાતરી થતી જતી હતી. કે એ મૂર્તિ જરૂર આ ઝરણાના રસ્તામાં અથવા તો એની આજુબાજુમાં ક્યાંક હોવી જાઈએ. હું જે જગ્યાએ ઊભો હતો એ પથ્થર પર્વતમાંથી થોડો બહાર નીકળેલો હતો એટલે મને છેક ઉપરથી નીચે સુધીનું દૃશ્ય એકદમ ચોખ્ખું દેખાઈ રહ્યું હતું. ધ્યાનથી હું નિરીક્ષણ કરવા લાગ્યો કે ક્યાંય કોઈ ગુફા જેવું કે પછી બોગદા જેવી જગ્યા મારી નજરે ચડે. અમે નીચેથી અહીં સુધી આવ્યા હતા એટલે મને ધ્યાન જ હતું. કે કોઈ એવી જગ્યા વચ્ચે મેં જાઈ નહોતી. એટલે એક વાત સાફ હતી કે હવે એ જગ્યા અહીંથી ઉપરની તરફ જ હોવી જાઈએ. મેં ફરીવાર ઉપર ચડવાની શરૂઆત કરી. અને આ વખતે મારા મનમાં અનેરો ઉત્સાહનો સંચાર

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વર્તાતો હતો. કારણ કે હું સાચી દિશામાં જઈ રહ્યો હતો. આમ કરતાં કરતાં હું ઘણો ઉપર ચઢી ગયો હતો. અને સમય પણ ઘણો પસાર થઈ ગયો. હું લગભગ છેક ઝરણાના મૂળ સુધી પહોંચી ગયો હતો. છતાં એવી કોઈ જગ્યા માર ધ્યાનમાં આવી નહોતી. શરૂઆતનો મારો ઉત્સાહ હવે ધીરે ધીરે ઓછો થવા લાગ્યો. અને મનમાં એક અજીબ બેચેની છવાઈ રહી હતી. મારા હાથપગ સતત હરકત કરીને જવાબ દેવા લાગ્યા. અને આંગળીઓ ખડકની કિનારીઓને બરાબર પકડવામાં અસમર્થ બની રહી હતી. મનનો ઉચાટ શરીર પર અસર કરતો હતો. મારો આત્મવિશ્વાસ ઊંડી ગર્તામાં ધકેલાઈ રહ્યો હતો. કારણ કે જે વિશ્વાસથી હું અહીં આવ્યો હતો એમાં મને નાકામિયાબી મળી હતી અને હવે વધારે ઉપર જવાની મારામાં તાકાત નહોતી બચી. લગભગ સો સવાસો ફૂટના અંતરને કાપ્યા બાદ પણ અમને કોઈ જ સુરાગ એ મૂર્તિ વિશે મળ્યો નહોતો. મારાથી હવે આગળ વધી શકાય એમ નહોતું. એટલે હું ત્યાં જ એક જગ્યાએ સાવધાનીથી પગ ઠેરવીને બેસી પડ્યો. આમ તો આ પર્વત એકદમ સીધો નહોતો, શંકુ આકારનો હતો એટલે અમને ઉપર પહોંચવામાં વધુ મુસિબતોનો સામનો નહોતો કરવો પડ્યો. પરંતુ હું મારી જિંદગીમાં પહેલીવાર જબરજસ્ત મહેનતનું કાર્ય કરી રહ્યો હતો. એટલે ૨૦૩ મને તો ઘણું કપરું લાગી રહ્યું હતું. મારી જગ્યાએ જા કોઈ અનુભવી ટ્રેકર હોત તો આ પર્વત ઉપર ચડવું એના માટે સાવ સામાન્ય અને સહેલું કાર્ય બની જાત. મારી જેમ જ થેંબો અને જગદીશના ચહેરા થાક અને નિરાશાના કારણે ચિંતિત બની ગયા હતા. એ લોકો મારી પાછળ જ હતા. થેંબો એક ઝાડના થડે પગની આંટી મારીને બેસી ગયો હતો. જ્યારે જગદીશ એક ખડક ઉપર લટકીને એની ઉપર ચડવાની કોશીશ કરતા હતા. જેમાં એ સફળ થતાં ત્યાંજ એ ખડક ઉપર બેસી પડ્યો. અમારા ત્રણેયના ચહેરા ઉપર ચિંતાના વાદળો છવાઈ ગયા હતા. અને નિરાશાના કારણે મુરઝાવા લાગ્યા હતા. મેં નીચે નજર કરી તો અહીંથી પૂજા અને ટીના બિલકુલ દેખાતા નહોતા. કારણ કે હવે અમે ઘણી ઊંચાઈએ પહોંચી ચૂક્યા હતા.

હવે...? ફરી એ જ સનાતન પ્રશ્ન મારા મનમાં વંટોળિયાની જેમ ઊઠ્યો. જા અહીં કોઈ સુરાગ નહીં મળે તો અમારે બીજે તપાસ કરવાની હતી. અને એ કામ કંઈ રમત વાત નહોતી. આવી રીતે તો અમારે સરવાળે આખો પહાડ ફેંદવો પડે. અને એમાં તો દિવસોના દિવસો, મહિનાઓ નીકળી જાય એમ હતું. વળી આ જગ્યા સિવાય બાકીના આખા પર્વત

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઉપર બરફનું સામ્રાજ્ય છવાયેલું હતું અને એ જગ્યાઓએ શોધખોળ કરવું. ખૂબ જ મુશ્કેલ કાર્ય હતું. અમારી પાસે સમય અને સાધનો બંનેનો અભાવ હતો. જબરજસ્ત હતાશાએ મારા મન ઉપર કબજા જમાવી દીધો હતો. મને કંઈ સૂઝતું નહોતું કે હવે મારે શું કરવું ? એક મુશ્કેલીમાંથી રસ્તો નીકળતા બીજી એનાથી મોટી વિકરાળ મુશ્કેલી મોં ફાડીને અમારી સામે આવી જતી હતી. મને એક શ્રદ્ધા હતી કે હું જરૂરથી આ આખી ઘટનાને અંજામ સુધી પહોંચાડી શકીશ. પરંતુ મારી શ્રદ્ધાની રાહમાં આવતા વિઘ્નો મને ચલિત કરી મૂકતા હતા. અને અત્યારે એવી જ કંઈક પરિસ્થિતિ ઊભી થઈ હતી. મેં જગદીશ અને થેંબા તરફ નજર કરી તો એ લોકો પણ કંઈક મારા જેવા જ વિચારમગ્ન હાલતમાં ચિંતિત અવસ્થામાં એકબીજા સામે તાકતા બેઠા હતા. એમના મનમાં પણ આ જ પ્રશ્ન હથોડાની જેમ ઝીંકાઈ રહ્યો હતો કે હવે..?'

અને... મારી આંખો સામે જે દૃશ્ય આવ્યું એ જાઈને મારું હૃદય ઉછળીને મોઢામાં ૨૦૪ આવી ગયું. મારી આંખો ફાટી પડી. મારા શરીરમાં એટલું બધું લોહી એક જ દિશામાં ગતિ કરવા લાગ્યું હતું. એ ચમત્કાર જાઈને મારું મોં ખુલ્લું ને ખુલ્લું જ રહી ગયું. થેંબો જે ઝાડના થડને પગની આંટી મારીને વળગીને બેઠો હતો એ ઝાડની બરાબર પાછળ થોડે દૂર જે દૃશ્ય મને દેખાઈ રહ્યું હતું એ જાઈને હું આશ્ચર્યની તમામ સીમાઓ પાર કરી ગયો હતો. થેંબાની બરાબર પાછળ એક મોટી શીલા પહાડમાંથઈ અડધો અડધ બહાર નીકળેલી હતી અને એ શીલા એક આડા ઉગેલા ઝાડના આધારે ટકી રહી હતી. જા એ ઝાડ ત્યાંથી નીકળી જાય તો એ શિલા પણ ભયાનક ગતિથી નીચે પડે એમ હતું. મારા આશ્ચર્યનું કારણ એ શિલા કે પછી એ ઝાડ નહોતું. મારા આશ્ચર્યનું કારણ એ શિલા કે પછી એ ઝાડ નહોતું. મારા આશ્ચર્યનું કારણ હતી એ ઝાડની આગળ ઊભેલી, મને દેખાતી હતી એ છોકરી... એ જ નાનકડી, રૂપાળી છોકરી કે જેને મેં લાચૂંગમાં બૌદ્ધ મંદિરમાં જાઈ હતી. આ છોકરીના કારણે જ અમે પેલી મુદ્રા જેવી વસ્તુ સુધી પહોંચી શક્યા હતા અને એ મુદ્રામાંના નકશાના આધારે અમે અહીં સુધી આવ્યા હતા. હે ભગવાન... ફરી પાછો હું કોઈ ચમત્કાર નિહાળી રહ્યો હતો... એ નાનકડી બાળા અત્યારે મારા સામે જાઈને ખિલખિલાટ હસી રહી હતી. સૌથી વધારે હેરત પમાડે એવી વાત તો એ હતી કે એ ખિલખિલાટ હસી રહી હોવા છતાં એનો અવાજ સાંભળીને જગદીશ કે થેંબાએ કોઈ હરકત નહોતી કરી. એ લોકોનું ધ્યાન

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એ તરફ નહોતું ગયું. ફક્ત હું એકલો જ એ છોકરીને તાકી રહ્યો હતો. તો શું એકલા મને જ એ છોકરીનો અવાજ સંભળાયો હશે? મને એકલાને જ એ છોકરી દેખાઈ રહી હતી...? આ વાત સાવ અસંભવ જ હતી. આવું કેમ બની શકે? એ છોકરીએ હાથમાં આડા ઉગેલા ઝાડની ડાળી પકડી હતી. અને એ ડાળી મારી સામે જાઈને હલાવી રહી હતી. હજુ તો હું આશ્ચર્યના મહાસાગરમાંથી બહાર નીકળું અને કંઈ સમજું કે શું થઈ રહ્યું છે એ પહેલા તો પળવારમાં મારી નજરોની સામે એ છોકરી ગાયબ થઈ ગઈ. એ રીતસરની હવામાં વિલીન થઈ ગઈ અને આ બધું એટલી ઝડપથી બની ગયું કે હું જાણે કોઈ મૂવી જાઈ રહ્યો હોઉં અને એના ચિત્રો એક પછી એક ફટાફઠ મારી નજરો સામેથી વહી રહ્યા હોય.

આ વખતે તો મેં મારી સગી આંખે રીતસરનું જાયું હતું. કે એ નાનકડી સુંદર, ૨૦૫ રૂપાળી છોકરી મારી નજરોની સામે જ હવામાં ઓગળી ગઈ હતી. હું આંખો ચોળતો આદૃશ્ય જાઈ રહ્યો હતો કે ક્યાંક આ સ્વપ્નું તો નહોતું ને... આ પહેલા પણ લાચૂંગના બૌદ્ધ મંદિરમાં મેં અને પૂજાએ આ જ છોકરીને જાઈ હતી એટલે અત્યારે મને કદાચ એનો ભ્રમ થયો હોય એવું પણ બની શકે. પરંતુ ના... એવું નહોતું. હું સંપૂર્ણ જાગ્રત અવસ્થામાં હતો. અને પેલા ઝાડની ડાળી હજુ પણ હલી રહી હતી. જે પેલી છોકરીના હાથમાં હતી. આ ચમત્કાર હતો, અજાયબી હતી, અવિશ્વસનીય ઘટના હતી જેનો સાક્ષી બીજીવાર હું બન્યો હતો. મારા મનમાં વિચારોનું તોફાન ઊઠ્યું... પેલા મંદિરમાં આ જ છોકરી અમને દેખાઈ હતી ત્યારે અમને પેલી મુદ્રા મળી હતી અને હવે અહીં પણ એ જ બાળા મને દેખાઈ એમાં પણ જરૂર કોઈ ગર્ભિત ઈશારો છુપાયેલો હશે જ... હું વિચારમાં પડી ગયો કે એવું તો શું કહી ગઈ એ બાળા, શું હોઈ શકે એ ઈશારો...? મારું સમગ્ર ધ્યાન હજુયે પેલા ઝાડની હલતી ડાળી ઉપર હતું. એ ડાળીને પેલી બાળાએ હાથમાં પકડી રાખી હતી. અને થોડી ઘણી ખેંચી પણ હતી એટલે જ હજુ સુધી એ હલી રહી હતી.. મને આણસાર મળી ગયો હતો કે એ બાળા શું કહેવા માંગતી હતી.મેં એ ગોળાકાર પથ્થરને ધ્યાનથી જાયો. એમ સમજાને કે કોઈક મોટા ઢાંકણાની જેમ ત્યાં પેલા આડા ઉગેલા ઝાડના સહારે લટકી રહ્યો હતો. જા એ ઝાડને ત્યાંથી ઉખેડીને હટાવી લેવામાં આવે તો એ શિલા આપોઆપ નીચે ગબડી પડે અને એની પાછળનો ભાગ ખુલ્લો થઈ જાય. પેલી છોકરીએ એ ઝાડની ડાળી હલાવીને, ખેંચીને કંઈક એવો જ ઈશારો મને કર્યો હતો. જરૂર આ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શિલાની નીચે કંઈક હોવું જાઈએ. મારે હવે કેમેય કરીને એ ઝાડને ત્યાંથી હટાવવાનું હતું. હું થેંબા પાસે ગયો અને એના બગલ થેલામાં અમે સાથે લઈને આવ્યા હતા એ મજબૂત રસ્સી બહાર કાઢી ત્યાંથી પેલા ઝાડ પાસે જઈને એના નીચેના ભાગે મજબૂત ગાળિયો બનાવી ઝાડના થઢને વીંટોળી દીધું. જગદીશ અને થેંબો હેરતથી મારા સામે જાઈ રહ્યા હતા કે અચાનક હું આ શું કરવા માંડ્યો હતો. ઝાડના થડ ફરતે દોરડું વીંટાળી હું એનો બીજા છેડો હાથમાં પકડી થોડો પાછળ હટ્યો અને એ દોરડું ખેંચવામાં સરળતા પડે એવી જગ્યામાં લાગ બનાવી મારા પગ ઠેરવીને ઊભો રહ્યો મારે હવે થેંબા અને જગદીશને સમજાવવાનું હતું કે હું શું કરવા માંગું છું ૨૦૬ એટલે મેં દોરડાને ફીંડો બનાવી થેંબાની તરફ ઘા કર્યો અને ત્યાંથી એ દોરડાનો એક છેડો જગદીશને લંબાવવાનું કહ્યું. હવે અમારા ત્રણેયના હાથમાં એ મજબૂત દોરડું હતું. અને મેં જગદીશ અને થેંબાને સમજાવ્યું કે ત્રણેયે એકસાથે એ દોરડું ખેંચીને પેલા ઝાડને ત્યાંથી ઉખેડવાનું છે. જેવું એ ઝાડ એના મૂળમાંથી નીકળી અને નીચે પડે કે તરત જ બધાએ દોરડું એકી સાથે મુકી દેવવું કે જેથી એ ઝાડના ઝટકાથી કોઈનું બેલેન્સ ન ખોરવાય. અને કોઈ નીચે ન પડે. એ બંનેને આખી વાત સમજમાં આવી ગઈ હતી એટલે અમે એ દોરડું ખેંચવાની તૈયારી કરી... એક.. બે... અને ત્રણ... ની ગણતરી સાથે અમે ભયંકર બળથી દોરડાને જારદાર ઝાટકો માર્યો. અને એ આખું ઝાડ હલી ગયું. પરંતુ આ સહેલું કામ નહોતું.

એક ઝાટકો... બીજા... ત્રીજા... આઠમો... દસમો... અને અગિયારમાં ઝાટકે તો ઝાડ મૂળ સહિત ઉખડીને નીચે ઝીંકાયું. એ સાથે જ અમે દોરડું હાથમાંથી છોડી દીધું. એ ઝાડ સૌથી પહેલા ભયંકર અવાજ સાથે નીચે પડ્યું અને એના આધારે ટકી હતી એ શિલા પહાડમાંથી ઉખડીને નીચે ગબડી... વચ્ચે રસ્તામાં જે આવ્યું એનો કચ્ચરઘાણ વાળતી નીચે ખાબકી પડી. એક મોટો ભયાનક અવાજ થયો અને ધડામ દેતા એ સો એક ફૂટની ઊંચાઈએથી નીચે જમીન પર પટકાઈ. આનંદના અતિરેકમાં હું ઉછળી પડયો. એ શિલા જ્યાંથી નીકળી હતી એ જગ્યાએ અમને ગુફાનું બાકોરું દેખાઈ રહ્યું હતું. એ છોકરીએ આ વખતે પણ ચમત્કારીક રીતે મને રસ્તો દેખાડ્યો હતો અને મનોમન હું એ બાળાને વંદી રહ્યો. આજે ફરી એક વખત સાબિત થયું કે ભગવા મને મારી મંઝીલે પહોંચાડવા માંગે છે. અને મારા માર્ગમાં આવતી તમામ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મુશ્કેલીઓમાંથી મને હેમખેમ બહાર કાઢી આગળનો રસ્તો બતાવે છે.

એ શિલા જ્યાંથી ઉખડી હતી એ જગ્યાએ એક ગુફા જેવું બાકોરું દેખાઈ રહ્યું હતું. જે પર્વતની અંદર સુધી જતું હતું. અમે સાવધાનીથી ત્યાં પહોંચ્યા. અને બાકોરામાં દાખલ થયા. મને ડર હતો કે કદાચ એમાં કોઈ જંગલી જીવ જંતુ ન હોય. પરંતુ એવું કંઈ જ નહોતું ત્યાં... મારી પાછળ થેંબો અને જગદીશ પણ આવી પહોંચ્યા હતા. એ ગુફા ખરેખર ખૂબ ઊંડે સુધી જણાતી હતી. કારણ કે જ્યાં સુધી સૂર્યનો પ્રકાશ અંદર ૨૦૭ પ્રવેશી શકતો હતો ત્યાં સુધી તો અમને બધું દેખાઈ રહ્યું હતું. પરંતુ એ પછી કાળું ઘોર અંધારું અમારી નજરે ચડતું હતું. ખબર નહીં કેટલી ઊંડી ગુફા હતી. આ અમે ગુફાની અંદર પ્રવેશ્યા એ પહેલા થેંબાના ખભા ઉપર લટકતા થેલામાંથી જંગલી તેલમાં બોળેલો કાપડનો એક મોટો ટુકડો મેં બહાર કાઢ્યો. જે અમે અમારી સાથે રાત્રે મશાલ જેવું બનાવવા માટે લેતા આવ્યા હતા. અને ઝાડની એક ડાળીએ બરાબરનો વીંટી મશાલ જેવું બનાવી એને સળગાવી ખૂબ જ સાવધાની રાખતા અમે ગુફામાં પ્રવેશી અંદર તરફ આગળ વધ્યા. કાળ મીંઢ પથ્થરોની એ ગુફા કરતાં પથ્થરોના મોટા ઢગલા વચ્ચે જે જગ્યા વધે તે હોય એવું વધુ લાગતું હતું. અમે જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ એ ગુફા વધુને વધુ ઊંડી થતી જતી હતી. આ જગ્યા વર્ષોથી બંધ હાલતમાં સાવ અવાવરુ, પડતર પડી રહી હશે એટલે અહીંની હવામાં એક વિચિત્ર પ્રકારની વાસ આવતી હતી. જાણે કે પથ્થરો કોહવાને દુર્ગંધ ઉત્પન્ન કરતા હોય એવી ગંધ અમારા નાકમાં ઘૂસી ગઈ. ગુફામાં ઘણી જગ્યાએ પથ્થરોની વચ્ચેથી પાણી ટપકી ટપકીને અંદર અમારા માથા પર ટપકી રહ્યું હતું. ગુફાનું નિરીક્ષણ કરતા સ્પષ્ટ ખ્યાલ આવતો હતો કે આ એક પ્રાકૃતિક ગુફા હતી. કોઈ માનવસર્જીત નહીં. અમારે ઘણી વખત એકદમ સાવ સાંકડી જગ્યામાંથી પસાર થવું પડ્યું હતું. બે પથ્થરોની વચ્ચેથી ઘસાઈને આગળ વધવું પડ્યું હતું. કોઈક જગ્યાએ ગુફા સાવ સાંકડી બની જતી હતી. આ ગુફા કેટલી ઊંડી હોઈ શકે એનો અંદાજ તો અમને નહોતો એટલે અમે તો બસ આગળ વધ્યે જતા હતા. અહીં સુધી પહોંચવામાં હું જ્યાં જ્યાં અટક્યો હતો, ગુંચવાયો હતો મુશ્કેલીમાં મુકાયો હતો એ સમયે કુદરતે જ મને રાહ બતાવી હતી. હું એટલું તો બહુ સારી રીતે જાણી ચૂક્યો હતો કે એવું જરૂર કંઈક છે કે વર્ષોથી અહીં ંદબાયેલું છે અને એ કુદરત મારા થકી બહાર દુનિયા સમક્ષ લાવવા માંગે છે. એક

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નાનકડા અમથા એક્સિડન્ટે મને અહીં સુધી પહોંચાડ્યો હતો. એમાં પણ કુદરતનો કોઈ ગર્ભિત ઈશારો હતો. જે હું સારી રીતે સમજી ચૂક્યો હતો. દરેક મુશ્કેલી વખતે એ રાહબર બનીને મને રાહ બતાવી હતી. જ્યાં સાવ અટકી ગયા હોઈએ ત્યાંથી અચાનક જ આગળની દિશા અમને મળી જતી હતી. અને એટલે જ અમે હવે લગભગ લગભગ અમારી મંજીલની ઘણાં નજીક પહોંચી ૨૦૮ ગયા હતા. અને ઉત્સાહમાં અમે ગુફાની ઘણે અંદર સુધી પહોંચી ચૂક્યા હતા. ખબર નહીં અમે કેટલું ચાલ્યા હોઈશું પરંતુ આખરે અમે એક નાનકડા ઓરડા જેવડી જગ્યામાં આવીને અટક્યા. અહીંથી આગળ વધવાનો કોઈ જ રસ્તો અમારી નજરે ચડતો નહોતો. અમે જ્યાંથી આવ્યા હતા એ રસ્તા સિવાય તમામ બાજુ ઘોર અંધકારમાં કાળા પથ્થરો અમારું સ્વાગત કરી રહ્યા હતા. એ કાળા પથ્થરો ઉપર મશાલમાંત નીકળતો માંદો પીળો પ્રકાશ કંઈક નોંખી જ અનુભૂતિ કરાવી રહ્યો હતો. જાણે કે અમે કોઈ ભૂતિયા જગ્યામાં મશાલ લઈને પહોંચી ગયા હોઈએ. આ વાત પાક્કી હતી કે અહીં ગુફા પૂરી થઈ જતી હતી. અહીંથી આગળ વધવાનો કોઈ જ માર્ગ નહોતો. અમે ઉભા હતા એલગભગ સાત બાય દસ કે એનાથી થોડી વધુ મોટી જગ્યા હતી. કદાચ આ જ જગ્યાએ એ મૂર્તિને સંતાડેલી હોવી જાઈએ એવું મારું માનવું હતું. હું ધ્યાનથી મશાલના પીળા પ્રકાશમાં ગુફાનું નિરીક્ષણ કરવા લાગ્યો. હવે અમને અહીં એ નકશામાં દોરેલી મૂર્તિ મળી જ જશે એવું મારું અનુમાન હતું એટલે ગુફાની ઈંચેઈંચ જગ્યા અમારે તપાસવાની હતી. આ નાનકડી અમથી જગ્યાને તપાસતા અમને વધુ સમય ન લાગ્યો અને પંદર વીસ મીનિટમાં તો અમે આ આખા ઓરડા જેવા વિસ્તારને તપાસતા અમને વધુ સમય ન લાગ્યો અને પંદર વીસ મિનિટમાં તો અણે આ આખા ઓરડા જેવા વિસ્તારમાં ફરી વળ્યા હતા. ધ્યાન ખેંચે એવી કોઈ જ વસ્તુ કે ચીજ અમને ન દેખાઈ. એટલે ફરી વખત કોશિશ ચાલુ કરી... ઉપર નીચે, આજુ બાજુમાં પથ્થરોની દીવાલ ઉપર હાથ ફેરવી ફેરવીને અમે ચેક કરવા લાગ્યા પરંતુ પરિણામ શૂન્ય લગભગ અડધોએક કલાકની મહેનત બાદ પણ કોઈ સુરાગ અમને મળ્યો નહીં. ઊલટાની એક નવી મુસીબત માથે આવી પડી. બન્યું એવું કે એક તો અમે ઘણી ઊંચાઈ ઉપર હતા એટલે સ્વાભાવિક રીતે હવામાં ઓક્સિજનનું પ્રમાણ ઘણું ઓછું હતું અને એમાં પણ આ ગુફામાં તો પહેલેથી જ બંધિયાર વાતાવરણ હતું એટલે અહીં બહાર કરતાં પણ ઘણો ઓછો ઓક્સિજન હતો. આમ તે બે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રીતે તકલીફ હતી. એમાં અમારા હાથમાં સળગતી મશાલે તકલીફમાં વધારો કર્યો. ફૂગું ફૂગું કરતી સળગતી મશાલ હવામાંનો બધો ઓક્સિજન બાળી નાખતી હતી. એક તો આમ પણ આ ગુફામાં અમને કંઈ મળ્યું ૨૦૯ નહોતું. એટલે પહેલેથી જ અમે પરેશાન હતા. એમાં આ ગૂંગળામણને કારણે અમને બધાને ગભરામણ થવા લાગી હતી. તમેજ વિચારો કે સાવ સાંકડી જગ્યામાં તમે ત્રણ જણા ફસાયા હોવ અને ઉપરથી ધુમાડો તમારા શ્વાસમાં ચડીને એક જબરજસ્ત ગૂંગળામણ કરાવે તો તમારી શું હાલત થાય ? બસ એવું જ કંઈક અમારી સાથે થતું હતું. ધીમે ધીમે આ સાત બાય દસની કાળકોટડીમાંથી ઓક્સિજન નામશેષ થઈ રહ્યો હતો. અને કાર્બનડાયોક્સાઈડરૂપી ધુમાડો અમાર ફેફસામાં ભરાતો જતો હતો. અમે ઉત્સાહને ઉત્સાહમાં ગુફામાં તો ઘૂસી ગયા હતા. પરંતુ આ બાબતે તો વિચાર્યું જ નહોતું કે અંદર અમારી આવી હાલત થશે. મેં થંબાને ઈશારાથી મશાલ ઓલવી નાંખવા કહ્યું.

એટલે એણે મશાલ નીચે મુકીને એના ઉપર થેલો દબાવી દીધો. એટલે મશાલ તો ઓલવાઈ ગઈ. પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું. જે ધુમાડો અત્યાર સુધીમાં અંદર ભેગો થઈ ચૂક્યો હતો એની માત્રા ઘણી વધી ચૂકી હતી. અને એ અમારો શ્વાસ રૂંધી રહ્યો હતો. મશાલને બુઝાવતા ગુફામાં ઘોર અંધકાર છવાઈ ગયો. એટલે સુધી કે કોણ ક્યાં ઉભું છે. એ પણ ખ્યાલ નહોતો આવતો. મારા નાક, ગળા, આંખમાં એ જંગલી તેલનો ધુમાડો ઘૂસી જતાં જબરજસ્ત બળતરા ઊપડી હતી. જગદીશ તો ક્યારનો ઉધરશે ચડી ગયો હતો. અને એ બહાર ભાગી જવા માંગતો હોય એમ બહાર તરફ પગ ઉપાડ્યા. પરંતુ એ વધુ ચાલી ન શક્યો. અને એક પથ્થરને ટેકે હાથ દઈને ઊભો ઊભો ખાંસવા લાગ્યો હતો. ઘોર અંધકારમા અમને અમારા હાથ પણ દેખાતા નહોતા. તો પછી બીજાની હાલત શું હશે એ તો કલ્પના જ કરવી રહી. ઘડીકવારમાં તો અમે મોતના મુખમાં આવીને ઊભા રહી ગયા હતા. અમે હજુ કંઈ સમજીએ કે વિચારીએ એ પહેલાં તો ધુમાડારૂપી મૃત્યુ અમને અજગર ભરડો કરવા લાગ્યું હતું. હું એ અંધારામાં પથ્થરોની દીવાલને આધારે ઊભો હતો. ભયંકર બળતરાને કારણે મારી આંખો બંધ હતી. અને હાથેથી એ પથ્થરોને ફંફોસતો હું અનુમાનના આધારે અમે જે તરફથી આવ્યા હતા એ તરફ આગળ વધ્યો. ધીમા ડગલા ભરતો હું પથ્થરોની દીવાલના સહારે આગળ વધતો હતો કે અચાનક મારા પગે કોઈ અથડાયું, મે હાથેથી જાવાની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કોશિશ કરી કે એ શું છે ત્યારે ખબર પડી કે એ થેંબો હતો. જે ત્યાંજ બેસી પડ્યો હતો. અને ૨૧૦ એના શ્વાસોશ્વાસ ધીમા પડતા જતા હતા. અમને બધાને તાજી હવાની જરૂર હતી. અને જા થોડીવાર સુધીમાં એ નહીં મળે તો અમે ગૂંગળાઈને મરી જવાના હતા. અમારી જીવતા સમાધી અહીં જ બની જવાની હતી. હું થેંબાને ત્યાં જ પડ્યો રહેવા દઈ આગળ વધ્યો. જગદીશ ક્યાંક થોડે દૂર ખાંસી રહ્યો હતો અને એનો અવાજ પણ ધીરો પડતો જતો હતો. મારા હાથ પથ્થરોની ખરબચડી સપાટી પર ફરતા હતા. અને હું બહારની તરફ ગતિ કરતો હતો.

અચાનક હું અટકી ગયો. પથ્થરોની અણિયારી સપાટી પર ફરતા મારા હાથ આગળ વધતા થંભી ગયા. પથ્થરોની જે દિવાલના આધારે હું આગળ જઈ રહ્યો હતો ત્યાં મારો જમણો હાથ એકલીચી કાચ જેવી સપાટી ઉપર પહોંચીને અટકી ગયો. દીવાલની આ ભાગની જગ્યા એકદમ લીસી અને સપાટ હતી. લગભગ ચોરસ -ફૂટ બાય ફૂટની એ જગ્યામાં હું હાથ પસવારી રહ્યો. મારી તાજ્જુબીનો પાર નહોતો રહ્યો. મારા હાથની આંગળીઓ પથ્થરની અણિયારી દિવાલમાં ફરતા ફરતા એકદમ લીસા, સપાટ ભાગ ઉપર ફરવા લાગી હતી. એ સપાટ જગ્યામાં મેં બે ત્રણ વખત બરાબર હાથ ફેરવ્યો. અને કંઈક અંદાજ લગાવવાની કોશિશ કરી કે આ શું હોઈ શકે. એ સપાટ જગ્યાની બરાબર વચ્ચોવચ્ચ એક ચોખૂણા આકારનો નાનકડો અમથો ખાડો હતો. જેમાં મારી આંગળીઓ ઉલઝી પડી. એ ચોખૂણા આકારના ખાડાને મેં બે વાર બરાબર તપાસ્યો મને સમજમાં આવતુ ંહતું કે આ સપાટ લીસી જગ્યામાં જરૂર કોઈ સંકેત છુપાયેલો હોવો જાઈએ. એટલે મેં એ ભાગ ઉપર મારી હથેલઈનું વજન વધાર્યું અને એ ભાગને દબાવવાની કોશિશ કરી. કંઈ જ ન થયું. અનેએ જગ્યા હતી એમની એમ જ રહી. મારા હાથના દબાણની કોઈ અસર થઈ નહોતી. મેં જાર કરીને ફરીથી એ ભાગ દબાવી જાયો. થેંબો અનેજગદીશના શ્વાસોશ્વાસ બેસતા જતા હતા. અને ના પુરાવારૂપે એમના મોઢામાંથી ધીમી ઘરઘરાટી સંભળાઈ રહી હતી. હું સમજી નહોતો શક્યો કે આ લીસી જગ્યા અને એની વચ્ચે એ નાનકડા અમથા ખાડાનો શું મતલબ હોઈ શકે. મગજને કરચ્યું અને સાવ અચાનક મને ઝબકારો થયો. મેં મારા ખિસ્સામાં હાથ નાંખ્યો અને બહાર કાઢ્યો. મારા હાથમાં એ નાનકડો મોતીના દાણા જેવડો હીરો હતો. જે ૨૧૧ અમે પેલી મુદ્રામાંથી મળ્યો હતો. આ હીરો ચોખૂણો હતો. અને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દિવાલમાં હતો એ ખાડો પણ ચોખ્ખૂણ જ હતો. હળવેથ સાવધાની સાથે એ હીરાને મેં પેલી સપાટ લીસી જગ્યાની વચ્ચે બનેલા એ ચોખ્ખૂણા ભાગમાં ગોઠવ્યો અને અંગૂઠાથી એને દબાવ્યો. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. એ હીરો ચોખ્ખૂણા ભાગમાં એકદમ ફીટ બેસી ગયો હતો. જાણે કે એનું જ માપ લઈને એ ખાડો બનાવ્યો ન હોય. એ હીરા ઉપર મારા અંગૂઠાનું વજન વધતાં જ એની જાતે જ ઓટોમેટીક ધીરે ધીરે એ ખાડામાં ફરવા લાગ્યો. ધડામ... ધડૂમ... ધડામ...' ગુફામાં ભૂકંપ થયો. અનેએકસાથે ઘણા બધા અવાજા ગૂંજી ઊઠ્યા. ચારે તરફ જાણે કે પથ્થરોની દિવાલો ખસી રહી હોય અનેઘણા બધા દરવાજા એક સાથે ખુલવા લાગ્યા હોય એવો પથ્થરો ખસવાના અને ટકરાવાના અવાજા અમારા બધાના કાનમાં ગૂંજી ઊઠ્યા. અચાનક ક્યાંકથી તાજી સુગંધીદાર હવાની લહેરખીનો સ્પર્શ મારા શરીરને થયો અને એ હવાનો ઊંડો શ્વાસ મેં ફેફસામાં ભર્યો. મરતા માણસને જાણે જીવતદાન મળી ગયું હોય એમ અમારા જીવમાં જીવ આવવા લાગ્યો હતો. અને સાથે સાથે ગુફામાં વીંટળાઈને ઘુમરી ખાઈ રહેલો મશાલનો ધુમાડો ઓગળવા લાગ્યો હતો. એનું સ્થાન તાજી, શુદ્ધ હવા લઈ રહી હતી. એક ચમત્કાર થયો હતો અને અચાકન પેલા હીરાના કારણે અમે મરતાં મરતાં બચી ગયા હતા.

મેં પાછળ ફરીને એ દિશામાં નજર કરી કે જ્યાંથી એ પથ્થરો ખસકવાના અવાજા આવ્યા હતા. મારાથી વિરુદ્ધ દિશામાં એક આખી દિવાલ દરવાજાની જેમ એક તરફ હટી ગઈ હતી. અને એ જગ્યાએ અમને બીજી સુરંગ નજરે ચડતી હતી. આ તાજી હવાની લહેરખી એ સુરંગમાંથી જ આવતી હતી. એનો મતલબ એવો થયો હતો કે કદાચ આ સુરંગનો રસ્તો પહાડની બીજી તરફ નીકળતો હોવો જાઈએ. થેંબાએ ઉભા થઈને ફરી પાછી મશાલ સળગાવી એટલે અંદરનો માહોલ સ્પષ્ટ થયો. મેં એ આખા કમરામાં નજર ફેરવી. હું જ્યાં ઉભો હતો ત્યાં મારા પગ પાસે, થોડે દૂર દીવાલમાંથી બીજા એક નાનકડો લંબચોરસ આકારનો પથ્થર દીવાલમાંથી બહાર ધસી આવ્યો હતો. હવે મને ખ્યાલ આવ્યો કે પેલા હીરાને અંદર નાંખતા જ કેમ ઘણા બધા અવાજા એકસાથે આવ્યા હતા. આ કમરા જેવી જગ્યામાં એ હીરાના કારણે ઘણા બધા પથ્થરો એકસાથે હટ્યા ૨૧૨ હતા. અને એ અત્યારે હું જાઈ રહ્યો હતો. એ નાનકડી લંબગોળ પથ્થર કોઈક ખાનાની જેમ બહાર નીકળ્યો હતો. એટલે ઝુકીને મેં એ પથ્થરને બહાર ખેંચ્યો. એની પાછળ એવડું જ બાકોરું હતું. એટલે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મેં સાવધાનીથી એ બાકોરામાં હાથ નાંખ્યો. મારા હાથે કોઈક કાપડના થેલા જેવું અથડાયું એટલે હાથમાં પકડીને મેં એને બહાર ખેંચી લીધું. એ એક થેલા જેવુંજ કંઈક હતું. જગદીશ અને થેંબો મારી પાસે આવ્યા. એ થેલા જેવું નહી પરંતુ થેલો જ હતો. જૂના જમાનામાં વપરાતો હતો. એવો ખદડ, જાડા કાપડમાંથી બનાવેલો થેલો. મેં થેંબા તરફ એને સરકાવ્યો. અને ફરી પાછો એ બકોરામાં હાથ નાંખી ખાંખા ખોળા કરવા લાગ્યો. એક પછી એક એમ કરતા ચાર થેલા મેં બહાર ખેંચી કાઢ્યા. થેલા હતા નાના નાના પરંતુ એ વજનદાર જણાતા હતા. અમારા શ્વાસોશ્વાસમાં ઉત્તેજના ફેલાતી જતી હતી. કદાચ અમે કોઈ ખજાનો મેળવી લીધો હતો. એક પછી એક એ ચારેય થેલા ખોલ્યા. અને એમાં જે વસ્તુ હતી એ બહાર કાઢી અમારા ત્રણેયની વચ્ચે મૂકી....

મશાલના પીળા પ્રકાશમાં એ મૂર્તિઓ ચમકી ઊઠી એ કુલ ચાર થેલામાંથી ચાર મૂર્તિઓ નીકળી હતી. એ મૂર્તિઓનું તેજ આખી ગુફામાં ફેલાઈને પથરાઈ રહ્યું હતું. એક સરખા આકારની શુદ્ધ સોનાની શંકર ભગવાનની એકાદ ફૂટ ઊંચી મૂર્તિઓ હતી એ. અમે ત્રણેય પથ્થરના પૂતળા બનીને ફાટી આંખે, ધડકતા હૃદયે, એ મૂર્તિઓ એકીટશે નિહાળી રહ્યા હતા. એ ધ્યાન મુદ્રામાં પલાંઠીવાળીને ટટ્ટાર બેઠેલા આકારની શંકર ભગવાનની એ ૨૪ કેરેટ શુદ્ધ સોનાની મૂર્તિઓ ખરેખર અદભૂત લાગતી હતી. એ મૂર્તિઓમાંથી એક દિવ્ય પ્રકાશ આખી ગુફામાં ફેલાઈ ઊઠ્યો હતો. અને અમે મંત્રમુગ્ધ નજરે એ મૂર્તિઓને નિહાળવામાં મગ્ન બની ગયા હતા. અમારી સામે અબજા રૂપિયાની કિંમતની પ્રાચીન, અતિ પ્રાચીન મૂર્તિઓ પડી હતી. છતાં અમારા મનમાં લોભ કે લાલચની જરા પણ ભાવના જન્મી નહોતી. આ ફક્ત હું મારી અને થેંબોની વાત કહી રહ્યો છું. જગદીશના મનમાં શું ચાલતું હતું એ હું કહી શકું એમ નહોતો. મેં એની સામે જાયું. એ ધારી ધારીને એ મૂર્તિઓ નિહાળી રહ્યો હતો.

એની આંખોમાં ચમક બદલાતી જતી હતી. મને એવું લાગી રહ્યું હતું કે જેની મને ૨૧૩ બીક હતી. એ ઘડી નજદીક આવી ગઈ હતી. એક તરફ અબજા રૂપિયાની કિંમતની મૂર્તિઓ હતી અને બીજી તરફ આ કાવતરાખોર જગદીશ. એ અમારી સાથે પહેલેથી જ વિચિત્ર રીતે વર્તતો આવતો હતો. અને હવે જ્યારે અમને અમારી મંઝીલ મળી ગઈ છે ત્યારે એ શું કરશે એનું તો મારે અનુમાન જ લગાવવાનું હતું. મારા માટે એ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જાણવું જરૂરી હતું કે રાજેશ ઉપર કોણે ફાયરીંગ કર્યું હતું. અને એ રહસ્ય ખોલી શકે એવો કોઈ જ સુરાગ હજુ સુધી તો અમારા હાથમાં આવ્યો નહોતો. મેં એ થેલાને ફરીથી ખંખેર્યો પરંતુ બીજું કંઈ જ એમાં નહોતું. થેલાને બાજુમાં રાખી મેં એક મૂર્તિ હાથમાં લીધી. ખરેખર અદભૂત કામગીરી હતી એ મૂર્તિની. આ પહેલા મેં મારા જીવનમાં ક્યારેય આવી કામગીરી જોઈ નહોતી. અને આ તો સંપૂર્ણ સોનામાં બનાવેલી મૂર્તિઓ હતી. કહેવાય છે કે સોનામાં લોભ અને લાલચ છુપાયેલા હોય છે. સોનાના કારણે આજ સુધીમાં ઘણાં રક્તરંજીત યુદ્ધો ખેલાયા છે ઘણા કપટ દગા અને ખૂનો થયા છે. સોનું એ આ દુનિયાનું શ્રેષ્ઠતમ આકર્ષણ નું સાધન બની ગયું છે. સોનાના કારણે ઘણાં લોહિયાળ સંઘર્ષો થયા છે. અને ભવિષ્યમાં થશે પણ ખરા....કારણકે આ ધાતુમાં જબરજસ્ત આકર્ષણ છે અને માનવીનું મન એને પોતાના કબજામાં લઈ લેવા લલચાય છે. પછી એ ન કરવાના કામો કરતા પણ અચકાતો નથી. હું પણ આમાં અપવાદ નહોતો. મને પણ સોનું ગમતું પરંતુ અત્યારની મારી સ્થિતિ જુદીહતી. હું અત્યારે આ સોનામાં મારા ઈષ્ટદેવ ભગવાન શિવના રૂપને નિહાળી રહ્યો હતો. અનેજ્યાં શિવય હોય ત્યાં સંસારની બીજી કોઈ મોહ માયાના બંધનો લાગતા નથી. હું મનોમન મારા આરાધ્ય દેવ શિવને વંદન કરી રહ્યો હતો. અને એ મૂર્તિ હજુ પણ મારાહાથમાં જ હતી. અને હું પ્રાર્થનામાં લીન બની ગયો.... અને... મારી આંગળીઓ એ મૂર્તિના નીચેના ભાગમાં દબાણી.... ખન...ખનન... ખનન. કરતા એકસરખા આકારના હીરાનો નાનકડો ઢગલો મારા ખોળામાં થઈ ગયો. આ એવા જ પ્રકારના હિરા હતા જેમાંનો એક હીરો અમને પેલા નકશા સાથે મુદ્રાની અંદર મળ્યો હતો. અને જેના ઉપયોગથી જ આ મૂર્તિ રાખેલું ખાનું ખુલ્યું હતું. અમારી નજરોની સામે આશ્ચર્ય અને અવિશ્વાસની પરંપરા ચાલુ થઈ ગઈ હતી. હજુ તો અમે ભગવાન શિવની મૂર્તિને જાતા કર્તવ્યમૂઢ બનીને બેઠા હતા કે આ ૨૧૪ હીરાઓએ અમને રીતસરના બાઘા જ બનાવી નાખ્યા હતા. જા કે આ એક મૂર્તિમાંથી હીરા નીકળ્યા છે તો પછી બાકીની મૂર્તિઓમાં પણ હીરા છુપાયેલા હોવા જાઈએ. અમારું એ અનુમાન બિલકુલ સાચું નીકળ્યું. બાકીની ત્રણેય મૂર્તિઓની બે ઈંચ જેવડી જાડી બેઠકના ભાગેથી ખનન કરતા હીરાઓ ગુફાના પથ્થરો ઉપર ઢગલો થઈને પડ્યા. અમે ત્રણેય આભા બનીને એને જાતાજ રહી ગયા. અમને લોકોને બોલવાના પણહોંશ નહોતા રહ્યા કે આ પરિસ્થિતિમાં અમારે શું કહેવું અને શું કરવું ?

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મારા શરીરમાં લોહી તેજ ગતિએ દોડવા લાગ્યું હતું. અને એનાથી પણ તેજ ગતિએ મારા મનમાં વિચારો ચાલતા હતા. હું આ આખી પરિસ્થિતિને સમજી ચૂક્યો હતો. અને મને લગભગ આ મૂર્તઓવાળી વાત, એમાંથી નીકળેલા હીરા અને ખુરશીદ, અમોમુખી, રાજેશ આ બધાનું કેવી રીતે શું થયું હશે એ થોડાઘણા અંશે અંદાજ આવતો જતો હતો. મારા મત પ્રમાણે આ આખી ઘટના આજથી ૬૦-૬૧ વર્ષ પહેલા શરૂ થઈ હોવી જીએ... અને કંઈક આ પ્રમાણે બન્યું હશે...

'ખુરશીદ પોતાની જાતને એક ક્રાતિકારીના વેશમાં દુનિયા સમક્ષ પ્રસ્તુત કરતો હશે પરંતુ હકીકતમાં સ્મગલર, એક દાણચોર હતો. એણે હમણાં થોડા સમય પહેલા જ એના રાજસ્થાની કહેવાતા મિત્રો સાથે એક બહુ જ મોટો સોદો પાર પાડ્યો હતો. અને એટલે એ અને એના મિત્રો ખુરશીદને મળવા ગંગટોક પહોંચ્યા હતા. સોદો એવો હતો કે એ રાજસ્થાની માણસો પાસે ચોરેલી એકસરખી સોનાની ભગવાન શંકરની ચાર મૂર્તિઓ હતી. અને એ મૂર્તિઓના બદલામાં ખુરશીદે પોતાની પાસે હતા એ કિંમતી હીરા અદલાબદલીમાં આપવાનું ઠેરવ્યું હતું. એ લોકો આવ્યા ત્યારે ખુરશીદ અને એમના એ ચાર મિત્રો વચ્ચે કોઈક બાબતે ઝઘડો થયો હશે. એટલે એ લોકોના હાથે ખુરશીદનું ખૂન થઈ ગયું. આમ હવે એમની પાસે મૂર્તિ અને ખુરશીદના હીરા એ બંને વસ્તુઓ હતી. તેઓ ગંગટોકથી લાચૂંગ તરફ ભાગ્યા કે જેથી એ લોકો નેપાળ અથવા તિબ્બત કે પછી ચીનમાં ઘૂસી જાય. પરંતુ ત્યાં સુધીનો પર્વતીય રસ્તાનો જાણકાર એમની પાસે નહોતો. એટલે એમણે લાચૂંગથી અમોને લાલચ આપીને ભોમિયા તરીકે સાથે લીધો હશે. આમ તેઓ લાચૂંગથી આગળ વધ્યા હશે. એ પછી ગમે તે થયું હોય ૨૧૫ પરંતુ આખરે એ બધો જ ખજાનો અમોના હાથમાં આવ્યો હતો. અને પેલા ચાર વ્યક્તિનુ શું થયું એ તો કોઈને ખબર નહોતી પડી. અને અમોએ કોઈક કારણોસર એ હીરાને મૂર્તિમાં ભરીને અહીં આ ગુફામાં ચોરખાનું બનાવીને છુપાવી દીધા અનેલાચૂંગથી અહીં સુધી પહોંચવાનો વ્યવસ્થિત નકશો બનાવી એ એક દાબડી જેવી મુદ્રામાં રાખી પોતાની સાથે લાચૂંગ લેતો ગયો. અને બધું ભૂલીને જીવવા લાગ્યો હતો. હવે ઘણા વર્ષો બાદ એવું કંઈક બન્યું કે કોઈક ખતરનાક માણસોને આની જાણ થઈ ગઈ અને ગમે તે કારણોસર એ લોકોના હાથે અમોમુખી મરાયો. મરતા મરતા એણે રાજેશને મુદ્રા આપી. અનેરાજેશ તેનો ઘા કરીને ત્યાંથી ભાગ્યો.... રાજેશને એ લોકોએ એમના

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

માટે ખતરારૂપ ગણી મારવાની કોશિશ કરી જેમાં એ તો બચી ગયો. પરંતુ ઘટનાબાદ અચાનક જ કંઈક એવી ભેદી ઘટનાઓ બનવા લાગી કે છેવટે આ સમગ્ર કહાણીમાં છેલ્લે હું જાડાઈ ગયો હતો. અને અત્યારે મારી નજર સામે એમૂર્તિ અને હીરા ચમકી રહ્યા હતા.'

***

અમે છક થઈને હજુ આના વિશે વિચારી જ રહ્યા હતા કે અમને કોઈક અવાજ સંભળાયો. એવું લાગ્યું કે ગુફાના મુખ પાસે કંઈક અથડાયું. કદાચ કોઈ પથ્થર ઉપરથી નીચે ગબડીને ગુફાના દ્વારે પડ્યો હતો. એવો જ કંઈક અવાજ હતો એ.. અમારા કાન સરવા થયા કારણ કે અમે ત્રણેયને એ અવાજ સંભળાયો હતો. અચાનક ફરીવાર અવાજ આવ્યો અને પછીતો ધડબડાટી બોલી ગઈ હોય એવો અવાજોનો સિલસિલો ચાલુ થઈ ગયો હતો. જાણે કે ઘણા બધા માણસો એકસાથે ગુફામાં ઘુસવાની કોશિશ કરી રહ્યા હોય એવા અવાજા હતા. એ જરૂર.. કોઈ ત્યાં આવ્યું હતું. કોણ હોઈ શકે એ...? પૂજા અને ટીના તો અહીં પહોંચવાની કોશિશ પણ ન કરે... તો પછી કોણ હોઈ શકે...? મારા મગજમાં ઘણાં બધા સવાલો ઉઠ્યા. અને હું ઊભો થઈને રીતસરનો બહારની તરફ ધસ્યો. થેંબો મને બહાર જતા જોઈને જલદી જલદી એ મૂર્તિમાં હીરા ૨૧૬ ભરવા લાગ્યો અને પછી એ મૂર્તિઓને થેલમાં મૂકી. મારા આશ્ચર્ય વચ્ચે જગદીશ ત્યાં થેંબા પાસે ઊભો રહેવાને બદલે મારી પાછળ આવ્યો હતો. મને કંઈક અજીબ ભાવ થવા લાગ્યા કે એ શું કામ મારી પાછળ આવ્યો હશે...? હું અથડાતો ઘસાતો જેવો ગુફાના દ્વાર પાસે પહોંચવા આવ્યો કે અચાનક મારા પગ થંભી ગયા. મારી છઠ્ઠી ઈંદ્રિયએ મને કોઈ ભયાનક ખતરાનો સંકેત આપ્યો. અને એટલે જ હું અટક્યો. એક પથ્થરની આડકાશે ઊભો રહી ગયો. કે જેથી હું બહાર શું ચાલી રહ્યું છે એ જાઈ શકું. ત્યાં મારાથી થોડે દૂર ગુફાના દ્વાર પાસે ભારે હલચલ થઈ રહી હતી. બે પહેલવાન જેવા હટ્ટાકટ્ટા માણસો ઉપર ચડ્યાહતા. અને તેઓ હાથ પકડીને ત્રીજાને ઉપર ખેંચવાની કોશિશ કરતા હતા. અત્યારે ઘટનાઓ એટલી ઝડપી ઘટી રહી હતી કે મારી પાસે વિચારવાનો પણ સમય નહોતો. કે અચાનક ક્યાંથી આ માણસો અહીં ઘૂસી આવ્યા...? કોણ હતા આ લોકો.? અને ભૂતના માથાની જેમ અચાનક ક્યાથી ટપકી પડ્યા..? અને અચાનક મને ઝબકારો થયો કે જરૂર આપેલા નેપાળીના જ માણસો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હોવા જાઈએ. કારણ કે જગદીશ અને નેપાળી બંને સાથે જ હતા. એટલે જગદીશે અમારો આખો પ્લાન એ નેપાળી સમક્ષ ઓકી નાખ્યો હશે. એટલે એ અમારો પીછો કરતો કરતો અહીં સુધી પહોંચી ગયો હશે... મને જગદીશ ઉપર કાળઝાળ ગુસ્સો આવ્યો કે આખરે એણે પોતાની જાત બતાવી દીધી. હું જેવું એના વિશે વિચારતો હતો એવું જ એણે કર્યું. મને પૂજા અને ટિનાની ફિકર થવા લાગી કે જા આલોકો અહીં સુધી પહોંચી ગયા છે તો એ બંનેનું શું થયું હશે...?

આ લોકોએ જરૂર એ બંનેને પકડી લીધા હશે અથવા તો પછી કદાચ આ અજાણ્યા માણસોને જાઈને એ બંને કોઈ સુરક્ષિત જગ્યાએ સંતાઈ ગયા હોય એવું પણ બને. સવાલો ઉપર સવાલો મારા મનમાં ઘુમરાઈ રહ્યા હતા. અને એ સવાલોના જવાબ મેળવવાનો અત્યારે સમય નહોતો. જે ઝડપથી આ ખતરનાક ખેલ ભજવાઈ રહ્યો હતો એનાથી ડબલ ઝડપ દાખવીને મારે આ ખેલમાં જીતવાનું હતું. યા તો હું આમા જીતું છું અથવા તો મરું છું. માત્ર બે જ ઓપ્શન હતા. મારી પાસે ને જીતનું ભયાનક ઝનૂન માર પર હાવી થવા લાગ્યું. આમ સાવ આાસનીથી હું લડ્યા વગર હાર માની લઉઁ એ તો મને કોઈ કાળે મંજૂર નહોતું. એટલે મનોમન મેં મારા ગુસ્સાને, ૨૧૭ મારા ઝનૂનને વધારવાની કોશિશ કરી... અત્યારે મારા સિવાય પૂજા અને ટિનાનો પણ જીવ જાખમમાં હતો અને એ વિચારે મને આ પરિસ્થિતિનો સામનો કરવાની જબરજસ્ત શક્તિ આપી.

હું તેજ ગતિએ વિચારી રહ્યો હતો કે હું શું કરું...? કોઈ અવિચારી પગલું મને મોતના હવાલે કરી દે એમ હતું. પેલા ત્રણમાંથી બે માણસો હુંજે તરફ ઊભો હતો એ તરફ ગુફાની અંદર આગળ વધ્યા. એમના ખભે કંઈકલટકી રહ્યું હતું. જે મેંધ્યાનથી જાયું...

હે ઈશ્વર .. એમના હાથમાં મશીનગન હતું. એ ખરેખર ખંખાર અને ભયાનક માણસો હતા. મેં. જાયું તો પેલા ત્રીજા માણ પછી ચોથો માણસ ઉપર આવી ચૂક્યા હતા. એ હજુ ખબર નહીં એની પાછળ કેટલા માણસો હોય. .. ? હવે હું વધારે સમય અહીં રોકાઈ શકું એમ નહોતો. મારે કંઈક કરવું જરૂરી હતું. અને મનોમન એક ઝડપી નિર્ણય કરીને પાછળ ફરીને હું ખૂબજ ઝડપથી અંદર ભાગ્યો. જગદીશ બરાબર મારી પાછળ આવીને જ ઊભો રહ્યો હતો મેં એને જાયો અને પછી ભયંકર ગુસ્સાથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દાંત ભીંસીને એને એક જારદાર ધક્કો માર્યો. હું આવું કંઈક કરીશ એવી આશા જગદીશને નહોતી એટલે અચાનક એની ઉપર થયેલા હુમલાને એ ખાળી ન શક્યો અને મારા ધક્કાના કારણે ધડામ કરતું એનું માથું એક અણિદાર પથ્થર સાથે ભટકાયું. અને તમ્મર ખાઈને એ નીચે પટકાયો. એક તો અચાનક થયેલા હુમલાના કારણે એ ગભરાઈ ગયો હતો. અને એમાંય પથ્થર સાથે જારદાર રીતે માથું ભટકાતા એ બેહોશ થઈ ગયો અને કપાયેલા વૃક્ષની જેમ એ ગુફાના પથ્થરની ફર્શ પર બે હાથ પહોળા કરીને એ ઊંધે માથે પડ્યો એ પડ્યો અને એના શરીર ઉપરથી કૂદીને હું અંદર ભાગ્યો. જગદીશને શું થયું એ જાવા માટે રોકાવાનું નહોતું એટલે હું થેંબા તરફ ઝડપથી દોડ્યો. એ નાનકડી અમથી ટનલ જેવી ગુફામાં અંધાધૂંધી ફેલાઈ ગઈ. હું ભાગી રહ્યો હતો. ત્યારે મારા મગજમાં એક જ વાત રમતી હતી કે બહાર ગુફાનાદ્વારે જે માણસો આવ્યા હતા એ જગદીશ અને નેપાળીના જ માણસો છે, પરંતુ હકીકત એ નહોતી. હકીકત કંઈક અલગ જ હતી. આખો ટેબ્લો કંઈક વિચિત્ર રીતે રચાયો હતો. જા મેં શાંતિથી વિચાર્યું ૨૧૮ હોત અને થોડીવાર ત્યાંજ ઊભા રહીને બધું નિરીક્ષણ કર્યું હોત તો આગળની સ્થિતિ કંઈક અલગ જ બની હોત. પરંતુ એવું નહોતું બન્યું મને સૌથી વધારે પૂજાની ફિકર હતી અને એની ચિંતાએ મને ઝનૂની બનાવી દીધો હતો.

હવે આખી પરિસ્થિતિ કંઈ આ પ્રમાણે બની હતી. અમે જ્યારે ગુફામાં પેલી મૂર્તિઓ શોધી રહ્યા હતા. ત્યારે જ સુરિન્દર અને જગતાપે મોકાનો લાભ ઉઠાવ્યો. એમને વિશ્વાસ થઈ ગયો હતો કે એગુફામાં અમે જરૂર પેલો ખજાનો શોધી કાઢ્યો હશે એટલે હવે વધુ સમય ન બગાડતાં તેઓ હરકતમાં આવ્યા હતા. સૌથી પહેલા તો તેઓએ પૂજા અને ટીનાને બંધક બનાવી દીધા કે જેથી અમારી સાથે સોદાબાજી કરી શકે. એ બંને રાંક છોકરીઓ તો અચાનક એમના ઉપર થયેલા હુમલાથી એટલી ગભરાઈ ગઈ હતી કે રીતસરની રડવા લાગી હતી. સુરીન્દરે એ બંને છોકરીઓને ઝાડ સાથે બાંધીને એમની ઉપર વોચ રાખવા પોતાના બે પહેલવાનોને ત્યાં જ ગોઠવ્યા પછી એ ગુફામાં જવા માટે પર્વત ચડવા લાગ્યો. આ તરફ જેવો હું જગદીશને ધક્કો મારીને ભાગીને અંદર આવતા પેલા બંને માણસો મને જાઈ ગયા. અને મારી પાછળ દોડ્યા. એક તો ગુફા સાવ સાંકડી હતી. અને એમાં એના પહેલવાનો જેવા હટ્ટાકટ્ટાશરીર અને ઉપરથઈ પાછો જગદીશ મારા હાથનો માર ખાઈને પથરાઈને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રસ્તામાં નીચે પડ્યો હતો. એટલે એ લોકોને મારી પાછળ આવવામાં મુશ્કેલી પડી. જ્યાં સુધીમાં એ લોકો જગદીશને રસ્તામાંથી સાઈડમાં લઈ જાય અને મારી પાછળ આવે ત્યાં સુધીમાં તો હું ફલાંગો ભરતો થેલા પાસે પહોંચી ગયો હતો. થેંબાને ખતરાનો અહેસાસ થઈ ગયો હતો. એટલે એ પેલા થેલા ખભે ભરાવીને તૈયાર જ ઊભો હતો. અને એને જાતા જ મેં રાડ પાડી .. થેંબા ભાગ.. અને એ મારી આગળ ભાગ્યો. પર્વતની બીજી બાજુ જે રસ્તો ખુલી ગયો હતો એ તરફ થેંબો ભાગ્યો. અને એની પાછળ હું દોડતો હતો. એતદ્ન સાંકડા, અવાવરુ, લપસણા માર્ગ પર અમે પડતા આખડતા છોલાતા, ઘસાતા હાંફતા આંખો બંધ કરીને ભયાનક રીતે ભાગી રહ્યા હતા. અમારી પાછળ પેલા મશીનગન ધારી માણસો અમારો કાળ બનીને આવતા હતા. અને અમારી ધડબડાટી આખી ગુફામાં પડઘા બનીને ગૂંજી ઊઠી હતી.

***

નેપાળી અત્યારે એક ઝાડ પાછળ શ્વાસ રોકીને ઊભો હતો. એની તીક્ષ્ણ નજર પેલાબંદુકધારી માણસો ઉપર હતી. જે પૂજા અને ટીના સામે ભૂખી નજરોએ જાઈ રહ્યા હતા. એ બંને ખતરનાક ઈરાદાથી એ બંને છોકરીઓને તાકી રહ્યા હતા. અને એની આંખોના ભાવ ઉપરથી જ સ્પષ્ટ વર્તાઈ આવતું હતું. નેપાળી ઝડપથી વિચારી રહ્યો હતો કે હવે શું કરવું. ? એની પાસે વિકલ્પો ઘણા હતા પરંતુ એ તમામ વિકલ્પો ખતરનાક અને જીવલેણ હતા. એ જગતાપ અને સુરિન્દરનું પગેરું દબાવતા અહીં સુધી સાવધાનીથી એની પાછળપાછળ આવતો હતો. અહીં પહોંચીને એણે એક મોટા ઝાડના થડની આડશેથી જાયું તો એલોકો પૂજા અને ટીનાને બાંધીને બે માણસોને એમની ચોકી કરવા મુકી બાકીના તમામ પહાડ ઉપર ચડીને પેલી ગુફામાં ગયા હતા. કે જ્યાં પહેલેથી જ હું, જગદીશ અને થેંબો હતા. નેપાળીનો અડધો પડધો મેકઅપ વિખેરાઈને એના જ ચહેરા પર લીંપાઈ ગયો હતો અન એટલે એનો દેખાવ સાવ વિચિત્ર થઈ ગયો હતો. એ પૂજા અને ટીનાથી પાછળના ભાગે મુશ્કેલીથી થોડા ફલાંગો દૂર જ સંતાઈને ઊભો હતો. નેપાળી કોઈ સચોટ પ્લાન બનાવીને આગળ વધવા માંગતો હતો. જા એ ખુલ્લં ખુલ્લા સામી છાતીએ પેલા ગનધારી પહેલવાનોનો સામનો કરવા જાય તો એને પોતાના જીવને જાખમ થાય અને સાથેસાથે પૂજા અને ટીનાને પણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જાખમ થઈ શકે. નેપાળી નહોતો ઈચ્છતો કે પોતાના લીધે એ બંનેને કંઈ થાય. ભારે ગડમથલમાં એ ત્યાંજ વિચારતો ઊભો રહ્યો. એની પાસે વધુ સમય નહતો કે એ વિચારવામાં બગાડી નાખે, આ એક્શનનો સમય હતો. વાટ જાવાનો નહિ. આખરે એણે એક મોટો નિર્ણય લીધો. અને પેન્ટની પાછળખોસેલી પિસ્તોલ પર હાથ રાખીને એ સાવધાનીથી આગળ વધતો જેટલું બને એટલું દબાતા પગે એ અવાજ ન થાય એ રીતે આગળ વધતો હતો. એ પેલા માણસોની એકદમ નજીક સાવધાનીથી પહોંચવા માંગતો હતો. હતો અને એમાં જા કોઈ ગરબડ થાય તો પિસ્તોલ તો હતી જ એની પાસે. એ બન્ને માણસો જ રીતે ઊભા હતા એ પોઝિશનની નેપાળીએ ગણતરી કરી એના ઉપર કેવી રીતે હુમલો કરવો એ વિચારતો આગળ વધતો જતો હતો. જેમ- જેમ એ પૂજા અને ટીના તથા પેલા બે માણસોની નજીક જઈ રહ્યો હતો તેમ- તેમ એના દિલની ધડકન તેજ થઈ ગઈ હતી. ૨૨૦ સહેજ પણ અવાજ ન થાય એવી સાવધાની રાખીને દબાતા પગલે સ્ફૂર્તિથી એ એક ઝાડના થડ પાછળ પહોંચ્યો. અહીંથી એ માણસોની ચોક્કસ સ્થિતિનો ખ્યાલ સ્પષ્ટ રીતે આવતો હતો. નેપાળીએ મનમાં ગણતરી ગોઠવી.. લગભગ વીસેક ફૂટનું અંતર હતુ એની અને પેલા પહેલવાનો વચ્ચે. નેપાળીને બને ત્યાં સુધી પિસ્તોલનો ઉપયોગ નહોતો કરવો કારણ કે જા ફાયરિંગ થાય તો એનો અવાજ ચોક્કસપણે આખા વિસ્તારમાં ગુંજી ઉઠે અને સાથે- સાથે ઉપર ગયા હતા એ આ બન્નેના સાથીઓ પણ એ સાંભળે અને પછી આખી બાજી બગડતા વાર ન લાગે. નેપાળીએ તો એવી ગણતરી કરી હતી કે એવું કંઈ જ થાય છતાં કામ તમામ થઈ જાય. સાપ મરે અને લાઠીયે ન તૂટે...

નેપાળી થોડો વધુ નજીક સરક્યો. ઝાડની આડશ લેતો એ ચિત્તાની સતર્કતાથી આગળ વધ્યો. એ બન્ને માણસો હાથ ગન પર રાખીને એકદમ બેફિકરાઈથી એકબીજાની નજીક ઊભા હતા. એ લોકો બિલકુલ સાવધ નહોતા અને એમને ખબર નહોતી એમ નેપાળી રૂપી મોત એમની તરફ સાવધનીથી બિલ્લી પગે આગળ વધી રહ્યું હતુ. એ બન્નેની અસાવધાનીનો ભરપૂર ફાયદો ઉઠાવવાનું નેપાળીએ નકકી કરી લીધુ હતુ. અને.. સાવ અચાનક જ એ બહાર નીકળ્યો અને ભયંકર ઝડપે પેલા બન્ને તરફ દોડ્યો. એ બન્ને કંઈ સમજે અને કોઈ હરકત કરે એ પહેલા તો એણે એ લોકો પર છલાંગ લગાવી દીધી. બિલકુલ હિન્દી ફિલ્મોમાં જેમ બને છે એમ એ નેપાલીના હાથ એકના ગળામાં ગાળીયો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બનીને ફસાઈ ચૂક્યા હતા અને એના પગ બીજાના ગળામાં અજગર ભરડાની જેમ પડ્યા. પેલા બન્ને માટે આ હુમલો સાવ અણધાર્યો હતો એટલે એ કંઈ સમજે, વિચારે કે કોઈ હરકત કરે એ પહેલા તો એ બન્ને ધૂળ ચાટતા થઈ ગયા હતા અને નેપાળી અ બન્ને ઉપર છવાઈ ગયો હતો. નેપાળીએ બરાબર અંદાજા લગાવીને છલાંગ લગાવી હતી. એના હાથનો અજગર ભરડો, આગળ ઊભો હતો એ માણસના ગળામાં સાણસાની જેમ જબરજસ્ત રીતે ભીંસાઈ ચૂક્યો હતો અને એના શરીર ઉપર ઝૂલીને પોતાનો બધો વજન એ માણસ ઉપર નાખી એના પગ ઉંચકયા હતા. હવામાં રીતસરનો ઉડતા નેપાળીએ એના પગને બીજા માણસના ગળામાં નાંખ્યા અને એક જારદાર ઝટકો મારીને એ બન્નેને નીચે પાડી દીધા હતા. એ બન્ને પહેલવાનોની શારીરિક ૨૨૧ તાકાત સામે એ નેપાળી તો સાવ મગતરૂ લાગતો હતો પરંતુ નેપાળીએ એટલો જબરજસ્ત રીતે અચાનક હુમલો કર્યો હતો કે બન્ને ધીસ ખાઈ ગયા હતા અને કોઈ રીએક્શન કરવા જાય એ પહેલા તો ધૂળ ચાટવા લાગ્યા હતા. નેપાળી પોતે પણ જાણતો હતો કે જા એ બન્નેને સહેજ પણ સમય મળી જશે તો પછી એનું આવી જ બનવાનું છે.

એટલે એ જરાપણ વધારે સમય બગાડવા માંગતો નહોતો. એ લોકો જેવા નીચે પડયા કે તરત જ નેપાળીએ પોતાની એક પગની પકડ ઢીલી કરી એ પગને ગોઠણ સુધી વાળીને હવામાં ઝીંક્યો. અને ભડાક... કરતા એણે પહેરેલા ખીલાવાળા વજનદાર બૂટનો વાર બીજા માણસને ચહેરા પર કર્યો. નેપાળીએ પોતાની પૂરી તાકાતથી વાર કર્યો હતો અને એ વાર એટલો ભયાનક રીતે એના ચહેરા ઉપર થયો હતો કે એનું આખું મોઢું ચિરાઈ ગયુ. બૂટના ખીલા રીતસરના એના ચહેરામાં ઊંડે સુધી ખૂંપી ગયા હતા. એની નસકોરી ફાટી ગઈ અને મોઢામાંથી દાંત તૂટીને લોહીના કોગળા સાથે બહાર નીકળી ગયા. નેપાળીના વજનદાર બૂટનો એક જ વાર એના એના માટે પ્રાણઘાતક સાબિત થયો અને એ ત્યાંને ત્યાં જ ઠાર થઈ ગયો. એ હવે ઊભો થઈ શકે એમ નહોતો કારણ કે એ મરી ચૂક્યો હતો. એક તો ગયો એટલે નેપાળીએ એના હાથની નાગચૂડ પેલા બીજા માણસના ગળામાં વધુ ને વધુ સખત બનાવી. એને અત્યારે ભયાનક ઝનૂન ચડયું હતુ. પેલો માણસ પોતાના હાથ પગ ઉછાળીને પ્રતિકાર કરવાની કોશિશ કરી રહ્યો હતો. અને એણે બે- ત્રણ ઘુસા અને લાતો નેપાળીને વળગાડી દીધી હતી પરંતુ એનાથી નેપાળી જરાય પણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વિચલિત થયો નહોતો કારણ કે એને ઝનૂન ચડ્યુ હતુ અને અત્યારે એની આગળ બીજા બે- ત્રણ માણસો હોત તો પણ એ બધા મારી- મારીને ખોખરા કરી નાખત. નેપાળીએ ફરી વખત દાંત કચકચાવીને ભીંસ્યા અને જબરજસ્ત તાકતથી હાથની પકડ એ પહેલવાનના ઝળે વધારી. પહેલવાનના ખભે ભરાવેલી મશિનગન પણ કંઈ કામની નહોતી રહી અને ધીરે- ધીરે એનો શ્વાસ રૂંધાવા લાગતા એની આંખો અને જીભ બહાર નીકળીને લટકવા લાગ્યા. સામાન્ય એકવડા બાંધાનો નેપાળી એ બન્ને બાવડાબાજ પહેલવાનો ઉપર ભારે પડ્યો હતો અને એ જ ઝડપથી, ભયાનક ઝનૂનથી એણે એ બન્નેને યમલોક પહોંચાડી દીધા હતા એ જાઈને તો પૂજા ૨૨૨ અને ટીના પણ કાંપી ઊઠ્યા હતા. કોઈ કસાઈ બકરાને પોતાના હાથેથી જ હલાલ કરી નાખે એ રીતે નેપાળીએ એ બન્નેને હલાલ કરી નાખ્યા હતા. જયારે એને પૂરી ખાતરી થઈ કે એ બન્ને મરી ચૂક્યા છે ત્યારે જ એણે પોતાના હાથની પકડ છોડી ને એ ઊભો થયો. એ હાંફી રહ્યો હતો અને એવી જ સ્થિતિમાં એ પૂજા અને ટીનાને બાંધ્યા હતા ત્યાં પહોંચ્યો. તેણે એ બન્નેના દોરડા ખોલી નાખ્યા.

પૂજા તો હેરતથી ફાટી આંખે આ મોતનો ખેલ જાઈને હેબતાઈ ગઈ'તી જ્યારે ટીનાના ચહેરા પરથી લાગતુ હતુ કે એને આવું કંઈક બનશે એનો અંદાજ હતો જ. પૂજાને હજુ વિશ્વાસ નહોતો આવતો કે આટલી ભયાનક ઝડપે નેપાળીએ બન્નેને પરાસ્ત કરી નાખ્યા હતા. એતો હતપ્રભ નજરે નેપાળીને તાકી રહી હતી. આ એ જ નેપાળી હતો જેનાથી સાવધાન રહેવાની અમીતે એને ચેતવણી આપી હતી અને આજે એણે જ એનો જીવ બચાવ્યો હતો. શું કામ...? કોણ છે આ નેપાળી...? અમીતે કહ્યું હતુ કે જગદીશ અને આ નેપાળી એમના વિરૂધ્ધ કોઈ કાવતરૂ કરી રહ્યા હતા અને આ જ નેપાળીએ પેલા બન્ને ખતરનાક પહેલવાનોને ખૌફનાક મોતે મારીને એનો અને ટીનાનો જીવ બચાવ્યો હતો. હેરત અને આશ્ચર્યની હદો પાર કરતી એ નેપાળી ને જાઈ રહી હતી. એ નેપાળીનો ચહેરો અત્યારે સાવ બદલાઈ ગયો હતો. આ ઠંડીમાં પણ એના ચહેરા પર પ્રસ્વેદના બૂંદો ચમકી રહ્યા હતા અને એના કારણે એનો મેક-અપ રેલાઈને આખા ચહેરા પર લીંપાઈ ગયો હતો. એ નેપાળી નહોતો પરંતુ બીજી કોઈક વ્યકિત જ હતો. એણે મેક-અપ કરીને પોતાની જાતને નેપાળી બનાવ્યો હતો... એ અચાનક ટીના તરફ ફર્યો અને બોલ્યો... 'ટીના.. તું પૂજાને લઈને અત્યારે જ નીકળ. આ જીપની ચાવી લેતી જા. કેલાથી થોડે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દૂર આગળ એક પથ્થરની આડાશમાં મારી જીપ મેં સંતાડી છે. એ જીપ સુધી તમે પહોંચો એટલે તમે સુરક્ષિત બની જશો. એ જીપના કેશબોર્ડમાં એક પિસ્તોલ તને મળશે એ તારી પાસે રાખજે. તમે બન્ને સમય બગાડ્યા વગર ઝડપથી એ જીપ સુધી પહોંચો, હું જગદીશ, અમીત અને થેંબાની પાછળ જાઉ છું અને એમને લઈને ત્યાં પહોચું ત્યાં સુધી અમારી રાહ જાજા.' નેપાળીએ એકદમ શુધ્ધ ગુજરાતી ભાષામાં ટીનાને ૨૨૩ કહ્યું અને એને જીપની ચાવી લંબાવી.

પૂજાને જબરજસ્ત આંચકો લાગ્યો. એના આશ્ચર્યની સીમા ન રહી. 'તો શું ટીના પણ આ નેપાળીને ઓળખે છે...?' નેપાળી એ જે રીતે ટીના સાથે વાત કરી અને જે રીતે ટીનાએ શાંતિથી એની વાત સાંભળીને સહમતિ આપી એના ઉપરથી હવે તો કોઈ શક રહેતો જ નહોતો કે ટીના પણ આ નેપાળીને બહુ સારી રીતે જાણે છે. અને એને એ પણ ખબર હોવી જાઈએ કે એ નેપાળી એમની પાછળ આવશે જ. અને નેપાળી જે બોલ્યો એ અવાજ તો આ પહેલા પણ એમે ક્યાંક બહુ સારી રીતે સાંભળ્યો હતો. એક બે વખત નહિ ઘણી વખત સાંભળ્યો હતો આ ભરાવદાર અવાજને પરંતુ ક્યાં સાંભળ્યો હતો અને કોનો હતો આ અવાજ...? 'આ અવાજ..' પૂજા યાદ કરવા મથી રહી અને ધ્યાનથી એ નેપાળીના ચહેરાને નિરીક્ષણ કરવાની દ્રષ્ટિથી જાઈ રહી...

અને... જયારે એના અવાજ અને એના મેક-અપ પાછળ છુપાયેલા ચહેરાનો તાલમેલ બેઠો ત્યારે તો પૂજા રીતસરની ઉછળી પડી અને આભી બનીને એ ખુલ્લા મોંએ એ નેપાળીને તાકી રહી. પૂજા બહુ સારી રીતે એ નેપાળીને તાકી રહી. પૂજા બહુ સારી રીતે એ નેપાળીને ઓળખી ચૂકી હતી. હરખ, આનંદ અને આશ્ચર્યના કારણે એની આંખો છલકાઈ ઊઠી અને દોડીને એ પેલા નેપાળીને વળગીને ધ્રુસ્કે- ધુસ્કે રડી પડી. એ હરખના આંસુ હતા જેણે નેપાળીનો ખભો ભીંજવી નાખ્યો હતો પૂજાને આવું કંઈક બનવાની બિલકુલ આશા નહોતી અને એણે સ્વપનેય નહોતુ વિચાર્યું કે આ વ્યકિત અહીં હોઈ શકે. પૂજા એકધારી રડતી હતી. એની પાસે નેપાળીને કહેવા માટે શબ્દો નહોતા. નેપાળીએ પૂજાને પોતાનાથી અળગી કરતા એનો હાથ ટીનાના હાથમાં મુકતા કહ્યું. 'આ ભાવુક થવાનો સમય નથી. તમે લોકો ઝડપથી ભાગો અહીંથી. આપણી પાસે સમય ઘણો ઓછો છે. તમે સુરક્ષિત પહોંચી જાઓ તો મને ઘણી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રાહત થશે.. મને રીટર્ન આવતા કેટલો સમય થશે એ નક્કી નથી માટે તમે લોકો ત્યાં જ અમારી રાહ જાજા. મારે હવે જલ્દીથી એ લોકો પાછળ જવુ પડશે નહિતર અનર્થ થઈ જશે. આટલું બોલીને એ પૂજા તરફ ફર્યો. 'મારા પર વિશ્વાસ રાખજે પૂજા.. હું મારા જીવના જોખમે ૨૨૪ પણ એ બધાને અહીંથી રીટર્ન સહીસલામત પાછા લેતો આવીશ. આ મારૂં તને વચન છે. બાકીની વાતો આપણે પછી કરીશું. તમે હવે જાઓ અત્યારે...'

પૂજા અને ટીનાએ ઝડપથી પેલી જીપ સુધી પહોચી જવા પગ ઉપાડયા. પૂજા ચાલતા- ચાલતા હજુ પણ પાછળ ફરીને પેલા નેપાળીને જાઈ લેતી હતી. એને હજુ પણ પોતાની આંખો પર વિશ્વાસ નહોતો આવતો કે હમણા જે બની ગયુ એ સત્ય- હકીકત હતુ. પૂજાને હવે અમીતની ચિંતા ઓછી થઈ ગઈ હતી કારણ કે નેપાળીએ એને વચન આપ્યુ હતી કે એ અમીતને સહી-સલામત પાછો લાવશે અને એને નેપાળીના એ વચન ઉપર વિશ્વાસ હતો કે એ જે કહે છે એમ જ કરી દેખાડશે. પૂજા અહીં રહીને મુશ્કેલીઓમાં વધારો કરવા માંગતી નહોતી એટલે એ ટીનાની સાથે રીટર્ન જવા ચાલવા લાગી. અને આ તરફ.. નેપાળીએ નીચે પડેલા બન્ને માણસોના ખભેથી એની મશિનગન ઉતારીને પોતાના ખભે ભેરવી અને પર્વત તરફ રીતસરની દોટ મૂકી. એ હવે બિલકુલ મોડુ કરવા માંગતો નહોતો કારણ કે પહેલેથી જ ઘણુ મોડુ થઈ ચૂક્યુ હતુ. તે હવે અડધો આશ્વત થઈ ગયો હતો કારણ કે પૂજા અને ટીનાને એણે હોશિયારીથી હેમખેમ છોડાવી લીધી હતી અને એમને સહી સલામત અહીંથી પાછી મોકલી આપી હતા એણે પોતે અડધી બાજી જીતી લીધી હતી અને બાકી અડધીનું કામ પતાવવા જઈ રહ્યો હતો.

***

થેંબો દોડતો- દોડતો અચાનક અટકી ગયો હતો. એ ગુફાના બીજી તરફના મુખ પાસે પહોંચી ચૂક્યો હતો અને હવે અહીંથી આગળ વધવુ અશક્ય હતુ. કારણ કે અહીંથી સીધો જ પર્વતનો નીચે તરફનો ઢાળ શરૂ થઈ જતો હતો. થેંબો એ ગુફાના મુખની એકદમ કિનારી પર આવીને અટકી ગયો હતો. જા ભૂલેચૂકેય થોડો વધારે આગળ ગયો હોત તો એ સીધો જ નીચે ખાબકત કારણ કે અહીંથી પર્વત એકદમ સીધા ઢાળમાં હતો. હજુ પણ એ થેલા એના ખભે લટકી રહ્યા હતા. થેંબાની પાછળ લગભગ પંદરેક ફૂટના અંતરે હું સતત દોડતો આવી રહ્યો હતો અને મારૂં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સમગ્ર ધ્યાન મારી ૨૨૫ પાછળ આવતા લોકોના પગલાનો અવાજ સાંભળવામાં હતુ. હું એ લોકોથી ઝડપથી દૂર જવા માટે ભાગી રહ્યો હતો અને મને સહેજેય ખ્યાલ નહોતો કે મારી આગળ દોડતો થેંબો અચાનક ઊભો રહી ગયો હશે. હું મારી ધૂનમાં એ નાનકડી, સાંકડી ગુફામાં એટલા ઝનૂનથી ભાગ્યો હતો કે મારા આખા શરીરે એ ગુફાના અણિયાળા પથ્થરો ઘસાયા હતા અને એ જગ્યાઓમાં લોહીની ટશરો ફૂટી નીકળી હતી. કોઈકોઈ જગ્યાએ તો ચામડી રીતસરની છોલાઈને કપાઈ ચૂકી હતી જાણે કોઈએ બ્લેડથી ઘસરકા ન કર્યા હોય પરંતુ મારૂં ધ્યાન એ તરફ નહોતું. મારે તો બસ આ ખતરનાક લોકોની પહોંચથી દૂર નીકળી જવુ હતુ અને એ ધૂનમાંને ધૂનમાં હું થેંબાની નજીક પહોંચી ગયો. હું તેજગતિમાં હતો એટલે થેંબાને ગુફાના દ્વાર નજીક ઊભેલો જાઉ, કંઈક સમજુ કે એ શા માટે ઊભો રહી ગયેલો અને એને જાઈને હું મારા પગને થંભાવુ એ પહેલા તો હું એટલી જારદાર રીતે એની સાથે ભટકાયો કે થેંબો અને હું એ ગુફાના દ્વારેથી બહાર હવામાં ફંગોળાઈ ગયા.

અમારી ટક્કર હતી કે થેંબાને કે મને શું થઈ ગયુ એ વિચારવાનો સહેજ પણ સમય મળ્યો નહોતો... અને જાતજાતામાં તો એ પર્વતની ગુફાના મુખેથી બહાર હવામાં જારદાર રીતે ફેંકાયા હતા. મારૂં શરીર હવામાં તરવા લાગ્યું હતુ અને મગજ સાવ સુન્ન થઈ ગયુ. હું અને થેંબો નીચે પડી રહ્યા હતા... મારા શ્વાસોશ્વાસ ઉપર ચડીને મારા ગળામાં અટકી પડ્યા અને એક વાત નક્કી જ હતી કે નીચે પડતા જ અમારા બન્નેના રામ રમી જવાના હતા. હું કેટલો સમય અધ્ધર હવામાં તરતો રહ્યો એ તો મને ખબર નહોતી રહી પરંતુ એ પછી હું કોઈક સખત, કઠણ વસ્તુ સાથે ધડકાભેર પીઠના ભાગે અથડાયો અને એ ટક્કર એટલી જબરજસ્ત હતો કે મને લાગ્યુ કે મારી પીઠ ઉપર કોઈએ ઘણનો વાર કર્યો હોય. હું એ સખત ચીજ ઉપર ઝીંકાયો એ સાથે જ એ સખત ચીજ ભાંગી પડી અને એક કડાકા સાથે હું એની સાથે નીચે ખાબક્યો. હકીકતમાં એ એક ઝાડ હતું જેની ડાળીઓ ઉપર હું પડ્યો હતો અને એ ઝાડની મજબૂત ડાળીઓ મારા શરીરને ભાર ન ઝીલી શકતા તૂટી ગઈ હતી અને એ ડાળી સાથે જ હું ધડા-ધડ, આડો-અવળો, ચારે તરફ ભટકતો, ફંગોળાતો કોઈ ફૂટબોલની જેમ નીચે પટકાતો ગયો. મારા શરીર સાથે એ ઝાડની ડાળીઓએ શું-શું જૂલમ કર્યા એનો મને ૨૨૬ સહેજેય અંદાજ નહોતો રહ્યો અને એ આખા ઝાડને તહસ-નહસ કરતો હું 'ધડામ...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કરતો નીચે જમીન પર પટકાયો.

મારા માથામાં એક જબરજસ્ત ઝટકો લાગ્યો. મને એવું દર્દ થતુ હતુ કે જાણે મારા આખા શરીરના હાડકા ભાંગીને ભૂકો થઈ ગયા હતા અને મારી આંખોમાં એ દર્દના કારણે પાણી ઊભરાઈ આવ્યુ. ભયાનક પીડા ઊપડી અને મારી આંખો આગળ બધું ગોળ-ગોળ ફરવા લાગ્યુ. ધોળે દિવસે મને આખુ તારામંડળ મારી સામે નાચતું દેખાઈ રહ્યું હતું. લગભગ બધુ સુન્ન પડવા લાગ્યુ હતુ. આવા સમયે મને શું- શું થઈ રહ્યુ હતુ એ તો શબ્દોમાં વર્ણવવું શકય જ નહોતુ. તમો એમ સમજા ને કે જાણે મને કોઈકે ક્રૂરતાથી લાકડીઓ અને લોખંડની પાઈપોથી શરીરના બધા ભાગોનું ધ્યાન રાખ્યા વગર માર્યો હોય અને પછી જે પીડા, જે દર્દ થાય એવું જ કંઈક દર્દ હું અનુભવી રહ્યો હતો. એ જગ્યાએથી જમીન ઉપરથી થોડુ પણ હલવાની મારામાં તાકાત કે હિંમત નહોતી. જેવું હું થોડું પણ હલન-ચલન કરવાની કોશિશ કરતો કે એક દર્દનો સાણકો ઊઠતો અને ફરી પાછો હું બેસી જતો હતો. કેટલો સમય હું એમને એમ પડ્યો રહ્યો એનું મને ભાન નહોતું રહ્યુ, પરંતુ એટલી ચોક્કસ ખાતરી કે હવે હું ક્યારેય અહીંથી ઊભો નહિ થઈ શકુ. થોડી વાર બાદ મારા કાને કોઈનો ઊંહકારો સંભળાયો હતો મને ભાન થયું કે હું એકલો નહોતો પડ્યો.

મારી આગળ થેંબો પણ નીચે ઝીંકાયો હતો અને આ કણસવાના અવાજ એના મોંમાંથી જ નીકળી રહ્યો હતો. મહામુસીબતે મેં મારી ગરદન એ અવાજની દિશામાં ઘુમાવી. એક ભયાનક દર્દની લહેરખી મારા આખા શરીરમાં ફેલાઈ ગઈ. થેંબો મારાથી થોડે દૂર ચત્તોપાટ પડ્યો હતો અને એની હાલત પણ બહુ સારી નહોતી. મારા જેવી જ હતી. એ જાણે હમણાં જ ભાનમાં આવ્યો હોય એવા અવાજા એના મોઢામાંથી નીકળી રહ્યા હતા. એનો ચહેરો બહુ ખરાબ રીતે ઘવાયો હતો. અને એના ઘામાંથી લોહી નીકળી રહ્યું હતુ. એની હાલત તો મારા કરતાંય વધુ ગંભીર જણાતી હતી. અને એના મોઢામાંથી ચિત્ર વિચિત્ર પ્રકારના અવાજા નીકળી રહ્યા હતા. એ કેવી રીતે નીચે પડ્યો હતો એ મને ખબર નહોતી કારણ કે એ સમયે હું પણ એનીપાછળ જ નીચે પડી રહ્યો હતો. પરંતુ અત્યારે થેંબાની હાલત ગંભીર જણાતી હતી. મેં ધીમે ૨૨૭ રહીને મારા હાથપગ હલાવીને બેઠા થવાની કોશિશ કરી ત્યારે મને ખ્યાલ આવ્યો કે મારો ડાબો હાથ બિલકુલ કામ નહોતો કરી રહ્યો. મહામુસીબતે અને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ભયાનક દર્દમાં કરાંજતા હું બેઠો થઈને ઝાડના થડના ટેકે બેઠો. મારો ડાબો હાથ ખભાના હાડકામાંથી છૂટો પડી ગયો હતો. અને જા એ હાથને વધારે સમય આમને આમ લટકતો રાખીશ તો એ હમણાં જ ખભાની ચામડી અને નસો તોડીને નીચે પડી જશે. થેંબાએ કદાચ મારી સામે જાયું હતું. એ મારા કરતાં વધુ સહનશીલ નીકળ્યો. અને થોડીવારમાં તો એ ઊભો થઈ ગયો. એને ઉપર ઘાણું વાગ્યું હતું. પરંતુ અંદરની ચોટ કે મૂઢમાર વાગ્યો નહોતો. આમ પણ એનું દેહાતી ખડતલ શરીર અત્યારે એને સાથ આપી રહ્યું હતું. મારા ખભામાં ભયાનક દર્દ થતું હતું એના કારણે મારા મોઢામાંથી વિચિત્ર ઉદ્‌ગારો નીકળવાના ચાલુ થઈ ગયા હતા. થેંબો ઊભો થઈને મારી પાસે આવ્યો. એ ચાલી શક્યો એ જ મારા માટે હેરતની વાત હતી. હજુ પણ પેલા થેલા એના ખભે લટકી રહ્યા હતા. અને એને સંભાળતો, પહોળા પગે મારી નજીક આવ્યો. એ થેલા સહિત લોહીવાળા એના મોં સામે જાતાં જ ભયાનક દર્દમાંય મને હસવું આવી ગયું. એ કોઈ જૂનાગઢના જાગીબાબા જેવો લાગતો હતો. કે જેના મોઢે લાલ કંકુ ચોપડ્યું હોય અને ખભે ઝોળી લટકી રહી હોય. મારે એને કહેવું હતું કે અરે. ભાઈ... હવે તો આ થેલો નીચે મૂક. એ મારી પાસે આવ્યો. અને મારા લટકતા હાથ જાઈને આખી પરિસ્થિતિ સમજી ગયો હોય એમ મારા ડાબા હાથ પાસે બેઠો અને એહાથને બાજુમાંથી પકડીને એવો જારદાર ઉપરની તરફ ધક્કો માર્યો કે મારા મોઢામાંથી રાડ ફાટી ગઈ. અને હું આખેઆખો ખળભળી ઉઠ્યો. હજુ તો હું કંઈ સમજું કે થેંબો શું કરવા માંગે છે એપહેલા તો એણે મારા ખભાના એ ભાગને જારદાર ઝટકા સાથે ફરીથી પાછો એની મૂળ જગ્યાએ બેસાડી દીધો હતો અને એની એ હરકતથી મારી રાડ આખા પર્વતીય વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી. એણે થેલામાંથી મશાલ બનાવવા જે લીરા અમે સાથે લીધા હતા એ કાઢીને કસકસાવીને મારો ડાબો હાથ હલે નહિ એ રીતે મારા શરીર સાથે મુશ્કેટાટ બાંધી દીધો. થેંબાએ જે કર્યુ હતુ એના કારણે મને ઘણી રાહત થઈ અને મારા જીવમાં જીવ આવ્યો. હજુ સુધી અમે પાછળ આવતા જાખમથી દૂર નહોતા ગયા એટલે થેંબાએ એના દર્દની ૨૨૮ પરવા કર્યા વગર મારા જમણા હાથને એની ગરદન ફરતે વીંટાળ્યો અને મને આધાર આપી ઊભો કર્યો. આવી ભાંગેલી તૂટેલી હાલતમાં એ મને લગભગ ઊંચકીને ઘણે આગળ સુધી લઈ ગયો. પર્વતના ખતરનાક ઢોળાવોમાં આસાનીથી નીચે ઊતરવું મુશ્કેલ હતુ અને એમાંય અમે બન્ને ઘાયલ હતા, છતાં એક

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અદમ્ય આંતરિક શક્તિના કારણે અમે બન્ને પર્વતના એ ઢોળાવો વીંધતા નીચે ઊતરતા ચાલ્યા...

અમને ખાતરી હતી કે એ લોકો અમને પકડ્યા વગર નહિ રહે અને જા એક વખત અમે એ લોકોના હાથમાં આવી ગયા તો પછી અમે કૂતરાના મોતે મરવાના હતા, અને હું ચોક્કસપણે કહી શકુ એમ હતો કે હવે થોડી વારમાં અમે એ લોકોની પકડમાં આવી જવાના હતા કારણ કે અમને એ લોકો દૂર ઊંચી પહાડીના ઢોળાવ પર ઝડપથી અમારી તરફ આવતા દેખાઈ રહ્યા હતા. હવે તો અમને કોઈ ચમત્કાર જ બચાવી શકે એમ હતો.

જે ભયાનક ઝડપથી એ લોકો શિલાઓ ફેંકી રહ્યા હતા એની સામે અમારી કાચબા છાપ ગતી હારી જવાની હતી અને બહુ જ જલદી અમારૂં મોત અમને આંબી જવાનું હતુ. અમે બન્ને અમારા ઝખ્મોના કારણે તૂટી ચૂક્યા હતા અને એનું નિમિત્ત હું હતો. જા મેં જાયું હોત કે થેંબો કેમ અચાનક ગુફામાં દોડતા- દોડતા અટકી ગયો છે તો કદાચ હું થંભી ગયો હોત અને અમે ધ્યાન રાખીને નીચે ઊતર્યા હોત, પરંતુ મારી એક બેવકૂફીના કારણે અમે મરતા-મરતા બચ્યા હતા.

થેંબો મને એકબાજુથી ટેકો આપતો એક મોટી શિલા પાસે લઈ આવ્યો. આ શિલા ઉપરથી આખા વિસ્તારનું દ્રશ્ય એકદમ ચોખ્ખુ દેખાઈ રહ્યુ હતુ. અમે ઊભા હતા એ શિલા ઉપરથી નીચેની તળેટી ખાસ્સી દૂર એટલે કે લગભગ ત્રીસેક ફૂટ દૂર હતી અને અહીંથી નીચે તળેટી સુધીનો માર્ગ જબરજસ્ત ઢોળાવવાળો હતો. અમારી પાછળ પેલા યમદૂતો આવી રહ્યા હતા અને આગળ ઢોળાવ શરૂ થઈ જતો હતો. મને ખાતરી હતી કે થેંબો આ ઢોળાવોમાં એનું બેલેન્સ નહીં રાખી શકે અને અમે બન્ને ક્યાં તો નીચે પડશું અથવા તો પછી પેલા લોકોની મશિનગનથી વીંધાઈ જાશુ. અમારી બન્ને તરફ મોત અમારૂં સ્વાગત કરી રહ્યુ હતુ. કટોકટીની આ ક્ષણમાં વધારે સમય બરબાદ કરવો પાલવે એમ નહોતો. શું કરવુ એ સુઝતુ નહોતુ... ૨૨૯ થેંબો મને વધુ સમય સુધી આમ ઊંચકીને આગળ લઈ જઈ શકે એ શક્ય નહોતું જણાતુ કારણ કે એક તો એ પેલા થેલા નીચે મૂકવા તૈયાર નહોતો અને બીજુ કે એને પણ મારી જેમ ઘણું વાગ્યુ હતુ એટલે એ પણ ચાલતા-ચાલતા અટકી જતો હતો. જયારે પેલા માણસો ભયાનક ઝડપે અમારી તરફ આગળ વધી રહ્યા હતા. હવે તો અમે એના

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પગલાંના અવાજ પણ ચોખ્ખા સાંભળી શકતા હતા અને અમે હજુ પણ એ મોટી શીલા પર ઊભા ઊભા શું કરવું એ વિચારવામાં સમય બગાડી રહ્યા હતા.

આખરે મારા મનમાં એક વિચાર આવ્યો. મેં શિલા ઉપરથી નીચે નજર કરી. લગભગ સીધો કહી શકાય એવો ઢોળાવ હતો. અને એ જગ્યા થોડી બધી સપાટ અને સમથળ હતી. મારા એ નિર્ણયમાં અમારા બંને માથે મોતનું જાખમ રહેલું હતું છતાં એ નિર્ણય મારે અમલમાં મૂકવો જ પડે એમ હતો. કારણ કે જા અમે આમ જ અહીં ઊભા રહીએ એ સંજાગોમાં પણ અમારે મરવાનું તો હતું જ... તો પછી પરિસ્થિતિનો સામનો કરતા કેમ ન મરીએ ? અને એ નિર્ણયને અમલમાં મૂક્યો. થેંબાને વીંટાળેલો મારો હાથ મેં પાછો ખેંચી લીધો અનેથેંબાને મારાથી દૂર કર્યો એ સમજી નહોતો શકતો કે ફરી પાછું અચાનક હું શું કરવા લાગ્યો. એટલે કંઈક અજંપાથી એ મારાથી અલગ થઈને શીલાની કિનારી પાસે ઊભો રહ્યો. જેવો એ શિલાની કિનારી પાસે પહોંચ્યો કે અચાનક જ મેં એને એક જારદાર ધક્કો મારી નીચે ફેંકી દીધો. સાવ બેવકૂફીભર્યું કામ કરી નાંખ્યું મેં... થેંબો નીચે ફંગોળાયો અને રીતસરનો અથડાતો કૂટાતો એ તળેટી તરફ ગલોટિયા ખાતો ગબડવા લાગ્યો. અને બરાબર એની પાછળ મેં પણ આંખો બંધ કરી ભગવાનનું નામ લઈ નીચે ઝંપલાવી દીધું. 'ધડામ...'કરતો હું પીઠભેર ઝીંકાયો. અને પછી નીચે સરકતો ગયો. મેં આ બીજી વખત થેંબાને પકડ્યો હતો. અને એનો મને ઘણો રંજ હતો. અમે બંને ગબડતા નીચે તરફ જઈ રહ્યા હતા.

***

સા.... એ પાગલ લોકો શું કરી રહ્યા છે...?' જગતાપે આશ્ચર્યથી સુરીન્દર સામે જાતા પૂછ્યું.

'આપણાથી બચવાની કોશિશ કરી રહ્યા છે. એ બંને ખરેખર હિંમતવાળા છે. એક વખત આટલી ઊંચાઈએથી પડવા છતાં ફરી પાછા એ લોકોએ નીચે છલાંગ લગાવી દીધી.'

'છે તો જીગરવાળા પણ આપણા હાથમાંથી છટકીને ક્યાં જવાના છે. એક વખત એ લોકો આપણા હાથમાં આવ્યા કે એને નરક દેખાઈ જવાનું છે.'જગતાપે દાંત ભીંસીને એના હાથ મસળ્યા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'તારી એ ઈચ્છા પણ પૂરી થશે. પરંતુ મને નથી લાગતું કે એની જરૂર પડશે...'

સુરીન્દરે પોતાની આંખ ઉપર લગાવેલું દૂરબીન હટાવીને જગતાપ તરફ હાથ લંબાવતા કહ્યું.. આ લે.. જરા આગળ નજર નાંખ.એ લોકોને ખ્યાલ નથી કે એ એના મોત તરફ આગળ વધી રહ્યા છે. આપણે જલદીથી એ લોકોને પકડવા પડશે નહિતર એ થેલા ક્યારેય આપણા હાથમાં નહીં આવે.'

જગતાપનું સંપૂર્ણ ધ્યાન હજુ પણ અમીત અને થેંબા પર જ હતું. એટલે સુરીન્દરે જ્યારે એને દૂરબીન આપ્યું ત્યારે એણે એનાથી આગળ જાયું. અને જે દેખાણું એ જાઈને એ ઉછળી પડયો. સુરીન્દરની વાત સાચી હતી. અહીં આટલી ઉંચાઈ પરથી જ દશ્ય અને દૂરબીનથી દેખાઈ રહ્યુ હતુ એ ખરેખર ખૌફનાક નજારો હતો. લગભગ એકાદ કીલોમીટર પછી વાતાવરણ આખું બદલાઈ જતું હતું. સાંજ પડી ને સૂરજ ઢળવાને હજુ ઘણો સમય હતો, છતાં એ જગ્યાએ સાંજ પડી ચૂકી હોય એવો અંધકાર છવાઈ રહ્યો હતો. કાળમીંઢ ધુમાડાના વાદળોએ જાણે કે એ આખા વિસ્તારને બાનમાં લીધો હોય એમ એ વાદળો ઝળુંબી રહ્યા હતા. લાગતુ હતુ કે હમણાં જ એ કાળી શ્યાહીનો વરસાદ વરસાવશે. એકસાથે ઘણા બધા કબ્રસ્તાનોની જગ્યાએ વાદળોની નીચે એકઠી થઈ ચૂકી હોય એવી ભેંકાર અને બિહામણી એ જગ્યા દેખાઈ રહી હતી. આ પર્વતની તળેટી અને એનાથી આગળ સુધી ઘણા બધા વૃક્ષો અને લીલોતરી નજરે ચડતી હતી. પરંતુ જેવું થોડા આગળ નજર કરો એટલે એકદમ સુકો ભઠ અને નિર્જન વગડો ચાલુ થઈ જતો હતો. સુરીનદરે આજ સુધી આ વિસ્તાર વિશે ફકત સાંભળ્યું જ હતુ જયારે આજે એણે આ હકીકતને નજરોનજર નિહાળી હતી એટલે એના દિલની ધડકનો તેજ ૨૩૧ થઈ ગઈ હતી અને એ નહોતો ઈચ્છતો કે અમીત એ વિસ્તાર સુધી એ થેલા સાથે પહોંચી જાય. કારણ કે જા અમીત ત્યાં પહોંચી ગયો તો પછી એ જગ્યાએથી પાછો આવવાનો નહોતો અને એની સાથે હતા એ ખજાના ભરેલા થેલા પણ એણે ભૂલી જવા પડે એમ હતુ. આ વાત એને હવે બિલકુલ મંજુર નહોતી એટલે ઝડપથી આગળ વધવા જગતાપને ટપાર્યો. જગતાપ તો હજુ પણ અધ્ધર શ્વાસે દૂરબીનથી એ ભયાનક જગ્યાનું નિરીક્ષણ કરી રહ્યો હતો... એ વેરાન- વગડાની વચ્ચોવચ એક સરોવર હતુ કે જેને લોકો 'અ લેક

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઓફ નો રીટર્ન' કહેતા હતા. આ સરોવર સુધી જનારૂં આજ દિન સુધી કોઈ જીવતુ કે મરેલુ પાછુ ફર્યું જ નહોતુ. એ સરોવરનું પાણી કોઈ સમુદ્રની જેમ હિલોળા લઈ રહ્યું હતુ અને એ સરોવરની ઉપર આછા કાળા રંગના ધુમ્મસની પરત છવાયેલી હતી. એ દશ્ય એવું હતું કે જાણે એ પાણી ઉકળી રહ્યુ હોય અને એમાંથી વરાળો નીકળી રહી હોય. જગતાપે ધ્યાનથી જાયું તો એને સમજાયુ કે અચાનક જાણે કોઈકના આવવાનો અણસાર મળ્યો હોય એમ એ વિસ્તારના ખૌફનાક વાતાવરણમાં ચિત્રવિચિત્ર ફેરફારો થવા લાગ્યા હતા. જાણે કે કોઈ ભયાવહ માયા આળસ મરડીને ઊંઘમાંથી ઊઠી હોય અને જે કોઈ પણ આવે એને ખાઈ જવા માટે તૈયારી કરવા લાગી હોય એવો ભાસ થવા લાગ્યો. જગતાપ, સુરીન્દર અને એની સાથે આવેલા બધા માણસો એ એ દશ્ય જાયુ અને એ લોકોને પણ ડર લાગવા માંડ્યો કારણ કે આ કુદરતની કરામત હતી. જા કોઈ માનવી હોય તો એનો સામનો કરવો શક્ય બને પરંતુ કુદરત સામે તો ભલભલાએ ઘૂંટણિયા ટેકવા પડે.... સુરીન્દરે અમો મુખીના મોઢેથી આ સરોવરની ભયાનકતા વિશે ફકત સાંભળ્યુ જ હતુ. જયારે અત્યારે સાક્ષાત સરોવરને એ નિહાળી રહ્યો હતો. જ્યારે બાકીના બધા માટે તો આ ખૌફનાક અને હેરતજનક બાબત હતી અને બધાના મનમાં થોડો ઘણો ડર પેસી ગયો હતો કે ક્યાંક પોતાને કંઈક થઈ ના જાય. આ ડરને એમણે ચહેરા પર આવવા ન દીધો કારણ કે આ કામના બદલામાં એમને બધાને તગડી રકમ મળવાની હતી અને પછી એ બધા ચિત્તાની ઝડપથી અમીત અને થેંબોની પાછળ લપક્યા.

***

જગદીશ અને નેપાળી એ ગુફામાંથી બહાર નીકળી અડાબીડ રસ્તે ભયાનક ઝડપથી આગળ વધી રહ્યા હતા. જગદીશને મરેલો સમજીને સુરીન્દર અને એના માણસો એને ત્યાં જ પડતો મૂકી આગળ વધી ગયા હતા કારણ કે એમના માટે તો અમીત અને પેલો ખજાનો જ મહત્વનો હતો. આ જગદીશ નહિ. જગદીશને જ્યારે અમીતે ધક્કો માર્યો ત્યારે એ પોતે પણ નહોતો સમજી શક્યો કે અમીત શું કરવા માંગે છે. એને અમીત તરફથી આવું કંઈક થશે એની આશા બિલકુલ નહોતી એટલે એની અસાવધાનીના કારણે અમીતના ધક્કાથી એ ધડામ કરતો એક અણિયાળા પથ્થર સાથે ભટકાયો અને બેહોશ બની ગયો હતો. જ્યારે એ ભાનમાં આવ્યો ત્યારે નેપાળી એને થપથપાવીને જગાડવાની કોશિશ કરી રહ્યો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતો અને ત્યારબાદ એ બન્ને સાથે મળીને અમીત અને થેંબા તરફ 'એ લેક ઓફ નો રીટર્ન' તરફ સુરીન્દરથી અલગ દિશામાં જઈ રહ્યા હતા. ઉપરવાળાએ અજીબ રીતે બાજી ગોઠવી હતી. બધા જ પોતપોતાના મોતની દિશામાં ભયાનક ઝડપે આગળ વધી રહ્યા હતા. કોઈક કંઈ જાણવા માટે તો કોઈ લાલચનું માર્યું મોતના મુખમાં બધું જાણતાં હોવાં છતાં જવા તૈયાર હતા અને કુદરત એ લોકોને આવકારવા સજીધજીને તૈયાર બેઠી હતી.

થેંબાને મારી ઉપર ભયંકર (ખૂબ જ) દાઝ ચડી હતી. સામાન્ય રીતે શાંત રહેવાવાળો થેંબો અત્યારે અંદરો-અંદર ઉકળી રહ્યો હતો. એને એવી સખત ઈચ્છા થતી હતી કે એ મને મારીમારીને અધમૂવો કરી નાખે કારણ કે મારા લીધે જ બે વખત એના હાડકા ખોખરા થઈ ગયા હતા. પહેલી વાર તો ઠીક છે કે હું એની સાથે અજાણતા જ ટકરાયો હતો અને અમે નીચે પડ્યા હતા પરંતુ આ બીજી વાર તો મેં જાણી જાઈને એને નીચે ખાઈમાં ધક્કો માર્યો હતો અને આ વખતે એને ઘણુ વાગ્યું હતુ. થેંબો લોહી ભીના ચહેરાથી મારી સામે ગુસ્સાથી જાઈ રહ્યો હતો અને મનોમન મને પૂછી રહ્યો હતો કે આ બેવકૂફીભર્યું કામ મેં શું કામ કર્યું...? હવે હું એને કઈ રીતે સમજાવું કે એ રાક્ષસોની પકડમાંથી છટકવા માટે અમારે એમાંથી તેજ ભાગવુ પડે એમ હતુ અને અમારી એવી હાલત નહોતી રહી કે તેજ ભાગી શકીએ. છેલ્લા ઉપાય તરીકે મેં એ બેવકૂફીભર્યું કામ કર્યું હતુ અને એના પરિણામ સ્વરૂપે અમે ઘણા આગળ આવી ગયા હતા. પહેલેથી જ ૨૩૩ હાલત એટલી ખરાબ થઈ ચૂકી હતી કે બીજી વખત માટે અમારી રહી- સહી તાકાતનેય પૂરી કરી નાખી. અમારાથી હવે આગળ વધવુ સાવ અશક્ય બની ગયુ. મેં મારી જિંદગીમાં ક્યારેય નાની અમથી ઠોકર પણ નથી ખાધી અને એમાં આ ભયંકર ઠંડા પ્રદેશમાં મારા શરીર સાથે જે ક્રૂરતા મેં વર્તી હતી એ તો મારા માટે કલ્પના બહારની વાત હતી. ઠંડા પવનોનો એકધારો માર ખાઈખાઈને આખા શરીરની ચામડી ફાટી ગઈ હતી અને એમાં અસહ્ય બળતરા થતી હતી અને એવી હાલતમાં જા કોઈ તમને પથ્થરો ઉપર ધોબીપછાડ મારે તો શું થાય...? એવું જ કંઈક અમારી સાથે થયું હતું. અમે બે- બે વખત આ પર્વતના પથ્થરો ઉપર અથડાયા હતા, ઘસાયા હતા અને અમારા હાડકા ભાંગી ગયા હતા. આ બેવકૂફીભર્યું કામ મને જિંદગીભર યાદ રહેશે. આ વખતે મને જાકે પહેલા જેટલું વાગ્યું નહોતું છતાં વાગેલા ઉપર ફરીથી વાગવાથી અસહ્ય દર્દ ઊપડ્યુ હતુ. હું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અને થેંબો ઘણાવાર સુધી એમને એમ જ પડ્યા રહ્યા. હવે વધુ હલનચલન કરવાની અમારી શક્તિ પણ ન હતી અને માનસિક હિંમતે પણ બળવો પોકાર્યો હતો કે હવે બસ.. શાંત થઈ જાઓ અને જે થાય તે થવા દો. રહીરહીને મને એવા ભાણકારા વાગવા લાગ્યા કે હમણાં જ એ પહેલવાન જેવા માણસો અમારા સુધી પહોંચી જશે, તેથી ભાગવું હતુ પરંતુ એટલી તાકાત નહોતી શરીરમાં. દર્દના લપકારા આખા શરીરને તોડી ચૂક્યા હતા અને મને થયેલા જખ્મોમાંથી લોહીની ટશીઓ ફૂટી નીકળી હતી. મારા કરતાંય એનો દેખાવ એકદમ બિહામણો થઈ ગયો હતો. મેં મનોમન એને ધન્યવાદ આપ્યા કે એ ઘણો મજબૂત માણસ સાબિત થયો હતો. મારા માટે તો એ એક વરદાન જ હતો. ગંગટોકથી અહીં સુધી એણે અમારો ઘણો સારો સાથે આપ્યો હતો. એમ કહીએ તો એ ખોટું નથી કે એના કારણે જ અમે પેલા ખજાના સુધી પહોંચી શક્યા હતા. જા એ ખૂંખાર માણસો અમારી પાછળ ન પડ્યા હોય તો જરૂર અત્યારે અમે આ ખજાનો લઈને પાછા જવા નીકળી ગયા હોત. મારી સમજમાં તો એ નહોતુ આવતું કે એ ખૂંખાર માણસો કોણ છે...? શું એ જગદીશ અને નેપાળીના માણસો છે..? અને જા એના માણસ હોય તો પછી અત્યારે એ નેપાળી કેમ નથી એમની સાથે..? એ નેપાળી તો લાચૂંગથી જ ગાયબ થઈ ગયો હતો તો એ ક્યાં છે..? ઘણા બધા પ્રશ્નો હજુ પણ અમારી ૨૩૪ સમક્ષ ઊભા હતા. હજુ આ સફરનો અંત નહોતો આવ્યો અને અંતે શું થવાનું છે એ પણ હું નહોતો જાણતો. સવાલોનું આખુ જંગલ મારી આસપાસ ઉગી નીકળ્યું હતુ અને એ જંગલમાં જવાબરૂપી આશાનું નાનું અમથુ કિરણે ય પ્રવેશી શકતુ નહોતુ.

મેં થેંબા તરફ નજર કરી. મારા આશ્ચર્ય વચ્ચે એ આટલા ભયાનક દર્દ વચ્ચે પણ મારી સામે જોઈને હાસ્ય રહ્યો હતો. મને ઝટકો લાગ્યો કે વધારે દર્દના કારણે એની ડાગળી તો નથી ચસકી ગઈને... પરંતુ ના, એવું નહોતુ. થોડી વાર પછી એના હસવાનું કારણ મારી સમજમાં આવી ગયું. પેલા માણસો જે અમારી પાછળ હતા તેઓ હવે અમારાથી માત્ર થોડા અંતરે જ હતા અને અમારો કચ્ચરઘાણ વળવામાં માત્ર થોડીક જ મિનિટો બાકી હતી એટલે થેંબો હસી રહ્યો હતો. એની એ બેફિકરાઈભર્યુ હાસ્ય જોઈને મને પણ હસવું આવી ગયુ હતુ. અમે બન્ને એકબીજાની સામે જોઈને હસી રહ્યા હતા.. શું કામ..? એ તો કદાચ તમે લોકો જાણી ચુક્યા હશો આગળ ભાગવાની અમારામાં તાકાત નહોતી એટલે અમે અમારા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મોતની રાહ જાતા હસી રહ્યા હતા હવે જે થાય તે અમારૂ નસીબ, એવો નિર્ધાર અમારા હસવામાં સ્પષ્ટ વર્તાતો હતો.

***

'ધડાક...' કરતા ઉપરા- છાપરી બે લાતો મારા ચહેરા પર પડી... એ સુરીન્દર હતો જેના વજનદાર મિલિટરી બુટની ઠોકરે મારા આખા ચહેરાને ચીરી નાખ્યો. મને એવું લાગ્યુ કે જાણે કોઈએ બોથડ પદાર્થ ઊંચકીને મારા મોઢા પર માર્યો હોય.. મારી ચીસ મારા ગળામાં જ અટકી ગઈ અને આંખે અંધારા આવી ગયા. મારા મોઢામાં ખારૂ પ્રવાહી ધસી આવ્યુ. એ લોહી હતુ અને મોઢામાંથી રીતસરનો લોહીનો કાગળો નીકળી ગયો. બન્યુ એવું હતું કે એ લોકો અમારા સુધી પહોંચી ગયા હતા અને અમને બન્નેને ઘેરી વળ્યા હતા. અમે બન્ને પાગલોની જેમ હસી રહ્યા હતા. એ જાઈને સુરીન્દરને કાળ ચડ્યો અને એણે મારા ચહેરા ઉપર રીતસરનો ઝુલમ વર્તાવ્યો હતો, મારો હોઠ જમણી બાજુથી ફાટી ગયો હતો. કદાચ બે- ત્રણ દાંત પણ હલી ગયા હતા. અમારૂં રૂડુપ મોત અમારી આંખો સામે તાંડવ કરવા લાગ્યુ હતુ અને પછી તો એ લોકો અમારી પર તુટી પડ્યા. લાતો- ઘુંસા, મશિન ગનના બટથી ધડાધડ અમારા શરીર પર વાર થલા લાગ્યા. બેરહેમીથી એ લોકો અમને મારી રહ્યા હતા અને અમારૂ હસવાનું તો ક્યારનું ગાયબ થઈ હવે મોમાંથી ચિત્ર-વિચિત્ર ઉદ્‌ગારો ચીસો નીકળવા લાગી. અમારા શરીરના કયા ભાગ પર કેવી રીતે વાર થઈ રહ્યા હતા અનો હિસાબ નહોતો બસ અમે એમ જ ઘણીવાર સુધી માર ખાતા રહ્યા....

'બસ...' સુરીન્દરે અચાનક હાથ ઊંચો કરીને એના માણસોને અટકાવ્યા એટલે એ બેરહમ માણસોનું ઝૂંડ અમારા શરીરથી દૂર થયુ પરંતુ ત્યાં સુધીમાં અમને ઘણો બધો માર પડી ચૂક્યો હતો. મારો તો આખો ચહેરો સૂઝને દડા જેવો બની ગયો હતો. સુરીન્દર મારી નજીક આવીને ઊભડક બેઠો અને એની એક આંગળીથી મારા ચહેરા ઉપર થયેલા ઝખમમાં થોડું દબાવ્યુ. મારા મોઢામાંથી રાડ ફાટી પડી એણે એની આંગળી નહોતી અડાડી મને પરંતુ મારા ચહેરાની ચીરાઈ ગયેલી ચામડીને હાથમાં પકડીને ખેંચી હતી અને મને જાણે એમ લાગ્યુ કે કોઈ જીવતે- જીવ મારી ચામડી ઊતરડી રહ્યા હોય... મારી રાડ સાંભળીને એ હેવાન હસ્યો અને અટકી ગયો...' તમે લોકોએ મારી ખૂબ- ખૂબ મદદ કરી છે એટલે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મારે તમને ઈનામ સ્વરૂપે તો કંઈક આપવુ પડે ને.. આ મારને જ તમે ઈનામ સમજી લો ને... હું જે ખજાના પાછળ વર્ષોથી ભટકતો હતો એ ખજાનાને તમે લોકોએ સાવ આસાનીથી શોધી કાઢ્યો અને મારા સુધી પહોંચાડી મારૂ કામ આસાન બનાવી દીધુ. એ બદલ તમારો ખૂબ- ખૂબ.. ખૂબ આભાર.' 'ચટાક..' એના ઊંધા હાથની ઝાપટ મારા ગાલ પર ઝીંકાણી અને ખુન્નસભરી નજરોથી મારી સામે જાતા બોલ્યો 'અહે હા... એક વાત તો તમને લોકોને કહેવાનું હું સાવ ભૂલી જ ગયો. તમારી સાથે જે અફલાતુન સુંદરીઓ હતી એ અત્યારે મારી પાસે છે એટલે તમે એ બન્નેની ચિંતા સહેજ પણ ન કરતા... હું એ બન્નેને મારા રાણીવાસમાં ખાસ મહેમાન તરીકે સાચવીશ...' અને પછી મુક્ત મને એણે અટ્ટહાસ્ય કર્યું 'તમે લોકો ખરેખર મારા માટે લકી સાબિત થયા છો.'

એની વાત સાંભળીને મારા દાંત ભીંસાઈ ગયા અને આંખોમાં ખુન્નસ ઊતરી આવ્યુ. આખરે જે વાતનો ડર હતો એ જ થયુ હતુ. જબરજસ્ત ગુસ્સાના કારણે મારૂં આખુ શરીર કાંપવા લાગ્યુ અને એમ થતુ હતુ કે અત્યારે જ આ માણસનું ગળુ ભીંસીને એને મારી નાખું. પૂજા વિશે એ જે બોલ્યો હતો એ સાંભળીને મારા રૂંવે રૂંવે આગ લાગી ગઈ હતી અને મનમાં એક ગાંઠ વાળી લીધી કે જા કદાચ ભગવાન મને મોકો આપશે તો હું મારા હાથે જ આ રાક્ષસને મારીશ.

'પેલા થેલા કબજે કરી લો અને આ બન્નેને ખતમ કરી નાંખો...' સુરીન્દરે મારી પાસેથી ઊભા થતા એના માણસોને આદેશ આપતા કહ્યું... 'અને હા...' એને કંઈક યાદ આવતા એ પાછળ ફર્યો અને મારી સામે જાતા બોલ્યો, 'તને બીજી પણ એક વાત જણાવી દઉ કે જેથી તારો આત્મા મર્યા પછી ભટકે નહિ. તમે લોકો એ જ જાણવા અહીં સુધી આવ્યા હતા ને કે પેલી સુંદરીના ભાઈ પર ગોળી કોણે ચલાવી હતી...?'

મારા કાન ચમક્યા અને હું એ આગળ શું બોલે છે એ જાણવા આતુર થઈ ઊઠ્યો.

'તો સાંભળ... મારા જ કહેવાથી આ જગતાપે એ છોકરાને ગોળીએ દીધો હતો.'

એણે જગતાપ તરફ ઈશારો કરતા કહ્યું. 'હવે તું શાંતિથી મર..'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સુરીન્દરે જે કહ્યું એ સાંભળીને મારૂ દિમાગ શૂન્ય થઈ ગયું. તો આમ વાત હતી... એક પછી એક એમ બધા જ રહસ્યો ખૂલીને સામે આવી રહ્યા હતા. આખો મામલો દીવા જેવો સ્પષ્ટ થઈ રહ્યો હતો. કેવી રીતે અને શું બન્યુ હશે એ રહસ્યો મારી સમજમાં ઊતરી રહ્યા હતા. અમો મુખીની પાસે આ ખજાનાની ચાવીરૂપ પેલી મુદ્રા હતી જેમાં ખજાનાનો નકશો અને એક હીરો સંતાડેલો હતો. જે મેળવવા આ સુરીન્દરે એના માણસોને મુખી પાછળ દોડાવ્યા હતા અને એ લોકોના હાથે મુખીનું ખૂન થઈ ગયુ. મુખી તો મરતા મરી ગયો પરંતુ સાવ અચાનક જ રાજેશ અને થેંબો આ બનાવમાં અકસ્માતે સામેલ થઈ ગયા હતા. હવે એ બન્ને ને ચૂપ કરવા જરૂરી બન્યા હશે એટલે સુરીન્દરે થેંબાને ધમકી આપીને છોડી દીધો જયારે રાજેશને ઉડાવી દેવા એના પર ગોળી ચલાવી હતી. આમ આ આખો મામલો ક્લિયર થઈ ગયો હતો કે કોણે રાજેશને મારવાની કોશિશ કરી હતી.

પરંતુ હવે આ બધી વાતોનો કોઈ મતલબ નીકળવાનો નહોતો. કારણ કે હવે થોડી વારમાં જ અમે બન્ને આ લોકોની ગોળીઓથી વીંધાઈ જવાના હતા. મારા માટે સૌથી વધુ અફસોસની વાત એ હતી કે મારા કારણે પૂજા આ લોકોની ચુગલમાં સપડાઈ ચૂકી હતી અને હું અહીં સાવ બેબસી અને લાચારી અનુભવી રહ્યો હતો. મને મારી જાત પ્રત્યે ધ્રુણા ઉપજવા લાગી હતી અને કંઈ જ ન કરી શકવાના અફસોસના કારણ મને ભયંકર ગુસ્સો આવી રહ્યો હતો. મેં થેંબા સામે જાયુ તો એની આંખોમાંય બેબસીના કારણે ખુન્નસ ઊભરાઈ આવ્યુ હતુ. એ મારી તરફ કંઈક ભયાનક દૃષ્ટિથી તાકી રહ્યો હતો. કદાચ એ આટલી જલ્દી હાર સ્વીકારતા તૈયાર નહોતો અને એની નજરોએ જાણે કે મારા ઝનુનની આગને હવા આપી. મરવાનું તો અમારે હતુ જ તો પછી આમ સાવ આસાનીથી કંઈ પણ કર્યા વગર શું કામ મરવું જાઈએ... અમે બન્નેએ આંખો- આંખોમાં જ એકબીજાને છેલ્લો દાવ ખેલી લેવાનો ઈશારો કર્યો. આમ પણ અમારે ગુમાવવાનું કશું હતું જ નહિ એટલે સાવ લાચારીથી બેબસ બનીને મરવા કરતા સામો પ્રતિકાર કરીને મરવું એ મોતને સન્માન આપવા બરાબર હતુ. શરીરમાં તાકાત નહોતી પરંતુ મનોબળ હજુ મક્કમ હોય તો શરીરને ઉઠવું જ પડે.. અને એમ જ થયુ કે જે લોકોએ કલ્પનામાં પણ અમારા વિશે નહિ વિચાર્યું હોય.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સુરીન્દરના ઈશારે બે મશીનગનધારી પહેલવાનો અમારા માથા પર આવીને ઊભા હતા અને બાકીના માણસો પેલા થેલા ઉપાડીને ચાલવા લાગ્યા હતા. આશ્ચર્ય તો એ વાતનું પણ હતુ કે એ લોકો એ થેલો ખોલીને અંદર શું છે એ જાવાની પણ તસ્દી નહોતી લીધી.. કદાચ સુરીન્દર એવું થાય એમ ઈચ્છતો નહીં હોય એના બધા માણસો વચ્ચે એ થેલા ચેક કરવાનું જાખમ લેવા નહિ માંગતો હોય.

મેં થેંબાને આંખોથી જ ઈશારો કર્યો. એ તૈયાર જ હતો. જેવા પેલા બન્ને માણસોએ એના ખભે લટકતા મશિનગનને અમારા માથા પર ટેકવી આંગળીઓને ટ્રીગર પર મૂકી એ સાથે જ બે- ત્રણ ક્રિયાઓ એકસાથે બની ગઈ જેનો અંદાજા એ બન્નેને સહેજે નહોતો. મેં અને થેંબાએ એક સાથે જ હરકત કરી હતી અને અમે બન્નેએ હાથમાં પકડી રાખ્યા હતા એ પથ્થરનો એકસાથે ઘા એ લોકોના ચહેરા ઉપર કર્યો. આવા અચાનક હુમલાની એ બન્નેને સહેજ પણ અપેક્ષા નહોતી એટલે એ બન્ને સમજે કે શું થઈ રહ્યું છે ૨૩૮ એ પહેલા તો 'ધડામ..' કરતા એ પથ્થરો એમના ચહેરા સાથે અફળાયા. એના મશિનગન પકડેલા હાથ હવામાં અધ્ધર ઉંચકાયા અને આંગળી ટ્રીગર પર દબાઈ ગઈ. 'ધ... ધ... ધ... ધ...' કરતો હવામાં ગોળીઓનો વરસાદ થયો અને એમની બેકાબૂ અવસ્થાનો અમે ભરપૂર લાભ ઉઠાવતા અમારા પગની જારદાર ઠોકર એના ઘૂંટણ પર મારી. મેં અને થેંબાએ ગજબનાક સ્ફૂર્તિ અને તાલમેલથી આ કામ કર્યું હતું. ઢીંચણ ઉપર વાગવાથી એ બન્નેનું બેલેન્સ ખોરવાયુ હતુ અને એ બન્ને ધડામ કરતા નીચે પટકાયા. હવે જા આ વખતે સમય બગાડે તો અમારા જેવા બેવકૂફ બીજા કોઈ ન હોઈ શકે... એ લોકો નીચે પડ્યા એ સાથે જ અમારા બંનેના શરીર હવામાં ઉછળ્યા અને અમે આખેઆખા એ લોકોના શરીર પર પથરાઈ ગયા. અમારી કોણીનો પ્રહાર એમના જડબા ઉપર થયો. એ લોકોના પહાડ જેવા પહેલવાની શરીરની સાથે અમારા ભાંગલા- તૂટલા સૂકલકડી શરીરની તાકાતની તો કોઈ વિસાત જ નહોતી છતાં અમારા આવા અણધાર્યા હુમલાના કારણે એ લોકો માત ખાઈ ગયા હતા. એ બન્ને ચત્તાપાટ પડ્યા હતા અને અમે એમની ઉપર છવાઈ ગયા હતા. અમારા શરીરમાં આટલી તાકાત અને સ્ફૂર્તિ ક્યાંથી આવી એ તો અમે પણ નહોતા સમજી શક્યા પરંતુ અમે મરણિયા થઈને હુમલો કર્યો હતો અને એમાં અમારી જીત થઈ હતી. અમારા તરફથી આવા હુમલાની, પ્રતિકારની આશા તો સુરીન્દરે અને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જગતાપે પણ નહોતી રાખી, એટલે જ એ લોકો કંઈ સમજી નહોતા શક્યા કે અચાનક શું થઈ ગયુ. એ લોકો આભા બનીને અમને બન્નેને જાઈ રહ્યા હતા. એ કંઈ સમજે એ પહેલાં તો સેકન્ડના સત્તરમાં ભાગમાં એના બન્ને માણસો ઢગલો થઈને અમારી નીચે પડ્યા હતા. આશ્ચર્ય અને આઘાતથી સુરીન્દર અને એના માણસો આ બધુ જાઈ રહ્યા હતા અને જ્યારે અમને સમજમાં આવ્યુ કે બે મગતરા જેવા માણસો એ એના પહેલવાનોને ચીત્ત કરી દિધા હતા ત્યારે એ બધા ભયાનક ખુન્નસથી દાંત ભીંસતા અમારી તરફ આગળ વધ્યા. હવે એ પાકુ હતુ કે એ લોકો અમને નહિ છોડે. એ બધાની મશિનગનોના નાળચા અમારા તરફ તકાયા અને હું આંખો બંધ કરી ગયો...

'ધાંય... ધાંય... ધાંય...' આખુ વાતાવરણ ગોળીઓના અવાજથી ગુંજી ઊઠ્યું. મને તો એમ જ લાગ્યુ કે એ માણસોના હાથમાં હતી એ મશિનગનો ધણધણી ઊઠી હતી અને મારૂ આખુ શરીર ગોળીઓથી ચારણી થઈ ગયુ હતુ. મેં મારી બંધ આંખોના પોપચા થોડા વધુ જારથી ભીંસ્યા અને મરતા પહેલા ભગવાનનું નામ લેવા લાગ્યો. પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે થોડી વાર પછી મને ખ્યાલ આવ્યો કે હું મર્યો નહોતો અને ભારે તાજ્જુબી તો એ વાતની હતી કે મને એકપણ ગોળી વાગી નહોતી. આવુ કેમ બને..? એ લોકોએ અમારા પર ગોળીઓ વરસાવી હતી છતા હજુ સુધી હું જીવતો કેમ રહ્યો..? કેમ મને એકપણ ગોળી વાગી નહોતી..? આ સવાલોના જવાબ મેં આંખો ખોલીને જાયુ ત્યારે મને મળી ગયો.

મારી સામે જે ખેલ રચાયો હતો એ જાઈને હું દંગ રહી ગયો. જગતાપ અને સુરીન્દર સિવાયના બાકીના એના તમામ મશિનગનધારી પહેલવાનો ઢગલા થઈને પડ્યા હતા. એક-એક શરીરમાં બે- બે- ત્રણ-ત્રણ ગોળીઓ ધરબાઈ ગઈ હતી અને એ બધાના રામ રમી ગયા હતા. આંખો ચોળી-ચોળીને હું જાવા લાગ્યો કે આ બન્યુ કેવી રીતે...? હજુ બે સેકન્ડ પહેલા જ આ લોકો મોત બનીને અમારી ઉપર ઝળુંબી રહ્યા હતા ને સાવ અચાનક જ આખી બાજી કેવી રીતે પલટાઈ ગઈ...? કોણે માર્યા હતા આ લોકોને...? મરવાનું અમારે હતુ અને મોતે યુ- ટર્ન કેવી રીતે લઈ લીધો..? હું સમજી નહોતો શક્યો કે આ કેવી રીતે બની ગયુ અને આના વિશે વધારે વિચારૂ એ પહેલા તો... આશ્ચર્યનો મહાસાગર એક મોટી શીલા પાછળની બહાર નીકળ્યો. હું ફાટી આંખે એ તરફ જાઈ રહ્યો. કેમેય

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કરીને મને મારી આંખો ઉપર વિશ્વાસ નહોતો આવતો કે જે હું જાઈ રહ્યો છું એ સત્ય છે... આ અસંભવ હતુ. અવિશ્વસનીય હતુ. અરે.. સૂરજ પશ્ચિમમાં ઉગી શકે પરંતુ હુ જે જાઈ રહ્યો હતો એ તો શક્ય જ નહોતુ. છતાં હકીકત મારી સામે ચાલીને આવી રહી હતી. ભયાનક આશ્ચર્યથી હું એ નેપાળી અને એની હાથમાં હતી એ મશીનગનને તાકી રહ્યો. એ મશિનગનના નાળચામાંથી હજુ પણ ધુમાડો નીકળી રહ્યો હતો. નેપાળીની બરાબર પાછળ જગદીશ દેખાયો એના હાથમાં પણ મશિનગન હતુ એ બન્ને અમારી તરફ આગળ વધ્યા. એમના મશિનગનોની નાળચાની દિશા સુરીન્દર અને જગતાપ તરફ તકાયેલી હતી.

મારી તો સમજમાં કંઈ જ નહોતુ ઊતરતુ. આ સાવ ઈમ્પોસીબલ હતુ કે નેપાળી અને જગદીશ અમારી જાન બચાવે જાન બચાવે અને જગદીશ તો ઉપર ગુફામાં મારા પ્રહારના કારણે અધમૂઓ થઈને પડ્યો હતો તો અત્યારે આની સાથે કેવી રીતે આવ્યો? મારા દિમાગમાં લોચો થવા માંડ્યો હતો. કોઈ કાળે નેપાળી અમને બચાવે નહિ કારણ કે એણે અને જગદીશે તો અમારા વિરૂધ્ધ કોઈક કાવતરૂ ઘડ્યુ હતુ તો પછી એણે શા માટે અમને બચાવ્યા? અને ફકત અમને બચાવ્યા જ નહોતા પરંતુ સુરીન્દરના લગભગ તમામ માણસોને મોતને ઘાટ ઉતારી આખી બાજી એમના હાથમાંથી છીનવી લીધી હતી. જગદીશ અને નેપાળીના ઈરાદાઓ શું હતા એ મને ખબર નહોતી પરંતુ હમણા થોડી વારમાં જ એ સ્પષ્ટ થઈ જવાનું હતુ કે ખરેખર એ લોકો શું ઈચ્છે છે...? સુરીન્દર અને જગતાપની હાલત પણ મારા કરતા સહેજ પણ સારી નહોતી. એ ગીસ ખાઈ ગયા હતા કે સાવ અચાનક પેલા બન્ને ભૂતની જેમ ક્યાંથી પ્રગટ થયા ? એ લોકો જગદીશને તો જાણતા હતા પરંતુ એની સાથે જે બીજા નેપાળી જવા માણસ હતો એ અજાણ્યો વ્યકિત કોણ હતું અને અત્યારે એ અહીં કેવી રીતે આવ્યો એ એમની સમજમાં નહોતુ આવતુ. અમે બધા હજુ તો એ લોકો વિશે વિચારી રહ્યા હતા ત્યાં સુધીમાં જગદીશ પોતાની મશિનગન સંભાળતો અમારી તરફ આવ્યો અને પેલો નેપાળી કંઈક ફિલ્મી અદાથી સુરીન્દર અને જગતાપ તરફ મશિનગનનું નાળચુ તાકતા ઊભો રહી ગયો. જગદીશે મારી પાસે આવીને અમારા બન્નેની ભાંગેલી- તૂટેલી હાલત જાઈ...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'કેમ... આશ્ચર્ય થાય છે ને... કે અચાનક હું અહીં કેવી રીતે પહોંચી ગયો...? એણે મારી પાસે બેસતા મને પૂછયું. મારી પાસે એનો કોઈ જવાબ નહોતો કારણ કે મારી તો બોલતી જ બંધ થઈ ગઈ હતી. 'તેં તો મને ધક્કો મારીને સાવ મારી જ નાખ્યો હતો. એ તો સારૂ થયુ કે હું ફકત બેહોશ જ થયો હતો નહિતર તેં તો મને ઉપર પહોંચાડવાની પૂરી તૈયારી કરી લીધી હતી.' 'તો તેં કયા કંઈ બાકી રાખ્યું છે... આ નેપાળી સાથે મળીને તેં ઘણા કાવતરા ક્યાં છે આ ખજાનો મેળવવા માટે... તન એમ કે અમે કંઈ જાણતા નથી એટલે તમારી ૨૪૧ યોજના સફળ થઈ જાશે અને અત્યારે પણ તમે આ ખજાના પાછળ જ આવ્યા છો ને...'

'હે ભગવાન... તું શું- શું વિચારી રહ્યો છે અમારા વિશે... તને ખરેખર કંઈ જ ખબર નથી એટલે આમ લવારો કર્યે રાખે છે. જા તું એ નેપાળી કોણ છે એ જાણીશ ને તો તારા પગ નીચેથી ધરતી ખસકી જશે સમજ્યો...? 'પૂજા જાણે છે બધું.'

'હેં... પૂજાને જાણ છે?'

'હાં... એ બન્નેને આ લોકોની ચુંગલમાંથી છોડાવીને સુરક્ષિત સ્થળે રવાના કરી દીધી છે અને ત્યારે જ પૂજાને ખબર પડી કે આ કોણ છે.'

'કોણ છે આ નેપાળી...? મેં સામો પ્રશ્ન જગદીશને પૂછ્યો.

'એ તું થોડી વારમાં જ જાણી જઈશ. પહેલા આ બન્નેનો હિસાબ કરી લઈએ..' અને એ મને ભયંકર દુવિધામાં મૂકી નેપાળી તરફ ગયો.

'હાં તો મિસ્ટર સુરીન્દર... માલિક ઓફ 'ઝાયબન ફાર્માસ્યુટીકલ્સ.' નેપાળી સુરીન્દર તરફ ખૂંખાર નજરે તાકતા બોલ્યો અને એની સાથે છે ભારતના મોસ્ટ વોન્ટેડ અપરાધી જગતાપસિંહ. તમારા બન્નેનું કોમ્બીનેશન અદભૂત છે.

એક મવાલીમાંથી બીઝનેસમેન બનેલો માણસઅને બીજા મવાલીગીરી કરતા ડોન બનેલો માણસ. બન્નેના મૂળીયા એક જ છે. વાહ...' નેપાળી ખુશ થઈ ઊઠ્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'અમારૂ છોડ... તારું કહે કે તું કોણ છો?' સુરીન્દરે 'તું' ઉપર વધારે ભાર દેતા કહ્યું.

'મને તો તમે લોકો બહુ સારી રીતે ઓળખો છો. થોડી વારમાં હું મારો પરિચય પણ આપીશ પરંતુ મારી વાત હજુ અધૂરી છે. એ તો પહેલા સાંભળી લો...'

'બકી નાખ...'

'અહીં તમારો એન્ડ આવી ગયો છે... ધી એન્ડ... હવે તમે સીધા જ જેલના સળીયા પાછળ જશો.' નેપાળીએ કટાક્ષપૂર્વક હસતા કહ્યુ. આ તરફ હું યાદ કરવાની કોશિશ કરતો હતો કે કોણ હોઈ શકે આ નેપાળી! એનો અવાજ ધ્યાનપૂર્વક મેં સાંભળ્યો હતો અને એ અવાજનેં મેં આ પહેલા પણ ઘણી વખત સાંભળ્યો હતો. પરંતુ ક્યાં...? ૨૪૨ બહુ જાર લગાવ્યુ તો પણ એ નામ યાદ આવતું નહોતુ.

'જેલમાં...? માય ફૂટ... હું તો જેલમાં નહિ જાઉ પરંતુ એ પહેલા તું ઉપર જરૂર પહોંચી જઈશ.' સુરીન્દરના તેવર અચાનક બદલાઈ ગયા હતા. 'તું અહીંથી જીવતો જઈશ તો મને જેલમાં મોકલીશને...' અચાનક એના હાથમાં નાનકડી ઈમ્પોર્ટેડ પિસ્તોલ ચમકવા લાગી હતી જે એણે ગજબનાક સ્ફૂર્તિથી એના પેન્ટના પાછળના ભાગેથી કાઢી હતી. એણે એ પિસ્તોલ નેપાળી તરફ તાકીને ગોળી ચલાવવાની કોશિશ કરી, પરંતુ એની તમામ હિલચાલ ઉપર નેપાળીનું પૂરેપૂરું ધ્યાન હતું. સુરીન્દરે જેવો પોતાનો હાથ પિસ્તોલ કાઢવા માટે પાછળ કર્યો કે તરત જ નેપાળી સાબદો બની ગયો. અને એની આંગળીઓ એના ખભે લટકત મશિનગનના ટ્રીગર પર સખત થઈ. જેવી સુરીન્દર ગોળી ચલાવવાની હરકત કરે એ પહેલા જ નેપાળીએ ટ્રીગર દબાવી દીધું. નેપાળીની મશીનગનમાંથી નીકળેલું ગરમાગરમ લોઢું સુરીન્દરની છાતીની આરપાર નીકળી ગયુ અને સુરીન્દરના પિસ્તોલવાળા હાથ એમ જ હવામાં અધ્ધર રહી ગયો. સુરીન્દરના શરીરમાં ગોળીઓએ બનાવેલા કાણામાંથી લોહી ઊભરાઈને એના ઓવરકોટમાંથી નીચે ટપકવા લાગ્યું. એ પત્તાના મહેલની જેમ ઢગલો થઈ ગયો. સુરીન્દર મરી ચૂક્યો હતો.

અને... આ બધી ગરબડમાં જગતાપ ધીમા પગલે પાછળ ખસતો ગયો હતો. જેવો સુરીન્દર ઢગલો થયો એ સાથે જ એ ભાગ્યો.... થેલા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સહિત એ ભાગ્યો અને નેપાળીએ મશિનગનની નાળ એના તરફ ફેરવી ટ્રીગર દબાવ્યુ. 'ખટક.. ખટક..' અવાજ આવ્યો કારણ કે મશિનગનમાં ગોળીઓ ખતમ થઈ ચૂકી હતી અને એ જાઈને જગદીશ જગતાપને પકડવા એની પાછળ દોડ્યો. જગતાપે એટલી ઝડપ કરી હતી કે જગદીશને ભૂલાઈ જ ગયુ કે એના ખભે પણ મશિનગન ટિંગાતી હતી.. એ તો જગતાપની પાછળ મૂઠ્ઠીઓ વાળીને દોડ્યો હતો. અને જેવો એ થેંબા પાસેથી પસાર થયો કે થેંબાએ જગદીશનો હાથ પકડી લીધો એટલે એ અટકી પડ્યો. થેંબાની આંખો જગતાપની પીઠ પાછળ જ તકાએલી હતી અને એ વિચિત્ર અંદાજથી એને જતો જાઈ રહ્યો હતો. જગદીશ સમજી ન શક્યો કે આમ સાવ અચાનક થેંબાએ એને શા માટે અટકાવ્યો હતો. એ તો થેંબાની ૨૪૩ નજરોની ચમકને જાઈ રહ્યો હતો અને પછી થેંબાના ચહેરા પર એક કાતિલ મુસ્કુરાહટ આવી ગઈ.

જગતાપ પહાડથી વિરૂધ્ધ દિશામાં ભાગી રહ્યો હતો. એની પાસે પેલા થેલા હતા કે જેમાં સોનાની મૂર્તિઓ હતી. એ ભૂલી ગયો હતો કે એણે કઈ તરફ ભાગવાનું હતુ અને અત્યારે એ કઈ તરફ ભાગી રહ્યો હતો. એના આખા ગ્રુપમાંથી એ પોતે એકલો જ જીવતો વધ્યો હતો અને એની પાસે જ એ ખજાનો ભરેલા થેલા હતા. એટલે જેવો સુરીન્દર મર્યો કે એ મોકાનો લાભ ઉઠાવીને ત્યાંથી ભાગ્યો હતો. એની એવી ગણતરી હતી કે એક વખત જા એ અહીંથી ભાગવામાં સફળ થઈ જાય તો પછી એ રાજા બનીને જીવશે કારણ કે બહુ જ મોટી કિંમતનો ખજાનો એની પાસે હતો... એ તો બસ આંખો બંધ કરીને જે દિશા યોગ્ય લાગી એ દિશામાં ભાગ્યો હતો. પરંતુ એણે ખોટી દિશા પસંદ કરી હતી. એ એની મોતની દિશામાં ભાગી રહ્યો હતો. આ વાત થેંબો જાણી ગયો હતો એટલે જ એણે જગદીશનો હાથ પકડીને એને રોકી પાડ્યો હતો. અને... જાણે કે કોઈએ હવામાંથી બાથ ભરીને જગતાપને પોતાની આગોશમાં ખેંચી લીધો હોય એમ એ હજી માંડ થોડો જ દૂર ગયો હશે કે અચાનક એ રીતસરનો હવામાં ગાયબ થઈ ગયો. અમે કંઈ સમજીએ, વિચારીએ એ પહેલા તો અમારી આંખોની સામે જ એ દોડતો- દોડતો અલોપ થઈ ગયો. હવામાં રીતસરનું એક કુંડાળુ પડ્યુ... ચમકદાર કુંડાળુ અને એ કુંડાળામાં એ સમાઈ ગયો. જેમ પાણીમાં માણસ ડૂબી જાય અને જેવા વમળો સર્જાય એવી જ રીતે જગતાપ હવામાં ડૂબી ગયો અને હવાના તરંગોમાં વમળો ઊઠ્યા. એણે ઉચકેલા થેલા અને એ પોતે બન્નેને અહીંનુ વાતાવરણ ગળી ચૂક્યું હતુ.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અમે બધા ફાટી આંખે, અવિશ્વાસથી ભાલે નજરો સાથે એ નજારો જાઈ રહ્યા હતા જયારે થેંબાના ભાંગી- તૂટીને લોહિયાળ થઈ ગયેલા ચહેરા પરની હાસ્ય વધુ મધુર બની ગયું અને એ મુસ્કાન સાથે જ એણે કહ્યું...

'આપણે એ કાળમુખા ભૂખ્યા સરોવરની ખૂબ જ નજીક છીએ. જગતાપ પણ એની અંગેઠીમાં હોમાઈ ગયો એટલે હવે જા આપણે અહીં વધુ સમય રોકાશું તો આપણુ પણ આવી બનવાનું છે. અહીંની જગ્યામાં માણસો કે પછી પશુ- પંખી કે પછી કોઈ પણ ૨૪૪ જીવંત વસ્તુનો અનુભવ થતા જ આખુ વાતાવરણ ખળભળી ઉઠે છે. અને એ વસ્તુ પોતાની ગિરફતારમાં લેવા પોતાના સામ્રાજયનો વિસ્તાર ફેલાવે છે. અહીં આવું શું કામ થાય છે અને એવી કઈ શકિત કામ કરે છે એ તો કોઈને પણ નથી સમજાતુ છતાં આ એક ભયાનક સત્ય છે. તમારા બધાનું ધ્યાન આ તરફ હતુ એટલે તમે લોકોએ જાયુ નહોતું કે જગતાપ જે તરફ ભાગ્યો હતો એની આગળની બાજુ શું હરકત થતી હતી. હવે જરા ધ્યાનથી જુઓ, જગતાપ જે જગ્યાએ ગાયબ થયો એની આગળની તમામ જગ્યામાં ઉગેલા ઝાડ- પાન સહિતની ચીજા ગાયબ થઈ ચૂકી છે અને હવે એ આપણી તરફ આગળ વધી રહી છે. માટે જેમ બને તેમ વહેલી તકે આપણે અહીંથી નીકળવુ પડશે નહિતર આપણે પણ મોતના મોંમાં હોમાઈ જશુ.' થેંબાની વાત બિલકુલ સાચી હતી. હું નેપાળી વિશે વિચારવામાં અને અહીં જે ભયાનક ખેલ થોડી જ વારમાં ખેલાઈ ગયો એ જાવા- સમજવામાં એટલો ગૂંચવાઈ ગયો હતો કે મારૂં ધ્યાન એ તરફ ગયું જ નહોતુ. હવે જ્યારે મેં એ તરફ નજર કરી તો હું આભો બનીને જાતો જ રહી ગયો. એ વિસ્તારની જગ્યા ધીરે- ધીરે ફેલાતી જતી હતી અને એની અડફેટ ચડનાર તમામ વસ્તુઓ એમા ગાયબ થઈ રહી હતી. એની પાછળ વધતુ હતુ ભયાનક વેરાન- ઉજ્જડ સૂનકાર, જ્યાં મોત પણ એક વખત જતા વિચાર કરે. એ વેરાન જગા અમને ગળવા માટે આગળ વધતો જતો હતો.

થેંબાને જગદીશે આધાર આપ્યો અને એ નેપાળીએ મારી કમરમાં હાથ નાખીને મને ઊભો કર્યો. 'તું ખરેખર બહાદુર અને દિલેર છોકરો છે. જા તું ન હોત તો કદાચ આ લોકો અમારા હાથે ક્યારેય ન લાગ્યા હતો.' નેપાળીએ મને કહ્યું, હું એની વાત સાંભળતો જ રહી ગયો. આ એ જ નેપાળી હતો કે જેને મેં કાવતરાખોર ગણીને મનોમન ઘણી ગાળો ભાંડી

https://telegram.me/booksmag

ઐસે મજેદાર મેગેજીન પઢ઼ને કે લિયે હમારી ટેલીગ્રામ ચેનલ સે જુડે ઇસકે લિએ ટેલીગ્રામ મેં સર્ચ કરે @booksmag ઓર join પર ક્લિક કરે

હતી. અને એ જ અત્યારે મારા વખાણ કરી રહ્યો હતો. એણે ન ફક્ત મારા વખાણ કર્યા હતા એ ઉપરાંત અત્યારે અમે જીવિત હતા અને તમામ શ્રેય પણ એને જ મળતુ હતુ. હું મનોમન મારા વિચારો માટે ક્ષોભ અનુભવવા લાગ્યો. મારી પાસે શબ્દો નહોતા કે હું એને શું કહુ?

'સર... તમને લાગે છે કે આપણે આ બન્નેને આગળ સુધી લઈ જઈ શકીશું...? જગદીશે નેપાળીને સંબોધીને કહ્યુ. હું ફરીવાર ચોંક્યો. જગદીશ નેપાળીને 'સર' કહીને શા માટે સંબોધે છે...? મેં ધ્યાનથી નેપાળીના ચહેરા તરફ જાયુ એનો આખો ચહેરો રેળાઈને ક્ષત- વિક્ષત બની ગયો હતો. 'જરૂર લઈ જાશુ...' નેપાળીએ એના ખિસ્સામાંથી વોકીટોકી કાઢીને એને ચાલુ કરતા કહ્યુ. નેપાળી મને ઊંચકીને આગળ વધારી રહ્યો હતો એટલે એનો ચહેરો એકદમ મારા ચહેરાની નજીક જ હતો. એ જ્યારે બોલ્યો ત્યારે એનો અવાજ લાંબા સમય સુધી મારા કાનમાં ઘોળાતો રહ્યો. અને... એ અવાજ સાથે એના ચહેરાનો તાલમેલ મારા મગજમાં બેસી ગયો. હું ખુશી અને આનંદથી ઉછળી પડ્યો અને મારી આંખોમાં ઝળઝળિયા આવી ગયા. મારી તમામ ફિકર- ચિંતાઓ પળવારમાં ગાયબ થઈ ચૂકી હતી... હું આનંદના મહાસાગરમાં હિલોળે ચડી ગયો હતો.

'ચાવડા સાહેબ તમે... ઓહ માય ગોડ... હે ભગવાન... તમે... આઈ મીન કે... આ બધુ કેવી રીતે...?' આનંદ અને ઉત્સાહના અતિરેકમાં મને શું પૂછવું કે શું કહેવું એ પણ સમજાતુ નહોતુ એટલે મારો અવાજ તૂટી રહ્યો હતો... ખરેખર મેં ચાવડા સાહેબને ઓળખવામાં વાર લગાડી દીધી હતી.

'હા મિસ્ટર અમીત... હું ઈન્સ. ચાવડા. તે મને ઓળખવામાં ઘણી વાર લગાવી દીધી. પરંતુ એક રીતે એ આપણા માટે ઘણુ જ ફાયદામાં રહ્યુ નહિતર તું જરૂર કોઈ ગફલત કરી નાખત અને આખી બાજી તરત બગડી જાત. છતાં એક વાત હું દિલથી સ્વીકારૂં છુ કે જા તું ન હોત તો અમે હજી અંધારામાં જ ભટકતા હોતા.'

'પરંતુ તમે કેવી રીતે આ બધામાં સામેલ થયા...? અને પૂજા ક્યાં છે...?' મને સૌથી વધારે પૂજાની ફિકર થઈ રહી હતી. એના વિશે જાણવા હું ઉત્સુક થઈ ઊઠ્યો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'પૂજા એકદમ સહી સલામત છે અને તારી જ રાહ જોઈ રહી છે.' ચાવડાએ હસતા કહ્યું, અચાનક એણે ચાલુ કરેલા વોકી-ટોકીમાં સામેથી કોઈ ધરઘરાટી સંભળાવા લાગી હતી. ચાવડા એક હાથમાં વોકી-ટોકી પકડીને એમાં સામા છેડે આદેશ આપવા લાગ્યો ૨૪૬ હતો અને અમારૂં પરફેક્ટ લોકેશન જણાવી જલદીથી હેલિકોપ્ટર મોકલવા કહ્યુ પછી 'ઓવર..' કહીને વોકી-ટોકી બંધ કરી ખિસ્સામાં સેરવી દીધુ. તો સૌથી પહેલા તો આપણે આ પહાડ પર કોઈ સમથળ જગ્યાએ પહોંચવું પડશે કે જ્યાં હેલિકોપ્ટર લેન્ડ થઈ શકે અથવા તો સીડીઓ દ્વારા એ આપણને ઉપર ખેંચી શકે માટે --- થોડી ઝડપ કરી અને ચાલતા- ચાલતા જ હું અહીં કેવી રીતે પહોંચ્યો એ આખી વાત તને કહું.'

'... સાંભળ... રાજેશ પર વોચ રાખનાર પેલો બાબુ મર્યો એ પહેલા એણે ફોન પર દિલ્હી કોઈની સાથે વાત કરી હતી. એ સમયે એનો ફોન અમારા ટ્રેસીંગ પોઈન્ટ પર હતો એ ફોન પર જે વાત થઈ એ સાંભળીને હું ચોકી ઊઠયો હતો અને મને એ વાતનો તુરંત ખ્યાલ આવી ગયો હતો કે આ કેસને અમે જેટલો સીધો સમજીએ છીએ એટલો સરળ તો નથી જ. આમા જરૂર કોઈ મોટા વ્યકિતની સંડોવણી હતી. અને મારો એ શક ત્યારે પાકો થયો કે જ્યારે મને કેસ બંધ કરી દેવાની ઉપરથી સૂચના મળી. તું તો જાણે જ છે કે આ વાત તમને લોકોનેં મેં બોલાવીને કહી હતી અને સાથે-સાથે તારી હિંમત અને કાબેલયત જોઈને મને લાગ્યુ કે તું જરૂર મને કામ આવીશ એટલે મેં તને આગળ વધવાની સલાહ આપી. તમારી સાથે મારા એક વિશ્વાસુ માણસ તરીકે જગદીશને મેં ફીટ કરી દીધો કે જેથી તુ કોઈ ઉપાધિમા ન ફસાઈ જાય અને સાથે- સાથે મને રિપોર્ટ પણ મળતો રહે. રાજેશના કેસને ઓફિશિયલી રીતે તો બંધ કરી દેવો પડ્યો હતો. પરંતુ અનઓફિશિયલી રીતે હું આ કેસને ક્યારેય બંધ કરવા માંગતો નહોતો કારણ કે મને મારા કામમાં કોઈ દખલ કરે એ જરાપણ પસંદ નથી. એક વખત જે કામ હું હાથમાં લઉ છું એ પૂરૂ કરીને જ જંપુ છુ. પછી ભલે એમા ગમે તેટલી અડચણો આવે. તું એ સમયે સિક્કિમ જવા તૈયાર થયો એ મારા માટે ઘણી સારી વાત હતી અને પછી તારી સાથે પૂજા પણ જાડાઈ એટલે ના છૂટકે મારે ટીનાને તમારી સાથે મોકલવી પડી. આ જગદીશ અને ટીના કોઈ જાસૂસો નથી એ બન્ને તો અમારા ખાતાના બાહોશ પોલીસવાળા છે અને આ વાત હું તમને કહી શકુ એમ ન હોતો. કારણ કે તો- તો આખી બાજી ખુલ્લી પડી જાય. પૂજાના મમ્મી પપ્પાને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પણ મેં જ સમજાવ્યા હતા કે એ પૂજાની જીદ આગળ નમતુ જાખે અને એને તારી સાથે જવા દે. તમને લોકોને ત્યાંથી રવાના કર્યા બાદ મેં ૨૪૭ મારા ઉપરી સાહેબને વિશ્વાસમાં લઈ હું ઓફિશિયલી રીતે રજા ઉપર ઊતરી ગયો. પછી તમારી પાછળ- પાછળ અહીં સુધી આવ્યો. જગદીશ અને ટીના દ્વારા તમારી બધી વિગતો મારી સુધી પહોંચતી રહી અને હું પણ મારી રીતે એક નેપાળી બનીને માહિતી એકઠી કરતો રહ્યો. જેના ફળ સ્વરૂપે આજે આપણે ઘણા મોટા ગુનેગારોને ઝબ્બે કર્યા અને એક ભયાનક કાવતરાનો પર્દાફાશ કરી શક્યા.'

'પરંતુ તમે કહેતા હતા ને કે આમા સુરીન્દર સિવાયના બીજા પણ માણસો સંડોવાયેલા છે...'

'હા.. સુરીન્દર તો આમા ફકત એક પ્યાદુ હતો. મારા હાથ તો એના સગલા ગરદન સુધી પહોંચી ચૂક્યા છે. આમા એક બહુ જ મોટો નેતા અને એક અબજાપતિ બિલ્ડરની સંડોવણી છે. તું એમ નહિ માનતો કે એ લોકો ફકત આ ખજાનાવાળી મેટરમાં જ દોષિત છે, એ લોકો તો એના કરતા પણ મોટા ગુનામાં સંડોવાયેલા છે. એ તમામ કાળા કામોના હિસાબ મને મળી ચૂક્યા છે. એ કોણ છે એ તો હું તમને લોકોને નહીં કહું અને કદાચ આપણા દેશની જનતા પણ એમના કરતૂતો વિશે નહિ જાણી શકે કારણ કે આમાં આપણા દેશની ડેમોક્રેસી આડી આવશે. છતાં એક વાત તો નક્કી જ છે કે એ લોકોને એમના કર્યાની સજા મળવાની જ છે. થોડા દિવસ બાદ છાપામાં જ્યારે તને વાંચવા મળે કે આપણા ફલાણા-ફલાણા નેતાએ પોતાના હોદ્દા ઉપરથી ફલાણા કારણોસર રાજીનામુ આપી દીધુ છે તો ત્યારે તું સમજી જજે કે એ જ વ્યકિત આ બધાની પાછળ હતો અને પેલા અબજાપતિ બિલ્ડરને આ દેશ છોડીને જવાની ફરજ પડશે. સુરીન્દરને તો એના કર્યાની સજા મળી ચૂકી છે કારણ એણે દવાની કંપનીની આડમાં ઘણા ગોરખધંધાને અંજામ આપ્યો હતો અને તમે લોકોએ ખજાનાની શોધમાં અજાણતા જ એ કૌભાંડનો પર્દાફાશ કરી નાખ્યો છે.'

'પરંતુ પેલી મૂર્તિઓ અને એ ખજાનાનું શુ...? એ તો આપણા હાથમાંથી છટકી ગઈને... કમબખ્ત જગતાપ એને પણ પોતાની સાથે લેતો ગયો...' જગદીશના મનમાંથી હજુ પણ એ મૂર્તિઓનો મોહ છૂટતો નહોતો. આ વાત કહેતી વખતે એનું મોં જાવા જેવું થયુ હતુ.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એની વાત સાંભળીને થેંબો ખડખડાટ હસી પડ્યો. મને બીક લાગતી કે થેંબો જ્યારે પણ હસતો ત્યારે કોઈક નવીન વાત તો બનતી જ... 'એ મૂર્તિઓ ક્યાંય ગાયબ નથી થઈ...' થેંબાએ અચાનક ધડાકો કરીને અમને આશ્ચર્યની ગર્તામાં ધકેલી મૂક્યા...

'તો...?'

'તો શું...? જગતાપ જે થેલાઓ એની સાથે લઈ ગયો એમાં તો મેં પથ્થરો ભર્યા હતા. મૂર્તિઓને તો હું ગુફામાં જ એની જગ્યાએ સહી-સલામત સંતાડીને આવ્યો હતો. એ તો સારૂ થયું કે એ લોકોએ થેલા ખોલીને જાયું નહિ, નહિતર આપણી પોલ ખૂલી જાત. પરંતુ ઈશ્વરે આપણને સાથ આપ્યો ને એવું કંઈ જ ન બન્યુ.' અમે અંચહાથી દ્રષ્ટિથી થેંબાની સામે તાકી રહ્યા... એક સાવ ગામડીયો અને અભણ માણસ આજે અબજા રૂપિયાની રાષ્ટ્રીય સંપત્તિની રક્ષા કરી હતી. હું થેંબાની બુદ્ધિ પર ખરેખર ઓવારી ગયો.

'પરંતુ તે આ કર્યુ કેવી રીતે...?'

'તમે લોકો જ્યારે મને ગુફામાં એકલો મૂકીને આગળ ગયા ત્યારે જ મને ભયના અંદાજ આવી ગયો હતો. એટલે બે મૂર્તિઓને મેં પાછી એ પથ્થરના ખાનામાં એની જગ્યાએ મૂકીને એ ખાનુ હતુ એમને એમ બંધ કરી દીધુ અને થેલામાં ત્યાં પડ્યા હતા એ પથરા ભરી દીધા હતા. આવુ મેં શું કામ કર્યું હતુ એ તો મનેય ખ્યાલ નહોતો રહ્યો પરંતુ મને એ સમયે આ જ ઠીક લાગ્યુ હતુ.' મને એ સમયે દોડીને થેંબાને લેવાનું મન થયુ હું એની સૂઝબુઝ ઉપર ઓળઘોળ થઈ ગયો હતો.

મારી અને થેંબાની હાલત ખરેખર બહુ જ ખરાબ થતી જતી હતી. બે વખત પહાડ ઉપરથી નીચે પડ્યા હતા એમાં જ હાડકા ખોખરા થઈ ચૂક્યા હતા. એમાં ઉપરથી સુરીન્દરે અને એના માણસોએ જે જુલમ અમારી ઉપર વર્તાવ્યો હતો એ મારે અમને રીતસરના ભાંગી નાખ્યા હતા. છતા અત્યારે અમે બન્ને ચાવડા અને જગદીશના સહારે કોઈ સમથળ સ્થળ સુધી પહોંચવાની કોશિશ કરી રહ્યા હતા. જેથી એ જગ્યાએ હેલિકોપ્ટર ઊતરી શકે અને અમે એમા બેસીને પૂજા જ્યાં છે એ જગ્યાએ પહોંચી શકીએ. પૂજા સહી- સલામત છે એવું ચાવડાના મોઢેથી સાંભળીને મને ઘણી રાહત થઈ હતી. મારા ૨૪૯ માટે તો પૂજા જ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સર્વસ્વ હતી અને એને કોઈ તકલીફ થાય એ હું હરગીઝ ક્યારેય સહન ન કરી શકું. અત્યારે તેના વિચારે મને વિહ્વળ કરી મૂક્યો હતો. મારે એને જેમ બને તેમ વહેલા મળવું હતું. મારે એને જાવી હતી, ધરાઈ- ધરાઈને જાવી હતી. મારા તમામ દુઃખ દર્દો ભૂલી જઈ ત્યાં સુધી એની આગોશમાં પડ્યા રહેવું હતું અને એટલે જ હું મારી બધી તકલીફોને, દર્દને સહન કરતો ચાવડાના સહારે આગળ વધી રહ્યો હતો. લગભગ અડધા એક કલાક પછી અમને દૂરથી આવતા હેલિકોપ્ટરની ઘરઘરાટી સંભળાઈ. અમારા ચહેરા પર એક અનોખી ખુશી છવાઈ ગઈ. અમે અમારી મંઝીલે બહુ જ ઝડપથી પહોંચી જવાના હતા.

સૌથી પહેલું કામ તો પેલી ગુફામાંથી મૂર્તિઓને મેળવવાનું હતું. હું મનોમન ઈન્સ. ચાવડાને ધન્યવાદ આપી રહ્યો હતો. મેં આજ સુધી એના જેવો ઈમાનદાર અને પોતાની ફરજ પ્રત્યે આટલો કર્તવ્યનિષ્ઠ વ્યકિત જાયો નહોતો. એણે જે રીતે રાજેશના કેસમાં કામ કર્યું હતું એ ખરેખર પ્રશંસા પાત્ર હતું. અમારા માટે તો એ સાક્ષાત ભગવાનના અવતાર તરીકે પ્રગટ થયા હતા. જા એ ન હોત તો અમે ક્યારના સુરીન્દરની ગોળીઓનો શિકાર બની મૃત્યુને ભેટી ચૂક્યા હોત. પરમેશ્વરે એને ખરા સમયે અમારી મદદ માટે મોકલી આપ્યા અને અત્યારે આખી બાજી અમારા હાથમાં હતી. અને જીતી ચૂક્યા હતા અને સાથે-સાથે અબજા રૂપિયાનો ખજાનો પણ અમારી પાસે હતો. અમને લઈને હેલિકોપ્ટર સીધું એ ગુફાની દિશામાં ઊઠ્યું. ચાવડા હેલિકોપ્ટરના પાયલેટને શું કરવાનું છે એ સમજાવી રહ્યો હતો. થોડી વારમાં જ અમને એ ગુફાનો પાછળનો ભાગ દેખાયો કે જ્યાંથી મારી ગફલતને કારણે હું અને થૅબા હવામાં ઉડ્યા હતા.. હેલિકોપ્ટરમાંથી સીડી નીચે લટકાવવામાં આવી અને જગદીશ એ સીડી દ્વારા ગુફામાં ઊતરી અંદર ઘુસ્યો. થોડી વારમાં જ એ ખજાનાવાળી મૂર્તિઓ લઈને ફરી પાછો સીડી પર લટકી ઉપર આવી ગયો.

હવે અમારે પૂજા અને ટીનાને સાથે લેવાના હતા અને ત્યાંથી સીધા જ કોલકતા એરપોર્ટની વાટ પકડવાની હતી અને હાં... એ પહેલા અમારી પ્રાથમિક સારવાર પણ કરવાની હતી. પૂજાનું નામ આવતા જ મને એક અજબ રોમાંચ થવા લાગ્યો હતો. 'કેલા' ગામથી દસેક કિલોમીટર દૂર એ જીપ પાસે અમારું હેલિકોપ્ટર ઊતર્યું. મેં ૨૫૦

https://telegram.me/booksmag

ઐસે મજેદાર મેગેજીન પઢને કે લિયે હમારી ટેલીગ્રામ ચેનલ સે જુડે ઇસકે લિએ ટેલીગ્રામ મેં સર્ચ કરે @booksmag ઓર join પર ક્લિક કરે

અધિરાઈથી બહાર એક જીપ તરફ નજર ફેંકી અન એ મને દેખાઈ... પૂજા.... એની નજર પણ વિહવળતાથી મને જ શોધી રહી હતી. અમારા બંનેની નજર એક થઈ. મારા શરીરમાંથી ઊઠતી દર્દની ભયાનક ચીસ ક્ષણવાર માટે ખામોશ થઈ ગઈ. હું એ મારી અપ્રતિમ સાંદર્ય મૂર્તિને જાઈ રહ્યો. તેના તરફ મેં મારા બન્ને હાથ ફેલાવ્યા.

એ રીતસરની દોડી પડી મારી તરફ... ખૂબ જ ઝડપે દોડી આવી ને એ મારી બાહોમાં સમાઈ ગઈ. મને એણે ભીંસી દીધો. મેં પણ એને મારી બાહોમાં સમાવીને મારી છાતી સરસી ભીંસી લીધી. મારા રોમ-રોમમાં એના સ્પર્શથી એક અનોખુ સુકુન છવાતુ ગયુ. એક આહલાદક આનંદની લેલી મારા હદયમાં ઊઠી અને એમાં હું ભીંજાતો ગયો. એ મને કોઈ વેલની જેમ વળગી પડી હતી અને એના આંસુઓ મારો ખભો ભીંજવવા લાગ્યા હતા. એ રડતી હતી એના દિલનો વલોપાત એનો મારા પ્રત્યેનો બેતહાશા પ્રેમ એક અનંગ લાગણી એના આંસુઓ દ્વારા બયાન થઈ રહ્યો હતો. તમામ બંધનો તોડીને અમે અમારા પ્રેમની અનુભૂતિમાં ખોવાઈ ગયા. અમને અમારી આસપાસની સ્થિતિનો પણ ખ્યાલ નહોતો. અમે તો બસ એકબીજાને ભેટીને ખામોશીથી આંખો બંધ કરીને સ્વપ્નીલ દુનીયામાં વિચરી રહ્યા હતા. મારાથી વધારે વખત એ સ્થિતિમાં બેસાયું નહિ અને મારી પીઠમાં જબરજસ્ત દર્દ થવા લાગ્યુ એટલે હું હેલિકોપ્ટરની સીટમાં પાછળની તરફ ઢળ્યો. મેં પૂજાને પકડી રાખી હતી એટલે એ પણ ખેંચાઈ. મારા મોઢામાંથી એક આહ નીકળી ગઈ.. અને.. અમારા પડવાથી અમે થોડા અળગા થયા. એના ચહેરા પર એક આછી મુસ્કાન ઊભરાઈ આવી.

'અમીત... તમે સાવ પાગલ છો. જુઓ તો તમે કેવી હાલત કરી છે તમારી...' આટલુ બોલીને એ બેતહાશા મારા ચહેરાને ચૂમવા લાગી. લોહીથી ખરડાયેલા મારે ચહેરાની પરવા કર્યા વગર એ મને ચૂમી રહી હતી. એ રડતી હતી, હસતી હતી, અને મારા ગાલે, કપાળે, આંખે બધે ચૂમી રહી હતી. એના કોમળ હોઠ મારા ઘાવ પર મલમનું કામ કરી રહ્યા હતા. મારા શરીરનું તમામ દર્દ પળવારમાં ગાયબ થઈ ગયુ હતુ. મને આજે દુનિયાનો સૌથી કિંમતી ખજાનો મળી ગયો હતો. આ ખજાના સામે અમે જે ખજાનો લઈને આવ્યા હતા એની મારે મન કોઈ કિંમત નહોતી. મે હળવેક ૨૫૧ રહીને એના ચહેરો ઊંચો કર્યો અને ચહેરો ઊંચો કર્યો અને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એના કોમળ હોઠ પર મારા ખરબચડા હોઠ ચાંપી દીધા. એક પ્રગાઢ દીર્ઘ ચુંબન કર્યુ અને પછી હળવેકથી ઊભા થઈ મેં એના મુલાયમ, મખમલસા સ્તનયુગ્મમાં મારો ચહેરો છુપાવી દીધો. મારા જીવનની આ સૌથી વધારે આનંદદાયક ક્ષણ હતી. હું એવું ઈચ્છતો હતો કે આ ક્ષણ ક્યારેય ન વીતે અને હું બસ આમ જ પૂજાની આગોશમાં જિંદગી વીતાવી દઉ.

ઈન્સ. ચાવડા, જગદીશ, ટીના અને થેંબો અમને જાઈને મંદ-મંદ મુસ્કુરાઈ રહ્યા હતા. ધીરેથી હેલિકોપ્ટર જમીનથી ઉંચકાઈને કોલકત્તાની દિશામાં ઉડવા લાગ્યુ. મને અને થેંબાને કોલકત્તાની હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા હતા. ઈન્સ ચાવડાએ હેડકર્વાટર પર ફોન કરીને એના ઉપરી અધિકારીને આ કેસની તમામ વિગતો આપી દીધી. આ ખજાનો શોધવા બદલ ઈનામરૂપે કાયદેસર જે રકમ થાય એ આપવાની દરખાસ્ત પર મોકલી આપી. એ ઈનામની રકમ જ કરોડોમાં થવા જતી હતી એટલે અમારી બધાના ચહેરા ખીલી ઊઠયા.

ત્યાં સુરતમાં એક ભૂબ સારા સમાચારે અમારી રાહ જાઈ રહ્યા હતા. એ સમાચાર સાંભળીને પૂજા તો રીતસરની ઉછળી પડી હતી. કોઈક અગમ્ય ચમત્કાર જ થયો હતો અને રાજેશ કોમામાંથી બહાર આવી ગયો હતો. એ સંપૂર્ણપણે સ્વસ્થ બનીને અત્યારે યશોદાબહેન આપી રહ્યા હતા એ દવા પીવાની તૈયારીમાં હતો. આ એ જ કંપનીની દવા હતી જે કંપની સુરીન્દર ચલાવતો હતો. દવાના રેપર પર મેન્યુ. બાય 'ઝાયબન ફાર્માસ્યુટીકલ્સ' લખેલુ હતુ.

છે ને કુદરતનો અજીબોગરીબ ખેલ... જે વ્યકિતના કારણે રાજેશ કોમામાં સરી પડ્યો એ વ્યકિતની કંપનીની જ દવા અત્યારે રાજેશ સારો થવા માટે ગળી રહ્યો હતો...

ખરેખર કુદરતના ખેલ નિરાળા હોય છે જે સમજવા સામાન્ય માનવીની સમજણ શકિતની બહારની વાત છે... એટલે જ કુદરત સામે દરેક વ્યકિતએ નતમસ્તક રહેવું પડે છે. જે નમે છે તે જીતે છે, અને જે અકડાય છે એ રાખમાં મળી જાય છે....

***

https://telegram.me/booksmag